JET CARGO
Jay Jyot Group
PICKED UP. DELIVERED.
ઈન્ટરનેશનલ કુરિયર સર્વિસ
ઘર વપરાશની વસ્તુઓ (હાઉસ હોલ્ડ આઈટમ) મોકલવા માટેનો શ્રેષ્ઠ વિકલ્પ.
USA - UK - CANADA - UAE AUSTRALIA - GERMANY Etc.
૨૦/સરદારનગર મેઈન રોડ, સર્વેશ્વર ચોક પાસે, રાજકોટ-૩૬૦૦૦૧
+91 83209 88001 +91 98249 30350



સાંજના ગુજરાતી અખબારોમાં સૌથી વધુ નકલોનો ફેલાવો ધરાવતું...

# સાંજ સમાચાર

વૈશાખ વદ-૧૦ | પાના : ૧૬ | રૂા. ૪.૦૦ સ્થાપક : બાબુભાઈ શાહ તા. ૨૨-૫-૨૦૨૫ - ગુરૂવાર | રાજકોટ (સીટી)

વર્ષ : ૩૯ અંક : ૨૩૦ RNI Reg.No 46322/86. Reg.No Rajkot/266/2023 PST:RMS-RJT તંત્રી : પ્રદિપભાઈ નરોત્તમદાસ શાહ sanjsamachar@gmail.com | sanjsamachar.net | SANJ SAMACHAR - RAJKOT



સ્પે. માવા ચીકી
MGC ™
મધુભાઈ ગોરધનભાઈ ચેવડાવાળા
લીમડા ચોક • રૈયા રોડ • કોઠારીયા રોડ • અમીન માર્ગ નાના મૌવા રોડ • જામનગર રોડ • આનંદ બંગલા ચોક કુવાડવા રોડ • બાપા સીતારામ ચોક • યુનીવર્સીટી રોડ



કથિત પત્રકારો બન્યા માફીયા : ૨૫ લાખની ખંડણીનું મિશન ખુલ્લુ પડ્યું : ત્રણની ધરપકડ ૮

શેરબજારમાં ૧૦૦૦ પોઈન્ટનો કડાકો ૯

એરપોર્ટ રોડ, સોની બજાર, જંકશન પ્લોટમાં ગેરકાયદે બાંધકામ બદલ ત્રણ મિલ્કત સીલ ૧૬


### પોતાના મેમેકોઈન હોલ્ડરો સાથે ટ્રમ્પની ડીનર મીટીંગ પૂર્વે ભાવમાં મોટો ઉછાળો

## બિટકોઈનમાં ઐતિહાસીક તેજી: પ્રથમવાર ૧.૧૦ લાખ ડોલર

### અમેરિકી સેનેટે સ્ટેબલકોઈન બીલ પર વિચારણા કર્યાના નિર્દેશથી જંગી લેવાલી




નવી દિલ્હી તા.૨૨

અમેરિકામાં ટ્રમ્પના સતારૂઢ થયા બાદ ઝળકેલી ક્રિપ્ટો કરન્સીએ આજે નવો રેકોર્ડ સર્જયો હતો. બિટકોઈનનો ભાવ પ્રથમ વખત ૧૧૦૦૦ ડોલરને પાર થઈ ગયો છે.અમેરિકી સેનેટ દ્વારા સ્ટેબલ કોઈન બીલ પર વિચારણા કરાયાનાં રીપોર્ટને પગલે જોરદાર તેજી થઈ હતી.

ક્રિપ્ટોકરન્સીનુ ભાવિ વધુ ઉજજવળ બનવાના આશાવાદથી બિટકોઈનમાં મોટા પ્રમાણમાં લેવાલી નિકળી હતી જેને પગલે આજે ૨.૨ ટકાના ઉછાળા સાથે ૧૧૦૭૦૭ ડોલરની નવી ઉંચાઈએ પહોંચ્યુ હતું. ક્રિપ્ટો ઓપરેટર-ટ્રેડરોને નવા સુચિત બીલથી વધુ પ્રોત્સાહન મળવાનો આશાવાદ ઉભો થયો હતો. ટોચની કંપનીએ ૫૦ અબજ ડોલરના બિટકોઈન ખરીદ કર્યાના રીપોર્ટ હતા. ઉપરાંત એસેટ ઈન્વેસ્ટરોનો ક્રિપ્ટો તરફ લગાવ વધી રહ્યાના સંકેતોથી તેજીને બળ મળ્યુ હતું.

નિષ્ણાંતોનાં કહેવા પ્રમાણે બિટકોઈનનો ભાવ ૧.૧૦ લાખ ડોલરની ઉપર જળવાઈ રહેવાના સંજોગોમાં તે ૧.૨૫ લાખ ડોલરને આંબી જાય તેમ છે. અમેરિકી પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પ પોતાના મેમેકોઈનમાં મોટુ હોલ્ડીંગ ધરાવતા ઈન્વેસ્ટરો સાથે આજે ડીનર લેવાના છે તેવા સમયે ક્રિપ્ટોની આ અભૂતપૂર્વ તેજીને સૂચક ગણવામાં આવી રહી છે.

બિટકોઈનની સાથોસાથ એથેરિયમ જેવી અન્ય ક્રિપ્ટો કરન્સીમાં પણ જોરદાર તેજી હતી.

### ઈરાનના અણુમથકો પર ત્રાટકવાની ઈઝરાયેલી યોજનાથી ક્રુડતેલનાં ભાવમાં ઉછાળો



હમાસ સામેનાં યુદ્ધ વચ્ચે ઈઝરાયેલ ઈરાનના અણુ સંસ્થાનો પર ત્રાટકવાની તૈયારી કરી રહ્યાના અમેરિકી ગુપ્તચર રીપોર્ટને પગલે ક્રુડતેલમાં જોરદાર ઉછાળો નોંધાયો હતો. દુનિયામાં ભૌગોલીક ટેન્શન વકરવાની આશંકાથી ભાવ ઉંચકાયો હતો.નિષ્ણાંતોએ કહ્યું કે ચાલૂ મહિનાનાં પ્રારંભથી ક્રુડતેલમાં ૧૫ ટકાનો ભાવ વધારો થઈ ગયો છે. ભૌગોલીક ટેન્શન વકરવાનાં સંજોગોમાં તમામ કોમોડીટીઝ પર વધુ તીવ્ર પ્રત્યાઘાતો પડવાની ભીતિ છે.

### સોના-ચાંદીમાં છલાંગ: ફરી ૧ લાખ નજીક

બિટકોઈનની સાથોસાથ ફરી વખત સોના-ચાંદીમાં પણ જોરદાર તેજીનો દોર શરૂ થયો હોય તેમ ભાવોમાં આજે સતત બીજા દિવસે ઉછાળો નોંધાયો હતો. સોનુ ફરી એક લાખની નજીક પહોંચી ગયુ હતું. જયારે ચાંદી એક લાખને પાર થઈ હતી.રાજકોટમાં સોનાનો ભાવ ૫૫૦ ના ઉછાળાથી ૯૯૩૫૦ થયો હતો. વિશ્વ બજારમાં ૩૩૬૮ ડોલર હતો.ચાંદી ૧૬૦૦ વધીને ૧૦૦૬૦૦ થઈ હતી.વિશ્વ બજારમાં ભાવ ૩૩.૩૬ ડોલર હતો.

## શ્રીનગર જતુ વિમાન ખરાબ હવામાનમાં સપડાયું: ૨૨૦ પ્રવાસીનો ચમત્કારીક બચાવ



કરા પડતા વિમાનના આગળના ભાગને નુકશાન



પ્રવાસીઓ ચીસો પાડવા લાગ્યા:ભગવાનને પ્રાર્થનાઓ કરી

નવી દિલ્હી તા.૨૨

પાટનગર દિલ્હીથી શ્રીનગર જઈ રહેલુ ઈન્ડીગો એરલાઈન્સનું વિમાન કુદરતી તોફાનની ઝપટે ચડી જતા ૨૨૦ મુસાફરોના જીવ તાળવે ચોંટી ગયા હતા. પાયલોટે જોકે સાહસપૂર્વક

(અનુસંધાન છઠ્ઠા પાને)

### વિમાનનું 'નોજ કોન' તૂટી ગયું: પાયલોટની સુઝબુઝથી જ દુર્ઘટના અટકી

નિષ્ણાંતોના કહેવા પ્રમાણે વિમાન દુર્ઘટનામાંથી ચમત્કારીક રીતે બચી ગયુ હતું. નોજ કોન આગળના ભાગ-નાક તુટી ગયો હતો આ નોજ કોન પવનને કાપવામાં મદદ કરે છે. તે તૂટી જાય તો વિમાનનું સંતુલન ડગમગવા લાગે છે. ચોકકસપણે પાયલોટની સુઝબુઝથી દુર્ઘટના અટકી શકી હતી.

### રાજસ્થાનનાં બિકાનેરમાં દેશના પુનઃ વિકસિત રેલવે સ્ટેશનનું વડાપ્રધાનના હસ્તે ઉદ્ઘાટન

# દુનિયાએ જોયું કે સિંદુર બારૂદ બની જાય તો શું પરિણામ આવે: મોદી



### આતંકીઓને માટીમાં મેળવવાનું આપેલું વચન પુરૂ કર્યું: ત્રણેય સેનાઓને ખુલ્લી છુટ આપેલી: સેનાએ પાકિસ્તાનને ઘુંટણીયે પાડી દીધી: પાકિસ્તાનની અણુ હમલાની ગીધડ ધમકીથી ડર્યા નથી: હવે ટ્રેડ અને ટોક નહિં થાય, વાત થશે માત્ર પીઓકે પર: પીએમ મોદી: વડાપ્રધાને ૨૬ હજાર કરોડની અનેક વિકાસ પરિયોજનાઓની આધારશિલા રાખી

બીકાનેર (રાજસ્થાન) તા.૨૨

ઓપરેશન સિંદુર બાદ વડાપ્રધાન મોદી પહેલીવાર સીમાવર્તી ક્ષેત્ર બીકાનેરની મુલાકાતે આવ્યા હતા અહીં તેમણે પુનર્વિકસીત દેશનોક રેલવે સ્ટેશનનું ઉદઘાટન કર્યુ હતું. સાથે સાથે ૨૬ હજાર કરોડ રૂપિયાથી વધુની અનેક વિકાસ યોજનાઓનું ભૂમિપૂજન પણ કર્યું હતું.

આ તકે વડાપ્રધાને બીકાનેરનાં દેશનોક સ્થિત કરણી માતાનાં મંદિરમાં પૂજા કરી હતી.

આ તકે વડાપ્રધાને 'રામ-રામ' બોલીને પોતાનું ભાષણ શરૂ કરીને જણાવ્યું હતું કે આપણી સેનાએ પાકિસ્તાનને ઘુંટણીયે પાડી દીધુ છે. દુનિયાએ જોયું કે સિંદુર જયારે બારૂદ બની જાય તો શું પરિણામ આવે.

પીએમ મોદીએ વધુમાં જણાવ્યું હતું કે આતંકીઓને માટીમાં મેળવવાનું અમે જે વચન આપ્યું હતું તે પુરૂ કરી દીધુ છે. ત્રણેય સેનાઓને ખુલ્લી છૂટ આપવામાં આવી હતી.

વડાપ્રધાને ઓપરેશન સિંદુરને લઈને કહ્યું હતું કે માત્ર ૨૨ મીનીટમાં જ છાતી પર જ પ્રહાર કર્યો છે.

વડાપ્રધાને જણાવ્યું હતું કે ભારતમાં આ ન્યુ નોર્મલ છે. આતંકીઓનાં આકાને છોડવામાં નહિં આવે.

પીએમે પાકિસ્તાન પર પ્રહાર કરતા કહ્યું હતું કે પાકિસ્તાનને પાણી અને પૈસા માટે તલસવું પડશે.

આપણી સેનાનાં જવાનોએ ૯ આતંકી ઠેકાણાઓને તબાહ કરી દીધા હતા.

વડાપ્રધાને વધુમાં જણાવ્યું હતું કે પાકિસ્તાને આપણને અણુ હુમલાની ગીધડ ધમકી આપી હતી. પણ આપણે તેનાથી ડર્યા નથી. અગાઉ ઘરમાં ઘુસીને માર્યા હતા. આ વખતે સીધો અત્યારે પાકિસ્તાનનાં એરબેઝ આઈસીયુમાં આવી

(અનુસંધાન છઠ્ઠા પાને)

## રાજકોટમાં કોરોનાની ફરી એન્ટ્રી : મવડીમાં કેસ નોંધાયો : ગુજરાતમાં કુલ ૧૬ એકટીવ દર્દી

### ઓમનગર વિસ્તારમાં ફોરેન હિસ્ટ્રી સાથેનો કેસ, ચિંતાની કોઇ વાત નથી : રાજકોટ મનપા ચૂપ-'માર્ગદર્શન' જાહેર કરશે! રાજય સરકારે કેસ જાહેર કર્યો

અમદાવાદ, તા.૨૨

દેશના કેટલાક રાજયોમાં ફરી કોરોનાનો પગપેસારો થવાથી ફરી સતર્કતાનો માહોલ ઉભો થયો છે ત્યારે ગુજરાતમાં કોરોનાના એકટીવ કેસ ૧૬ સુધી પહોંચ્યાનું રાજય સરકારે જાહેર કર્યુ છે. સાથે જ ઓમિક્રોનના જ આ વેરીયન્ટથી કોઇ ગંભીર ખતરો નહીં હોવાનું પણ કહ્યું છે. આ કેસમાં રાજકોટ શહેરનો એક કેસ હોવાનું પણ સરકારના આરોગ્ય વિભાગે દર્શાવ્યું છે.

દક્ષિણ બાદ મહારાષ્ટ્રમાં કોરોનાના કેસ આવવા સાથે ગુજરાતમાં ગઇકાલે ૭ કેસની નોંધ થઇ હતી. આ બાદ હાલની સ્થિતિએ કુલ ૧૬ એકટીવ કેસ હોવાનું આરોગ્ય તંત્રએ સત્તાવાર રીતે કહ્યું છે. ગુજરાતમાં હાલ કોરોનાના કુલ ૧૬ એક્ટિવ કેસ છે. ૧૪ કેસ અમદાવાદમાં, ૧ કેસ અમદાવાદ ગ્રામ્યમાં નોંધાયો છે. રાજકોટમાં પણ કોરોનાનો ૧ એક્ટિવ કેસ છે. હાલ કોઈ ચિંતાજનક સ્થિતિ ન હોવાનું અને ઓમિક્રોન વેરિયન્ટ ભયજનક નહીં હોવાનું આરોગ્ય વિભાગે જણાવ્યું છે. ૧૬માંથી એક જ કેસમાં ટ્રાવેલ હિસ્ટ્રી સામે આવી છે. મોટાભાગના લોકો સારવાર માટે ઘરમાં જ આઈસોલેટ થયા છે. અમદાવાદ, રાજકોટ સહિતની સિવિલ હોસ્પિટલમાં આઈસોલેશન વોર્ડ સહિતની સુવિધા ઉભી કરવામાં આવી છે.

રાજય સરકારના આરોગ્ય વિભાગના

(અનુસંધાન છઠ્ઠા પાને)

## અમદાવાદમાં ૨૦ વર્ષની યુવતી ઓક્સિજન પર

રાજકોટ તા.૨૨

ફરી એક વખત કોરોનાનું સંક્રમણ વધવા લાગ્યુ છે અને ગુજરાતમાં પણ આજે ૨૦ વર્ષની એક યુવતીને કોરોના પોઝીટીવ જાહેર થયા બાદ તેને તાત્કાલીક સોલા સીવીલ હોસ્પીટલમાં આઈસોલેટેડ વોર્ડમાં ખસેડવામાં આવ્યા છે અને તેની તકલીફ જોતા ઓકસીજન પર રાખવામાં આવ્યા છે.

અમદાવાદની સીવીલ સહિતની હોસ્પીટલોમાં કોરોના આઈસોલેટેડ વોર્ડ વધારવામાં આવ્યા છે.


કોમર્શીયલ આખુ બિલ્ડીંગ વેચવાનું છે
યુનીવર્સીટી રોડ ટચ
આવક : ૧,૭૫ કિ. : ૩ કરોડ
ટાઈટલ કલીયર, લોનેબલ, રાજકોટ-૫.
M-70410 98000

અતિ મોકાની જમીન વેચવાની છે
મેટોડા માં, કાલાવડ રોડ ટચ, મુરલી મનોહર પાર્કમાં ૧૦૩૪ વારનું ચોખંડુ, ચાર રસ્તા, કાલાવડ રોડ થી ૪૦૦ મીટર, આજુ-બાજુમાં ફૂલ ઈન્ડસ્ટ્રીયલ ડેવલપમેન્ટ, ટા.કી.
સંપર્ક : ૯૦૨૩૫ ૨૩૮૩૯











# IPLની પ્લેઓફની ચાર ટીમો ફાઈનલ : હવે 'ટોપ-ટુ' માટે રેસ

## દિલ્હીને પરાસ્ત કરીને મુંબઈનો પ્લેઓફમાં પ્રવેશઃ સુર્યકુમારની ધમાકેદાર રમતઃ દિલ્હીના બેટરો ફલોપ

મુંબઈ તા.૨૨

ક્રિકેટ જગતની સૌથી લોકપ્રિય ટુર્નામેન્ટમાં પ્લે ઓફ માટેની ચાર ટીમો ફાઈનલ થઈ ગઈ છે અને હવે ટોપ-ટુમાં સ્થાન મેળવવાની રેસ શરૂ થશે. ગઈકાલના મેચમાં મુંબઈ ઈન્ડીયન્સે પરાસ્ત કરતા દિલ્હી પ્લેઓફની રેસમાંથી બહાર થઈ ગયુ હતુ.મુંબઈ પ્લે ઓફમાં કવોલીફાઈ થઈ હતી. ગુજરાત, બેંગ્લોર, પંજાબ તથા મુંબઈ પ્લેઓફમાં છે અને હવે ટોપ-ટુમાં પહોંચવાનો ચારેય ટીમોનો ટારગેટ રહેશે.આજે અમદાવાદમાં ગુજરાત ટાઈટન્સ તથા લખનઉ સુપર જાયન્ટસનો મુકાબલો છે. લખનઉ અગાઉ જ રેસમાંથી બહાર છે. ગુજરાત, ટોપ-ટુમાં પહોંચવા ટારગેટ રાખે તે સ્પષ્ટ છે.

પાંચ વખતની ચેમ્પિયન મુંબઈ ઈન્ડિયન્સે બુધવારે તેમના ઘરઆંગણે વાનખેડે સ્ટેડિયમમાં દિલ્હી કેપિટલ્સ સામે ૫૯ રનથી વિજય મેળવીને IPL-2025ના પ્લેઓફમાં જગ્યા બનાવી લીધી. આ સાથે આ સિઝનના પ્લેઓફ માટે ચારેય ટીમો નક્કી થઈ ગઈ છે. પ્રથમ બેટિંગ કરતા મુંબઈએ પાંચ વિકેટ ગુમાવીને ૧૮૦ રન બનાવ્યા. દિલ્હીની ટીમ ૧૯.૨ ઓવરમાં ફક્ત ૧૨૧ રન બનાવી શકી અને પ્લેઓફની દોડમાંથી બહાર થઈ ગઈ હતી.



પહેલા સૂર્યકુમાર યાદવ અને પછી બોલરોએ દિલ્હીની આશાઓ પર પાણી ફેરવી દીધું. દિલ્હીના બોલરોએ શાનદાર પ્રદર્શન કર્યું હતું અને મુંબઈના બેટ્સમેનોને રોકી રાખ્યા હતા, પરંતુ સૂર્યકુમાર યાદવે છેલ્લી ઓવરોમાં ઝડપથી રન બનાવ્યા અને ટીમને સન્માનજનક સ્કોર સુધી પહોંચાડી દીધી. સૂર્યકુમારે ૪૩ બોલમાં સાત ચોગ્ગા અને ચાર છગ્ગાની મદદથી ૭૩ રનની અણનમ ઈનિંગ રમી. તેમના સિવાય, નમન ધીરે આઠ બોલમાં બે ચોગ્ગા અને બે છગ્ગાની મદદથી અણનમ ૨૪ રન બનાવ્યા.

### આજે ગુજરાત ટાઈટન્સનો લખનઉ સામે મુકાબલોઃ પોઈન્ટ ટેબલમાં વધુ આગળ ધપવાનો ગિલ ટીમનો ટાર્ગેટ

આ મેચમાં દિલ્હીને સારી શરૂઆત મળી ન હતી. આ મેચમાં, અક્ષર પટેલની જગ્યાએ ટીમનું નેતૃત્વ કરી રહેલા ફાફ ડુ પ્લેસિસ સસ્તામાં પેવેલિયન પરત ફર્યો હતો. તેને દીપક ચહરનો શિકાર બનાવવામાં આવ્યો હતો. તે ફક્ત છ રન જ બનાવી શક્યો. આ પછી ટ્રેન્ટ બોલ્ટે કેએલ રાહુલની ઈનિંગનો અંત લાવ્યો. રાહુલ ફક્ત ૧૧ રન બનાવી શક્યો. વિલ જેક્સે અભિષેક પોરેલને આઉટ કરીને દિલ્હી માટે ત્રીજી વિકેટ લીધી.

આવી સ્થિતિમાં, સમીર રિઝવી અને વિપ્રાજ નિગમે ટીમને સંભાળવાનો પ્રયાસ કર્યો. બંનેએ ટીમનો સ્કોર ૫૫ સુધી પહોંચાડ્યો અને અહીં વિપ્રાજ સેન્ટનરના હાથે કેચ આઉટ થયો. જસપ્રીત બુમરાહે ટ્રિસ્ટન સ્ટબ્સને પેવેલિયન મોકલીને દિલ્હીને પાંચમો ઝટકો આપ્યો.

૧૫મી ઓવર ફેંકવા આવેલા સેન્ટનરે એક જ ઓવરમાં સમીર રિઝવી અને આશુતોષ શર્માને આઉટ કરીને દિલ્હીની બાકી રહેલી તકોનો અંત લાવી દીધો. બુમરાહે માધવ તિવારીને બોલ્ડ કરીને દિલ્હીની આઠમી વિકેટ લીધી. કર્ણ શર્માએ કુલદીપ યાદવને અને બુમરાહે મુસ્તફિઝુર રહેમાનને બોલ્ડ કર્યા, જેનાથી દિલ્હીનો પરાજય થયો.

# માહીનો 'જાદુ' ગાયબ, દિગ્ગજોનો સૂરઃ હવે રિટાયર થવું જોઈએ

## ધોનીની કેપ્ટન્સી કે બેટ કંઈ કામ ન કર્યું, સિઝનમાં તેના નેતૃત્વમાં ટીમ માત્ર બે જ મેચ જીતી, પૂર્વ ક્રિકેટરોએ પ્રદર્શન પર ઉઠાવ્યા સવાલ

નવી દિલ્હી, તા.૨૨

IPLમાં માત્ર ત્રણ જ બેટ્સમેન છે જેમણે સફળ રન ચેઝમાં ૧૦૦૦ થી વધુ રન બનાવ્યા છે. તેમાં મહેન્દ્ર સિંહ ધોનીનું નામ પણ સામેલ છે. પરંતુ આ આંકડો ૨૦૨૩ પહેલાના 'ફિનિશર' ધોનીને દર્શાવે છે.

તે પછી માહીનો 'જાદુ' અચાનક ગાયબ થઇ ગયો. હવે શ્રીકાંત, સંજય બાંગર જેવા ક્રિકેટરોએ તેને રમત છોડી દેવાની સલાહ આપી છે. જો આપણે છેલ્લી બે જીતને બાદ કરીએ તો ૪૩ વર્ષીય ધોની ૨૦૨૩થી ચેન્નાઈ સુપર કિંગ્સની જીતમાં માત્ર ત્રણ રન (લક્ષ્યનો પીછો કરતી વખતે) યોગદાન આપી શક્યો હતો. તે છેલ્લી ૪૩ મેચોમાં એક પણ અડધી સદી ફટકારી શક્યો નથી.

વર્તમાન સિઝનમાં તેની ટીમની હાલત વધુ દયનીય છે. અત્યારે એવી આશંકા છે કે પાંચ વખતની આઈપીએલ ચેમ્પિયન ચેન્નાઈ ૧૦માં સ્થાને તળિયે રહેશે. તેણે તેની છેલ્લી મેચ ટોચના ક્રમાંકિત ગુજરાત સામે રમવાની છે. ઋતુરાજ ગાયકવાડની ઈજા બાદ ધોનીએ આ સિઝનની શરૂઆત કરી હતી.

આઠ મેચમાં કેપ્ટનશિપ કરી અને માત્ર બે મેચ જીતી. આ બંને મેચમાં ધોનીએ ૧૪૮ના સ્ટ્રાઈક રેટથી રન બનાવ્યા હતા. પરંતુ બાકીની છ મેચમાં તેનો સ્ટ્રાઈક રેટ માત્ર ૪૯ હતો. રાજસ્થાન સામેની છેલ્લી મેચમાં તે ૧૭ બોલમાં માત્ર ૧૬ રન જ બનાવી શક્યો હતો અને ચેન્નાઈ ૨૦૦ના આંકથી દૂર રહી ગઈ હતી. રાજસ્થાને આ મેચ આસાનીથી જીતી લીધી હતી.

હવે ધોનીની ધીમી રમત પર દિગ્ગજ ક્રિકેટર કૃષ્ણમાચારી શ્રીકાંતે કહ્યું કે, ધોનીનું કામ હવે ધીમું પડી ગયું છે.અને તેમના ઘૂંટણ જવાબ આપી ચૂક્યા છે.તેણે આઈપીએલમાંથી નિવૃત્તિ લેવી જોઈએ. અન્ય એક પૂર્વ ક્રિકેટર અને કોમેન્ટેટર સંજય બાંગરે કહ્યું કે, જો હું ધોનીની જગ્યાએ હોત તો હું નિવૃત્ત થઈ ગયો હોત. આકાશ ચોપરાએ ચેન્નાઈને ઘણા મોટા ખેલાડીઓને છોડવાનું સૂચન કર્યું હતું.



### જ્યારે તેઓ ફૂલ ફોર્મમાં હતા

ધોનીનો જાદુ વર્ષ ૨૦૧૮ અને ૨૦૧૯માં સારો રહ્યો. તેણે ૨૦૧૮માં ૪૫૫ રન અને ૨૦૧૯માં ૪૧૬ રન બનાવ્યા. તેણે વર્ષ ૨૦૧૩ (ચાર)માં તેની IPL કારકિર્દીમાં એક જ સિઝનમાં સૌથી વધુ અડધી સદી ફટકારી હતી. હવે ૨૦૨૫માં તેનો સર્વશ્રેષ્ઠ સ્કોર ૩૦° રન છે. ૨૦૨૩માં તે ૧૬ મેચમાં માત્ર ૧૦૪ રન જ બનાવી શક્યો હતો જ્યારે ૨૦૨૪માં તે ૧૪ મેચમાં માત્ર ૧૬૧ રન જ બનાવી શક્યો હતો. ૨૦૨૪ અને ૨૦૨૩માં તેનો શ્રેષ્ઠ રન સ્કોર ૩૭° અને ૩૨ઓ રન હતો.

"હું આશ્ચર્ય નહીં થાવ કે ધોની ૨૦૨૬ પહેલા IPL પહેલા નિવૃત્તિ લઈ લે.

**– હર્ષા ભોગલે, કોમેન્ટેટર**

"૪૩ વર્ષની ઉંમરે સ્પર્ધાત્મક વાતાવરણમાં રમવું ખૂબ મુશ્કેલ છે. આ શરીર માટે પણ ખૂબ મુશ્કેલ છે. તે બધું ધોની પર નિર્ભર કરે છે કે તે શું ઈચ્છે છે. જો હું ધોની હોત, તો મેં કહ્યું હોત કે આટલું પૂરતું છે. મારે જે રમવું હતું તે રમ્યું.

**– સંજય બાંગર, ભૂતપૂર્વ બેટિંગ કોચ, ભારતીય ટીમ**

"ધોનીની ઉંમર વધી રહી છે. હવે તેમની પાસેથી વધુ અપેક્ષા રાખી શકતા નથી. તમે વારંવાર આવીને રમતને બગાડી શકાય નહીં. જો તમે સક્ષમ નથી તો કહીને ચાલ્યા જાઓ. હવે નિર્ણય લેવાનું તેમના પર છે.

**– કૃષ્ણમાચારી શ્રીકાંત, ભૂતપૂર્વ ભારતીય બેટ્સમેન**

# અભિષેક પોરેલના વિવાદાસ્પદ સ્ટમ્પિંગે ચર્ચા જગાવીઃ થર્ડ અમ્પાયરના નિર્ણય પર વિવાદ

### સોશ્યલ મીડિયા પર ચર્ચાનો માહોલઃસ્ક્રીનશોટ અને વિડિયો ક્લિપ્સ વાયરલ

દિલ્હી, તા.૨૨

બુધવારે વાનખેડે સ્ટેડિયમ ખાતે મુંબઈ ઇન્ડિયન્સ સામે દિલ્હી કેપિટલ્સ અને તેમના કરો યા મરો મેચ દરમિયાન અભિષેક પોરેલના વિવાદાસ્પદ સ્ટમ્પિંગે ચર્ચા જગાવી છે, જેના કારણે યજમાન ટીમની ૫૯ રનની જીત પર સવાલ ઉઠયા હતા.

બુધવારે વાનખેડે સ્ટેડિયમ ખાતે મુંબઈ ઈન્ડિયન્સ સામેની IPL ૨૦૨૫ની મહત્વની મેચ દરમિયાન દિલ્હી કેપિટલ્સના વિકેટકીપર-બેટ્સમેન અભિષેક પોરેલના વિવાદાસ્પદ સ્ટમ્પિંગથી સોશિયલ મીડિયા પર ચર્ચાનો માહોલ છવાઈ ગયો છે. આ ઘટના મેચની શરૂઆતની ઓવરમાં બની હતી જ્યારે દિલ્હી ૧૮૧ રનના લક્ષ્યાંકનો પીછો કરી રહી હતી અને ટૂંક સમયમાં જ મેચ મા ઘટના બની. મુંબઈ ઈન્ડિયન્સે ૫૯ રનથી વિજય નોંધાવીને અંતિમ પ્લેઓફમાં સ્થાન પાક્કું કર્યું અને દિલ્હીના અભિયાનનો અંત લાવ્યો.



આ સિઝનમાં દિલ્હીના સૌથી શ્રેષ્ઠ બેટ્સમેનોમાંના એક રહેલા પોરેલ લક્ષ્યનો પીછો કરતા પાંચમા ઓવરમાં આઉટ થઈ ગયા હતા. એક એવી ક્ષણ જેના કારણે ઘણા ચાહકો અને નિષ્ણાતો માને છે કે આ નિર્ણય બાદ મુંબઈની તરફેણમાં ગતિ બદલાઈ ગઈ. આ ઘટનાએ તરત જ સોશિયલ મીડિયા પર તોફાન મચાવી દીધું, ચાહકોએ સ્ક્રીનશોટ અને વિડિયો ક્લિપ્સથી સોશિયલ મીડિયા ભરી દીધુ જે ત્રીજા અમ્પાયરના નિર્ણયનો વિરોધાભાસ કરતી દેખાતી હતી. આ બરતરફીથી DRS અને થર્ડ અમ્પાયરના હસ્તક્ષેપની સુસંગતતા અંગે લાંબા સમયથી ચાલી આવતી ચિંતાઓ ફરી જાગી.

શરૂઆતથી જ પકડ અને ટર્ન મળી રહી હોવાથી, MIના કેપ્ટન હાર્દિક પંડ્યાએ ડાબોડી અબિષેક પોરેલ સામે પરિસ્થિતિનો લાભ લેવા માટે ઑફ સ્પિનર વિલ જેકસનો વિકલ્પ અપનાવ્યો. ૨૭ રન પર પહેલેથી જ ૨ વિકેટ ગુમાવી ચૂકી દિલ્હી કેપિટલ્સ મુશ્કેલીમાં હતી ત્યારે પોરેલ પ્રત્યાઘાત કરવાનો પ્રયાસ કરી રહ્યા હતા. પરંતુ એક ઝડપી ટર્ન થતી બોલે તેમને ક્રીઝની બહાર ધકેલી દીધા. વિકેટકીપર રાયન રીકેલ્ટને ઝડપથી પ્રતિસાદ આપતા બોલને પકડીને સ્ટમ્પ આઉટ કર્યો

## સુવિચાર

**ફરજ નિભાવ્યા પછી પણ હક નથી મળતો**
**જાત ઘસી નાખ્યા પછી પણ જસ નથી મળતો**
**આ એવી દુનિયા છે જયાં તમે ગમે એટલું કરો**
**કોઇને કાંઇ ફરક નથી પડતો**

# સંકલ્પોનો પ્રભાવ/ આત્મા નિર્લેપ નથી !

સંકલ્પોનો પ્રભાવ સીધો આપણા શરીરના અંગો પર પડે છે. જેવી રીતે કોઈ દુઃખની ઘટના બને તો સ્વયંનુ મન દુઃખી હોય છે એટલે કે વિચારો/સંકલ્પોમાં વિશાદ હોય છે..દુઃખ હોય છે, તેથી આત્મા દુઃખ અનુભવે છે. પરિણામે આંખોમાંથી આંસુ વહે છે. જો કોઈ ડર, ભય, ચિંતા હશે તો દિલ જોરથી ધડકે છે, હોઠ ફફડે છે, હાથ કાંપે છે, પસીનો છૂટે છે. આમ વિચારો જેવા મન-બુધ્ધિમાં હશે તેનો પ્રભાવ શરીરના અલગ અલગ અંગો પર પડે છે. જો કોઈની પ્રવૃતિ ગુસ્સા પ્રેરિત હશે તો વિચારોમાં તેના પ્રત્યે ધૃણા, નફરત આવશે. જે હાથ-પગથી, શરીરથી, આંખોથી ટપકશે અર્થાત પ્રદર્શિત થાય છે. જયારે માતા-પિતાને બાળક પ્રત્યેનો પ્રેમ છે તે સમયે તે બાળકને દિલથી/ છાતીથી ચાપે છે, મોંથી પ્રેમભર્યા શબ્દોથી પુકારે છે, હાથ પકડી લે છે કે પ્રેમના આંસુ આવે છે.

આમ આત્માનો ભાવ શરીરના અંગો દ્વારા પ્રદર્શિત થાય છે જે બતાવે છે. આત્મા જ આ બધુ અનુભવે છે શરીરના અંગો દ્વારા. તો પછી આત્મા નિર્લેપ કેવી રીતે હોઈ શકે? મનમાં ઉત્પન્ન થતા સંકલ્પોથી આપણી સૃષ્ટી બને છે. સંકલ્પોથી સિધ્ધિ(મનની પ્રબળ ઇચ્છા)ની પ્રાપ્તિ થાય છે. તો સંકલ્પ, નિર્ણય કરવાની શક્તિ અને વારંવારના એક જ કર્મથી બનતી ટેવો/સંસ્કારરૂપે આત્મામાં અંકિત થાય છે. આમ આત્મા જ રાજા બને છે તો આત્મા જ કમજોર સંકલ્પોથી રંક બને છે. હું અર્થાત આત્મા સ્વયં બોલે છે- હું આત્મવિશ્વાસથી ભરપુર છું. આત્માને બળ/તાકત ભરનાર પરમાત્મા કે જે જન્મ મરણના ચક્રથી રહિત, જ્ઞાનના સાગર, સર્વના ગતિ-સદ્ગતિ દાતા છે તેથી તેને નિરંતર યાદ કરવાથી કલિયુગી એટલે કે આ નેગેટીવ વાતાવરણથી આપણે દૂર રહી, સ્વયંને ભરપૂર મહેસુસ કરી શકીએ છીએ. સંકલ્પોને કારણે જે પિટ્યુટરી ગ્રંથી પર દબાણ/પ્રભાવ પડે છે તેનાથી દરેક અંતઃસ્ત્રાવી ગ્રંથીમાંથી રસ ઉત્પન્ન થાય છે. જે કોઈ કારણ વગર ઝર્યા કરે છે તો તેને કારણે શરીર, અંગોમાં અકારણ ચંચળતા આવે છે અને આપણને દુષ્પ્રભાવમાં લઈ જાય છે. અને પરિણામે રસોના પ્રભાવને કારણે આપણે ઘણી ભૂલો કરીએ છીએ જેના પરિણામે સ્વભાવ, સંસ્કાર અને સબંધોમાં તનાવ પેદા થાય છે. આથી જ રાજયોગ એક એવી વિધી છે કે જે આપણને ઉલ્ટા, ખોટા અને ખરાબ એવા નકારાત્મક વિચારોથી બચાવે છે. હમેશા સકારાત્મક વિચારો માટેની શક્તિ પ્રાપ્ત કરાવે છે.

હવે આપ જ વિચાર કરો કે વર્તમાન દુનિયાની હાલત શું છે? જયાં સ્વાર્થ, પ્રલોભન, લડાઈ ઝઘડા, નફરત, ઈર્ષા, અહંકાર, લોભ,મોહ ને કામ-વિકારની જ બોલબાલા છે તેવા સંકલ્પોમાં રાચતો માનવી શું પોતાની શક્તિથી નેગેટિવિટીથી દૂર રહી શકશે? નહી. આથી આત્માઓને પરમાત્મ બળ જોઈશે, છત્રછાયા જોઈશે. તે માટે જ એ આપણા પિતા આ ધરા પર ગીતામાં કરેલા વાયદા અનુસાર આવી ચુક્યા છે તો પછી તેમની પાસેથી રાજયોગનું નોલેજ લઈને સ્વયંના જીવનને સુરક્ષિત કરીએ.

**મૂલ્યોની મહેક**
**■ બ્રહ્માકુમારી ભારતીદીદી ■**


# સૌરાષ્ટ્રના ૨૪૩ તળાવો અને ૧૮૨૦ ચેકડેમ તથા ઉત્તર ગુજરાતના ૯૫૦ તળાવોમાં નર્મદાના નીર ઠાલવવા નિર્ણય

## ૩૦ જૂન સુધીમાં ૩૦૬૮૯ એમસીએફટી પાણી અપાશેઃ ૬૦ હજાર એકર જમીનને લાભઃ મુખ્યમંત્રીની જાહેરાત

ગાંધીનગર, તા.૨૨

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે ઉનાળાની ઋતુ દરમિયાન બહોળા પ્રમાણમાં પાકનું વાવેતર થઈ શકે તે માટે ચેકડેમ - તળાવ ભરવા સાથે લોકોને પીવાના પાણીની સમસ્યા પણ ન રહે તેવો જન હિતકારી અભિગમ નર્મદા જળ વિતરણથી અપનાવ્યો છે.

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ સમક્ષ ઉત્તર ગુજરાત અને સૌરાષ્ટ્ર વિસ્તારના કિસાનો - અગ્રણીઓ દ્વારા કરાયેલી રજૂઆતોનો સંવેદનાત્મક પ્રતિસાદ આપતા તેમણે આ ખેડૂત હિતલક્ષી નિર્ણય કર્યો છે. મુખ્યમંત્રીએ તા. ૩૦મી જુન ૨૦૨૫ સુધી નર્મદાનું ૩૦,૬૮૯ MCFT પાણી ઉત્તર ગુજરાત અને સૌરાષ્ટ્ર વિસ્તારો માટે ફાળવવાનો નિર્ણય કર્યો છે.



તદઅનુસાર, ઉત્તર ગુજરાત માટે નર્મદાનું ૧૪૫૩૯ MCFT અને સૌરાષ્ટ્ર માટે ૧૬૧૫૦ MCFT પાણી આપવામાં આવશે. નર્મદા મુખ્ય નહેર આધારિત ઉદ્વહન પાઇપલાઇન મારફતે ઉત્તર ગુજરાતના ૯૫૦થી વધુ તળાવો અને સુજલામ સુફલામ સ્પ્રેન્ડીંગ કેનાલથી આ પાણી પુરક સિંચાઈ અને પીવાના હેતુસર અપાશે. એટલું જ નહીં સૌરાષ્ટ્ર વિસ્તારના ૨૪૩ તળાવો અને ૧૮૨૦ ચેકડેમમાં નર્મદા જળ પહોંચાડવામાં આવશે.

મુખ્યમંત્રીના આ નિર્ણયને પરિણામે ઉત્તર ગુજરાત અને સૌરાષ્ટ્રની કુલ ૬૦ હજાર એકરથી વધુ ખેતીલાયક જમીનને નર્મદા જળથી સિંચાઈનો લાભ મળતો થશે.



## આજનું ચિંતન

### વખાણ

- આખી જિંદગી બોજો ઉઠાવ્યો ખીતીએ અને લોકો વખાણ કરે છે તસ્વીરના.
- માળાના વખાણ બધા કરે છે, કેમ કે ત્યાં મોતી દેખાય છે, હું તો વખાણ દોરાના કરીશ જેણે બધા મોતીને ગુંથી રાખ્યા છે.
- વખાણ કર્યા વગર કોઇ ખુશ થતું નથી, ખોટુ બોલ્યા વગર વખાણ થતા નથી.
- વખાણ હોય કે વહાણ ભાર વધી જાય ત્યારે ડૂબાડે જ.
- વખાણના પુલ ઉપરથી સાવચેતીથી પસાર થાવુ, કારણ કે નીચે મતલબની નદીઓ વહેતી હોય છે.
- સારા માણસોને કોઇ દિવસ વખાણની જરૂર નથી પડતી કેમ કે સાચા ફુલો પર ક્યારેય અત્તર ન છાંટવુ પડે.
- કોઇના વખાણ ન કરી શકો તો કશો વાંધો નહિ બીજાના વખાણ સાંભળી શકો તોય ઘણું.
- ગમે એટલા સારા કામ કરો વખાણ તો સ્મશાન ભૂમિમાં જ થાય છે.
- કોઈની વાતોમાં આવી જવાનું નહીં, અહીં તો લોકો વખાણ પણ મતલબથી કરે છે.

## આવતીકાલનું પંચાંગ

વિક્રમ સંવત-૨૦૮૧ : વીર સંવત- ૨૫૫૧, શાલિવાહન સંવત-૧૯૪૬
વૈશાખ વદ-૧૧, તા.૨૩/૫/૨૫, શુક્રવાર

સૂર્યોદય : ૬-૦૬, સૂર્યાસ્ત : ૭-૨૦, જૈન નવકારશી : ૬.૫૪
રાશિ : મીન (દ.ચ.ઝ.થ.)

**ગૌચરના ગ્રહો**
સૂર્ય-વૃષભ, મંગળ-કર્ક, રાહુ-કુંભ, કેતુ-કુંભ, બુધ-મેષ, ગુરૂ-મિથુન, હર્ષલ-વૃષભ, પ્લુટો-મકર, શુક્ર-મીન, શનિ-મીન, નેપ્ચ્યુન-મીન, ચંદ્ર-મીન


**શુભ ચોઘડીયા :** ચલ, શુભ, લાભ, અમૃત
**અશુભ ચોઘડીયા :** રોગ, કાળ, ઉદ્વેગ

## રાશીફળ

**મેષ :** વ્યવસાયમાં અનુકુળતાઓ વધવાની અટકતા કાર્યોમાં વેગ મળે, શેર સટામાં લાભ, રાજકીય લાભ.
**વૃષભ :** સીઝનલ ધંધામાં લાભ, આવકનું પ્રમાણ વધવાનું, કારણ વગરના વિચારોથી પરેશાની, વિદેશથી લાભ.
**મિથુન :** સંયુકત મિલ્કતના પ્રશ્નોને લઈને ટેન્શન રહેવાનું, ધીરજ રાખવી, નવા રોકાણમાં ઉતાવળ ન કરવી.
**કર્ક :** નોકરીમાં અનુકુળતા રહે, આવકનું પ્રમાણ વધવાનું, વડીલ વર્ગનો સહકાર રહે, શેરસટામાં લાભ રહે.
**સિંહ :** નાણાકીય બાબતોમાં લાભ રહે, સંતાનોની પ્રગતિ થાય, સ્વાસ્થ્યમાં સુધારો રહે, પ્રવાસથી લાભ.
**કન્યા :** કારણ વગર ઉશ્કેરાટ રહે, શેરસટામાં જાળવવું, નોકરીમાં બદલી પ્રમોશનના ચાન્સ, કર્જ ન કરવું.
**તુલા :** નકારાત્મક વાંચનથી દુર રહેજો, નવા મિત્રો ઉપયોગી રહે, લગ્ન જીવનમાં મતભેદો ટાળવા, પ્રવાસ થાય.
**વૃશ્ચિક :** કર્જ લઈને કોઈ નવું સાહસ ન કરવું, નોકરીમાં લભની આશા ફળવાની, માતુશ્રીથી લાભ રહે.
**ધન :** નોકરીમાં પ્રમોશનની તક મળવાની છે, સ્વાસ્થ્યમાં સુધારો થાય, આવકનું પ્રમાણ વધવાનું છે.
**મકર :** વડીલ વર્ગનો સહકાર મળવાનો છે, નોકરીમાં કોઈ પરિવર્તન કરવાથી દુર રહેજો, વિદેશથી લાભ.
**કુંભ :** નજીકની વ્યકિતઓ સાથે વાદ વિવાદ ટાળજો, મહત્વના નિર્ણયો બાબત ધીરજ રાખવી જરૂરી.
**મીન :** કાનુની પ્રશ્નોથી દુર રહેજો, મિલ્કતના પ્રશ્નોમાં લાભ રહે, તમારો પુરૂષાર્થ ફળવાનો છે, ઉત્સાહ રહેવાનો.

## મનોરંજન સાથે જ્ઞાન વિસ્તાર કરતી આઈક્યૂ ટેસ્ટ જેવી શબ્દ રમત



### આડી ચાવી

૧. એસબીઆઇનું ફુલફોર્મ (૯)
૬. ખ્રિસ્તી સાધ્વી (૨)
૭. બાળ્યા પછી શું વધે (૨)
૮. નોવેલ (૫)
૧૧. એક બે મિનિટમાં બનતું પીણું (૩)
૧૩. નદી (૩)
૧૪. નાગર ... (૨)
૧૫. ફાયર (૨)
૧૬. ક્રિકેટ કોચ ... આચરેકર (૪)
૧૮. લાયન (૩)
૨૦. મોટી ઉંમરનો બેકાર અને અપરિણીત (૨)
૨૨. વીના (૩)
૨૩. ગરીબનો સુકોમેવો (૩)
૨૫. એક અટક (૩)
૨૬. તીર (૨)
૨૭. પુરૂષ, મર્દ (૨)
૨૮. વહુનું અપભ્રંશ (૨)
૩૦. ત્રણ વતા ત્રણ (૨)
૩૨. જૈનોનો મહામંત્ર (૬)
૩૩. ધર્મનો દેશી મહિનો (૩)

### ઉભી ચાવી

૧. કંપાસ, ફુટ, સંચો વગેરે (૪)
૨. કુંવારો-અંગ્રેજી (૪)
૩. એફયુએન (૨)
૪. આંતરવસ્ત્રો-અંગ્રેજી (૫)
૫. અમિતાભ-અમજદખાનની ફિલ્મ (૩)
૯. એક જ અક્ષર આવશે (૮)
૧૦. સૌરાષ્ટ્રનું એક નગર (૪)
૧૨. સિકંદર ફિલ્મનો હિરો (૬)
૧૭. છુટાછેડા (૩)
૧૯. વર્લ્ડ, દુનિયા (૩)
૨૧. રબ્બરમાંથી છુટતો પથ્થર (૩)
૨૪. આરએઆરઇ (૨)
૨૫. શાહરૂખ ખાનની ફિલ્મ (૩)
૨૯. પશુ (૨)
૩૧. વીસ કિલો (૨)

| | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| સ | મ | ર | કે | મ્પ | | જ | ર | રા | ત |
| | મ | જા | ર | | આ | મ | | | જ |
| તા | તા | | મ | નો | જ | કુ | મા | ર | |
| | કુ | લ | | કા | કા | | લિ | ટ | ર |
| સ | લ | વા | ર | | અ | વા | ક | | જા |
| | ક | દ | મ | | ર્જુ | | | મા | ઈ |
| | ર્ણી | | ત | | ન | મ | સ્કા | ર | |
| ક | | કા | જ | લ | | ન | | વા | ત |
| લા | ત | | ગ | | | મો | | ડ | ર |
| ક | ર | વ | ત | | અં | જી | ર | | ત |

# સાંજ સમાચાર




## દેશ - વિદેશના સચોટ સમાચાર ઝડપથી વાંચવા માટે આજે જ ડાઉનલોડ કરો સાંજ સમાચાર મોબાઈલ એપ

GET IT ON Google Play

Download on the App Store

( એપ ડાઉનલોડ કરવા માટે ગુગલ પ્લે સ્ટોર અથવા એપલ એપ સ્ટોરના આઇકોન પર ક્લિક કરો )

TWITTER
@sanj_news

FACEBOOK
@Sanj Samachar

YOUTUBE
SanjSamachar Video News

INSTAGRAM
@sanjsamachar

WEBSITE
www.sanjsamachar.net

TELEGRAM
Sanj Samachar

( સોશિયલ મીડિયા પર 'સાંજ સમાચાર' ફોલો કરવા આઇકોન પર ક્લિક કરો )

96622 96699

( વોટસએપ પર સમાચાર વાંચવા માટે ઉપર આપેલ નંબર પર અત્યારે જ "Hi" મેસેજ કરો )

# અમદાવાદમાં 'ઈન્ડિયન ફોક કાર્નિવલ'નું ભવ્યાતિત આયોજન

## આગામી તા.૩૦થી ૧, ૩ દિવસના શોમાં બે વર્કશોપ, બે આર્ટ ગેલેરી, ૧૦થી વધુ એવોર્ડ, ૧૦૦૦થી વધુ કલાકારો અને ૫૦થી વધુ પરંપરાગત નૃત્યોની ઝલક માણવા મળશે

### પ્રથમ દિવસે ગુજરાતના લોકનૃત્યો, બીજા દિવસે આદિવાસી લોકનૃત્યો તથા ત્રીજા દિવસે દેશના વિવિધ પ્રાંતના પરંપરાગત લોકનૃત્યોની પ્રસ્તુતિ

### વિસરાતી જતી લોકકલાને મલ્ટી મીડિયા મેગા શો દ્વારા નવી પેઢીને પરીચિત કરાવવાના પ્રયાસ

### પ્રથમ દિવસે સૌરાષ્ટ્રના ટિપ્પણી અને કણબી રાસ કરશે ગુજરાતનું ગૌરવ ઉજાગરઃ 'સાંજ સમાચાર' કાર્યાલય પર આવેલા ગુજરાત લોકકલા ફાઉન્ડેશનના નરેન્દ્રસિંહ જાદવ તથા અન્યો

રાજકોટ તા.૨૨

અમદાવાદમાં આગામી તા.૩૦થી ૧ જુન સુધી કર્ણાવતી કલબના પટાંગણમાં 'ઈન્ડિયન ફોક કાર્નિવલ'નું ત્રિદિવસીય આયોજન કરવામાં આવેલ છે. જેમાં પ્રથમ દિવસે ગુજરાતના લોક નૃત્યો, બીજા દિવસે આદિવાસી નૃત્યો તથા ત્રીજા દિવસે ભારતના વિવિધ પ્રાંતના કલાકારો લોકનૃત્યો પ્રસ્તુત કરીને લોક સંસ્કૃતિનો પરિચય કરાવશે.

'સાંજ સમાચાર' કાર્યાલય પર ગુજરાત લોક કલા ફાઉન્ડેશનના મેનેજીંગ ટ્રસ્ટી નરેન્દ્રસિંહ જાદવ, નવલસિંહ ડોડીયા, જીતુભાઈ, મોહિતભાઈ વગેરે આવ્યા હતા અને ત્રિદિવસીય કાર્યક્રમની વિગતો આપી હતી.

નરેન્દ્રભાઈ જાદવે જણાવ્યું કે લોક સંસ્કૃતિની ઉજવણીના પર્વ સમાન 'ઈન્ડિયન ફોક કાર્નિવલ' દ્વારા રાજયની વિવિધ લોક કલાઓને મંચ મળશે. આગામી તા.૩૦થી તા.૧ સુધી અમદાવાદના કર્ણાવતી કલબમાં કાર્યક્રમનું આયોજન રાતના ૮થી ૧૦ કરવામાં આવેલ છે સાંજે ૭થી ૮ માર્ગદર્શન, તેમજ આ પ્રસંગે હેન્ડીક્રાફ્ટના સ્ટોલ પણ ઉભા કરાશે.

તેમણે જણાવ્યું કે પ્રથમ દિવસે ગુજરાતના લોકનૃત્યો અંતર્ગત સૌરાષ્ટ્રની બે મંડળીઓ ચોરવાડની શકિત ટિપ્પણી નૃત્ય મંડળી તથા લતીપુરની પટેલ રાસ મંડળીના કલાકારો લોકનૃત્ય રજૂ કરશે.

પ્રવીણ વાહેર સંચાલિત ટિપ્પણી નૃત્ય મંડળી, ચોરવાડની લોકસંસ્કૃતિ અને મહિલા શ્રમશક્તિના પ્રતિનિધિત્વરૂપે પ્રાચીન ટિપ્પણી નૃત્ય રજૂ કરશે. નૃત્યમાં લાંબી લાકડીની ટિપ્પણીઓ સાથે ઢોલના તાલે એકસરખી લયમાં થતું નૃત્ય શ્રમ, સંગઠન અને સદ્ભાવના ભાવોને વ્યક્ત કરે છે.

બીજી બાજુ, મહેન્દ્રભાઈ આણદાણીના માર્ગદર્શન હેઠળ લતીપુરની પટેલ રાસ મંડળી દ્વારા રજૂ થનારો કણબી રાસ ખેતી અને ઉત્સાહના સંગમરૂપે રજૂ થતું લોકનૃત્ય છે. કણબી સમાજના ઉત્સાહ અને મજ્જાના રંગો રજૂ કરતાં આ રાસ લોકસંસ્કૃતિના હૃદયમાં વસે છે. કાર્યક્રમમાં ૨૦થી વધુ રાજ્યોના લોકનૃત્યો એકત્ર થવાના છે અને ગુજરાતના પરંપરાગત નૃત્યોને વિશેષ સ્થાન અપાયું છે.

'' દેશભરના લોકનૃત્ય અને લોકકલાના કલાકારોને રાષ્ટ્રીય મંચ મળી રહે તે હેતુથી ગુજરાત લોકકલા ફાઉન્ડેશન દ્વારા ઇન્ડિયન ફોક કાર્નિવલનું આયોજન કરવામાં આવ્યું છે. આપણી વિસરાતી જતી લોક કલાને મલ્ટી મીડિયાના મેગા શો દ્વારા નવી જનરેશન સુધી પહોંચાડવા માટે આ પ્રયોગ થઈ રહ્યો છે. જેમાં ૩ દિવસ તારીખ ૩૦ અને ૩૧ મે તેમજ ૧લી જૂન દરમ્યાન અમદાવાદની કર્ણાવતી કલબમાં લોકનૃત્યના ૧૦૦૦થી વધારે કલાકારો પરફોર્મ કરશે. જેમાં ગુજરાતના તમામ પ્રાંતના પરંપરાગત લોકનૃત્યો જોવા મળશે. ઉપરાંત રાજસ્થાન, ઉત્તરપ્રદેશ, પંજાબ, ઓડિસા, આંધ્રપ્રદેશ, છત્તીસગઢ, તામિલનાડુ, મહારાષ્ટ્ર જેવા વિવિધ રાજ્યોના લોક કલાકારો પણ પોતાની સાંસ્કૃતિક વિરાસતને જીવંત કરશે.






આગામી તા. ૩૦ થી ૧ સુધી ગુજરાત લોકકલા ફાઉન્ડેશન ઉપક્રમે અમદાવાદના કર્ણાવતી કલબના પરિસરમાં 'ઇન્ડિયન ફોક કાર્નિવલ'નું ભવ્યાતિત આયોજન કરાયું છે. ત્રણ દિવસ દરમ્યાન ગુજરાતના લોક મુલ્યો, આદિવાસી નૃત્યો તથા ભારતના વિવિધ પ્રાંતના પરંપરાગત નૃત્યોની પ્રસ્તુતિ થનાર છે. વિસરાતી જતી લોકકલાથી નવી પેઢી માહિતગાર બને તેવો હેતુ સમાયો છે. 'સાંજ સમાચાર' આંગણે ગુજરાત લોકકલા ફાઉન્ડેશનના મેનેજીંગ ટ્રસ્ટી નરેન્દ્રસિંહ જાદવ, નવલસિંહ ડોડીયા, જીતુભાઇ બાંધણિયા, મોહિતભાઇ વગેરે આવેલા હતા. ઉપરોકત તસ્વીરમાં 'સાંજ સમાચાર'ના એકઝીકયુટીવ એડીટર શ્રી કરણભાઇ શાહ સાથે ગુજરાત લોકકલા ફાઉન્ડેશનના સભ્યો, બીજી તસ્વીરમાં નરેન્દ્રસિંહ જાદવ માહિતી આપતા નજરે પડે છે. **(તસ્વીર : પંકજ શીશાંગીયા)**

ગુજરાત લોક કલા ફાઉન્ડેશન દેશની એકમાત્ર એવી સંસ્થા છે કે જેની સાથે ૫,૦૦૦થી પણ વધુ લોક કલાકારો જોડાયેલા છે અને આ કલાકારોને દેશ-વિદેશમાં પ્લેટફોર્મ પૂરું પાડવાનું કામ આ સંસ્થા કરી રહી છે. આ સંસ્થાના સ્થાપક અને લોકકલાવિદ પદ્મશ્રી જોરાવરસિંહ જાદવે આ કાર્નિવલ માટે જણાવ્યું કે, ગુજરાત લોકકલા ફાઉન્ડેશનનું મંચ.. એ તળના કલાકારો પાસે રહેલી ટોચની કળા પીરસવાનું ભારતનું સૌથી મોટું મંચ છે.

નરેન્દ્રસિંહ જાદવે આ શો બાબતે જણાવ્યું કે, આપણી લોકકલા GEN ણથી આગળ વધીને GEN ALPHA અને GEN BETA સુધી પહોંચ્યા બાદ પણ તરોતાજા રહે તે માટે આ અનોખું આયોજન થઇ રહ્યું છે. આ ત્રિ-દિવસીય કાર્યક્રમમાં પહેલા દિવસે ગુજરાતના લોકનૃત્યો, બીજા દિવસે આદિવાસી લોકનૃત્યો અને ત્રીજા દિવસે દેશના જુદાં જુદાં રાજ્યોના પરંપરાગત લોકનૃત્યો પરફોર્મ કરવામાં આવશે.



ગુજરાત લોકકલા ફાઉન્ડેશનના સ્થાપક તથા સંવર્ધક પદ્મશ્રી જોરાવરસિંહ જાદવ.

વિશાળ એલઈડી સ્ક્રીન પર કોન્સેપ્ચ્યુઅલ વિઝયુલ ડિઝાઇન, સુપર્બ સાઉન્ડ સિસ્ટમ, લેટેસ્ટ લાઇટિંગ સાથે આ સમગ્ર કાર્યક્રમ યોજાશે. જે બાબતે વાત કરતા ઈવેન્ટ ડિરેક્ટર અને ધ વિઝ્યુઅલાઇઝરના ફાઉન્ડર જિતેન્દ્ર બાંધણિયાએ જણાવ્યુ કે, આ એક એવો શો છે, જેનાથી બે જનરેશન કનેક્ટ થશે... અત્યારની પેઢી પણ કલાની ચાહક છે જ... બસ તેમને તેમના અંદાજમાં પીરસવું પડે છે. આમ કરવાથી નવી પેઢીને મૂળ સાથે જોડી શકાશે.

૩ દિવસના આ શો માં, ૨ વર્કશોપ, ૨ આર્ટ ગેલેરી, ૧૦થી વધુ એવોર્ડ, ૧૦૦૦થી વધુ કલાકારો અને ૫૦થી વધુ પરંપરાગત ડાંસ ફોમ જોવા મળશે.. આ શો દ્વારા વિસરાતી જતી લોકકલાને રાષ્ટ્રીય મંચ મળશે. કલાચાહકો માટે આ કાર્યક્રમમાં એન્ટ્રી ફ્રી છે, પણ રજીસ્ટ્રેશન ફરજીયાત છે. પાસ માટે ૯૦૧૬૦૩૧૭૪૩ નંબર પર સંપર્ક કરી વધુ વિગત મેળવી શકાશે.

### ગ્રામીણ જીવનશૈલીનો ધબકાર : લોકનૃત્યો

ભારતીય લોકનૃત્યો આપણી જીવનશૈલીનો ધબકાર છે. આજે પણ ભારતના વિવિધ પ્રાંતોના લોકનૃત્યો તેમના જીવનનું દર્શન કરાવે છે. નવી ઋતુ, બાળજન્મ, લગ્ન, તહેવારો તથા અન્ય સામાજીક પ્રસંગોની ઉજવણી સમગ્ર વિશ્વમાં થતી હોય છે. ત્યારે ભારતમાં વિવિધ પ્રાંતોમાં થતા લોકનૃત્યો પુરૂષો અને સ્ત્રીઓ સાથે કરે છે અને અલગ અલગ રીતે જાણ થતા હોય છે. મોટા ભાગના લોકનૃત્યોમાં જટીલ રીતે ડિઝાઈન કરેલા પોશાક હોય છે.

ગુજરાતના લોકનૃત્યોમાં દાંડીયારાસ એક ઉર્જાવાન અને જીવંત નૃત્ય છે. નવરાત્રી દરમ્યાન 'ગરબા'ના આયોજનો થાય છે. તેમાં જગદંબાની ભકિત માટે યોજાય છે આ પરંપરા આજે પણ જીવંત છે જયારે ટિપ્પણી નૃત્યનો ઉદભવ સૌરાષ્ટ્રના ચોરવાડ પ્રદેશમાં થયો હતો. કામ કરતી સ્ત્રીઓ લાકડાના સળિયો લે છે અને તેનાથી જમીનને પીટતી હોય છે. ટિપ્પણી રાસ નવરાત્રીના આયોજનમાં રજૂ થતો હોય છે. પોરબંદરનો મણિયારો રાસ આજે જગપ્રસિધ્ધ છે.

### ઈન્ડિયન ફોક કાર્નિવલ : ત્રણ દિવસના કાર્યક્રમની આછેરી ઝલક

રાજકોટ, તા.૨૨

ગુજરાત લોકકલા ફાઉન્ડેશનના ઉપક્રમે આગામી તા. ૩૦ થી ૧ સુધી અમદાવાદમાં ઇન્ડિયન ફોક કાર્નિવલનું ભવ્યાતિત આયોજન કરવામાં આવેલ છે.

**પ્રથમ દિવસ**

તા.૩૦મીના શુક્રવારે રાત્રે ૮ થી ૧૦ સુધી ગુજરાતી લોકનૃત્યોની પ્રસ્તુતિ થનાર છે. જેમાં હુડો રજુ કરશે ભરવાડ રાસ મંડળી (સુરેન્દ્રનગર) જયારે ભાવનગરની રાસ મંડળી ટીપ્પણી રાસ રજુ કરશે.

પોરબંદરની રાસ મંડળીનો મેર રાસ, ઢાલ તલવાર રાસ રજૂ કરશે. લતીપુર જામનગર રાસ મંડળી 'કણબી રાસ' રજૂ કરશે. ભાવનગરની રાસ મંડળી-કોળી બહેનોના ગરબા, સુરેન્દ્રનગરની ભરવાડ રાસ મંડળી અઠંગો, ગોફ રજૂ કરશે. કાર્યક્રમમાં રાજેન્દ્ર રાવલ કેરવાના વેશ ધારણ કરશે તથા બહુરૂપી જોવા મળશે.

**બીજો દિવસ**

તા. ૩૧મીના શનિવારના આદિવાસી નૃત્યોમાં મેવાસી, પઢાર નૃત્ય, ડાંગી, ડુંગરી ભીલ (ખેડબ્રહ્મા), ભરૂચ મંડળી સિદી ધમાલ નૃત્ય જામખંભાળીયાની મંડળી ૫૭ બેડાનો રાસ રજૂ કરશે. દેવગઢ બારીયા ગ્રુપ તથા પંચમહાલ ગ્રુપના કલાકારો પંરપરાગત નૃત્ય રજૂ કરશે.

**ત્રીજો દિવસ**

તા. ૧લી જુનના રવિવારે બપોરના બે થી ચાર વર્કશોપ, સાંજે ૭ થી ૮ એવોર્ડ ફંકશન તથા રાત્રે ૮ થી ૧૦ દરમ્યાન રાજસ્થાનના કલાકારો ચરી, ચકરી, કાલબેલીયા રજૂ કરશે. મહારાષ્ટ્રના કલાકારો લાવણી, કોળી નૃત્યુ, સાંગી મુખોટે, પંજાબના ભાંગડા નૃત્ય, મિઝોરમના કલાકારો 'ચેરો' નૃત્ય રજૂ કરશે.

મધ્યપ્રદેશ, મણીપુર, આસામ, પશ્ચિમ બંગાળ, ગોવા, હરિયાણા, ઓરિસ્સા, કર્ણાટક, છતીસગઢ, સિકકીમ, આંધ્રપ્રદેશ, ઝારખંડ, તામિલનાડુ, ઉતરપ્રદેશ વગેરેના કલાકારો પારંપારિક લોકનૃત્યો રજુ કરીને દર્શકોને પ્રભાવિત કરશે.



### IPLમાં મેચની જીતની ઉજવણીમાં કોરોના ઈફેક્ટ જોવા મળી

## નીતા અંબાણીએ હાથ મિલાવતા પહેલા જસપ્રીત બુમરાહના હાથને સેનિટાઇઝ કરાવ્યા

મુંબઈ : મહારાષ્ટ્ર સહિત ભારતના ઘણા ભાગોમાં કોવિડ-૧૯ના કેસ ફરી વધી રહ્યા છે, ત્યારે મુંબઈ ઈન્ડિયન્સ (MI) ના માલિક નીતા અંબાણીએ વાનખેડે સ્ટેડિયમમાં દિલ્હી કેપિટલ્સ (DC) પરની મોટી જીત બાદ તેમની ટીમને સલામતીની સાવચેતીઓ વિશે યાદ અપાવવા માટે થોડો સમય કાઢ્યો .

મુંબઈએ દિલ્હીને ૫૯ રનથી હરાવીને ઈડક પ્લેઓફમાં સ્થાન મેળવ્યા પછી, નીતા અંબાણીએ ખેલાડીઓને ઉજવણી કરતા પહેલા હેન્ડ સેનિટાઇઝરનો ઉપયોગ કરવાની ખાતરી કરીને વધારાની કાળજી લીધી. જસપ્રીત બુમરાહના હાથની હથેળીમાં સેનિટાઇઝર રેડતી તેણીની એક તસવીર સોશિયલ મીડિયા પર વાયરલ થઈ. તેણીએ લેગ-સ્પિનર કર્ણ શર્મા જેવા અન્ય ખેલાડીઓ સાથે પણ આવું જ કર્યું. બુમરાહ હસ્યો અને ઉજવણીમાં જોડાતા પહેલા તેણીની સૂચનાઓનું પાલન કર્યું. મુંબઈના કેપ્ટન હાર્દિક પંડ્યાએ પણ હાથ મિલાવવાનું ટાળ્યું અને તેના બદલે સુરક્ષિત સંકેત તરીકે ગ્રાઉન્ડ સ્ટાફને મુઠ્ઠી મારી દીધી. તાજેતરમાં કેરળ, મહારાષ્ટ્ર અને ઉત્તર પ્રદેશ જેવા રાજ્યોમાં કોવિડ-૧૯ના કેસ વધ્યા છે, જેમાં ૨૫૦ થી વધુ સક્રિય કેસ નોંધાયા છે. સનરાઇઝર્સ હૈદરાબાદના ઓસ્ટ્રેલિયન ખેલાડી ટ્રેવિસ હેડનો ટેસ્ટ પોઝિટિવ આવ્યા બાદ એક મેચ પણ ચૂકી ગયો, જેના કારણે તેનું ભારત આગમન મોડું થયું.

### તામિલનાડુ- સ્ટેટ માર્કેટીંગ કોર્પોરેશન સામેની કાર્યવાહી મુદે કેન્દ્રીય એજન્સીને ઝાટકી

# ED તેની મર્યાદા ઓળંગી રહી છેઃ સુપ્રીમની ફટકાર

### તામિલનાડુ સ્ટેટ માર્કેટીંગ કોર્પોરેશન સામે શરાબ-કાંડની તપાસ સામે 'સ્ટે' આપ્યોઃ ચીફ જસ્ટીસ ગવઈ ખુદ કાળઝાળ

### રાજય સરકારના નિગમ પર તમો કેમ દરોડા પાડી શકો! અગાઉ હાઈકોર્ટની 'ના' છતા ઈડી આગળ વધતા ચેતવણી

નવી દિલ્હીઃ

દેશની મહત્વની તપાસ પ્રોસીકયુશન એજન્સી એન્ફોર્સમેન્ટ વિભાગ ફરી એક વખત આજે સુપ્રીમકોર્ટના નિશાન પર આવી હતી. તામિલનાડુના શરાબના છુટક વેચાણ કરતી કંપની 'ટીએએસએમએસી' સામેની મની લોન્ડ્રીંગ અંગેની તપાસમાં સુપ્રીમકોર્ટે 'સ્ટે' મુકયો હતો. સુપ્રીમકોર્ટ આજે ઈડીની આકરી ટીકા કરતા કહ્યું કે કેન્દ્રીય એજન્સી તેની તમામ મર્યાદા ઓળંગી રહી છે. ઈડીને નોટીસ આપતા સુપ્રીમકોર્ટે શા માટે તે આ તામિલનાડુની કંપની પર દરોડા પાડે છે તેનો ખુલાસો કરવા કહ્યું હતું.

સુપ્રીમકોર્ટ સમક્ષ તામિલનાડુ અને રાજયની કંપની તામિલનાડુ સ્ટેટ માર્કેટીંગ કોર્પોરેશનની ફરિયાદ પરથી આ ફટકાર લગાવી હતી. સુપ્રીમકોર્ટે આકરા શબ્દોમાં જણાવ્યું કે ઈડી સંઘીય ઢાંચાની પણ મર્યાદા રાખતી નથી અને સીધો પ્રશ્ન પૂછયો કે આ સરકારી નિગમ પર શા માટે દરોડા પાડવામાં આવ્યા છે!




ચીફ જસ્ટીસ શ્રી બી.આર.ગવઈએ સોલીસીટર જનરલ એસ.વી.રાજુને પણ કહ્યું કે તમારી એજન્સી મર્યાદા ઓળંગી રહી છે. ઈડીએ દલીલ કરી કે આ કાર્યવાહી રૂા.૧૦૦૦ કરોડના શરાબ ગોટાળાની છે પણ સુપ્રીમે તે દલીલ ફગાવતા કહ્યું કે તમો તમારી સીમા વટાવી છે. આ તકે રાજય સરકારની ધારાશાસ્ત્રી કપિલ સિબ્બલએ કહ્યું કે રાજય સરકાર ખુદ તેમાં તપાસ કરે છે. ૪૦થી વધુ એફઆઈઆર નોંધાવી છે. હવે ઈડી તેમાં પુરી પડી છે. સુપ્રીમે ઈડીને પ્રશ્ન પૂછયો કે શું રાજય સરકાર સંચાલીત નિગમમાં ઈડી દરોડા પાડી શકે છે! અગાઉ ઈડીની અરજી તામિલનાડુ હાઈકોર્ટે પણ ફગાવી હતી તેની સામે ઈડી સુપ્રીમમાં ગઈ હતી.



### સૌથી દુર્લભ કિસ્સો

## ૧૩ વર્ષની ઉંમરે એન્જિયોગ્રાફી

### ડોક્ટરોએ ઈસીજી અને ઈકો તપાસમાં હૃદયમાં સમસ્યા જોઇ હતી

રાયપુર,તા.૨૨

જવાહરલાલ નહેરુ મેડિકલ કોલેજ (જેએનયુએમસી)ની એડવાન્સ કાર્ડિયાક ઇન્સ્ટિટ્યૂટ (એસીઆઇ)માં બુધવારે ૧૩ વર્ષની એક છોકરીએ એન્જિયોગ્રાફી કરાવી હતી. ડોક્ટરોના જણાવ્યા અનુસાર, આ સૌથી દુર્લભ કિસ્સાઓમાંથી એક છે અને રાજયમાં આટલી નાની ઉંમરે એન્જિયોગ્રાફીનો પ્રથમ કેસ પણ છે. બે દિવસ પહેલા બાળકીને છાતીમાં સખત દુખાવો અને શ્વાસ લેવામાં તકલીફ થતાં તેને એસીઆઇમાં દાખલ કરવામાં આવી હતી. ડોકટરોના જણાવ્યા પ્રમાણે કોરબાની યુવતીના પરિવારમાં હાર્ટ એટેકની કોઇ હિસ્ટ્રી નથી. ઇસીજી પછી એન્જિયોગ્રાફી કરવામાં આવી હતી અને ઇકો પરીક્ષણોમાં હૃદયમાં કેટલીક સમસ્યાઓ જોવા મળી હતી. જો કે એન્જિયોપ્લાસ્ટીની જરૂર પડી ન હતી. હાર્ટમાં કોઇ બ્લોક મળ્યો નથી, પરંતુ હાર્ટની પમ્પિંગ ક્ષમતા માત્ર ૪૦થી ૪૫ ટકા છે. એટલા માટે શ્વાસ લેવામાં તકલીફ પડે છે. ટ્રોપ ટેસ્ટ નેગેટિવ આવ્યો હતો. આ બ્લડ ટેસ્ટ છે અને તેનાથી ખબર પડે છે કે હાર્ટ એટેક આવ્યો છે કે નહીં. તે રીપોર્ટ નેગેટિવ આવ્યો છે કે યુવતીને કોઈ હાર્ટ એટેક આવ્યો નથી. જેનાથી ડોક્ટરોને થોડી રાહત મળી હતી. આમ છતાં છાતીમાં દુખાવો અને શ્વાસની તકલીફ જોઇને એન્જીયોગ્રાફી કરવાનું નક્કી કરાયું હતું. કાર્ડિયોલોજિસ્ટ ડો.કુણાલ ઓસ્તવાલ અને ડો.અનુપમ કુજુરના જણાવ્યાં અનુસાર, યુવતી હાલ ખતરાથી બહાર છે.



### સૌથી નાની ઉંમરે એન્જિયોગ્રાફીના કોઈ આંકડા નથી :-

એન્જિયોગ્રાફી ક્યાં કરવામાં આવી છે અથવા તે ભારત અથવા વિશ્વમાં કઈ ઉંમરે કરવામાં આવી છે તેનો કોઈ ઉલ્લેખ નથી. જો કે, ૧૯૫૬માં, ડો. ફોર્સમેનને પ્રથમ હાર્ટ કેથેટરેજ ટેસ્ટેશન માટે નોબેલ પુરસ્કાર એનાયત કરવામાં આવ્યો હતો. પ્રથમ કોરોનરી એન્જીયોગ્રાફી ડો. સોનેસ અને તેમના સાથીદારો દ્વારા કરવામાં આવી હતી. એન્જિયોગ્રાફી હૃદયની નસોમાં અવરોધ હોવાનું દર્શાવે છે. આ પછી, નસોને ખોલવા માટે કેથેટર, સ્ટેન્ટ અને ફુગ્ગાઓનો ઉપયોગ કરવામાં આવે છે.

### દક્ષિણના સુપર સ્ટાર ધનુષ અબ્દુલ કલામ બનશેઃ કલામની જીવન યાત્રા હવે ફિલ્મ રૂપે આવશે

નવીદિલ્હી,તા.૨૨

ભારતનાં પૂર્વ રાષ્ટ્રપતિ અને મિસાઈલ મેન ડો.એપીજે અબ્દુલ કલામનું જીવન લોકોને ઘણું પ્રેરિત કરે છે. મોટાભાગના લોકો પુસ્તકો દ્વારા તેમના જીવન વિશે જાણે છે, પરંતુ હવે આ હીરોની વાર્તાને મોટા પડદા પર જોવાની તક મળી રહી છે.



ભારતનાં રાષ્ટ્રપતિ તરીકે ડો.એ.પી.જે. અબ્દુલ કલામની નિમણૂંક કરવામાં આવે તેવી ભારતમાં લાંબા સમયથી માંગ હતી. અબ્દુલ કલામ પર બાયોપિક બનાવવી જોઈએ જે લોકોને પ્રેરણા આપે. સાથે જ લોકોની આ ઈચ્છા નેશનલ ફિલ્મ એવોર્ડ વિનર અને સાઉથ સ્ટાર ધનુષે પૂરી કરી છે, જે ટૂંક સમયમાં આદિપુરુષના ડાયરેક્ટરના સહયોગથી આ ફિલ્મ પર કામ કરશે.

**ડો.એપીજે અબ્દુલ કલામ બનશે ધનુષ**

તમે જાણો છો કે ધનુષ કેટલો સારો અભિનેતા છે ધનુષ 'રાંઝણા' જેવી ફિલ્મોથી લઈને અત્યાર સુધીમાં અનેક સરસ પાત્રો ભજવી ચૂક્યો છે. હવે તે પડદા પર ડો.કલામનો રોલ કરશે. અભિનેતા તેની બાયોપિક ''કલામઃ ધ મિસાઇલ મેન ઓફ ઈન્ડિયા'' માં અબ્દુલ કલામની ભૂમિકા નિભાવવા માટે તૈયાર છે, જેનું અનાવરણ કાન્સ ફિલ્મ ફેસ્ટિવલમાં કરવામાં આવ્યું છે. ધનુષે પણ પોતાના ઓફિશિયલ ઈન્સ્ટાગ્રામ પર આ પોસ્ટ શેર કરી છે અને કેપ્શનમાં લખ્યું છે, ''હું ખૂબ જ ધન્યતા અનુભવું છું, કારણ કે મને અમારા ઉદાર અને પ્રેરણાદાયી નેતા ડો.એપીજે અબ્દુલ કલામની વાર્તાને મોટા પડદા પર લાવવાની તક મળે છે.

**આ પ્રોજેક્ટનું દિગ્દર્શન ઓમ રાઉત કરશે**

આ પ્રોજેક્ટનું દિગ્દર્શન ઓમ રાઉત કરશે, જેમની છેલ્લી ફિલ્મ આદિપુરુષ ખૂબ જ ફ્લોપ નીવડી હતી અને એ માટે એની ઘણી ટીકા થઇ હતી. જો કે આ દરમિયાન તેની સારી ફિલ્મોને નજરઅંદાજ કરવી ખોટી વાત હશે. તેમણે ''તાન્હાજીઃ ધ અનસંગ વોરિયર'' માટે રાષ્ટ્રીય માન્યતા મેળવી હતી, જ્યારે ''નીરજા'' અને ''મૈદાન'' લેખક સૈવિન કવાડ્રાસ સ્ક્રિપ્ટ લખશે.

આ ફિલ્મમાં કલામની જીવનયાત્રા દર્શાવવામાં આવશે. આ ફિલ્મમાં કલામની નમ્ર શરૂઆતથી લઈને ''ભારતના મિસાઇલ મેન'' અને આખરે દેશના ૧૧ મા રાષ્ટ્રપતિ બનવા સુધીની સફરને દર્શાવવામાં આવશે. આ બાયોપિક કલામના બેસ્ટ સેલિંગ સંસ્મરણ ''વિંગ્સ ઓફ ફાયર''થી પ્રેરિત છે.




## બોલો લ્યો.. અમેરિકાની લકઝરી બ્રાન્ડ દેશી ''ઝોલા'' રૂા.૪૧૦૦ માં વેંચાઈ છે

ન્યુ યોર્ક : નાના શહેરો કે ગામડાઓમાં કરિયાણાની દુકાનોથી લઈને માતાઓ દ્વારા નોકરી કે અભ્યાસ માટે મોટા શહેરોમાં જતા બાળકો માટે જરૂરી વસ્તુઓ પેક કરવા સુધી, ઝોલા દરેક ભારતીય ઘરમાં સતત સાથી છે. મજબૂત, વ્યવહારુ ફરીથી વાપરી શકાય તેવી, આ સરળ બેગ, જે ઘણીવાર કોટન અથવા ખાદીથી બનેલી હોય છે તે દરેક ભારતીયોના હૃદયમાં એક ખાસ સ્થાન ધરાવે છે.

આ સાધારણ ઝોલા અમેરિકન લક્ઝરી રિટેલર નોર્ડસ્ટ્રોમ પર ૪૮ (રૂ.૪,૧૦૦) માં વેચાઈ રહ્યો છે. જાપાની કંપની પ્યુબકો દ્વારા '' ઇન્ડિયન સોવેનીર બેગ '' તરીકે બ્રાન્ડેડ, તે એક વિચિત્ર, અપસાયકલ કરેલ એક્સેસરી તરીકે માર્કેટિંગ કરવામાં આવે છે.

નોર્ડસ્ટ્રોમ તેને ''એક સ્ટાઇલિશ બેગ, અનોખી ડિઝાઇનથી શણગારેલી, સુંદર દેશ પ્રત્યેના તમારા પ્રેમને દર્શાવતી વખતે તમારી આવશ્યક વસ્તુઓ લઈ જવા માટે યોગ્ય'' તરીકે વર્ણવે છે, અને તે ''કોઈપણ પ્રવાસી અથવા ભારતીય સંસ્કૃતિના પ્રેમી માટે હોવી જ જોઈએ.'' આ બેગમાં ''રમેશ સ્પેશિયલ નમકીન'' અને ''ચેતક સ્વીટ્સ'' જેવા નામો સાથે બોલ્ડ હિન્દી લખાણ છે, જે ભારતમાં પરિચિત સ્થળો છે, જે હવે એક સૌંદર્યલક્ષી વેચાણ બિંદુમાં પરિવર્તિત થયા છે.

છતાં, ઘણા ભારતીયો માટે, તે ફક્ત રોજિંદા કરિયાણાની થેલી છે જેનો તેઓ વર્ષોથી ઉપયોગ કરે છે. સામાન્ય રીતે સ્થાનિક ભારતીય બજારોમાં ખરીદી સાથે મફતમાં આપવામાં આવે છે, આ બેગ હવે વિદેશમાં ફેશન સ્ટેટમેન્ટ તરીકે સ્થાન ધરાવે છે.

# રાજકોટની આંગડીયા પેઢીના ૯૦ લાખની લૂંટમાં બે શખ્સ ઝબ્બેઃ પોલીસનું ફાયરીંગ

**ટંકારા નજીક કારનો પીછો કરી અકસ્માત કર્યોઃ બે થેલા ઉપાડી ભાગતા પોલીસે ઘેરી લીધાઃ ડીવાયએસપીનો હવામાં ગોળીબારઃ લૂંટારૂ ભાવનગર જિલ્લાના**







**(જીજ્ઞેશ ભટ્ટ)** મોરબી, તા.૨૨

મોરબી-રાજકોટ હાઇવે પર ટંકારા નજીક ખજુરા હોટલ પાસે કાર રાજકોટ તરફથી મોરબી આવતી હતી ત્યારે જુદીજુદી બે કાર લઇને આવેલા અંદાજે સાત જેટલા શખ્સો દ્વારા કારને અટકાવીને લૂંટ કરવામાં આવી છે. લૂંટારુઓ કારમાંથી રોકડ રકમ ભરેલો બે થેલો લૂંટીને ભાગી ગયા હતા જો કે, પોલીસે નાકાબંધી કરીને લુંટારૂઓની કાર રોકી હતી અને સાત પૈકીના બે શખ્સ પોલીસની હાથવેંતમાં હોવાની માહિતી સામે આવી રહી છે.

જાણવા મળતી માહિતી મુજબ મૂળ ભાલોડી ગામના રહેવાસી અને હાલમાં રાજકોટમાં આવેલ અક્ષર એવન્યુ અંબિકા ટાઉનશિપ ખાતે રહેતા અને ૧૫૦ ફૂટ રિંગ રોડ ઉપર આવેલ હરિકૃષ્ણ આર્કેડમાં દુકાન નંબર ૨૦૪ માં ટીટે નિયમ એન્ટરપ્રાઇસ નામથી આંગડિયા પેઢી ચલાવતા નિલેષભાઇ મનસુખભાઇ ભાલોડી (૪૫)એ ટંકારા તાલુકા પોલીસ સ્ટેશન ખાતે અજાણ્યા પાંચ થી સાત શખ્સોની સામે લૂંટની ફરિયાદ નોંધાવેલ છે જેમાં તેને જણાવ્યુ છે કે, તેઓ રાજકોટની બેંકમાંથી રોકડા રૂપિયા લઈને રાજકોટથી મોરબી તરફ બપોરના ત્રણેક વાગ્યાના અરસામાં ગાડી નંબર જીજે ૩ એનકે ૩૫૦૨ લઈને તેના ડ્રાઈવર જયસુખભાઈ ફેફર સાથે આવી રહ્યા હતા તેવામાં મોરબી રાજકોટ હાઇવે રોડ ઉપર આવેલ મીતાણા નજીકથી તેઓની ગાડીને રોકવા માટેનો જુદાજુદા બે ગાડીમાં આવેલા શખ્સો દ્વારા પ્રયાસ શરૂ કરવામાં આવેલ હતો જેથી ફરિયાદીના ડ્રાઇવરે ગાડી રોકવાના બદલે મારી મૂકી હતી.

દરમ્યાન ટંકારા નજીક આવેલ ફરિયાદીની ગાડીને પાછળથી આરોપીઓની બે ગાડી પૈકીની બલેનો ગાડી વાળાએ ટક્કર મારી હતી જેથી ફરિયાદીની ગાડી સીધી જ ખજુરા હોટલ પાસે કરવામાં આવેલ પ્લાંટેશનને તોડીને તેના પાર્કિંગ એરિયામાં પહોચી ગયેલ હતી અને ફરિયાદીની ગાડીમાં ચારેય ટાયર તૂટી ગયા હતા ત્યાર બાદ લુટારુઓ ફરિયાદીની ગાડી પાસે તેની નંબર પ્લેટ વગરની પોલો ગાડી લઈને આવ્યા હતા અને હાથમાં ધોકા લઈને આરોપીઓ તેની ગાડીમાંથી નીચે ઉતાર્યા હતા જેથી ફરિયાદી અને તેનો ડ્રાઈવર તેઓની ગાડી પાસેથી દૂર જતાં રહ્યા હતા ત્યાર બાદ આરોપીઓએ ફરિયાદીની ગાડીમાંથી રોકડા રૂપિયા ભરેલ બે થેલાની લૂંટ કરી હતી.

હાલમાં ફરિયાદે લખાવેલ ફરિયાદ મુજબ એક થેલામાં ૫૦ લાખ અને બીજા થેલામાં ૪૦ લાખ આમ કુલ મળીને ૯૦ લાખની રોકડની લૂંટ આરોપીઓ દ્વારા કરવામાં આવી હતી અને જુદી જુદી બે ગાડીમાં આવેલા લુટારૂઓની બલેનો ગાડી લૂંટની જગ્યાથી આગળના ભાગમાં બંધ પડી ગયેલ હતી જેથી એક જ ગાડીમાં તમામ આરોપીઓ લૂંટ કરેલ રકમ લઈને ટંકારાથી ધ્રોલ તરફ જવાના રસ્તા ઉપર પોતાની પોલો ગાડી લઈને ભાગી ગયા હતા જેથી જિલ્લામ નાકાબંધી કરાવવામાં આવી હતી.

આરોપીઓની સામેથી ધ્રોલ પોલીસને પાછળથી ડીવાયએસપી, ટંકારા પોલીસ અને એલસીબી આવી રહી હતી અને લુટારૂઓને હીરાપર નજીક ઘેરી લેવામાં આવ્યા હતા જેથી તે શખ્સો પોતાની ગાડી છોડીને લૂંટ કરીને મેળવેલ રોકડ રૂપિયા ભરેલ થેલા ગાડીમાં જ મૂકીને ખેતરમાં ભાગવા લાગ્યા હતા.

જો કે, પોલીસને સ્થાનિક લોકોની મદદથી ભાગવા જઈ રહેલા લૂંટારુઓ સુધી પહોંચવામાં સફળતા મળી હતી અને આ લૂંટારૂઓને રોકવા માટે ડીવાયએસપી સમીર સારડા દ્વારા હવામાં ફાયરિંગ પણ કરવામાં આવ્યું હતું જેથી લૂંટ કરીને ભાગેલા શખ્સો પૈકીનાં બે શખ્સ પોલીસની હાથવેતમાં આવી ગયા છે અને તેની પાસેથી કેટલીક રોકડ રકમ પણ પોલીસ દ્વારા કબજે કરવામાં આવે છે. અને હાલમાં ભોગ બનેલા યુવાને નોંધાવેલ ફરીયાદ આધારે પોલીસે અજાણ્યા શખ્સોની સામે ગુનો નોંધીને લૂંટના ગુનામાં સંડોવાયેલ આરોપીને પકડવા માટે ચક્રોગતિમાન કરેલ છે. રાજકોટ હાઇવે ઉપર કારને અંતરીને ધોળા દિવસે કરવામાં આવેલ લૂંટના બનાવમાં આરોપીઓ પૈકીનાં બે શખ્સ તાત્કાલિક પોલીસની હાથવેંતમાં આવી ગયા હોવાથી પોલીસને મહદઅંશે રાહત મળી ગયેલ છે અને લૂંટના ગુનામાં સંડોવાયેલ શખ્સો ભાવનગર જિલ્લાના હોવાનું ચર્ચાઇ રહ્યું છે.

# રાજકોટમાં ડમ્પરે બાઈકને હડફેટે લીધું, કાલાવડના આશાસ્પદ યુવાન રવિ મુંગરાનું સારવારમાં મોત

**૩૬ વર્ષીય મૃતક રાજકોટમાં યુનિવર્સિટી રોડ પર રહેતો, રાવકી ગામે કંપનીમાં નોકરી કરતો ત્યાંથી ઘરે આવતી વખતે પાળ ગામ પાસે અકસ્માત સર્જાયો**

**બે બહેનના એકના એક ભાઈના મૃત્યુથી પરિવારમાં કલ્પાંત : ૧૦ વર્ષના પુત્રએ પિતાની છત્રછાયા ગુમાવી**

રાજકોટ, તા.૨૨

રાજકોટમાં ડમ્પરે બાઈકને હડફેટે લીધું હતું. જેમાં કાલાવડના આશાસ્પદ યુવાન રવિ ચંદ્રેશભાઈ મુંગરા (ઉં. વ. ૩૬)નું સારવારમાં મોત નીપજ્યું હતું. મૃતક રાજકોટમાં યુનિવર્સિટી રોડ પર રહેતો અને રાવકી ગામે કંપનીમાં નોકરી કરતો હતો. ગઈકાલે બપોરે ત્યાંથી ઘરે આવતી વખતે પાળ ગામ પાસે અકસ્માત સર્જાયો હતો. બે બહેનના એકના એક ભાઈના મૃત્યુથી પરિવારમાં કલ્પાંત છવાયો હતો. બનાવથી ૧૦ વર્ષના પુત્રએ પિતાની છત્રછાંયા ગુમાવી હતી.

આ અંગે લોધીકા પોલીસે ડમ્પર ચાલક સામે ગુનો દાખલ કર્યો છે.

મૃતકના પિતા ચંદ્રેશભાઈ દામજીભાઇ મુંગરા (ઉં.વ.૬૩ રહે. કાલાવડ કૃષ્ણનગર સોસાયટી, પટેલવાડી, ધોરાજી રોડ)એ જીજે ૦૩ એટી ૨૧૩૭ નંબરના ડમ્પર ચાલક સામે ફરિયાદ નોંધાવતા જણાવ્યું હતું કે, હું મારા પરિવાર સાથે કાલાવડમાં રહું છું. મારે સતાનમાં બે દિકરીઓ તથા એક દીકરો હતો. જેમાં સૌથી મોટા નિમીયાબેન જે વ્યારા સાસરે છે. તેનાથી નાની કોમલબેન છે જે રાજકોટ સાસરે છે. તેનાથી નાનો દિકરો રવિ (ઉ.વ. ૩૬) હતો. જેના લગ્ન ૨૦૧૪માં મોટી વાવડીના કરશનભાઇ પાનસુરીયાની દિકરી તુમીબેન સાથે થયેલ હતા. રવિને સંતાનમાં એક દિકરો કુશ (ઉ.વ. ૧૦)નો છે. વધુમાં ચંદ્રેશભાઈએ જણાવ્યું કે, રવિ છેલ્લા એક વર્ષથી રાવકી ઇન્ડ્રસ્ટ્રીઝમાં સીએનસી મશીન ચલાવતો હતો. અને રાજકોટના યુનિવર્સિટી રોડ પર આયુર્વેદિક હોસ્પિટલ પાસે માધવ પાર્કમાં રહેતો હતો. રવિ મારું જીજે ૧૦ એઈ ૮૭૮૮ નંબરનું બાઈક ઉપયોગ કરતો હતો. ગઈકાલે સાંજે સાતેક વાગ્યે હું તથા મારી પત્ની લીલાબેન કાલાવડ અમારા ઘરે હાજર હતા. ત્યારે મારી પુત્રવધુ તૃમીનો ફોન આવેલ કે, રવિ રાવકીથી રાજકોટ તેનુ બાઈક લઈને આવતા હતા ત્યારે પાળ ગામમાં અકસ્માત થયેલ છે. રવિને ગંભીર ઈજા થવાથી રાજકોટ સિવિલ હોસ્પિટલ ખાતે સારવારમાં લાવેલ છે. તેમ વાત કરતા હું તથા મારી પત્ની લીલાબેન બંને તુરંત પ્રાઇવેટ વાહનમાં રાજકોટ સિવિલ હોસ્પિટલ આવ્યા હતા. ત્યાં મારાં પુત્રવધુ તુમીબેન તથા રવિના મિત્રો રાજીવભાઈ ત્રાડા, ભરતભાઈ કરેડ બધા હાજર હતા. મારા દીકરા રવિની ઇમરજન્સી વોર્ડમાં સારવાર ચાલુ હતી. મિત્ર રાજીવભાઈએ મને વાત કરેલ કે, રવિ તેનું બાઈક લઈને રાવકીથી બપોરના બે વાગ્યાં આસપાસ રાજકોટ આવવા રવાન થયેલ હતો. આશરે અઢી વાગ્યાથી ત્રણેક વાગ્યે પાળ ગામમાં દ્વારકાધીશ હોટલ પાસે ડમ્પર ચાલકે રવિને હડફેટે લેતા રવિને શરીરે ગંભીર ઇજા થતા કોઇએ ૧૦૮ એમ્બુલનસને ફોન કરતા રવિને રાજકોટ સિવિલ હોસ્પિટલમાં લાવેલ હતા. આ દરમ્યાન ચાલુ સારવારમાં રાત્રીના નવેક વાગ્યે ફરજ પરના ડોકટરે રવિને મૃત જાહેર કરેલ. એકના એક પુત્રના મોતથી પરિવારમાં. ભારે કલ્પાંત છવાયો હતો.

# રીઝનેબલ એન્ડ નેસેસરીલી એક્સપેન્સના કારણ હેઠળ કપાત કરેલ કલેઈમની રકમ વ્યાજ સહિત ચુકવવા હુકમ

**પોલિસી ધારકે વીમા કંપની સામે રાજકોટના ગ્રાહક તકરાર નિવારણ આયોગ સમક્ષ ફરિયાદ કરી હતી**



એડવોકેટ સાગર હપાણી, હિત અવલાણી, હિમાલય મીઠાણી

રાજકોટ, તા.૨૨

રાજકોટના રહેવાસીએ સ્ટાર હેલ્થ એન્ડ અલાઈડ ઇન્સ્યોરન્સ કંપની લીમીટેડ પાસેથી પોતાના પરીવાર માટે સ્ટાર કમ્પ્રીહેન્સીવ ઈન્સ્યોરન્સ પોલીસી પ્લાન ખરીદ કરેલ હતો. જે પોલિસી હેઠળ ફરિયાદીના પતિન કેન્સરની સારવાર અર્થે રાજકોટ ખાતે આવેલ સેન્ચુરી કેન્સર હોસ્પિટલમાં દાખલ કરાયા હતા. ત્યારબાદ ડીસ્ચાર્જ બાદ ફરિયાદી દ્વારા બીમારીનો કલેઈમ રીમ્બર્સમેન્ટ કરતા વીમા કંપની દ્વારા રીઝનેબલ એન્ડ નેસેસરી એક્સપેન્સ હેઠળના કારણ સાથે કલેઇમ કપાત કરવામાં આવેલ હતો.

આથી ફરીયાદી દ્વારા રાજકોટના ગ્રાહક તકરાર નિવારણ આયોગ સમક્ષ સ્ટાર હેલ્થ એન્ડ અલાઈડ ઇન્સ્યોરન્સ કંપની લીમીટેડ વિરુદ્ધ ફરીયાદ દાખલ કરવામાં આવેલ. આમ રાજકોટના ગ્રાહક તકરાર નિવારણ આયોગ સમક્ષ આ કેસ ચાલી જતા ફરીયાદીના એડવોકેટની ધારદાર દલીલો તથા વડી અદાલતોના ચુકાદાઓ રજુ રાખતા રાજકોટના ગ્રાહક તકરાર નિવારણ આયોગ દ્વારા ફરીયાદીની ફરીયાદ અરજી મંજુર કરવામાં આવેલ અને સ્ટાર હેલ્થ એન્ડ અલાઈડ ઇન્સ્યોરન્સ કંપની લીમીટેડને રકમ રૂા. ૨ લાખ વાર્ષીક ૬ ટકા વ્યાજ સાથે ૧-માસમાં ચુકવવા હુકમ ફરમાવેલ હતો. આ કેસમાં ફરીયાદી વતી રાજકોટના યુવા એડવોકેટ સાગર એસ. હપાણી, હિત આર. અવલાણી, હિમાલય એન. મીઠાણી, અંકિત કે. જાવીયા, હાર્દિક બી. શિંગાળા અને કેયુર એસ. ગાંધી રોકાયેલ હતા.

## અવસાન નોંધ

**રાજકોટ:** રાજકોટ: દાઉદી વ્હોરા રૂબાબબેન (ઉ.વ.૮૧) તે શેખ હાતિમભાઈ જસદણવાળા (જીવણજી તૈયબઅલી ભારમલ લાતીવાળા) ના પત્ની મ. મુલ્લાં મોહમદભાઈ કપાસીના સુપુત્રી મ.ફઝુભાઈ, મ. મુલ્લા મુસાજીભાઈ મ. સૈફુદ્દીનભાઈ, મ.શેખ યુસુફભાઈ, મ.સફિયાબેન, મ.સુગરાબેન, મ. કુબરાબેન,મ.શિરીનબેન, મ. ફાતેમાબેનના બહેન મુનીરાબેન શેખ શેખ શબ્બીરભાઈ રાજા (ખંડવા) શબ્બીરભાઈ, જુઝરભાઈના માતા હમીદાબેન, હુસૈનાબેનના સાસુ તા.૨૧ મે ૨૦૨૫ને બુધવારના રોજ વફાત પામેલ છે મર્હુમાની જીયારત (કુરાનખ્વાની) તા.૨૩ મે ૨૦૨૫ને શુક્રવારના રોજ બપોરે ૧:૩૦ કલાકે હુશેનીબાગ ખાનપરા રાજકોટ ખાતે રાખવામાં આવેલ છે.

**રાજકોટ:** સ્વ. દામજીભાઈ કેશવજીભાઈ ધામેલીયા (ઉ.૯૧)નું તા.૨૧ના અવસાન થયેલ છે. તે કિશોરભાઈ તથા નીતીનભાઈ, મધુબેન, પ્રફુલ્લાબેનના પિતાશ્રી, પ્રશાંતભાઈ, મલય, શુભમના દાદાનું અવસાન થયેલ છે. બંને પક્ષનું બેસણું તા.૨૩ના ૪થી ૬ 'શિવશકિત', કર્ણાવતી સ્કૂલની બાજુમાં, હરિદ્વાર બંગલો, બ્લોક નં.૫, રેલનગર તેમના નિવાસસ્થાને રાજકોટ ખાતે રાખેલ છે.

**રાજકોટ:** સ્વ. ધનલતાબેન અને વિનોદરાય કોઠારીના પુત્ર પ્રફુલભાઈ વિનોદરાય કોઠારી (ઉ.૭૦) તે ઈલાબેનના પતિ, નિશાંત, સિધ્ધાર્થના પિતાશ્રી, અમી, જૈમીના સસરા, વીર, વીરાંશીના દાદા, પ્રકાશભાઈ, અશોકભાઈ, મુકેશભાઈ, મીનાબેન દિપકભાઈ મહેતા, પારૂબેન દિપકભાઈ કામદાર, ફાલ્ગુનીબેન વિમલભાઈ ટોલીયાના ભાઈ, મગનલાલ ધરમશી રવાણી (કાલાવડ)ના જમાઈ તા.૧૯ના અરીહંત શરણ પામેલ છે ચક્ષુદાન કરેલ છે. ઉઠમણું તા.૨૩ના સવારે ૧૧ કલાકે રોયલ પાર્ક ઉપાશ્રય, ૮-રોયલ પાર્ક, યુનિ.રોડ, રાજકોટ રાખેલ છે. લૌકીક પ્રથા બંધ છે.

**માંગરોળ:** માંગરોળ નિવાસી ગો.વા. સોની જેંતીલાલ રામજીભાઈ લાલાડીયાના પત્ની ઈન્દુબેન (ઉ.૮૪) તે ભાવનાબેન જયેન્દ્રભાઈ રાજપરા (યુકે), બાલકૃષ્ણભાઈ, નરેન્દ્રભાઈના માતુશ્રી, જીતેનભાઈ, પુનીતભાઈ, પાર્થ, જહાનવીના દાદીમાંનું તા.૨૧ના અવસાન થયું છે. બેસણું તા.૨૨ના ચારથી છ શ્રીજી એપાર્ટમેન્ટ જવાહર સોસાયટી પોરબંદર રોડ, ઉપલેટા મુકામે રાખેલ છે.

**સાવરકુંડલા:** વર્ષાબેન બળવંતભાઈ મહેતા (ઉ.૭૦)નું તા.૨૧ને બુધવારના રોજ અવસાન થયેલ છે. સદગતનું બેસણું તા.૨૨ને ગુરૂવારના રોજ સાંજે ૪થી ૬ કલાકે શ્રી પરશુરામ ઉપવન વાડી ગર્લ્સ હાઈસ્કૂલ પાસે, સાવરકુંડલા ખાતે રાખેલ છે.

**રાજકોટ:** લાભશંકરભાઈ રામજીભાઈ મહેતા રહે.રાજકોટ તે નર્મદાબેન લાભશંકરભાઈ મહેતાના પતિ તથા અનિલભાઈ મહેતા ટંકારા પોલીસ તથા વર્ષાબેન ધર્મેશકુમાર જોષી આણંદ તથા રૂપલબેન મહેશકુમાર દવે પુનાના પીતા તથા વાસંતીબેન અનિલભાઈના સસરા તથા ધીતીક્ષાબેન અને કૃષાંગના દાદા તેમજ મગનભાઈ બોઘાભાઈ મહેતાના ભત્રીજા તથા સ્વ.અશોકભાઈ રામજીભાઈ મહેતા તથા સુશીલાબેન જગદીશભાઈ ચાવ (જશદણ) તથા શારદાબેન બીમલભાઈ (રાજકોટ) તથા જનકભાઈ ડાયાભાઈ મહેતા અને ભુપતભાઈ,શાતુભાઈ, પ્રવિણભાઈ ભરતભાઈના મોટાભાઈનું તા.૨૧ બુધવારના રોજ અવસાન થયેલ છે.સદ્દગતનું બેસણું તા.૨૩ને શુક્રવાર સાંજે ૫ થી ૬.૩૦ કલાકે ગાંધીગ્રામ બીલેશ્વર મહાદેવ મંદિર શ્યામનગર આરોગ્ય કેન્દ્ર બાજુમાં રાજકોટ ખાતે રાખેલ છે.

**રાજકોટ:** મહારાજ શ્રી ઔદીચ્ય ઘેલારામજી (ગોહેલવાડી) બ્રાહ્મણ શ્રી ગુલાબરાય મગનલાલ રાજયગુરૂના ધર્મપત્ની અખંડ સૌભાગ્યવતી જશવંતીબેન ગુલાબરાય રાજયગુરૂ તે અરૂણકુમાર (રિટાયર્ડ બીએસએનએલ), સ્વ.મહેન્દ્રભાઈ રાજયગુરૂ (રીટાયર્ડ જીઈબી, ટેકનીકલ યુનિયન), રાજેન્દ્ર રાજયગુરૂ (પોલીસ કર્મચારી) ગૌતમ રાજયગુરૂ (એડવોકેટ), ચેતના, જયદેવી, પરમેશ્વરીના માતૃશ્રી તથા આશિષ, પાર્થ (ટ્રસ્ટી જમનાવડા પરીવાર, કમિટી સભ્ય ઘેલારામજી પરીવાર) જયદેવ, જયરાજ, અભિષેક, વેદાંગીના દાદી તા.૧૯ના રોજ કૈલાશ વાસ થયેલ છે.જેનું બેસણું તા.૨૩ શુક્રવારે શ્રી રામ મંદિર પ્રાર્થના હોલ (રામ મંદિર),રામનગર મેઈન રોડ, શેરી નંબર ૨ બંધ શેરી, પીડી માલવિયા ફાટક પાસે, ગોંડલ રોડ રાજકોટ ખાતે બપોરે ૪ થી ૬ રાખેલ છે. મો.નં.૯૪૨૬૯૦૦૧૧૫

**જામનગર:** શ્રી મ.ક.સ.સુ.જ્ઞાતિ (જામનગર) સ્વ.પ્રવિણાબેન ધરમશીભાઈ પીઠડીયા (ઉ.વ.૬૫ વર્ષ) તા.૨૧ને બુધવારના સ્વર્ગવાસ પામેલ છે. તે સ્વ.ધરમશીભાઈ મોહનલાલ પીઠડીયા તથા સ્વ.રૂક્ષ્મણીબેન ધરમશીભાઈ પીઠડીયાના પુત્રી, રમેશભાઈ ,સ્વ.અશ્વિનભાઈ, રાજુભાઈ, વિજયભાઈ અને સ્વ. શારદાબેન (મોરબી),નિર્મળાબેન (સુરત) વાળાના બેન સ્વ.મધુબેનના નણંદ, હિરેન તથા પરાગના ફઈ પૂજાબેન અને દિશાબેનના ફઈજી,અરવિંદભાઈ પીઠડીયા, (સુરત)ના સાળી થાય બેસણુ ૨૨ સાંજે ૬ થી ૬.૩૦ પાબારી હોલ તળાવની પાળ જામનગર ખાતે રાખેલ છે રમેશભાઈ પીઠડીયા મો.૯૯૦૯૭૩૯૯૫૫

## વિજયનગરના રાહુલ પર સસરા રાજુ અને સાળા સાહિલનો તલવારથી હુમલો



રાજકોટ, તા.૨૨

ગોંડલ સબ જેલ પાસે વિજયનગરમાં રહેતા રાહુલ શશીકાંતભાઈ ચૌહાણ (ઉંમર વર્ષ ૨૫) ઉપર તેના જ સસરા અને સાળાએ ધોકા તલવારથી હુમલો કરી માર માર્યો હતો. કલરકામ કરતા રાહુલે આક્ષેપ કરતા જણાવેલ કે, તેમના પત્ની પિયર રહે છે. જેથી સંતાનોની ખબર કાઢવા માટે રાહુલ પોતાના સસરાના ઘરે ગયો હતો. જ્યાં બોલાચાલી થયા બાદ ઝઘડો થતાં તેને માર મારવામાં આવ્યો હતો. બનાવ અંગે ગોંડલ પોલીસે ઈજાગ્રસ્તનું નિવેદન નોંધવા તજવીજ કરી હતી.

## મોરબી રોડ ઉપરની જમીન અંગે થયેલ લેન્ડ ગ્રેબીંગના કેસમાં આરોપીઓનો નિર્દોષ છુટકારો

રાજકોટ, તા.૨૨

શહેરના મોરબી રોડ ઉપર આવેલ જમીન રાજકોટના રેવન્યુ સર્વે નં. ૫૩/૨ પૈકી ૧ પૈકી ૨ ની જમીન કે જે પ્રવિણભાઈ લાલજીભાઈ ગઢીયા (રહેઃ કિંજલ પાર્ક કુવાડવા રોડ, રાજકોટ)ની માલીકીની આવેલ હોય, ફરીયાદીએ પોતાની માલીકીની જમીનમાં અન્ય ઈસમોએ કબજો કરી લેતા જમીન માલીક ગુજરાત જમીન પચાવી પાડવા પર પ્રતિબંધ અધિનીયમ હેઠળ આરોપીઓ વિનોદભાઈ જીવણભાઈ ટોળીયા, સામતભાઈ જીવણભાઈ સીંધવ, નાગજીભાઈ જીવણભાઈ સીંધવ, હિતેશભાઈ જીવણભાઈ ટોળીયા સામે ફરીયાદ કરેલી હતી. આ કેસ રાજકોટની સ્પેશ્યલ સેશન્સ કોર્ટમાં ચાલી જતા સેશન્સ કોર્ટે તમામ આરોપીઓને શંકાનો લાભ આપી નિર્દોષ ઠરાવી છોડી મુકતો હુકમ કરેલ હતો. આ કેસમાં આરોપીઓ તરફે વકીલ અતુલ સી. ફળદુ, અજય કે. જાધવ, ચાર્મી કે. પંડયા રોકાયેલ હતા.

## મવડી વિશ્વનગરના વૃદ્ધાએ એસિડ પી જીંદગી ટૂંકાવી

શહેરના મવડી પ્લોટ વિસ્તારમાં મવડી રોડ પર આવેલ વિશ્વનગર શેરી નંબર ૧ માં રહેતા હંસાબેન ભીમજીભાઇ ગાધેર (ઉં. વ.૬૦) ગઈકાલે સવારે ૭ વાગ્યા આસપાસ પોતાના ઘરે હતા ત્યારે એસિડ પી લીધું હતું. પરિવારજનોને જાણ થતા તેમને તત્કાલ સિવિલ હોસ્પિટલમાં દાખલ કરાયા હતા. જ્યાં ગઈકાલે સાંજે ૪:૩૦ વાગ્યે આસપાસ હંસાબેને સારવારમાં દમ તોડી દીધો હતો.બનાવની જાણ થતા માલવીયાનગર પોલીસના પી.એસ.આઇ. જે. એમ. ચાવડા સ્ટાફ સાથે સિવિલ હોસ્પિટલે દોડી આવ્યા હતા અને મૃતદેહને પીએમ અર્થે ખસેડ્યો હતો. પરિવારની પૂછપરછમાં જાણવા મળેલ કે, હંસાબેન માનસિક અસ્વસ્થ હતા. છેલ્લા ૧૮ વર્ષથી તેમને માનસિક બીમારી હતી. જેથી આ પગલું ભર્યું હોવાનું અનુમાન છે.

## ૧૮ લાખના સાઈબર ક્રાઈમના ગુનામાં વિરલ મીરાણીની આગોતરા જામીન અરજી મંજુર



સ્તવન મહેતા એડવોકેટ

રાજકોટ, તા.૨૨

શહેરની ગ્રીનલેન્ડ ચોકડી નજીક રહેતા આરોપી વિરલ જગદીશભાઈ મીરાણીના સાઇબર ક્રાઇમના ગુનામાં આગોતરા જામીન મંજુર થયા હતા.

આ કેસની વિગત મુજબ, ફરિયાદી સમીર અમૃતલાલ બેકરીવાલા (રહે. વડોદરા)એ ઠાકોર શેર માર્કેટની ટીપ્સ મેળવવા ઠાકોર એકેડેમી ઓફ ફાઈનાન્સના વોટસઅપ ગ્રુપમાં સામેલ થતા ટ્રેડીંગ કરી સારુ વળતર કમાઈ શકે તેના સ્કિનશોટને ધ્યાને લઈ ક્રીપ્ટોમાં ટ્રેડીંગ કરવાનું જણાવેલ જેથી ફરિયાદીએ કટકે કટકે રૂા. ૨૮,૭૬,૩૩૫ જમા કરાવેલ. ત્યારબાદ વેબસાઈટ બંધ થઈ ગઈ. શંકા જતા ફરિયાદીએ રકમ રૂ.૯,૮૬,૧૩૩ વીથડ્રો કરી લીધા પણ રૂ.૧૮,૯૦,૨૦૨ આરોપીઓએ પરત ન કરતાં સાઈબર પોલીસ સ્ટેશન, વડોદરા ખાતે ફરિયાદ દાખલ કરેલ. આરોપી વિરલ મિરાણીને પોલીસ તરફથી નોટીસ મળતા આરોપીએ તેમના એડવોકેટ સ્તવન જી. મહેતા મારફત વડોદારાની સેશન્સ કોર્ટમાં ધરપકડની દહેસતથી બચવા આગોતરા જામીન અરજી દાખલ કરેલ હતી. જેમાં વકીલે દલીલ કરેલી કે, ૧૬૦ દિવસ મોડી ફરિયાદ છે. અરોપીના ખાતામાં કોઈ રકમ જમા થયેલ નથી. દલીલો ધ્યાને લઈ સેશન્સ જજ એવા નિષ્કર્ષ પર આવેલ હતા કે, આ કામના આરોપીનો રોલ માત્ર અન્ય આરોપી સાથે ફોન પર સંપર્ક કરવાનો હોય હાલના આરોપીનું નામ એફ.આઈ.આર ન હોય તેમ છતા આરોપીના ખાતામાં ફરિયાદીની કોઈ રકમ જમા થયેલ ન હોય હાલના આરોપીનો કોઈ ગુન્હાલત ઈતીહાસ ન હોય સેશન્સ કોર્ટ ધ્વારા આરોપીની આગોતરા જામીન અરજી શરતોને આધીન મંજુર કરેલ હતી. આ કેસમાં આરોપી વતી યુવા ધારાશાસ્ત્રી સ્તવન જી.મહેતા, મૌલીક જોષી, નિકુંજ શુકલા, બ્રિજેશ ચૌહાણ, વજુ મેર, પ્રકાશ ચાવડા તથા મદદનીશ તરીકે નિરર્જન ભટ્ટી, નિશાંત ચાવડા, ૠષીત રોહીત, અભય લખતરીયા રોકાયેલ હતા.

## મનહરપુરની સગીરાના અપહરણ, દુષ્કર્મ અને પોકસોના ગુનામાં પકડાયેલ આરોપી જામીન મુકત

**આરોપીએ નવા કોર્ટ બીલ્ડીંગ સામે ટ્રકમાં બળજબરીથી ભોગ બનનાર સાથે દુષ્કર્મ ગુજાર્યુ હતું**



જીજ્ઞેશ સભાડ, રણજીત મકવાણા એડવોકેટ

રાજકોટ, તા.૨૨

રાજકોટના મનહરપુર વિસ્તારમાં રહેતા ફરીયાદીએ પોતે પોતાના ઘર પાસે માતાજીનો માંડવો હોય ત્યાં પોતાના પરીવાર સાથે પ્રસાદી લેવા માટે ગયેલા હતા અને ત્યાંથી પરત આવતા પોતાની ભોગબનનાર પુત્રીને કોઈ અજાણ્યા બે ઈસમો સાથે વાતચીત કરતા જોયેલ હતી. જેથી ફરીયાદીએ ભોગબનનારને ઘરે આવી પુછપરછ કરતા ભોગબનનારે તે બંને છોકરાઓ વિશે માહીતી આપેલ ન હતી. સવારે ભોગબનનાર પુત્રી જોવા મળેલ નહીં જેથી ગાંધીગ્રામ-૨(યુનિ.) પોલીસ સ્ટેશનમાં અજાણ્યા આરોપી સામે ફરીયાદ નોંધાવેલ હતી.

પોલીસે તપાસ કરતા ભોગબનનાર સામે ચાલીને પોલીસ સ્ટેશને રજુ થયેલ. નિવેદનમાં જણાવેલ કે, તેને બાળકિશોર સાથે પ્રેમસંબંધ છે. તેના પિતા જોઈ જતા ભોગબનનારને ઘરની અંદર પુરી દીધેલ. જેથી ભોગબનનારે અગાઉ તેને આરોપી યશપાલ ઘોહાભાઈ બોરીચા સાથે પ્રેમસંબંધ હોય જેથી તેને ફોન કરી બોલાવેલ. બાળકિશોર પાસે મુકી જવાનું જણાવેલ. જેથી આરોપીએ ભોગબનનારને પોતાના મોટરસાઈકલમાં બેસાડી પોતાના પ્રેમી પાસે મુકી આપવાના બદલે નવા કોર્ટ બીલ્ડીંગની ટ્રકમાં લઈ જઈ બળજબરીથી લઈ જઈ તેની મરજી વિરૂધ્ધ શરીર સબંધ બાંધી દુષ્કર્મ ગુજારેલ. પોલીસે યશપાલની ધરપકડ કરી જેલ હવાલે કરેલ. આરોપીએ પોકસો અદાલતમાં જામીન અરજી ગુજારેલ પણ તે નામંજુર થતા હાઈકોર્ટમાં આરોપીએ પોતાના વકીલ મારફત રેગ્યુલર જામીન અરજી ગુજારેલ હતી. જેમાં બન્ને પક્ષકારો વચ્ચે થયેલ દલીલો બાદ આરોપીના એડવોકેટએ કરેલ રજુઆતોને ધ્યાનમાં રાખી હાઈકોર્ટએ આરોપી યશપાલ ઘોહાભાઈ બોરીચાને રેગ્યુલર જામીન ઉપર મુકત કરવાનો હુકમ ફરમાવેલ હતો. આ કેસમાં આરોપી વતી એડવોકેટ જીજ્ઞેશ એમ. સભાડ, રણજીત બી. મકવાણા, યોગેશ એ. જાદવ, મદદમાં અભય ચાવડા, વિશાલ રોજાસરા, વિક્રમ કિહલા તેમજ હાઈકોર્ટમાં એડવોકેટ મેહુલ એસ. પાડલીયા રોકાયેલા હતા.


## અરિહંતશરણ



**સ્વ.મગનલાલ દલિચંદ દેસાઇ**

(સુદાનવાળા, હાલ રાજકોટ)
ઉંમર વર્ષ ૮૩

સ્વ. મગનલાલ દલિચંદ દેસાઇ (સુદાનવાળા, હાલ રાજકોટ) ઉંમર વર્ષ ૮૩ તે મિરાબહેન ના પતિ.. તે હિતેશ, માલા, તથા હેમાંગ ના પિતાશ્રી, તે હેમાંશુભાઇ વારિયા, પાયલ, અને શ્વેતા ના સસરા, તે કિશન, ઉર્જા, દેવ અને નૈતિક ના દાદા, તે ચિંતન, વિરાજ, અને રાજવી ના નાના.. સ્વ. જયંતિલાલ પ્રાગજી શાહ ના જમાઇ અને સ્વ. નર્મદાબહેન કાંતિલાલ ગાંધી તથા ભાનુબહેન લલિતભાઇ પતિરા ના ભાઇ તારીખ ૨૧/૫/૨૦૨૫ અને બુધવારે રાજકોટ ખાતે અરિહંતશરણ પામેલ છે..

સ્વર્ગસ્થ ની અંતિમયાત્રા તારીખ ૨૩/૫/૨૦૨૫ ને શુક્રવારે સવારે ૯ (નવ) વાગ્યે તેમના નિવાસસ્થાનેથી નીકળી રામનાથપરા સ્મશાનગૃહે જશે.

સ્વર્ગસ્થ નું ઉઠમણું તારીખ ૨૪/૫/૨૦૨૫ ને શનિવારે સવારે ૧૦ (દસ) વાગ્યે

પ્રાર્થનાસભા સવારે ૧૧ (અગિયાર) વાગ્યે નવી જૈન બોર્ડીંગ ખાતે, માલવીયા પેટ્રોલપંપ સામે રાખેલ છે.

નિવાસસ્થાન નું સરનામુંઃ ૨૧ ગૌતમ બુદ્ધ એપાર્ટમેન્ટ, શાસ્ત્રી મેદાન ની સામે,કાનજી સ્વામી માર્ગ રાજકોટ ૩૬૦૦૦૧ ગુજરાત,

Micro Media

**૧૨મી પુણ્યતિથીએ ભાવભીની શ્રદ્ધાંજલી**



સ્વ. હંસાગોરી આર. કણજારા (વડીયાવાળા)
સંજય જ્વેલર્સ - રાજકોટ
સ્વ. તા. ૨૨-૦૫-૨૦૧૩

પરિવાર જેનું મંદિર હતું, સ્નેહ જેની શકિત હતી, પરિશ્રમ જેનું કર્તવ્ય હતું, પરમાર્થ જેની ભકિત હતી, ધર્મ કદી ભુલ્યા નહીં, વ્યવહાર કદી ચુકયા નહીં, પરિવાર માટે ફુલો પાથરી ગયા એવા પરમ ભગવદીય વૈષ્ણવને ઠાકોરજી તેના ચરણમાં રાખે એ જ પ્રાર્થના...

લી.

રમણીકલાલ એસ. કણજારા, ધીરેન એસ. કણજારા, દિવ્યાબેન ડી. કણજારા, યોગેશ આર. કણજારા, બીન્દુબેન વાય. કણજારા, સંજય આર. કણજારા, નીલમબેન એસ. કણજારા, ધર્મજીત એસ. કણજારા, યુવિકા, ધ્યાના, જીયા

મો. ૯૪૦૯૭ ૩૯૧૨૮

**દુઃખદ અવસાન બેસણું**



**સ્વ. કીર્તિબેન રાજેશભાઇ માકડિયા**

સ્વ. તા. ૨૨-૦૫-૨૦૨૫ (ગુરુવાર)

દિલગીરી સાથે જણાવવાનું કે રાજકોટ નિવાસી **સ્વ. કીર્તિબેન રાજેશભાઇ માકડિયા** (ઉ.વ.૫૦) તે રાજેશભાઇ રસીકભાઇ માકડિયાના ધર્મપત્નિ **તા. ૨૨-૦૫-૨૦૨૫, ગુરુવાર**ના રોજ શ્રીજી ચરણ પામેલ છે. ઈશ્વર સદ્દગતની આત્માને શાંતિ અર્પે એ જ પ્રાર્થના

**સદ્દગતનું બેસણું તા. ૨૩/૦૫/૨૦૨૫, શુક્રવાર**ના રોજ સાંજે ૪.૩૦ થી ૬.૦૦ કલાકે **માતુશ્રી જેઠીબેન ગોરધનભાઇ ગોવાણી, ઉમા ભવન, ઉમા પાર્ક, શેરી નં. ૧, આલાપ એવન્યુની બાજુમાં, રાજકોટ** ખાતે રાખવામાં આવેલ છે.

લી.

રાજેશભાઇ રસીકભાઇ માકડિયા

- રસીકભાઇ જીવાભાઇ માકડિયા
- સ્વ. વલ્લભભાઇ જીવાભાઇ માકડિયા
- રોહિતભાઇ રસીકભાઇ માકડિયા
- ઑમ રાજેશભાઇ માકડિયા
- શિવાની નયનકુમાર શીરવી
- વીજયાબેન રસીકભાઇ માકડિયા
- અમુભાઇ જીવાભાઇ માકડિયા
- રીટાબેન રોહિતભાઇ માકડિયા
- વિશ્વા રોહિતભાઇ માકડિયા
- રેખાબેન આનંદભાઇ પટેલ

માકડિયા પરિવારના જય શ્રીકૃષ્ણ

Micro Media

**હૃદયપૂર્વકની સ્મરણાંજલિ**



પૂ.દયાબેન (દયાભાભુ) ખુશાલચંદ મહેતા (જામવણથલી)

સ્વ. તા. ૨૨ મે, ૨૦૦૨

કયારેય ભૂલી ના શકાય તેવી આપની યાદો..કયારેય ભૂલી ના શકાય તેવો આપનો સ્વભાવ.. કયારેય ભૂલી ના શકાય તેવો આપનો પ્રેમ..કયારેય ભૂલી ના શકાય તેવી અમારી માવજત.. કયારેય ભૂલી ના શકાય તેવા આપે આપેલા સંસ્કારો..આ બધુ સદાય અમારા દિલમાં જીવંત રહેશે. પ્રભુ આપના દિવ્ય આત્માને શાંતિ અર્પે..મોક્ષ અર્પે..તેવી પરમ કૃપાળુ પરમાત્મા પાસે પ્રાર્થના...

લી.

સ્વ.જયસુખલાલ ખુશાલચંદ મહેતા પરિવાર
પ્રેસ પ્રતિનિધિ(જામવણથલીવાળા) હાલ રાજકોટ-વૈભવ ગ્રુપ

• રાજુ મહેતા • મીના મહેતા • વિજય મહેતા • અલ્પેશ મહેતા • વૈભવ મહેતા • અક્ષત મહેતા • કૌશલ મહેતા • દેવાંશ સંઘવી • આયાંશ મહેતા

# બેંગ્લુરૂઃ ગ્રાહક સાથે કન્નડામાં વાતચીત કરવાનો ઈન્કાર કરતા મહિલા બેંક મેનેજરની બદલી

## સ્ટેટ બેંક ઓફ ઈન્ડિયાના મેનેજરે હિન્દીમાં જ વાતચીત કરવાનો આગ્રહ રાખ્યો હતોઃ કહ્યું આ ભારત છે અને હિન્દી બોલાશે

બેંગ્લુરુ તા.૨૨

કર્ણાટકની સ્ટેટ બેન્ક ઓફ ઈન્ડિયામાં એક મહિલા મેનેજર દ્વારા કન્નડામાં ગ્રાહકની સાથે વાતચીત કરવાનો ઈન્કાર કરતા અને હિન્દીમાં જ જવાબ આપવાની તૈયારી બતાવતા સર્જાયેલા વિવાદમાં બેન્કે આ મહિલા મેનેજરની બદલી કરી નાંખી છે.

બેંગ્લુરુની બ્રાંચમાં આવેલા એક ગ્રાહકના ફોન પર તેઓએ હિન્દીમાં વાતચીત કરવાનું શરુ કર્યુ હતું. પરંતુ ગ્રાહકે કન્નડામાં બોલવાનો આગ્રહ રાખ્યો હતો. જો કે આ મહિલા અધિકારીએ એવું કહ્યું કે આ ભારત છે તેઓ કન્નડા નહી બોલે. હું હિન્દીમાં જ બોલીશ અને આ વિવાદ સોશ્યલ મીડીયામાં ભારે ચગ્યો હતો. કર્ણાટકના મુખ્યમંત્રી સિદ્ધરમૈયાએ બ્રાંચ



મેનેજરની આ હરકત સામે આક્રોશ દર્શાવ્યો હતો અને ૨૪ કલાકમાં જ આ મેનેજરની બદલી કરી દેવામાં આવી છે જેના કારણે બેંકના સ્ટાફમાં પણ હવે વિરોધ શરુ થયો છે અને હિન્દી અથવા ઈંગ્લીશ એ કોમન લેંગ્વેજ હોવાથી અને બેંકના દરેક સ્ટાફ દરેક ભાષા બોલી શકે નહી તે નિશ્ચિત હોવાનું જણાવીને બેંક મેનેજમેન્ટ સામે વિરોધ દર્શાવ્યો છે.

# વેસ્ટ બેન્કની મુલાકાતે ગયેલા ૩૦ દેશોના રાજદૂતો પર ઈઝરાયેલી સેનાનો જ ચેતવણીનો ગોળીબાર

## ઈઝરાયેલની સરકારના આમંત્રણથી આવેલા રાજદૂતોનો બાલબાલ બચાવઃ નેતાનયાહુ સરકાર સામે બ્રિટન-યુરોપીયન સંઘ સહિતના દેશોએ આકરો વિરોધ દર્શાવ્યો

તેલઅવીવ તા.૨૨

ઈઝરાયેલમાં એક આશ્ચર્યજનક ઘટનામાં દેશની સરકારના આમંત્રણથી હિંસાગ્રસ્ત વેસ્ટ બેન્કની મુલાકાતે પહોંચેલા ૩૦ દેશોના રાજદૂતો સામે ઈઝરાયેલની સેનાએ જ ચેતવણીનો ગોળીબાર કરતા જબરી અફડાતફડી સર્જાઈ ગઈ હતી. વેસ્ટબેન્ક એ પેલેન્સ્ટાઈનનો એક ભાગ છે અને ત્યાં પરીસ્થિતિ નિહાળવા ઈઝરાયેલે યુરોપીયન દેશો બ્રિટન, રશિયા, ચાઈના સહિતના દેશોના રાજદૂતોને આમંત્રણ આપ્યુ હતું તે સમયે જ અચાનક અહી તૈનાત ઈઝરાયેલના દળોએ જેનીન શહેર નજીક પહોંચેલા આ ડેલીગેશન સામે હવામાં ફાયરીંગ કર્યા હતા જેના કારણે આ ડેલીગેશનના પ્રતિનિધિ રાજદૂતો સલામત થવા માટે નાશભાગ કરી હતી. સૂત્રોના જણાવ્યા મુજબ ઈઝરાયેલની સેનાએ પણ આ ગોળીબાર થયાનું સ્વીકાર્યુ છે પણ એવો દાવો કર્યો છે કે આ ડીપ્લોમેટીક પ્રતિનિધિમંડળ જે વિસ્તારને ભયજનક ગણાવાયો છે ત્યાં જવા પ્રયત્ન કરતુ હતું અને સંભવતઃ



હમાસના આતંકીઓ તેમના પર હુમલો કરી શકે તેમ હતા અને તેથી જ ચેતવણીનું ફાયરીંગ કરવામાં આવ્યું છે. જો કે વિશ્વભરના દેશોએ ઈઝરાયેલ સરકાર સામે આક્રોશ વ્યકત કર્યો છે અને આ પ્રકારની ઘટનાઓ પર ઈઝરાયેલની સરકારને જ જવાબદાર ગણાવી છે.


સાંજના ગુજરાતી અખબારોમાં સૌથી વધુ નકલોનો ફેલાવો ધરાવતું...

**સાંજ સમાચાર**

**ટૂંકી જાહેરાત સાંજ સમાચારમાં ગુરૂવાર-શનિવારનાઅંકમાં પ્રસિધ્ધ**

★ ઓછામાં ઓછી ૪ લાઈન

★ ફકત રોકડા રૂપિયાથી સ્વીકારાશે

★ સવારના ૧૦ થી સાંજના ૮ સુધી

★ અમારે દરેક ગામ/શહેર એજન્ટ અને ખબરપત્રી દ્વારા પણ આપી શકાશે.

- વ્યવસ્થાપક


## PUBLIC NOTICE

BILL No. 39041 DATED 07-06-2023 ISSUED BY AZIZ KATIB HAS BEEN MISPLACED. WHOSOEVER FIND IT KINDLY RETURN TO MURTAZA ROHAWALA Mo. 88861 75421 ADD:- MURTAZA ROHAWALA EZZI MASJID,1st. FLOOR, Nr. VOHRA JAMATKHANA ,MATVA STREE, JETPUR - 360370


**RCC BANK** | web : www.rccbank.in

**ધિ રાજકોટ કોમર્શિયલ કો-ઓપરેટીવ બેંક લિ.**

નાના વેપારી,ઉદ્યોગો વ્યવસાયીકો માટે હોમ, મશીનરી, વાહન લોન

**૧૦ લાખ** સુધીના તમામ ધિરાણ **7.95** %વ્યાજના રાહતદરે **0** પ્રોસેસીંગ ચાર્જ

ધિ રાજકોટ કોમર્શિયલ કો-ઓપરેટીવ બેંક લી. ના સર્વે સભાસદોને જાણ કરવામાં આવે છે કે આપનુ સને ૨૦૨૧-૨૨, ૨૦૨૨-૨૩ અને ૨૦૨૩-૨૪ ના વર્ષનું જમા પડેલ ડિવિડન્ડ અદ્યતન KYC રજુ કરી મેળવી લેશો અન્યથા નિતીનિયમાનુસાર સમય મર્યાદા પુરી થયે અનામત ખાતે લઈ જવામાં આવશે.

'શેઠ શ્રી જયંતિલાલ કુંડલીયા સુવિધા સંકુલ', મહાત્મા ગાંધી મ્યુઝીયમ પાછળ, ચંદુલાલ બુચ માર્ગ, રાજકોટ.



**ફ્લેટ વેચવાનો છે**

**4 BHK**

શિવસંગમ સોસાયટી

૧૫૦ ફુટ રીંગ રોડ,રાજકોટ

1400 કારપેટ

સંપર્ક : જીતુ કોઠારી 97250 48181

બ્રાન્ડ ન્યુ બિલ્ડીંગ


## જાહેર નોટીસ

એક્ઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ અને મામલતદાર મુળીની કોર્ટમાં

જ.મ.કેસ નં.૫૬/૨૦૨૫

(૧) શ્રી મેરુભાઈ કરશનભાઈ ઘાંઘળ, રહે.મુ. રાણીપાટ, તા.મુળી, જિ-સુરેન્દ્રનગર ...અરજદાર

વિરૂધ્ધ

(૨) જન્મ/મરણ નોંધણી અધિકારી અને તલાટી કમ મંત્રી, રાણીપાટ, તા.મુળી જિ.સુરેન્દ્રનગર ...સામાવાળા

**વિષયઃ- જન્મ/મરણ નોંધણી અધિનિયમ જ.મ. એકટ-૧૩ (૩) મુજબની કાર્યવાહી કરવા બાબત**

આથી જાહેર જનતાને આ નોટીસથી જાણ કરવામાં આવે છે કે ઉપરોકત અરજદારશ્રીએ તેઓનાં **પુત્રશ્રી દેવાભાઈ મેરુભાઈ ઘાંઘળનો જન્મ તા.૨૫/૦૫/૨૦૦૭**ના રોજ મુ.રાણીપાટ, તા.મુળી, જી-સુરેન્દ્રનગર મુકામે થયેલ જેની નોંધ સામાવાળાના દફતરે કરવાની રહી ગયેલ હોઈ અત્રેની એકઝીક્યુટીવ મેજીસ્ટ્રેટની કોર્ટ, મુળીમાં ઉપરોકત નંબરથી સદરહું અરજી દાખલ કરેલ છે જે અરજી સામે કોઈ ઈસમ કે સંસ્થાને કોઈ વાંધો કે તકરાર હોઈ તો આ જાહેર નોટીસ પ્રસિધ્ધ થયેથી દિન-૩૦માં અત્રેની કોર્ટમાં રૂબરૂ અથવા વકીલ મારફત લેખીતમાં વાંધા તેમજ પુરાવા સાથે હાજર રહેવું. અન્યથા આગળ યોગ્ય ન્યાયિક હુકમ કરવામાં આવશે જેની નોંધ લેવી.

કોર્ટનો સિક્કો

હુકમથી
એકઝીકયુટીવ મેજીસ્ટ્રેટ - મુળી

## જાહેર નોટીસ

એક્ઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ અને મામલતદાર મુળીની કોર્ટમાં

જ.મ.કેસ નં. ૫૫/૨૦૨૫

(૧) શ્રી જીલાભાઈ ભગવાનભાઈ રોજાસરા, રહે. મુ. સાંગધ્રા, તા. મુળી, જિ-સુરેન્દ્રનગર ...અરજદાર

વિરૂધ્ધ

(૨) જન્મ/મરણ નોંધણી અધિકારી અને તલાટી કમ મંત્રી, સાંગધ્રા, તા. મુળી જિ. સુરેન્દ્રનગર ...સામાવાળા

**વિષય : જન્મ/મરણ નોંધણી અધિનિયમ જ.મ.એકટ-૧૩(૩) મુજબની કાર્યવાહી કરવા બાબત.**

આથી જાહેર જનતાને આ નોટીસથી જાણ કરવામાં આવે છે કે ઉપરોકત અરજદારશ્રીએ તેઓનાં **પુત્રીશ્રી પુજા જીલાભાઈ રોજાસરાનો જન્મ તા. ૨૦/૦૪/૨૦૧૭**ના રોજ મુ.સાંગધ્રા, તા. મુળી, જી. સુરેન્દ્રનગર મુકામે થયેલ જેની નોંધ સામાવાળાનાં દફતરે કરવાની રહી ગયેલ હોઇ અત્રેની એકઝીક્યુટીવ મેજીસ્ટ્રેટની કોર્ટ, મુળીમાં ઉપરોકત નંબરથી સદરહું અરજી દાખલ કરેલ છે જે અરજી સામે કોઇ ઇસમ કે સંસ્થાને કોઇ વાંધો કે તકરાર હોઇ તો આ જાહેર નોટીસ પ્રસિધ્ધ થયેથી દિન-૩૦માં અત્રેની કોર્ટમાં રૂબરૂ અથવા વકીલ મારફત લેખીતમાં વાંધા તેમજ પુરાવા સાથે હાજર રહેવું. અન્યથા આગળ યોગ્ય ન્યાયિક હુકમ કરવામાં આવશે જેની નોંધ લેવી.

કોર્ટનો સિક્કો

હુકમથી
એકઝીકયુટીવ મેજીસ્ટ્રેટ - મુળી

## જાહેર નોટીસ

એક્ઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ અને મામલતદાર મુળીની કોર્ટમાં

જ.મ.કેસ નં. ૬૪/૨૦૨૫

(૧) શ્રી બારૈયા જનકભાઈ વેલાભાઈ, રહે. મુ. નાળીયેરી (રાણીપાટ), તા. મુળી, જિ. સુરેન્દ્રનગર ...અરજદાર

વિરૂધ્ધ

(૨) જન્મ/મરણ નોંધણી અધિકારી અને તલાટી કમ મંત્રી, રાણીપાટ, તા. મુળી જિ. સુરેન્દ્રનગર ...સામાવાળા

**વિષય : જન્મ/મરણ નોંધણી અધિનિયમ જ.મ.એકટ-૧૩(૩) મુજબની કાર્યવાહી કરવા બાબત.**

આથી જાહેર જનતાને આ નોટીસથી જાણ કરવામાં આવે છે કે ઉપરોકત અરજદારશ્રીએ તેઓનાં **પુત્રશ્રી દેવાભાઈ જનકભાઈ બારૈયાનો જન્મ તા.૦૩/૦૫/૨૦૦૯**ના રોજ મુ. નાળીયેરી (રાણીપાટ), તા. મુળી, જી. સુરેન્દ્રનગર મુકામે થયેલ જેની નોંધ સામાવાળાનાં દફતરે કરવાની રહી ગયેલ હોઇ અત્રેની એકઝીક્યુટીવ મેજીસ્ટ્રેટની કોર્ટ, મુળીમાં ઉપરોકત નંબરથી સદરહું અરજી દાખલ કરેલ છે જે અરજી સામે કોઇ ઇસમ કે સંસ્થાને કોઇ વાંધો કે તકરાર હોઇ તો આ જાહેર નોટીસ પ્રસિધ્ધ થયેથી દિન-૩૦માં અત્રેની કોર્ટમાં રૂબરૂ અથવા વકીલ મારફત લેખીતમાં વાંધા તેમજ પુરાવા સાથે હાજર રહેવું. અન્યથા આગળ યોગ્ય ન્યાયિક હુકમ કરવામાં આવશે જેની નોંધ લેવી.

આજ તારીખ : ૧૯/૦૫/૨૦૨૫ના રોજ મારી સહી તથા કોર્ટનો સિક્કો કરી આપ્યો.

કોર્ટનો સિક્કો

હુકમથી
એકઝીકયુટીવ મેજીસ્ટ્રેટ - મુળી

## -: જાહેર નોટીસ :-

નં. જન્મ/મરણ પરચુરણ અરજી/કેસ નં : ૮૨/૨૦૨૫

શ્રી વાળા અનિલકુમાર ભારાભાઈ
મુ. આદ્રી, તા. વેરાવળ, જી. ગીર સોમનાથ. ....અરજદાર

-:: વિરૂધ્ધ ::-

તલાટી કમ મંત્રીશ્રી, જન્મ-મરણ નોંધણી અધિકારી,
ગ્રામ પંચાયત કચેરી, આદ્રી, તા. વેરાવળ. ....સામાવાળા

**બાબત : જન્મ મરણ નોંધણી ધારા કલમ-૧૩(૩) મુજબ જન્મ/મરણ નોંધનો હુકમ થવા અંગે**

આથી લાગતા વળગતાઓને આ નોટીસથી જાણ કરવામાં આવે છે કે, આ કામનાં ઉપર લખેલા અરજદારે અત્રેની કોર્ટમાં જન્મ/મરણ નોંધણી અધિનિયમની કલમ-૧૩(૩) હેઠળ અરજી લાવી અરજદારશ્રીના પુત્રી કૃષ્ણવીબેન અનીલકુમાર વાળાનો જન્મ મુ.આદ્રી, તા.વેરાવળ મુકામે તા.૧૨/૧૨/૨૦૧૯ના રોજ થયેલ છે. જેની જન્મ/મરણ નોંધણી રજીસ્ટરમાં તેમના જન્મની ગ્રામ પંચાયત કચેરી, આદ્રી, તા.વેરાવળમાં જન્મ-મરણ રજીસ્ટરે શરતચુકથી લખવાની રહી ગયેલ છે. જે નામ રજીસ્ટરે નોંધ કરવા અરજદારશ્રી વાળા અનિલકુમાર ભારાભાઈ, મુ.આદ્રી, તા.વેરાવળ મારફત અત્રેની કોર્ટમાં અરજી કરેલ છે. આ કામના સામાવાળા જન્મ અંગેની નોંધ દફતરે ચઢાવી આપવા સામે કોઈને વાંધો હરકત સરખુ હોય તો તેમને જાતે અગર તેમના મુખત્યાર અથવા વકીલ મારફત અત્રેની કોર્ટમાં મુદત તા.૨૧/૦૫/૨૦૨૫ ના રોજ બપોરના ૧૦:૪૫ કલાકે વાંધા તકરાર તથા આધાર પુરાવા સાથે હાજર રહેવુ અને જો આપે અરજી સાથે (SUPPORTIVE AFFIDAVIT) રજુ કરેલ ન હોય તો આપની આજુબાજુના પડોશીનું સહાયક સોગંદનામું (SUPPORTIVE AFFIDAVIT) રજુ કરવું અન્યથા યોગ્ય હુકમ કરવામાં આવશે.

આજ તા.૧૨/૦૫/૨૦૨૫ના રોજ મારી સહી તથા સિક્કો કરીને આપ્યા.

**નકલ જાણ તથા પ્રસિધ્ધી અર્થે.** **મામલતદાર અને એકઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ વેરાવળ(ગ્રામ્ય)**

૧.તાલુકા વિકાસ અધિકારીશ્રી, વેરાવળ.-સબંધિત તલાટી કમ મંત્રીશ્રીને રેકર્ડ સાથે હાજર રખાવવા સારૂ..

૨.તલાટી કમ મંત્રીશ્રી, આદ્રી, તા.વેરાવળ.-મુદતે રેકર્ડ સાથે હાજર રહેવા સારૂ...

૩.આચાર્યશ્રી, પ્રાથમિક શાળા, આદ્રી, તા.વેરાવળ.

## જાહેર નોટીસ

આથી લાગતા વળગતા અને જાહેર જનતાને જાણ કરવામાં આવે છે કે, **રાજકોટ** જીલ્લાનાં **ધોરાજી** તાલુકાનાં **મોટીમારડ** ગામની સીમ જમીન રેવન્યુ ખાતા નાં. **૧૪૭૭**, સર્વે નાં. **૨૪૨/૫**, હે.૦-૫૬-૬૬ તથા સર્વે નાં. **૩૪૨/૧**, હે. ૦-૯૭-૧૩ વાળી સીમ જમીનના માલીક **મણીબેન લખમણભાઈ કોઠીવાર** રહે. મોટીમારડવાળાની સંયુકત માલીકી અને કબજા ભોગવટાની આવેલ છે અને તેઓની પાસેથી મારા અસીલ **૧. દામજીભાઈ પોપટભાઈ વોરા તથા ૨. મુકેશભાઈ બચુભાઈ વોરા** એ ખરીદ કરવાનું નકકી કરેલ છે.

ઉપરોકત વિગતેની સીમ જમીન પરત્વે કે તેના ટાઇટલ, રાઇટસ કે માલીકી કબજા સંબંધે કે તેના વેચાણ સંબંધે કોઇ વ્યકિત, પેઢી, બેન્ક, સોસાયટી, મંડળી કે એસાઇનીઓ કે વારસદારો કે સરકારી-અર્ધસરકારી કચેરીઓ વિગેરે કોઇનો કાંઇપણ પ્રકારનો વાંધો, તકરાર હોઇ કે લાગ-ભાગ, હકક-હિત-હિસ્સો, દર-દાવો, લેણું, ગીરો, બોજો, અગ્રહકક, કબજો વિગેરે હોઇ તો તેમણે આ નોટીસ પ્રસિધ્ધ થયાની તારીખથી **દિવસ-૧૦(દસ)**માં સંપૂર્ણ આધાર પુરાવા સાથે મારા નીચે દર્શાવેલ સરનામે અમોને લેખીત જાણ કરશો જેમાં કસુર થયે કોઇનો કોઇપણ સ્વરૂપે હકક, હિત, હિસ્સો, કબજો, બોજો, અગ્રહકક કે કોઇપણ પ્રકારે વાંધો તકરાર નથી અને હોઇ તો તે જતો (WAIVE) કરેલ હોવાનું માની મારા અસીલ અવેજની રકમ ચુકવીને વેચાણ દસ્તાવેજ રજીસ્ટર્ડ કરાવી લેશે. ત્યારબાદ મારા અસીલને શુધ્ધબુધ્ધિનાં ખરીદનાર તરીકે કોઇ વાંધો તકરાર બંધનકર્તા રહેશે નહી, આથી લાગતા વળગતા સર્વેએ નોંધ લેવી.

સ્થળ : ધોરાજી
તારીખ : ૨૨/૦૫/૨૦૨૫

અમારા મારફત :-

**દિનેશ સી. વોરા એડવોકેટ એન્ડ નોટરી**

તે ખરીદનાર અસીલની સુચનાથી

પટેલ એશોશીએટસ

**દિનેશકુમાર સી. વોરા, એડવોકેટ એન્ડ નોટરી**

દરબારગઢ સામે, ધોરાજી મો. ૯૪૨૮૨ ૬૬૯૯૪

## જાહેર નોટીસ

આથી લાગતા વળગતા અને જાહેર જનતાને જાણ કરવામાં આવે છે કે, **રાજકોટ** જીલ્લાનાં **ધોરાજી** તાલુકાનાં **મોટીમારડ** ગામની સીમ જમીન રેવન્યુ **ખાતા નાં. ૮૨૧**, સર્વે નાં. **૨૪૦/૧**, હે. ૦-૯૨-૦૭ તથા સર્વે નાં. **૨૪૦/૩**, હે.૦-૫૪-૬૩ તથા સર્વે નાં. **૨૪૧ પૈકી ૧**, હે. ૦-૮૩-૯૭ તથા સર્વે નાં. **૨૪૧ પૈકી ૨**, હે. ૦-૮૦-૯૪ તથા **ખાતા નાં. ૧૩૪૨** સર્વે નાં. **૨૪૦/૨**, હે. **૦-૫૬-૬૬** વાળી સીમ જમીનના માલીક **લખમણભાઈ કરશનભાઈ કોઠીવાર** રહે. મોટીમારડવાળાની સંયુકત માલીકી અને કબજા ભોગવટાની આવેલ છે અને તેઓની પાસેથી મારા અસીલ **૧. દામજીભાઈ પોપટભાઈ વોરા તથા ૨. મુકેશભાઈ બચુભાઈ વોરા** એ ખરીદ કરવાનું નકકી કરેલ છે.

ઉપરોકત વિગતેની સીમ જમીન પરત્વે કે તેના ટાઇટલ, રાઇટસ કે માલીકી કબજા સંબંધે કે તેના વેચાણ સંબંધે કોઇ વ્યકિત, પેઢી, બેન્ક, સોસાયટી, મંડળી કે એસાઇનીઓ કે વારસદારો કે સરકારી-અર્ધસરકારી કચેરીઓ વિગેરે કોઇનો કાંઇપણ પ્રકારનો વાંધો, તકરાર હોઇ કે લાગ-ભાગ, હકક-હિત-હિસ્સો, દર-દાવો, લેણું, ગીરો, બોજો, અગ્રહકક, કબજો વિગેરે હોઇ તો તેમણે આ નોટીસ પ્રસિધ્ધ થયાની તારીખથી **દિવસ-૧૦(દસ)**માં સંપૂર્ણ આધાર પુરાવા સાથે મારા નીચે દર્શાવેલ સરનામે અમોને લેખીત જાણ કરશો જેમાં કસુર થયે કોઇનો કોઇપણ સ્વરૂપે હકક, હિત, હિસ્સો, કબજો, બોજો, અગ્રહકક કે કોઇપણ પ્રકારે વાંધો તકરાર નથી અને હોઇ તો તે જતો (WAIVE) કરેલ હોવાનું માની મારા અસીલ અવેજની રકમ ચુકવીને વેચાણ દસ્તાવેજ રજીસ્ટર્ડ કરાવી લેશે. ત્યારબાદ મારા અસીલને શુધ્ધબુધ્ધિનાં ખરીદનાર તરીકે કોઇ વાંધો તકરાર બંધનકર્તા રહેશે નહી, આથી લાગતા વળગતા સર્વેએ નોંધ લેવી.

સ્થળ : ધોરાજી
તારીખ : ૨૨/૦૫/૨૦૨૫

અમારા મારફત :-

**દિનેશ સી. વોરા એડવોકેટ એન્ડ નોટરી**


તે ખરીદનાર અસીલની સુચનાથી

પટેલ એશોશીએટસ

**દિનેશકુમાર સી. વોરા, એડવોકેટ એન્ડ નોટરી**

દરબારગઢ સામે, ધોરાજી મો. ૯૪૨૮૨ ૬૬૯૯૪

## અટક બદલાવેલ છે



**નામ : સરેરીયા જયસુખ કુરજીભાઈ**

**ગામ : બેડલા તા. જી. રાજકોટ**

**વિષય :** પોસ્ટના જીવન વિમામાં અટકમાં ફેરફાર હોવાથી જાહેર જણાવવાનું કે, હું પોતે સરેરીયા જયસુખ કુરજીભાઈ જાહેર કરૂ છું કે મારી અસલ અટક સરેરીયા છે અને પોસ્ટનાં જીવન વિમામાં સરાટીયા લખેલ છે. જે મેં વકીલ દ્વારા સુધારો કરેલ છે. સરાટીયાની બદલે સરેરીયા અસલ અટક છે.

**લી. સરેરીયા જયસુખ કુરજીભાઈ**

## મામલતદાર અને એકઝીક્યુટીવ મેજીસ્ટ્રેટની કચેરી, વેરાવળ(ગ્રામ્ય)

તા. વેરાવળ, જિ. ગીર સોમનાથ ફોન નં. ૦૨૮૭૬-૨૪૪૨૯૯
E-mail : mam-veraval@gujarat.gov.in

નં.જન્મ/મરણ પરચુરણ અરજી/કેસ નં.૮૦/૨૦૨૫

રજી. એડી.

શ્રી સોલંકી નરેન્દ્ર ધીરૂભાઈ
મું. મલોંઢા તા. વેરાવળ જી. ગીર સોમનાથ ...અરજદાર

[illegible]

## મામલતદાર અને એકઝીક્યુટીવ મેજીસ્ટ્રેટની કચેરી, વેરાવળ(ગ્રામ્ય)

તા. વેરાવળ, જિ. ગીર સોમનાથ ફોન નં. ૦૨૮૭૬-૨૪૪૨૯૯
E-mail : mam-veraval@gujarat.gov.in

[illegible]

## મામલતદાર અને એકઝીક્યુટીવ મેજીસ્ટ્રેટની કચેરી, વેરાવળ(ગ્રામ્ય)

તા. વેરાવળ, જિ. ગીર સોમનાથ ફોન નં. ૦૨૮૭૬-૨૪૪૨૯૯
E-mail : mam-veraval@gujarat.gov.in

નં.જન્મ/મરણ પરચુરણ અરજી/કેસ નં.૮૧/૨૦૨૫

શ્રી દેવીબેન પરબતભાઈ સોલંકી
મું. મલોંઢા તા. વેરાવળ જી. ગીર સોમનાથ ...અરજદાર

વિરૂધ્ધ

તલાટી કમ મંત્રીશ્રી,
જન્મ-મરણ નોંધણી અધિકારી, ગ્રામ પંચાયત કચેરી, મલોંઢા
તા. વેરાવળ ...સામાવાળા

**બાબત : જન્મ મરણ નોંધણી ધારા કલમ-૧૩(૩) મુજબ જન્મ/મરણ નોંધનો હુકમ થવા અંગે**

**જાહેર નોટીસ**

આથી લાગતા વળગતાઓને આ નોટીસથી જાણ કરવામાં આવે છેકે, આ કામનાં ઉપર લખેલા અરજદારે અત્રેની કોર્ટમાં જન્મ/મરણ નોંધણી અધિનિયમની કલમ-૧૩(૩) હેઠળ અરજી લાવી અરજદારશ્રીના પુત્રી સોલંકી દક્ષાબેન પરબતભાઈનો જન્મ મું. મલોંઢા, તા. વેરાવળ મુકામે **તા. ૦૨/૦૭/૨૦૦૧**ના રોજ થયેલ છે. [illegible]

## મામલતદાર અને એકઝીક્યુટીવ મેજીસ્ટ્રેટની કચેરી, વેરાવળ(ગ્રામ્ય)

તા. વેરાવળ, જિ. ગીર સોમનાથ ફોન નં. ૦૨૮૭૬-૨૪૪૨૯૯
E-mail : mam-veraval@gujarat.gov.in

[illegible]

## સીવીલ કોર્ટ નોટીસ

[illegible]

તકરાર હોય તેમણે મુદત તા.૯/૦૭/૨૦૨૫ ના સવારના ૧૧ કલાકે અત્રેની કોર્ટમાં રજૂ કરવા. ગેરહાજર રહયે યોગ્ય હુકમ કરવામાં આવશે જેની સ્પષ્ટ પણે નોંધ લેશો.

આજ તારીખ ૧૬ માહે મે સને ૨૦૨૫ના રોજ મારી સહી તથા કોર્ટનો સીકકો કરી આપ્યો.

હુકમથી

તૈયાર કરનાર (બી.એચ.કલોતરા) આસીસ્ટન્ટ

કોર્ટનો સીકકો

(સહી અવાચ્ય) રજીસ્ટ્રાર પ્રીન્સીપાલ સીનીયર સીવીલ કોર્ટ રાજકોટ

## જાહેર નોટીસ

આથી રાજકોટ શહેરમાં વસતા સમસ્ત કોળી સમાજનાં સર્વે લોકોને જાણ કરવાની કે રાજકોટ મુકામે સમસ્ત કોળી એકતા ચેરીટેબલ ટ્રસ્ટ-રાજકોટની નોંધણી/રચના કરવા માટે સામાન્ય સભા બોલાવવા માટે સદરહુ ટ્રસ્ટના કાર્યાલય કે જે અનમોલ પાર્ક મેઈન રોડ, તુરખી બાપુની દરગાહ પાસે, પ્લોટ નં-૧, આજી ડેમ રોડ, ભાવનગર રોડ, રાજકોટ ખાતે સાંજના ૫-૦૦ કલાકે તા. ૨૫/૦૫/૨૦૨૫ના રોજ એક મીટીંગનું આયોજન કરેલ હોય સમસ્ત કોળી સમાજનાં લોકોએ હાજર રહેવા ભાવભર્યુ આમંત્રણ છે.

**(કલ્પેશભાઈ મગનભાઈ બાવરીયા) પ્રમુખ**
**સમસ્ત કોળી એકતા ચેરીટેબલ ટ્રસ્ટ રાજકોટ**

## પ.અરજી નં.૬૫/etapal no.૧૮૫૧૭૨/૦૫/૨૦૨૫

તા.૧૩/૦૫/૨૦૨૫

શ્રી જગુભાઈ ઉર્ફે જગદિશભાઈ દેવશીભાઈ સોજીત્રા (રજી.એડી)
રહે.બેરાજા તા.કાલાવડ, જી.જામનગર ...અરજદાર

વિરૂધ્ધ

રજીસ્ટ્રારશ્રી, (રજી.એડી.)
જન્મ-મરણ નોંધણી અધિકારી અને તલાટી કમ મંત્રીશ્રી, બેરાજા તા.કાલાવડ, જી.જામનગર ...સામાવાળા

::-નોટીસ::-

આથી જાહેર જનતા, આગેવાન તથા લાગતી વળગતી સરકારી, અર્ધસરકારી કચેરી, પેઢી, સંસ્થા ટ્રસ્ટ, શાળા, કોલેજ, ઈત્યાદી શૈક્ષણિક તેમજ સામાજીક સંસ્થા સહિત તમામને આ નોટીસથી ખબર આપવામાં આવે છે કે, આ કામના ઉપર લખેલ અરજદારએ અત્રેની કોર્ટમાં ઉપરોક્ત નંબરથી પરચુરણ અરજી નં. ૬૫ જન્મ/મરણ નોંધણીની કલમ-૧૩(૩) લાવી અરજદાર શ્રી જગુભાઈ ઉર્ફે જગદિશભાઈ દેવશીભાઈ સોજીત્રાના માતા જીવતીબેન દેવશીભાઈ સોજીત્રાનું અવસાન તા.૦૭/૧૧/૨૦૦૨ના રોજ બેરાજા ગામ, તા.કાલાવડ, જી.જામનગર મુકામે થયેલ છે જેથી સદરહુ અરજીમાં જણાવેલ નામ સરનામાવાળા અરજદારને મરણનો દાખલો સામાવાળાની કચેરી તરફથી કાઢી આપવામાં આવે તે સંબંધીત કોઈપણ પ્રકારનો વાંધો, તકરાર રહેલ હોય, તો તે ઈસમ કે સંસ્થા કે કચેરી જવાબદાર વ્યક્તિએ જાતે અથવા તેમના પ્રતિનિધિ, મુખત્યાર કે વકિલ મારફતે સદરહુ નકકી કરેલ મુદત તારીખ:- ૨૪/૦૬/૨૦૨૫ના રોજ બપોરે ૧૧.૦૦ કલાકે આધાર પુરાવા સાથે અચૂક હાજર રહેવું. મુદત હરોળ દરમ્યાન કોઈ હાજર રહે નહી કે કોઈ લેખીત રજુઆત રજુ ન થયેથી આ અરજીની હકીકત બાબત કાંઈ કહેવું નથી તેમ સમજી અત્રેની કોર્ટ તરફથી આ અરજીનો ન્યાયિક નિકાલ કરવામાં આવશે જેની દરેકે નોંધ લેવી.

આ નોટીસ આજરોજ તા.૧૩/૦૫/૨૦૨૫ના રોજ મારી સહી તથા કોર્ટની મહોર સાથે નોટીસ બહાર પાડવામાં આવે છે.

કોર્ટનો સીકકો

એકઝીકયુટીવ મેજિસ્ટ્રેટ
કાલાવડ

## જાહેર નોટીસ કમ ચેતવણી

આથી લાગતા વળગતા તથા જાહેર જનતાને જાણ કરવાની કે રાજકોટ શહેરના કોઠારીયા રોડ ઉપર સીંદોરીયા ખાણ,ના રેવન્યુ સર્વે નં.૨૬૩/૨૬૪ પૈકીના પ્લોટ નં.૮ પૈકીની દક્ષિણ-પૂર્વના કાટખુણા વાળી જમીન ચો.વાર ૧૫૦-૦૦ જેના ચો.મી.આ. ૧૨૫-૪૨ જેના સીટી સર્વે વોર્ડ નં.૧૧, સીટી સર્વે નં.૧૫૭૭, ટી.પી. સ્કીમ નં.૬, એફ.પી.નં.૨૦ પૈકી ૨૯ ઉપર આવેલ મકાન અમારા અસીલના દાદી શાંતાબેન ગોકળભાઈ કડીયા તે વા/ઓ પોપટલાલ કલ્યાણજીભાઈ કાચાના કબજા ભોગવટા અને માલીકીનું આવેલ ઉપરોકત મકાનનું બોગસ કુલમુખત્યારનામું રસુલભાઈ મુસાભાઈ મવરએ ત્રાહિત વ્યકિતઓની મદદગારીથી તા.૦૭/૦૨/૧૯૮૦ના રોજ ઉભુ કરી તેનો ઈબ્રાહીમ અલીશા શાહમદારને ફોર્જડ વેચાણ દસ્તાવેજ અનુક્રમ નં.૮૬૬, તા.૧૩/૦૧/૨૦૧૨ના રોજ કરી આપેલ અને ઈબ્રાહીમ અલીશા શાહમદારએ ખીમરાજસિંહ જીલુભા જાડેજાને ફોર્જડ વેચાણ દસ્તાવેજ અનુક્રમ નં.૮૫૯૦, તા.૧૯/૧૨/૨૦૧૩ના રોજ મારી આપેલ છે તે તમામ સામે અમારા અસીલ કાયદેસરની કાર્યવાહી કરી રહ્યા છે અને ઉપરોકત મકાનનો કબજો, ભોગવટો અને માલીકી અમારા અસીલના સંયુકત કુટુંબનો આજેપણ આવેલ છે અને અમારા અસીલની પુર્વ મંજુરી કે સંમતી વગર ઉપરોકત મિલ્કત અંગે કોઈ વ્યકિત, સંસ્થા, બેન્ક, ભાગીદારી પેઢી, કંપની કે અન્ય કોઈએ કોઈપણ રીતે ગીરો, બોજો, લોન, ટ્રાન્સફર, એસાઈન, વેચાણ, ભાડે પટ્ટે, મુખત્યારનામુ, સાટાખત કે ભરેલ કબજે ખરીદ કરવાની કે અન્ય કોઈ કાર્યવાહી કરવી નહી અને જો આવી કાર્યવાહી થયેલ હશે તો તે અમારા અસીલને બંધન કર્તા નથી જેની અમો આ જાહેર નોટીસથી સ્પષ્ટ ચેતવણી આપી જણાવીએ છીએ જેની સર્વેએ નોંધ લેવી.

રાજકોટ, તા.૨૨/૦૫/૨૦૨૫
અમારા મારફતઃ-

અમારી માહિતી અને સુચના અને સંમતિ અનુસાર
મિલન મનસુખભાઈ કાચા

**ધર્મેશ એચ. સિધ્ધપુરા-એડવોકેટ**

ઠે.૧૦૨-ઉમેશ કોમ્પલેક્ષ, રાજકોટ જિલ્લા વિકાસ બેન્કની સામે, કસ્તુરબા રોડ, રાજકોટ. મો.૯૪૨૭૨ ૦૦૭૧૧

## જાહેર નોટીસ

આથી લાગતા વળગતા તથા જાહેર જનતાને જાણ કરવાની અને જણાવવાનું કે, રાજકોટ શહેરનાં રેવન્યુ સર્વે નં.૧૧૬ પૈકી, સીટી સર્વે વોર્ડ નં.૧૩, લાગુ સીટી સર્વે નં.૪૦૬૭, રહેણાંક હેતુ માટેના બિનખેડવાણ પ્લોટસ પૈકી પ્લોટ નં.૭ની ખુલ્લી જમીન ચો.મી.આ.૧૭૧-૦૬ આવેલ છે. સદરહુ મિલ્કત જતીનભાઈ ધરમશીભાઈ કારીયા અને ચિરાગભાઈ શશીકાંતભાઈ કારીયા જોગ મેસર્સ માતૃ પેકેજીંગના નામથી ચાલતી ભાગીદારી પેઢીના ભાગીદારો આનંદભાઈ બાબુભાઈ શીશાંગીયા વિ.એ કરી આપેલ રજી. વેચાણ દસ્તાવેજ અનું.નં.૯૭૫ તા.૨૩/૧/૨૩ થી ખરીદ કરેલ છે. ત્યારબાદ જતીનભાઈ ધરમશીભાઈ કારીયાનુ તા.૧૦/૧/૨૪ ના રોજ અવશાન થતા રાજકોટના ૧૩ માં એડી.સીની.સીવીલ જજ સાહેબશ્રીની કોર્ટ માંથી દિ.પ.અ.નં. ૨૬૦૭/૨૦૨૪ થી ભુમીકા જતીનભાઈ કારીયા, દેવર્શ જતીનભાઈ કારીયા અને ધ્રુવંશી જતીનભાઈ કારીયાના વાલી દરજ્જે ભુમીકા જતીનભાઈ કારીયાના નામથી હેરશીપ સર્ટી-પ્રોબેટ મેળવેલ છે. આમ સદરહું મિલ્કત ભુમીકા જતીનભાઈ કારીયા, દેવર્શ જતીનભાઈ કારીયા અને ધ્રુવંશી જતીનભાઈ કારીયાના વાલી દરજ્જે ભુમીકા જતીનભાઈ કારીયા, ચિરાગભાઈ ધરમશીભાઈ કારીયાની સંયુક્ત કબજા ભોગવટા અનેમાલીકી હકકની આવેલ છે.

આ મિલ્કતના ઉતરોતરના ટાઈટલમાં આવતા કાંતીલાલ મોહનલાલ આસોદરીયાએ રમેશચંદ્ર નાનાલાલ સંઘવીને તા.૨૧/૯/૧૯૯૯ ના રોજ આપેલ કુલમુખત્યારનામુ અસલ.હાલનામાલીક પાસેથી ખોવાઈ ગયેલ છેકે કયાંક અવળા હાથે મુકાઈ ગયેલ છે બહુ શોધખોળ કરવા છતા મળેલ નથી.

સદરહું મિલ્કત કે મિલ્કતના કબજા ભોગવટા હકકમાં, ઉપરોકત કુલમુખત્યારનામા, માલીકી-ટાઈટલ પરત્વે જો કોઈનો કોઈપણ પ્રકારનો લાગભાગ, હકક-હિત કે હિસ્સો, ગીરો, બોજો, દરદાવો કે અન્ય કોઈપણ રીતે વાંધા કે તકરાર હોયતો આ નોટીસ પ્રસિધ્ધ થયેથી દિવસ-૭ (સાત) માં અમોને નીચેના સરનામે લેખિત આધાર પુરાવા સાથે અમારી સમક્ષ રજુ કરવા / જાણ કરવી જો સમય મર્યાદામાં કોઈના વાંધા-તકરાર આવશે નહી તો આ મિલ્કતમાં કોઈપણનો લાગભાગ, હકક, હિત કે હિસ્સો નથી અને જો હશે તો તે જતો (વેઈવ) કરેલ છે તેમ સમજી મારા અસીલ આગળની કાર્યવાહી કરશે ત્યારબાદ જો કોઈના વાંધા-તકરાર આવશે, તો તે મારા અસીલ ને બંધનકર્તા રહેશે નહી જેની તમામને સ્પષ્ટ નોંધ લેવી. **રાજકોટ તા.૨૨/૦૫/૨૦૨૫**

**ધવલ એમ. દેવડા, એડવોકેટ**

PATEL LAW FIRM ૩૧૮-આકાંક્ષા કોમ્પલેક્ષ, સુર્યમુખી હનુમાન મંદિર પાસે, રાજકોટ વોલન્ટરી બ્લડ બેંકની સામે, ગોંડલ રોડ, રાજકોટ. મો. ૮૫૩૦૦ ૦૩૫૫૩

## સભાસદ જોગ

સોસાયટીના સને ૨૦૨૪-૨૫ના વર્ષની વાર્ષિક સાધારણ સભા **તા.૨૪-૦૫-૨૦૨૫ને શનિવારના રોજ સાંજે ૫:૦૦ કલાકે** સોસાયટીની ઓફીસે પેટા નિયમ મુજબના એજન્ડા મુજબની કાર્યવાહી કરવા માટે મળશે જેમાં સોસાયટીના દરેક સભાસદોએ સમયસર હાજર રહેવા અનુરોધ છે.

**(તુલસીભાઈ સખીયા)**
**પ્રમુખ**

**રાજકોટ**
**તા.૧૭/૦૫/૨૦૨૫**

**શ્રી પરસાણા કો. ઓપ. હાઉ. સોસાયટી લી.**
૧-પરસાણા સોસાયટી મેઈન રોડ, ૮૦ ફુટ રોડ,
પટેલનગર પાછળ, રાજકોટ.

**નોંધ :-**

(૧) કોરમના અભાવે મુલત્વી રહેલ સભા ફરી તે જ તારીખે અને સ્થળે અડધા કલાક બાદ મળશે જેને કોરમનો બાદ નડશે નહિ.

(૨) વિગતવાર એજન્ડા સોસાયટીના નોટીસ બોર્ડ ઉપર મુકવામાં આવેલ છે.

## જાહેર નોટીસ

હું નીચે સહી કરનાર વકીલ જયેશ ગુણવંતરાય શાહ, તે આ જાહેર નોટીસથી સર્વેને જણાવું છું કે,

મોરબી જીલ્લાના હળવદ તાલુકાના ગામ બુટવડા ના રેવન્યુ સર્વે નં. ૧૬૬/પૈકી ૧/પૈકી ૧ ની જમીન ચો.મી. ૨૬૨૦૪-૦૦, સર્વે નં. ૧૬૭ ની જમીન ચો.મી. ૭૫૮૮-૦૦ તથા સર્વે નં. ૧૬૮ ની જમીન ચો.મી. ૨૫૯૦૦-૦૦ મળી કુલ જમીન ૫૯૬૯૨-૦૦ ના ક્ષેત્રફળ વાળી બિનખેતીમાં ફેરવાયેલ છે. તે બીનખેતી થયેલ જમીન SIMONZA TILES LLP ની કબજા ભોગવટા અને હકક માલીકીની આવેલ છે.

ઉપરોકત વિગત વર્ણનવાળી મિલ્કતના માલીક SIMONZA TILES LLP એ મારી પાસેથી ટાઇટલ કલીયર રીપોર્ટ માંગેલ છે. ઉપરોકત મિલ્કત અંગેના ઉતરોતર દસ્તાવેજો/કાગળો તપાસતા નીચે મુજબના અસલ દસ્તાવેજો ફાઇલમાં સામેલ નથીઃ

- તા.૨૭/૧૨/૨૦૦૨ ના રોજ પટેલ જીવરાજભાઈ વશરામભાઈની તરફેણમાં કોળી વાલજીભાઈ પરભુભાઈ એ હળવદ તાલુકાના ગામ બુટવડા ના રેવન્યુ સર્વે નં. ૧૬૮ ની જમીન એ. ૦૬-૧૬ ગુંઠા ના ક્ષેત્રફળ વાળીનો અઘાટ વેચાણ કરી આપેલ રજીસ્ટર દસ્તાવેજ અનુ. નં. ૧૯૪૨, તા.૨૭/૧૨/૨૦૦૨ વાળો અસલ દસ્તાવેજ તથા તેની અસલ રજીસ્ટ્રેશન રીસીપ્ટ.
- તા.૨૪/૦૮/૨૦૦૬ ના રોજ લાલજીભાઈ વૃજલાલભાઈ રામાણી ની તરફેણમાં પટેલ જીવરાજભાઈ વશરામભાઈ એ હળવદ તાલુકાના ગામ બુટવડા ના રેવન્યુ સર્વે નં. ૧૬૮ ની જમીન એ. ૦૬-૧૬ ગુંઠા હેકટર ૨-૫૯-૦૦ ના ક્ષેત્રફળ વાળીનો અઘાટ વેચાણ કરી આપેલ રજીસ્ટર દસ્તાવેજ અનુ. નં. ૧૭૪૮, તા.૨૪/૦૮/૨૦૦૬ વાળો અસલ દસ્તાવેજ તથા તેની અસલ રજીસ્ટ્રેશન રીસીપ્ટ.
- તા.૨૫/૦૭/૨૦૦૭ ના રોજ આયર વિરાભાઈ કરણાભાઈ તથા આહેર વિલીબેન પબાભાઈ ની તરફેણમાં રામાણી લાલજીભાઈ વૃજલાલભાઈ એ હળવદ તાલુકાના ગામ બુટવડા ના રેવન્યુ સર્વે નં. ૧૬૮ ની જમીન એ. ૦૬-૧૬ ગુંઠા હેકટર ૨-૫૯-૦૦ ના ક્ષેત્રફળ વાળીનો અઘાટ વેચાણ કરી આપેલ રજીસ્ટર દસ્તાવેજ અનુ. નં. ૨૧૦૨, તા.૨૫/૦૭/૨૦૦૭ વાળો અસલ દસ્તાવેજ તથા તેની અસલ રજીસ્ટ્રેશન રીસીપ્ટ.
- તા.૨૫/૦૭/૨૦૦૭ ના રોજ રામાણી લાલજીભાઈ વ્રજલાલભાઈ ની તરફેણમાં કોળી સામજીભાઈ માદેવભાઈ, કોળી કાનાભાઈ માદેવભાઈ તથા કોળી મુળજીભાઈ માદેવભાઈ એ હળવદ તાલુકાના ગામ બુટવડા ના રેવન્યુ સર્વે નં. ૧૬૭ ની જમીન એ. ૦૧-૩૫ ગુંઠા હેકટર ૦-૭૫-૮૮ ના ક્ષેત્રફળ વાળીનો અઘાટ વેચાણ કરી આપેલ રજીસ્ટર દસ્તાવેજ અનુ. નં. ૨૦૮૮, તા.૧૦/૧૧/૨૦૦૬ વાળો અસલ દસ્તાવેજ તથા તેની અસલ રજીસ્ટ્રેશન રીસીપ્ટ.
- તા.૨૫/૦૭/૨૦૦૭ ના રોજ આયર વિરાભાઈ કરણાભાઈ તથા આહેર વિલીબેન પબાભાઈ ની તરફેણમાં રામાણી લાલજીભાઈ વ્રજલાલભાઈ એ હળવદ તાલુકાના ગામ બુટવડા ના રેવન્યુ સર્વે નં. ૧૬૭ ની જમીન એ. ૦૧-૩૫ ગુંઠા હેકટર ૦-૭૫-૮૮ ના ક્ષેત્રફળ વાળીનો અઘાટ વેચાણ કરી આપેલ રજીસ્ટર દસ્તાવેજ અનુ. નં. ૨૧૦૩, તા.૨૫/૦૭/૨૦૦૭ વાળો અસલ દસ્તાવેજ તથા તેની અસલ રજીસ્ટ્રેશન રીસીપ્ટ.
- તા.૧૫/૦૫/૨૦૧૦ ના રોજ માલદે અરજણ માડમ ની તરફેણમાં આયર વિરાભાઈ કરણાભાઈ તથા આહેર વિલીબેન પબાભાઈ એ હળવદ તાલુકાના ગામ બુટવડા ના રેવન્યુ સર્વે નં. ૧૬૭ ની જમીન એ. ૦૧-૩૫ ગુંઠા હેકટર ૦-૭૫-૮૮ તથા સર્વે નં. ૧૬૮ ની જમીન એ. ૦૬-૧૬ ગુંઠા હેકટર ૨-૫૯-૦૦ ના ક્ષેત્રફળ વાળીનો અઘાટ વેચાણ કરી આપેલ રજીસ્ટર દસ્તાવેજ અનુ. નં. ૨૦૩૯, તા.૧૫/૦૫/૨૦૧૦ વાળો અસલ દસ્તાવેજ તથા તેની અસલ રજીસ્ટ્રેશન રીસીપ્ટ.
- તા.૧૬/૧૧/૨૦૧૦ ના રોજ માડમ માલદેભાઈ અરજણભાઈ ની તરફેણમાં વાઘરી વિઠલભાઈ ટપુભાઈ, વાઘરી કુકાભાઈ અમરશીભાઈ, વાઘરી લક્ષ્મીબેન અમરશીભાઈ, વાઘરી આશાબેન અમરશીભાઈ તથા વાઘરી ગીતાબેન અમરશીભાઈ એ હળવદ તાલુકાના ગામ બુટવડા ના રેવન્યુ સર્વે નં. ૧૬૬/પૈકી ૧ ની જમીન એ. ૦૮-૧૯ ગુંઠા હેકટર ૩-૪૨-૯૭ ના ક્ષેત્રફળ વાળીનો અઘાટ વેચાણ કરી આપેલ રજીસ્ટર દસ્તાવેજ અનુ. નં. ૪૬૪૦, તા.૧૬/૧૧/૨૦૧૦ વાળો અસલ દસ્તાવેજ તથા તેની અસલ રજીસ્ટ્રેશન રીસીપ્ટ.
- તા.૧૬/૧૧/૨૦૧૦ ના રોજ માડમ માલદેભાઈ અરજણભાઈ ની તરફેણમાં વાઘરી વિઠલભાઈ ટપુભાઈ, વાઘરી કુકાભાઈ અમરશીભાઈ, વાઘરી લક્ષ્મીબેન અમરશીભાઈ, વાઘરી આશાબેન અમરશીભાઈ તથા વાઘરી ગીતાબેન અમરશીભાઈ એ હળવદ તાલુકાના ગામ બુટવડા ના રેવન્યુ સર્વે નં. ૧૬૬/પૈકી ૧ નો રજીસ્ટર દસ્તાવેજ અનુ. નં. ૪૬૪૦, તા.૧૬/૧૧/૨૦૧૦ માં જમીન એ. ૮-૧૯ ગુંઠા ના બદલે જમીન એ. ૬-૧૯ ગુંઠા ગણવું અને સમજવાનો બિન અવેજી સુધારા દસ્તાવેજ અનુ. નં. ૪૬૪૯, તા. ૧૬/૧૧/૨૦૧૦ વાળો અસલ દસ્તાવેજ તથા તેની અસલ રજીસ્ટ્રેશન રીસીપ્ટ.
- તા.૨૫/૦૯/૨૦૨૦ ના રોજ ધનશ્યામભાઈ સવજીભાઈ દલવાડી ની તરફેણમાં હરિકૃષ્ણ કેશવદાસ સાધુ તથા કમલેશકુમાર દિનેશચંદ્ર ઠકકર (કોટક) એ કરી આપેલ હળવદ તાલુકાના ગામ બુટવડા ના રેવન્યુ સર્વે નં. ૧૬૮, સર્વે નં. ૧૬૬/પૈકી ૧/ પૈકી ૧ તથા સર્વે નં. ૧૬૭ નો વણ-વહેંચાયેલ ૬૬.૬૬ ટકા હિસ્સાનો વેચાણ કરી આપેલ રજીસ્ટર દસ્તાવેજ અનુ. નં. ૨૧૯૬, તા.૨૫/૦૯/૨૦૨૦ વાળાની રજીસ્ટ્રેશન રીસીપ્ટ.
- તા.૨૯/૧૨/૨૦૨૨ ના રોજ રામજીભાઈ જેઠાભાઈ પટેલ ની તરફેણમાં ધનશ્યામભાઈ સવજીભાઈ દલવાડી એ કરી આપેલ હળવદ તાલુકાના ગામ બુટવડા ના રેવન્યુ સર્વે નં. ૧૬૬/પૈકી ૧/ પૈકી ૧ તથા સર્વે નં. ૧૬૭ નો વેચાણ કરી આપેલ રજીસ્ટર દસ્તાવેજ અનુ. નં. ૪૯૧૫, તા.૨૯/૧૨/૨૦૨૨ વાળાની રજીસ્ટ્રેશન રીસીપ્ટ.

આથી ઉપરોકત દસ્તાવેજો અસલ કોઇ પાસે હોય તો નીચેના સરનામે સોંપી આપવા વિનંતી. નહી તો ઉપરોકત દસ્તાવેજો ની ખરીનકલને અસલ દસ્તાવેજો ગણી લેવામાં આવશે તેમજ સદરહું દસ્તાવેજ કોઇ વ્યકિત, પેઢી, કંપની, બેંક, નિગમ કે સરકારશ્રી પાસે ગીરો હોય, કોઇના જામીન થવામાં તારણમાં હોય કે ઉપરોકત જમીન પરત્વે કોઇનો કાંઇ હકક, હીત, હીસ્સો, લાગભાગ, ગીરો, બોજો, લીટીગેશન કે જમીન પરત્વે કોઇનું લેણુ હોય તો તેઓએ આ નોટીશ પ્રસિધ્ધ થયેથી દિવસ-૧૫ (પંદર) માં અમારી સમક્ષ આધાર-પુરાવા સાથે લેખીત વાંધા રજુ કરવા. જો સમયમર્યાદામાં કોઇના તરફથી વાંધા-તકરાર ન આવે તો ટાઇટલ કલીયર રીપોર્ટ આપવામાં આવશે અને ત્યારબાદ કોઇના વાંધા-તકરાર ચાલશે નહી જેની સર્વે એ નોંધ લેવી.

મોરબી. તા.૨૨-૦૫-૨૦૨૫

**વકીલ જયેશ ગુણવંતરાય શાહ**
**વકીલ અકીક જયેશભાઈ શાહ**

ઓફિસ : ૧૫/૩ સાવસર પ્લોટ, વોડાફોન સ્ટોરવાળી શેરી, શુભમ હોસ્પીટલની સામે, શનાળા રોડ, મોરબી-૩૬૩૬૪૧. મો. ૯૪૨૭૫ ૦૫૪૭૦ / ૯૪૨૭૫ ૦૫૪૭૯

મહેતા એડસ-9825307652

## રાજકોટ નાગરિક સહકારી બેંક લિ.

રજી. અને હેડ ઓફિસ : 'અરવિંદભાઈ મણીઆર નાગરિક સેવાલય', ૧૫૦ ફુટ રીંગ રોડ, રૈયા સર્કલ પાસે, રાજકોટ. ફોન : ૨૫૫૫૫૫૫

### સોના ધિરાણ લેનારના દાગીનાની જાહેર હરરાજી

આથી નીચે જણાવેલ ખાતેદારોને બેન્ક દ્વારા સોનાના દાગીના ઉપર ધિરાણ આપવામાં આવેલ. જેની ચડત હપ્તાની રકમ ભરપાઈ ન થતાં/ધિરાણ ભરપાઈ કરવાની મુદત પુરી થતાં તે ખાતાઓ એન.પી.એ. થયા છે. નીચે દર્શાવેલ બાકીદારો કે જેઓને અવારનવાર નોટીસથી જાણ કરવામાં આવેલ છે છતાં ધિરાણની બાકી રકમ ભરપાઈ કરેલ નથી. આ સબબ આ જાહેરાતથી આખરી નોટીસ આપવામાં આવે છે કે જો તેઓના ખાતાની ચૂકતે બાકી રકમ **તા. ૨૧/૦૬/૨૦૨૫** સુધીમાં ભરપાઈ નહીં કરવામાં આવે તો તેમણે થાલમાં મુકેલ સોનાના દાગીના જાહેર હરરાજીથી વેચાણ કરી નાખવામાં આવશે અને બેન્કની વ્યાજ સહિતની બાકી નિકળતી રકમની વસુલાત કરવામાં આવશે. આ અંગેની સઘળી જવાબદારી સોના ધિરાણ ખાતેદારના શિરે રહેશે.

**જાહેર હરરાજી : તા. ૨૪-૬-૨૦૨૫, મંગળવાર, સવારે ૧૦.૦૦ કલાકે**
**રાજકોટ શહેરની શાખાઓ માટે ઉદ્યોગનગર શાખા ખાતે હરરાજી**

| ખાતા નંબર | નામ | ખાતા નંબર | નામ |
|---|---|---|---|
| **પરાબજાર શાખા** | | ૦૧૦૦૧૪૪૦૦૦૦૧૭૨૬ | ભાડુલા સિબટૈન મહમ્મદહુસેનભાઈ |
| ૦૧૦૦૧૪૪૦૦૦૦૦૯૦૪ | ભાડુલા સિબટૈન મહમ્મદહુસેનભાઈ | ૦૧૦૦૧૪૪૦૦૦૦૨૨૬૨ | ભાડુલા સિબટૈન મહમ્મદહુસેનભાઈ |
| ૦૧૦૦૧૪૪૦૦૦૦૦૯૪૦ | ભાડુલા સિબટૈન મહમ્મદહુસેનભાઈ | **ઉદ્યોગનગર શાખા** | |
| ૦૧૦૦૧૪૪૦૦૦૦૧૨૧૮ | ભાડુલા સિબટૈન મહમ્મદહુસેનભાઈ | ૦૧૧૦૧૪૪૦૦૧૦૫૫૭૫ | જોગરાણા ભવાનભાઈ માંડણભાઈ |
| ૦૧૦૦૧૪૪૦૦૦૦૧૫૮૮ | ભાડુલા સિબટૈન મહમ્મદહુસેનભાઈ | ૦૧૧૦૧૪૪૦૦૧૦૫૫૭૧ | ખારવા કાશીનાથ સત્યનારાયણ |

જો ભુલ હશે તો બેન્કનું રેકર્ડ જ માન્ય ગણાશે. રાજકોટ, તા. ૨૧-૦૫-૨૦૨૫, સી.એમ. (રિકવરી વિભાગ)






### આજ મારા દેરાસરમાં.. મોતીડે મેહ વરસ્યા રે..

# પ્રાચીન તીર્થ શ્રી સુપાર્શ્વનાથ જિનાલયનો ૧૯૯મો ધ્વજારોહણ મહોત્સવ ભવ્ય રીતે ઉજવાયો

**પંન્યાસ પ્રવર પૂ.શ્રી તારકચંદ્રસાગરજી મ. આદિની પાવન નિશ્રામાં ગઈકાલે મણિયાર દેરાસરે પ્રાચીન તીર્થ શ્રી સુપાર્શ્વનાથ જિનાલયની આગામી ૨૦૦મી સાલગિરિની ધજાના આદેશોમાં જૈન શ્રેષ્ઠીઓનો અદમ્ય ઉત્સાહઃ વિવિધ ધજાઓની માતબર બોલી બોલાઈ**

રાજકોટ તા.૨૨

રાજકોટનું પ્રાચીન તીર્થ શ્રી સુપાર્શ્વનાથ જિનાલયની આજે ૧૯૯મી સાલગીરી ધર્મોલ્લાસ સાથે ઉજવવામાં આવી હતી. પૂ. પંન્યાસ પ્રવર શ્રી તારકચંદ્રસાગરજી મ. આદિ ઠાણાની નિશ્રામાં ધ્વજારોહણ મહોત્સવ ભવ્ય રીતે ઉજવાયો.

આજે સવારે ધ્વજાજીનું સામૈયું સુરેશભાઈ સંઘવીના નિવાસસ્થાનેથી નીકળીને માંડવી ચોક દેરાસરે ઉતર્યુ હતું. ત્યારબાદ પૂ.પં.શ્રી તારકચંદ્રસાગરજી મહારાજે માંગલિક પ્રવચન ફરમાવ્યું હતું. વિધિકાર પ્રકાશભાઈ દોશીએ ધજારોહણની શાસ્ત્ર મુજબ વિધિ વિધાન કર્યા હતા. આજે શ્રી સુપાર્શ્વનાથ દાદાના શિખરની ધજાનો લાભ સુશીલાબેન શેઠ, અવનીબેન, શ્રધ્ધાબેન શેઠ પરિવારે લીધો હતો. જયારે શ્રી માણિભદ્ર વીરના શિખરની ધજાનો લાભ અશ્વિનભાઈ મીઠાણીના આત્મ શ્રેયાર્થે જસ્મીનાબેન મીઠાણી પરિવારે લીધો હતો. આ પ્રસંગે શૈલેષભાઈ વ્યાસ તથા ધર્મેશભાઈ દોશીએ ભકિત સંગીત રજૂ કરેલ હતુ.

આ પ્રસંગે લાભાર્થી પરિવાર તથા સંઘ પ્રમુખ જીતુભાઈ ચા વાળા, પંકજભાઈ કોઠારી, જયંતભાઈ મહેતા, કિરીટભાઈ સંઘવી, કેતનભાઈ વોરા, શ્રેણિક દોશી, જયેશભાઈ દોશી, અરૂણભાઈ દોશી, હીરાભાઈ શાહ સહિતના અન્યો ઉપસ્થિત રહ્યા હતા. કાર્યક્રમ બાદ પધારેલા સૌ માટે નવકારશી યોજાઈ હતી.

ઉપરોકત તસ્વીરોમાં પ્રથમમાં પૂ.પંન્યાસ શ્રી તારકચંદ્રસાગરજી મહારાજ આદિ ઠાણા સામૈયામાં અગ્રસરે રહેતા જોવા મળે છે. બીજી તસ્વીરમાં ધજાને મસ્તકે ધારણ કરેલા લાભાર્થી પરિવારના સભ્યો, ત્રીજી તસ્વીરમાં ધજાજી સાથે લાભાર્થી પરિવાર છેલ્લી તસ્વીરમાં શ્રી સુપાર્શ્વનાથ દાદાના શિખર પર ધજા લહેરાવતો લાભાર્થી પરિવાર નજરે પડે છે.

**૨૦૦મી સાલગિરિની ધજાની ઉછામણી**

ગઈકાલે મણિયાર દેરાસરમાં ભકિતકાર અંકુર શાહના ભકિત સંગીત સાથે માંડવી ચોક દેરાસરની ૨૦૦મી સાલગીરીની વિવિધ ધજાઓના આદેશોની બોલી બોલાઈ હતી જેમાં શ્રી સુપાર્શ્વનાથ દાદાની ધજા ચડાવવાનો લાભ ચારૂલબેન હિતેશભાઈ દોશીએ માતબર રકમની બોલીથી મેળવ્યો હતો. અન્ય શિખરોની ધજાના અપાયેલા આદેશો અનુસાર શ્રી શાંતિનાથ દાદાની ધજાનો લાભ અયોધ્યાપુરમ તીર્થના મેનેજીંગ ટ્રસ્ટી જયંતભાઈ મહેતા પરિવાર, શ્રી નેમિનાથ દાદાના શિખરની ધજાનો લાભ જીતુભાઈ મારવાડી, શ્રી પાર્શ્વનાથ પરમાત્માના શિખરની ધજાનો લાભ પરિન્દાબેન કેતનભાઈ ગોસલીયા પરિવાર, શ્રી સિમંધર સ્વામીની ધજાનો લાભ ઋષિનાબેન વિક્રમભાઈ શાહ પરિવાર, રંગમંડપની ધજાનો લાભ અશ્વિનભા, રસિકભાઈ મિઠાણી પરિવાર, ચૌમુખી ધજાનો લાભ લક્ષ્મીચંદ ડાહ્યાભાઈ ઘી વાળા પરિવાર, શ્રી માણિભદ્ર વીરની ધજાનો લાભ કોમલબેન પરેશભાઈ શાહ પરિવાર, ચક્રેશ્વરી માતાની ધજાનો લાભ મુકેશભાઈ હિરાચંદ મીઠાણી પરિવાર, પદ્માવતી માતાની ધજાનો લાભ પદ્માવતીબેન અજીતભાઈ જૈન પરિવાર, અંબિકા માતાની ધજાનો લાભ લક્ષ્મીબેન શીવલાલભાઈ રામસીના પરિવાર, તેમજ ઉજજૈનના શ્રી માણિભદ્ર વીરની ધજાનો લાભ વિમળાબેન અરવિંદભાઈ શાહ, મઘરવાડા માણિભદ્ર વીરની ઈજાનો લાભ નિલમબેન કીર્તિભાઈ મેઘાણી પરિવાર તથા આગલોડ શ્રી માણિભદ્ર વીરની ધજાનો લાભ ઈન્દિરાબેન શાહ પરિવારે લીધો છે. આ ૨૦૦મી સાલગિરિની ધજાના આદેશોમાં રાજકોટના જૈન શ્રેષ્ઠીઓએ અપૂર્વ ઉત્સાહ અને ઉમંગ બતાવ્યો તેમ જીતુભાઈ ચા વાળાએ જણાવેલ છે.

## આજી જીઆઈડીસી પાસે રીક્ષામાંથી દેશી દારૂનો મોટો જથ્થો ઝડપાયો : રમેશ સિંઘવની ધરપકડ

### રીક્ષામાં ૫૫૦ લીટર દારૂ લઈ સપ્લાય કરે તે પહેલા થોરાળા પોલીસ ત્રાટકી : રૂા.૨.૧૦ લાખનો મુદ્દામાલ જપ્ત

રાજકોટ, તા.૨૨

આજી જીઆઇડીસી પાસેથી ઓટો રીક્ષામાં થઇ રહેલ દેશી દારૂની હેરાફેરીમાં થોરાળા પોલીસ ત્રાટકી હતી અને ૫૫૦ લીટર દારૂ સાથે રીક્ષા ચાલકને દબોચી લઇ કાર્યવાહી કરી હતી.

દરોડાની વિગત મુજબ થોરાળા પોલીસ મથકના પીઆઇ એન.જી.વાઘેલા ટીમ સાથે પેટ્રોલીંગમાં હતા ત્યારે સાથે પીએસઆઇ એન.આર.ડોબરીયા, કોન્સ્ટેબલ કિશન રોકડ અને નિલેશ જમોડને મળેલ ચોકકસ બાતમીના આધારે ૮૦ ફુટ રોડ, ટર્બો ગેટથી માટેલ ચોક તરફ જતા આજી જીઆઇડીસી રોડ પર જીસારા એગ્રો ટેકનોલોજી નામના કારખાના પાસેથી એક ઓટો રીક્ષામાં દેશી દારૂ લીટર ૫૫૦ સાથે રીક્ષા ચાલક રમેશ થોભણ સિંઘવ (ઉ.વ.૪૫) રહે. ન્યારા પોલીસ ચોક પાસે, જામનગર રોડને પકડી પાડી રૂા.૨.૧૦ લાખનો મુદ્દામાલ કબ્જે કર્યો હતો. જયારે ચુનારાવાડના કલ્પેશ રાજુ સભાડ નામના શખ્સનું નામ ખુલતા તેમની શોધખોળ આદરી હતી.



## સફાઈ કામદારોના વારસદારોને નોકરીનો પ્રશ્ન ન ઉકેલાય તો ઉપવાસ અને ધરણા કરાશે

### રાજકોટ સફાઈ કામદાર સંગઠનના આગેવાનો દ્વારા ચીમકી

રાજકોટ, તા.૨૨

મહાનગરપાલિકામાં ફરજ બજાવતા સફાઇ કામદારોના રહેમરાહે નોકરી સહિતના પ્રશ્નોનો નિકાલ લાવવા રાજકોટ સફાઇ કામદાર સંગઠન દ્વારા રજૂઆત કરવામાં આવી છે.

સંગઠનના પ્રમુખ કમલેશ ઝાલા, ભવ્યરાજ વાઘેલા, જયેશ ગોરી, રઘુભાઇ ગડીયલ સહિતના હોદ્દેદારોએ રજુઆતમાં જણાવ્યું છે કે, મહાપાલિકામાં કામ કરતા સફાઇ કામદારોના વારસદારોને રહેમરાહે નોકરી આપવા બાબતે અવારનવાર આગેવાનો અને યુનિયનો દ્વારા રજુઆત કરવામાં આવી છે. પરંતુ તેનો કોઇ ઉકેલ આવતો નથી. હવે જો ત્રણ-ચાર દિવસમાં આ પ્રશ્નનો ઉકેલ ન આવે તો ઉપવાસ અને ધરણા શરૂ કરવા પડશે. વાલ્મિકી સમાજના સફાઇ કામદારોના સ્વૈચ્છિક રાજીનામા ઝડપથી મંજૂર કરવા જોઇએ.

કોર્પો.ના સફાઇ કામદારોના વારસદારોને લગતી ૨૫૦થી વધુ ફાઇલો પેન્ડીંગ પડી છે. કોર્પો.માં ૨૦ વર્ષ પછી સફાઇ કામદારોની ભરતીની સંપૂર્ણ પ્રક્રિયા પૂર્ણ થયેલ હોય તો તાત્કાલીક ધોરણે તેના ડ્રો કરવાની રજૂઆત કરવામાં આવી છે.



## ભારે કરી!અમદાવાદમાં મેટ્રોના વિજ કેબલ તસ્કરો ચોરી ગયાઃબે રૂટ પર વ્યવહાર ઠપ્પ

### વસ્ત્રાલ-થલતેજ તથા શાહપુર-જુની હાઈકોર્ટ રૂટ બંધ થતા મુસાફરો પરેશાન

અમદાવાદ તા.૨૨

અમદાવાદમાં જીવાદોરી સમાન બની ગયેલી મેટ્રો સેવાના બે રૂટ આજે બંધ રહેતા મુસાફરોને હાલાકીમાં મુકાવાનો વખત આવ્યો હતો.આઘાતજનક બાબત એ હતી કે શાહપુરથી જુની મેટ્રો હાઈકોર્ટના મેટ્રો રૂટના કેબલની ચોરી થઈ હતી જયારે વસ્ત્રાપુર-થલતેજ રૂટ ટેકનીકલ ખામીથી બંધ હતી.

મળતી માહિતી મુજબ, બુધવારે રાત્રે શાહપુરથી જૂની હાઇકોર્ટ વિસ્તારમાં મેટ્રોને વીજ પુરવઠો પૂરો પાડતાં કેબલની ચોરી કરવામાં આવી હતી. જેના કારણે વહેલી સવારથી જ એપરલ પાર્કથી શાહપુર સુધીની મેટ્રો સેવા હાલ બંધ કરવામાં આવી હતી. આ મામલે પોલીસે કેબલ ચોરી કરનારની તપાસ હાથ ધરી છે. તેમજ મેટ્રો સેવા ફરી શરુ કરવા માટે સમારકામની કામગીરી પણ હાથ ધરવામાં આવી છે.

વહેલી સવારથી જ ઓફિસે જતાં લોકોને અગાઉથી જાણકારી ન હોવાના કારણે ધક્કો ખાવો પડ્યો હતો અને અંતે ખાનગી વાહનમાં ઓફિસ જવું પડ્યું હતું. મેટ્રો વિભાગ દ્વારા આ વિશે કોઈ સત્તાવાર માહિતી ન આપવાના કારણે મુસાફરોમાં રોષ જોવા મળ્યો હતો.

નોંધનીય છે કે, આજે વહેલી સવારથી વસ્ત્રાલથી થલતેજ રૂટની સેવા પણ ટેકિનકલ ખામીના કારણે બંધ કરવામાં આવી હતી. આ અંગે માઇક દ્વારા મુસાફરોને જાહેરાત કરવામાં આવી હતી કે, ટેક્નિકલ ખામીના કારણે થલતેજ ગામનો રૂટ અસ્થાયી રૂપે બંધ રહેશે.



## જયોતિ મલ્હોત્રા વધુ ચાર દિવસના રીમાન્ડ પરઃ પહેલગામ એંગલથી તપાસ

ચંદીગઢઃ પાકિસ્તાન માટે જાસૂસીના આરોપ સાથે ઝડપાયેલ જાણીતી ટ્રાવેલ વિડીયો બ્લોગર અને યુ-ટયુબર જયોતિ મલ્હોત્રાને વધુ ચાર દિવસના રીમાન્ડ પર સોપાઈ છે. હિસાર પોલીસે આજે જયોતિને કોર્ટમાં રજુ કરી હતી.

ભારે સુરક્ષા વચ્ચે તેને બંધ કારમાં લાવવામાં આવી હતી. પહેલગામ હુમલામાં જયોતિની કોઈ ભૂમિકા હતી કે કેમ તે ચકાસાઈ રહી છે. અગાઉ એનઆઈએ પણ તેની પુછપરછ કરી ચુકી છે. જયોતિએ પહેલગામ હુમલા પુર્વે કાશ્મીર ગઈ હતી અને અનેક વિસ્તારોના વિડીયો બનાવ્યા જયાં સૈન્યની હાજરી ન હતી. હવે તેણે ફકત ટ્રાવેલીંગ બ્લોગ માટે વિડીયો બનાવ્યા છે કે પછી પાક એજન્ટને કે ત્રાસવાદીઓને સહાયતા માટે કામ કર્યુ છે તે તપાસ ચાલુ છે તે જાન્યુઆરીના પહેલગામ ગઈ હતી.

જો કે તેણે કોઈ સૈન્ય માહિતી મેળવી ન હતી. જો કે તેમના લેપટોપ, મોબાઈલ કે અન્ય ગેઝેટમાંથી આ પ્રકારે કોઈ પુરાવા મળ્યા નથી.

## અમદાવાદના વધુ એક એપાર્ટમેન્ટમાં આગઃ અફડાતફડીઃ ૮ લોકોનુ રેસ્કયુ

### ૮મા માળે એસી કમ્પ્રેસર ફાટતા આગ ભભૂકી

અમદાવાદ,તા.૨૨

અમદાવાદના ગુરુકુળ રોડ ઉપર આવેલા પૂર્વી ટાવરમાં સવારે ૧૧ વાગ્યાની આસપાસ A બ્લોકમાં આઠમા માળે આવેલા મકાનમાં એસીમાં કોમ્પ્રેસર બ્લાસ્ટ થયો હતો જેના કારણે આગ લાગી હતી. ફાયર બ્રિગેડની ટીમને જાણ કરવામાં આવતા મેમનગર અને આસપાસના ફાયર સ્ટેશનની કુલ ૧૫ જેટલી ગાડી ઘટના સ્થળે પહોંચી હતી.

એક તરફ ફાયર બ્રિગેડની ટીમ પાણીનો મારો ચલાવી આગને કાબૂમાં લઇ રહી હતી તો બીજી તરફ તાત્કાલિક ધોરણે હાઇડ્રોલિક પ્લેટફોર્મ મંગાવવામાં આવ્યું હતું. તેની મદદથી ધાબા ઉપર રહેલા ૮ લોકોને નીચે ઉતારવામાં આવ્યા હતા. આઠમાં અને નવમાં માળ ઉપર રહેલા તમામ લોકોને પણ ફાયરની ટીમે નીચે ઉતારી લીધા હતા. ફાયર બ્રિગેડની ટીમે પાણીનો મારો ચલાવી આગને કાબૂમાં લઈ લીધી હતી.

કુલ ૨ મકાનમાં આગ લાગી હતી એસીનું કોમ્પ્રેસર ફાટવાના કારણે આગ લાગી હતી અને ત્યારબાદ ઘરમાં રહેલા બાટલા પણ ફાટયા હતા જેના કારણે આગ વધુ ફેલાઈ ગઈ હતી. આગ ફેલાઈને નવમા માળ ઉપર આવેલા અન્ય એક મકાન સુધી પણ પહોંચી ગઈ હતી.

૨૦ મિનિટમાં ૮ લોકોને નીચે ઉતારાયા આગ અંગે જાણ થતાં થલતેજ વોર્ડના ભાજપના કોર્પોરેટર ઋષિનાબેન પટેલ અને પૂર્વ સ્ટેન્ડિંગ ચેરમેન હિતેશ બારોટ તાત્કાલિક ઘટનાસ્થળે પહોંચી ગયા હતા. આ સમગ્ર ઘટનામાં કોઈપણ પ્રકારની જાનહાનિ થઈ નથી. ફ્લેટમાં રહેલા તમામ લોકોને સહી- સલામત બહાર નીકાળી લેવામાં આવ્યા હતા. ખુલ્લો રોડ હોવાના કારણે હાઇડ્રોલિક પ્લેટફોર્મ તાત્કાલિક કાર્યરત થઈ ગયું હતું અને ૨૦ મિનિટમાં આઠ લોકોને નીચે ઉતારી લેવાયા હતા.



## ભાઈ પરણીતાને ભગાડી જતા નવાગામના જીગર પર વિપુલ સહિતનાનો પાઈપથી હુમલો

### લોથડામાં મીના પાસવાનને શનિ, સત્યનારાયણ અને સુશીલાએ માર માર્યો

રાજકોટ, તા. ૨૨

શહેરના નવાગામમાં ભાઈ પરણીતાને ભગાડી જતા જીગર વણકરીયા ઉપર વિપુલ સહિતનાએ પાઇપથી હુમલો કર્યો હતો. ફરિયાદમાં જીગરભાઈ ઉકાભાઈ વણકરિયા (ઉંમર વર્ષ ૩૮, રહે. નવાગામ (આણંદપર) શેરી નં.૩ દ્રષ્ટિ વિલાની સામે)એ જણાવ્યું કે, હું ડીલક્ષ ફૂટવેર નામે દુકાન ચલાવું છું. મારા પરિવારમાં મારા પિતા ઉકાભાઈ તથા માતા વિનતાબેન તથા મારી પત્ની પ્રિયાબેન તથા મારો ભાઈ કૌશિક છે. મારો ભાઈ કૌશિક આશરે આઠ દિવસ પહેલા અમોને કોઈને કંઈ કહ્યા વગર વિજયની પત્ની ને લઈને જતો રહેલ હતો. તે ક્યાં ગયેલ છે તેની અમોને જાણ નથી. પણ વિજયનો ભાઈ વિપુલ બે-ત્રણ વાર અમારા ઘરે આવી વિજયની પત્નીને સોંપી દેવા માટે કહેતો. ધાક-ધમકી આપતો. પરંતુ એમના સાથે અમારે કૌટુંબિક સારા સંબંધો હોય જેથી અમોએ કોઈ પોલીસ ફરિયાદ કરેલ નહીં. તા.૨૧/૫/૨૦૨૫ના બપોરના આશરે ચારેક વાગ્યાની આસપાસ અમે અમારા ઘરે હતા ત્યારે વિપુલ અમારા ઘરે આવેલ. મને કહેલ કે વિજયની બંને દીકરીઓ સાથે આવેલ છે. તેમના નિવેદન લેવા માટે બી-ડિવિઝન પોલીસ સ્ટેશન જવાનું છે.તમે અમારી સાથે આવો તેમ કહેતા હું તેમની સાથે પોલીસ સ્ટેશન જવા માટે નીકળેલ. દરમ્યાન ઘરની બહાર પહોંચતા અમો બન્ને આ બાબતે વાતચીત કરતા હતા ત્યારે એક બાઈક ત્રણ અજાણ્યા ઇસમો આવેલ જેના હાથમાં લોખંડના પાઈપ હોય જેમાંથી એક વ્યક્તિ પાસેથી વિપુલએ પાઈપ લઈને મને માથાના ભાગે મારેલ. બીજા અજાણ્યા ત્રણેય ઇસમો ભેગા મળીને મને હાથે પગે તથા શરીરે માર મારેલ. ઈજા થતા ૧૦૮ મારફતે મને સરકારી હોસ્પિટલ રાજકોટ ખાતે દાખલ કરેલ. પોલીસે વિપુલ તથા અજાણ્યા ત્રણ આરોપી સામે ગુનો દાખલ કરેલ છે. બીજા બનાવમાં શહેર નજીક આવેલ લોઠડા ગામે કૈલાશ મંડળ કંપનીમાં મીના લલનભાઈ પાસવાન (ઉંમર વર્ષ ૫૦) ઉપર તે જ કંપનીમાં રહેતા શની, સત્યનારાયણ, અને સુશીલાએ ઝઘડો કરી માથામાં પાઇપ મારી દેતા મીનાને રાજકોટ સિવિલ હોસ્પિટલમાં સારવાર માટે દાખલ કરાઈ હતી. આજીડેમ પોલીસે ઇજાગ્રસ્તનું નિવેદન લઈ વધુ તપાસ હાથ ધરી છે.



## વડાપ્રધાને ૧૮ રાજયોનાં ૧૦૩ અમૃત સ્ટેશનોનું વર્ચ્યુઅલ ઉદ્દઘાટન કર્યુ

### બીકાનેરથી મુંબઈ જતી એકસપ્રેસ ટ્રેનને પીએમે લીલીઝંડી આપી

બીકાનેરઃ વડાપ્રધાન મોદીએ બીકાનેરમાં બીકાનેરથી મુંબઈ જતી એકસપ્રેસ ટ્રેનને લીલીઝંડી દેખાડી હતી. સાથે સાથે વડાપ્રધાન દેશભરનાં ૧૮ રાજયો અને કેન્દ્ર શાસીત પ્રદેશોનાં ૮૬ જીલ્લામાં બનેલા ૧૦૩ અમૃત સ્ટેશનોનુ પણ વર્ચ્યુઅલ ઉદ્દઘાટન કર્યું હતું આ અમૃત સ્ટેશનો ૧૧૦૦ કરોડ રૂપિયાના ખર્ચે તૈયાર કરાયા છે. અમૃત ભારત સ્ટેશન યોજના અંતર્ગત કુલ ૧૩૦૦ થી વધુ સ્ટેશનોને નવા અંદાજમાં બનાવવામાં આવી રહ્યા છે. આ સ્ટેશનોની ડીઝાઈનમાં સ્થાનિક ઓળખ અને યાત્રીઓની સુવિધાનું ખાસ ધ્યાન રખાયુ છે.

## વડાપ્રધાન મોદીએ કરણી માતા મંદિરે પૂજા કરી

બીકાનેરઃ પહેલગામમાં આતંકી હુમલામાં ૨૬ જેટલા નિર્દોષ લોકોનાં મોત બાદ ભારતે ઓપરેશન સિંદુર અભિયાનથી સીમાપાર પાકિસ્તાનમાં આતંકીઓનાં અડ્ડાઓ અને આતંકીઓનો સેનાએ ખાત્મો બોલાવ્યા બાદ વડાપ્રધાન મોદી રાજસ્થાનનાં બીકાનેરમાં રેલીમાં પહોંચ્યા હતા. વડાપ્રધાને આ તકે બીકાનેરનાં દેશનોકમાં આવેલ કરણી માતાનાં મંદિરે આવીને માતાજીનાં દર્શન કર્યા હતા અને પૂજા કરી હતી. અહીંથી તેઓ દેશનોક રેલવે સ્ટેશને પહોંચ્યા હતા.



## મોત જાણે સામે આવી ગયુ હતું!તૃણમુલે કોંગ્રેસનું પ્રતિનિધિ મંડળ સવાર હતું

તૃણમુલ કોંગ્રેસનાં સાંસદ સાગરિકા ઘોષે કહ્યું કે મોત સામે આવી ગયાનો અને જીંદગી જાણે ખત્મ થઈ ગયાનો અનુભવ થયો હતો. પ્રવાસીઓને પાયલોટે ઉગાર્યા હતા. વિમાનમાં સાગરીકા ઉપરાંત ડેરેક ઓબ્રાયન નદીમુલ હક, મમતા ઠાકુર તથા માનસ ભુયાન જેવા તૃણમુલ કોંગ્રેસના નેતાઓનું પ્રતિનિધિમંડળ હતું.

## સિંદુર

(પહેલા પાનાનું ચાલું)

ગયા છે.

વડાપ્રધાને પાકિસ્તાનને આડે હાથ લેતાં જણાવ્યું હતુ કે હવે ટ્રેડ અને ટોક નહિં થાય, હવે તો વાત થશે માત્ર પીઓકે પર. ઉલ્લેખનીય છે કે અગાઉની બાલાકોટ એર સ્ટ્રાઈલ બાદ મોદીની રાજસ્થાનમાં રેલી યોજાઈ ત્યારબાદ ઓપરેશન સિંદુર બાદ વડાપ્રધાન મોદીની રાજસ્થાનમાં રેલી યોજાઈ હતી.

## વિમાન

(પહેલા પાનાનું ચાલું)

વિમાનનું શ્રીનગરમાં ઉતરાણ કરાવ્યુ હતું. વિમાનના આગળના ભાગને નુકશાન થયુ હતું. વિમાનમાં થોડો વખત મુસાફરોની ચીસોથી માહોલ ગમગીન બની ગયો હતો.

દિલ્હીથી ઉપડેલી આ ફલાઈટને શ્રીનગર પહોંચવામાં ૨૦-૩૦ મીનીટની વાર હતી. ત્યારે અચાનક તોફાનમાં સપડાયું હતું. વિમાનમાં કરા પડવા લાગ્યા હતા. પાયલોટે સ્થિતિ પારખીને એર ટ્રાફીક કન્ટ્રોલને ઈમરજન્સીની જાણ કરી હતી. વિમાન હાલકડોલક થવા લાગ્યુ હોવાથી પ્રવાસીઓને પણ સીટ બેલ્ટ બાંધી લેવાની સુચના આપવામાં આવી હતી.

વિમાનની હલચલથી પ્રવાસીઓ ભયભીત બન્યા હતા. કેટલાંક ચીસો પાડવા લાગ્યા હતા.કેટલાંકે ભગવાનને પ્રાર્થના કરવાનું શરૂ કર્યુ હતું. છેવટે પાયલોટે શ્રીનગરમાં વિમાનનું સુરક્ષીત ઉતરાણ કરાવતા લોકોનાં શ્વાસ હેઠા બેઠા હતા.

કુદરતી તોફાન તથા કરા પડવાથી વિમાનનાં 'નોઝકોન' (આગળનો ભાગ-નાક)ને નુકશાન થયુ હતું.

વિમાનનાં ઉતરાણ બાદ એરપોર્ટ ટીમે પ્રવાસીઓને ખાસ સુવિધા આપી હતી અને વિમાનને 'ગ્રાઉન્ડેડ' જાહેર કરી દેવામાં આવ્યું હતું.

વિમાનમાં સવાર ઔવૈસ મકબુલ હકીમે આવુ ટવિટ કર્યુ હતું કે પ્રવાસીઓ ગભરાયા હતા અને ચીસ પાડતા હતા. લોકોએ મોતનો અનુભવ કર્યો હતો. સુરક્ષિત ઉતરાણ બાદ સૌને હાશકારો થયો હતો.

## બાંધકામ

(છેલ્લા પાનાનું ચાલું)

વિભાગમાંથી જાણવા મળતી વિગત મુજબ વોર્ડ નં.૨માં એરપોર્ટ રોડ પર એકજાન નગર વિસ્તાર આવેલો છે. આ જગ્યાએ મુર્તુજાભાઇ માંકડા નામના આસામીએ રહેણાંક બંગલાનું કરેલું બાંધકામ નોટીસ સાથે સીલ કરવામાં આવ્યું છે. વોર્ડ નં.૩ના જંકશન પ્લોટમાં અમરનાથ એપાર્ટમેન્ટ આવેલુ છે. અહીં પરેશભાઇ ડોડીયા નામના આસામીના બાંધકામને સીલ કરી દેવામાં આવ્યું છે. અનઅધિકૃત બાંધકામના કારણે આ કાર્યવાહી કરવામાં આવ્યાનું નોંધવામાં આવ્યું છે. નોટીસ બાદ પણ કોઇ નિયમ મુજબ જવાબ આપી ન શકતા આ કાર્યવાહી કરવામાં આવી છે.

આ ઉપરાંત જુના રાજકોટના સોની બજાર વિસ્તારમાં પણ એક ગેરકાયદે બાંધકામ અંગે ફરિયાદ થઇ હતી. આ ચાલુ બાંધકામ પણ સીલ કરી દેવાયું છે. રસ્તા પર લીલુ કપડુ બાંધીને આ બાંધકામ ધમધમતું હતું. તેને સીલ મારવામાં આવ્યા છે. આમ તો લાંબા સમયથી આવા બાંધકામો સામે ફરિયાદોના ઢગલા થતા હતા. પરંતુ કાર્યવાહીમાં ઢીલ દાખવવામાં આવતા અમુક બાંધકામો મામલે તો ઉચ્ચ અધિકારીઓને જવાબદાર ઠેરવી કાનુની કાર્યવાહી કરવાની ચેતવણી પણ આપવામાં આવી હતી.

ટીઆરપી ગેમઝોન અગ્નિકાંડના બનાવ બાદ વોર્ડ નં. ૨ અને ૭માં થયેલા ગેરકાયદે બાંધકામો હટાવવા સતત રજુઆતો થતી હતી. ૨૬૦-૧, ૨, ૨૬૭, ફાઇનલ ડિમોલીશનની નોટીસ બાદ અંતિમ પત્ર પણ પાઠવવામાં આવ્યો હતો. છતાં આગળની કોઇ કાર્યવાહી કરવામાં આવતી નથી. એક કેસમાં તો આર્કીટેકટને નોટીસની પ્રક્રિયા પણ કરવામાં આવી હતી. છતાં બાંધકામ કે આર્કિટેક્ટ સામે કોઇ કાર્યવાહી કરવામાં ન આવતા કમિશ્નરના ટેબલે પણ ફરિયાદોનો ઢગલો કરવામાં આવ્યો હતો. શ્રેયસ સોસાયટી, શ્રોફ રોડ, સુભાષનગર, ચુડાસમા પ્લોટ, જાગનાથ પ્લોટ, કિશાનપરા, જિલ્લા ગાર્ડન સહિતના વિસ્તારોના બાંધકામો સામે પણ અવારનવાર ફરિયાદો થતી હોય આ અંગે પણ કાર્યવાહી કરવામાં આવશે તેવું માનવામાં આવે છે.

### અમદાવાદમાં ૧૪ દર્દી : ચિંતાની કોઇ વાત નથી, વેરીયન્ટ ખતરનાક નથી-આરોગ્ય વિભાગની જાહેરાત

## કોરોના

(પહેલા પાનાનું ચાલું)

ડો. નિલમ પટેલે કહ્યું હતું કે ગુજરાતમાં એક પણ કેસ ચિંતાજનક નથી. જેમનામાં કોરોનાના લક્ષણ દેખાયા છે તેઓ હોમ આઇસોલેશનમાં છે. ઓમિક્રોન વેરીયન્ટ ઘાતક નથી. છતાં સતર્કતાની સૂચના દરેક શહેરોને આપવામાં આવી છે. રાજય સરકાર દરેક જિલ્લા અને મહાનગરોના તંત્ર પાસેથી વિગતો મેળવી રહી છે. લોકોને કોઇ ગભરાટ ન રાખવા અનુરોધ કર્યો છે.

દરમ્યાન રાજકોટ મનપાના આરોગ્ય વિભાગ દ્વારા કોરોનાનો કેસ સત્તાવાર રીતે જાહેર કરાયો નથી. છતાં આ કેસ ટ્રાવેલ હિસ્ટ્રીવાળો હોવાનું માનવામાં આવે છે. મવડીના ઓમનગર વિસ્તારમાં વિદેશથી આવેલા એક વ્યકિતને આ સંક્રમણ થયું છે. છતાં કોઇ ચિંતા વગર આ દર્દી હોમ આઇસોલેશનમાં હોવાનું જાણવા મળ્યું છે. મનપાએ કોઇ વિગતો પણ જાહેર કરી નથી. પરંતુ હવે એક બે દિવસમાં 'માર્ગદર્શન' જાહેર કરશે તેમ જાણવા મળ્યું છે. જોકે ત્યાં સુધીમાં કેસના આંકડા વધી જાય તેવું પણ બની શકે!

### વ્હાઈટ હાઉસમાં મિડીયા સામે વધુ એક ડ્રામા થયો

# હવે દ.આફ્રિકાના રાષ્ટ્રપતિ રામાફોસા સાથે ટ્રમ્પનું તૂમાખીભર્યુ વર્તન

**વાતચીત સમયે વિડીયો દર્શાવી દ.આફ્રિકામાં શ્વેત સમુદાયનો નરસંહાર થઈ રહ્યો હોવાના બરાડા પાડયાઃ ડેથ-ડેથ-બોલતા રહ્યા**



**જો કે રામાફોસાએ ઠંડા કલેજે જવાબ આપી 'તપાસ' કરાવવા કહ્યુંઃ મિડિયાને ડ્રામાની મજા લેવા દીધી નથીઃ હોટેલ પહોંચીને જવાબ**

વોશિંગ્ટનઃ અમેરિકામાં ચાર વર્ષ બાદ બીજી ટર્મ માટે ચૂંટાઈ આવેલા રીપબ્લીકન પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પની તૂમાખીભરી ડિપ્લોમસી અને અહંકારનો ભોગ યુક્રેનના રાષ્ટ્રપતિ ઝેલેસ્કી બન્યા બાદ અમેરિકાની મુલાકાતે રહેલા સાઉથ આફ્રિકાના પ્રમુખ સીરીલ રામાફોસા સાથે વ્હાઈટ હાઉસમાં વાતચીત સમયે કેમેરા સામેજ ટ્રમ્પે દક્ષિણ આફ્રિકામાં શ્વેત ખેડુતોનો સામૂહિક સંહાર થાય છે. તેઓને ખેતરો છોડી જવા ફરજ પાડવામાં આવે છે અને ટ્રમ્પે એક સ્ક્રીન પર તેનો વિડીયો દેખાડવાનું શરૂ કરી દીધુ હતું. ટ્રમ્પ અત્યંત આક્રમક રીતે ડેથ... ડેથ... ડેથ... હોરીબલ ડેથ... તેવા શબ્દો બોલતા રહ્યા હતા. તેઓએ ટ્રમ્પ તેનો ઉલ્લેખ કરી રહ્યા હતા તે ડચ-મૂળના શ્વેત સમુદાય ત્રણ-ચાર સદીથી દ.આફ્રિકામાં વસ્યા છે અને તે મોટાભાગે વિશાળ ખેતરો ધરાવે છે. જો કે દ.આફ્રિકન પ્રમુખે પોતે આ વિડીયો કદી જોયો નથી અને તેમાં જે દ્રશ્યો દર્શાવાય છે તેના પર તપાસની ખાતરી આપી હતી.

જો કે બાદમાં તેઓએ પત્રકારો સાથેની વાતચીતમાં પણ ડોનાલ્ડ ટ્રમ્પ સાથેની આ મુલાકાતને અત્યંત સારી ગણાવી હતી.

વોશિંગ્ટનમાં તેમની હોટેલમાં પહોંચ્યા બાદ તેઓએ ટ્રમ્પના વર્તનને નજર અંદાજ કર્યુ હતું. તેઓએ કહ્યું કે પ્રમુખ સાથે વ્યાપાર અને મૂડીરોકાણ ઉપરાંત ગોલ્ફ પર વાતચીત કરી હતી. તેઓએ પોતાના દેશના મિડીયા પર કટાક્ષ કરતા જણાવ્યું કે કદાચ તેમાં કોઈ ડ્રામા જોવા ઈચ્છતા હતા પણ તેઓ નિરાશ થયા છે. અમેરિકી મિડીયાએ પણ ટ્રમ્પની ટીકા કરતા જણાવ્યું કે દક્ષિણ આફ્રિકાના પ્રમુખ સાથે આ પ્રકારના વર્તનથી ચીન-રશિયાને જ લાભ થશે.

સાઉથ આફ્રિકન પ્રમુખે જો કે ટ્રમ્પ સાથેની વાતચીતમાં તેમના દેશમાં હીંસા વધી રહી છે તેનો સ્વીકાર કર્યો અને ઉમેર્યુ કે શ્વેત કરતા અશ્વેતની વધુ હત્યા થઈ.

## ભેટમાં મળેલા વિમાન અંગે પ્રશ્ન પૂછાતા ટ્રમ્પ ભડકયાઃ રીપોર્ટરને કહ્યું ગેટ આઉટ

**દ.આફ્રિકાના પ્રમુખએ પણ કટાક્ષ કરી લીધોઃ અમારી પાસે ભેટમાં આપવા વિમાન નથીઃ ૧૪ કિલોની ગોલ્ફ બુક ગીફટ કરી**

વોશિંગ્ટનઃ હાલમાં જ ગલ્ફ દેશોના પ્રવાસમાં વૈભવી બોઈંગ વિમાનની 'ભેટ' મેળવનાર અમેરિકી પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પને એક તરફ ઘરઆંગણે આ વિમાન અંગે પ્રશ્નોનો જવાબ આપવો પડે છે તો દક્ષિણ આફ્રિકાના પ્રમુખે પણ ટ્રમ્પને ચીંટીયો ભરી લીધો હતો. તેઓ પ્રમુખ ટ્રમ્પના ગોલ્ફ શોખને ધ્યાનમાં રાખીને ૧૪ કિલોની ગોલ્ફ બુક ટ્રમ્પને ભેટમાં આપી હતી અને એ પણ કહ્યું કે અમારી પાસે તમને આપવા માટે વિમાન નથી તેનું દુઃખ છે અને ટ્રમ્પે બિન્દાસ બનીને કાશ તમારી પાસે હોત તેવો જવાબ આપ્યો હતો. તેઓએ બાદમાં હોટેલ પર પત્રકારો સાથેની વાતચીતમાં ટ્રમ્પ સાથેની બેઠક બાદ વધુ સારુ લંચ તેઓ અને તેમના સાથેના ડેલીગેશને માણ્યુ હતું તેવો પણ ખાસ ઉલ્લેખ કર્યો. તેઓએ પોતાની આ મુલાકાતને સરળ ગણાવી. જો કે અમેરિકી મીડીયાએ ટીકા કરવાનું ચૂકયા નહી કે દક્ષિણ આફ્રિકાને આ રીતે ટ્રીટ થયુ તેનાથી ફાયદો ચીન-રશિયાને જાય. બાદમાં પત્રકાર પરિષદમાં એક અમેરિકી પત્રકારે ડોનાલ્ડ ટ્રમ્પને તમોને ભેટમાં મળેલા વિમાન અંગે પ્રશ્ન પૂછયો હતો અને ટ્રમ્પ ભડકી ગયા. તેઓએ વાત દ.આફ્રિકાના નરસંહારને બદલે બીજા મુદા પર લઈ જવા કોશીશ થતી હોય તેવો આક્ષેપ કર્યો. ટ્રમ્પે કહ્યું કે તમો કયા મુદા પર વાતચીત કરો છો. તમોને ખબર છે કે તમારે અહીંથી ચાલ્યુ જવુ પડશે. કતરથી મળનારા વિમાન સાથે આજની વાતચીતને શું લેવા દેવા છે. એક દેશ વિમાન ભેટમાં આપે છે તે સારી બાબત છે. ટ્રમ્પે રિપોર્ટર પર ભડકતા રહ્યા હતા અને તમને રીપોર્ટર તરીકેની સમજ નથી તેવુ કહી તમારે સ્ટુડીયો પરત ચાલ્યુ જવુ જોઈએ. ટ્રમ્પે તેમની પુરી મિડીયા કંપનીની તપાસ થવી જોઈએ તેવુ કહ્યું હતું.

# વાવાઝોડા સાથે વરસાદનો કહેરઃ યુપીમાં ૨૨, દિલ્હીમાં ૯ના મોત

**બુધવારે રાત્રે અચાનક હવામાનમાં પલટો આવ્યોઃ યુપીમાં કાનપુર, ફતેહપુર, ફિરોઝાબાદ સહિત ૩૬ જિલ્લાઓમાં વરસાદ-વાવાઝોડાથી ખાનાખરાબીઃ માત્ર વીજળી પડવાથી ૧૩ લોકોના જીવ ગયાઃ વૃક્ષો-વીજ થાંભલાઓ ધરાશાયી થતા ટ્રેન-વાહન-વિમાન વ્યવહારને અસરઃ મૃતકો-ઘાયલો માટે સીએમ યોગીએ સહાય જાહેર કરી**

નવીદિલ્હી તા.૨૨

નવીદિલ્હી સહિત ઉત્તર પ્રદેશમાં ગઈકાલે રાત્રે હવામાનમાં અચાનક પલ્ટો આવ્યો હતો. વાવાઝોડા સાથે ભારે વરસાદ અને કરાવૃષ્ટિથી વિનાશ સર્જાતા કુલ ૨૨ લોકોના મોત થયા છે. જેમાં ૧૩ લોકોના વીજળી પડવાથી મૃત્યુ થયા છે. વાવાઝોડાને કારણે અનેક વૃક્ષો અને વીજ થાંભલા ધરાશાયી થતા વીજ પુરવઠો ખોરવાઈ ગયો હતો અને વાહન વ્યવહારને અસર થઈ હતી. વાવાઝોડાના કારણે દિલ્હીમાં વિમાનોનું લેન્ડીંગ મુશ્કેલ બન્યું હતું. ૧૪ જેટલી મેટ્રો ટ્રેનોને અસર થઈ હતી. બીજીબાજુ કુદરતી આપત્તિમાં મૃત્યુ પામેલા લોકોના પરિવાર માટે યુપીના સીએમ યોગીએ ૪ લાખ રૂપિયાની સહાયની જાહેરાત કરી હતી.

આ અંગે વધુમાં જાણવા મળતા વિગત મુજબ દિલ્હી સહિત ઉત્તરપ્રદેશમાં ગઈકાલે રાત્રે વાવાઝોડા સાથે ભારે વરસાદ કરાવૃષ્ટિ થઈ હતી. રાજયના ૩૬ જિલ્લામાં વરસાદ નોંધાયો હતો. જેમાં કાનપુર, ફતેહપુર, ફિરોઝાબાદ, કન્નોજ, સીતાપુર, આઝમગઢ, વગેરેનો સમાવેશ થાય છે.





મુખ્યમંત્રી યોગીએ ડીએમ, એસડીએમ સહિતના અધિકારીઓને અસરગ્રસ્ત વિસ્તારોની મુલાકાત લઈ સર્વે કરવા નિર્દેશ કર્યો હતો. દિલ્હી-એનસીઆરમાં તબાહી દિલ્હી-NCR સહિત ઉત્તર ભારતના ઘણા રાજ્યોમાં બુધવારે રાત્રે હવામાન અચાનક બદલાઈ ગયું હતું. ભારે વરસાદ અને વાવાઝોડાને કારણે જનજીવન પ્રભાવિત થયું હતું. તેમજ ઘણા વિસ્તારોમાં વીજ પુરવઠો ખોરવાઈ ગયો હતો. તેમજ વાવાઝોડાને કારણે વૃક્ષો, હોર્ડિંગ્સ અને બોર્ડ પડી ગયા હોવાથી ટ્રાફિકજામની સમસ્યા સર્જાઈ હતી.

દિલ્હીના સફદરજંગમાં ૭૯ કિમી પ્રતિ કલાકની ઝડપે પવન ફૂંકાયો હતો. ગાઝિયાબાદમાં જોરદાર વાવાઝોડા પછી વરસાદ પડ્યો. જ્યારે ઘણા વિસ્તારોમાં કરા પણ પડ્યા હતા. બાગપતમાં પણ ભારે વાવાઝોડા અને વરસાદ સાથે કરા પડ્યા. એનસીઆરમાં અડધો ડઝન લોકોનાં મોત થયાં હતા. આ અકસ્માતોમાં દિલ્હીમાં બે, ગાઝિયાબાદમાં ત્રણ અને નોઈડામાં બે લોકોના મોત થયા હતું.

**૫૦ ફ્લાઇટ્સ મોડી પડી : વાહનવ્યવહાર પણ પ્રભાવિત**

વાવાઝોડાને કારણે દિલ્હી એરપોર્ટ પર વિમાનોનું લેન્ડીંગ મુશ્કેલ બન્યું હતું. આ સમયગાળા દરમિયાન, ૧૧ ફ્લાઇટ્સ જયપુર તરફ ડાયવર્ટ કરવામાં આવી હતી. તેમજ ૫૦ ફ્લાઇટ્સ મોડી પડી હતી. દિલ્હી ડિવિઝનમાં વાયર તૂટવા અને વૃક્ષો પડવાને કારણે ૧૪ ટ્રેનો પ્રભાવિત થઈ હતી. દિલ્હી-હાવડા સેકશન પર ૩૦ કિલોમીટરની ઝડપે ટ્રેનો દોડાવવામાં આવી હતી. તોફાનને કારણે દિલ્હી-એનસીઆરમાં ઘણી જગ્યાએ મેટ્રો પણ રોકવી પડી હતું.

દિલ્હીમાં વાવાઝોડા અને ભારે વરસાદના કારણે વીજળીનો થાંભલો પડી જવાથી એક દિવ્યાંગ વ્યક્તિનું મોત થયું છે, વાવાઝોડાના કારણે ઝાડ પડી જતા તેના નીચે દબાઈને ત્રણ વ્યક્તિના મોત થયું છે, વરસાદમાં દીવાલ ધરાશાયી થતા તેની નીચે દબાઈને ત્રણ લોકોના મોત, વરસાદ દરમિયાન વીજળી પડવાથી ગભરાઈને એક મહિલા ગટરમાં પડી જતા મોત થયા હતું. રેલીંગ માથે પડવાથી એક વૃધ્ધાનું મોત નીપજ્યું હતું.

## હરિયાણા હાઈકોર્ટને બોમ્બથી ઉડાવી દેવાની ધમકી મળીઃ તાત્કાલિક આખી કોર્ટ ખાલી કરાવાઈ

**બોમ્બ ડિટેકશન ટીમ, પોલીસ અધિકારીઓ દોડી આવ્યાઃ બપોરનાં બે કલાક સુધી કોર્ટ કાર્યવાહી સ્થગિત**

ચંદીગઢ તા.૨૨

પંજાબની હરિયાણા હાઈકોર્ટને આજે બોમ્બથી ઉડાવી દેવાનો ધમકીભર્યો ઈમેલ મળતા સુરક્ષાના ભાગરૂપે કોર્ટ ખાલી કરાવી વકીલોને એલર્ટ રહેવા જાણકારી આપવામાં આવી હતી. બપોરના બે કલાક સુધી કોર્ટની તમામ કાર્યવાહી સ્થગિત રહી હતી.





હરિયાણા હાઈકોર્ટને સવારે ૧૧-૩૦ કલાકે ઈમેલથી બોમ્બથી ઉડાવી દેવાની ધમકી મળતા તુરત જ પોલીસ અને સુરક્ષા વિભાગને જાણ કરવામાં આવી હતી. સાથે બાર એસો.ને જાણ કરી વકીલોને સતર્ક રહેવા અને શંકાસ્પદ ચીજવસ્તુઓ જોવા મળે તો તુરત જ જાણ કરવા જણાવાયું હતું. દરમિયાન પોલીસના ઉચ્ચ અધિકારીઓ, બોમ્બ ડિટેકશન ટીમ બોલાવવામાં આવી હતી અને આખી કોર્ટને ખાલી કરાવવામાં આવી હતી. બપોરના બે કલાક સુધી કોર્ટની કાર્યવાહી સ્થગિત રહી હતી.

## સલમાન ખાનની Y+ સુરક્ષા હોવા છતાં મુંબઈમાં તેના ગેલેક્સી એપાર્ટમેન્ટમાં એક શંકાસ્પદ વ્યકિત ગેરકાયદેસર રીતે ઘૂસી ગયો

મુંબઈ : એક ચોંકાવનારી ઘટનામાં, એક ૨૩ વર્ષીય વ્યક્તિ ગેરકાયદેસર રીતે મુંબઈના બાંદ્રા સ્થિત પોશ ગેલેક્સી એપાર્ટમેન્ટમાં પ્રવેશ્યો, જે રહેણાંક મકાન સુપરસ્ટાર સલમાન ખાનનું ઘર છે. આ વ્યક્તિએ પોલીસને જણાવ્યું હતું કે તે "એક



વાર સલમાનને મળવા માંગતો હતો."

પોલીસના જણાવ્યા અનુસાર, આ ઘટના ૨૦ મેના રોજ સાંજે ૭:૧૫ વાગ્યાની આસપાસ બની હતી. આ વ્યક્તિની ઓળખ છત્તીસગઢના રહેવાસી જિતેન્દ્ર કુમાર સિંહ તરીકે થઈ છે.

અહેવાલ મુજબ, સવારે સલમાનના ઘરની આસપાસ સિંહને ફરતો જોવા મળ્યો હતો, પરંતુ અભિનેતાની Y+ સુરક્ષાના ભાગ રૂપે બિલ્ડિંગમાં તૈનાત પોલીસે તેમને સ્થળ છોડી દેવાનું કહ્યું. તેનાથી ગુસ્સે ભરાયેલા સિંહે તેનો મોબાઇલ ફોન જમીન પર ફેંકીને તોડી નાખ્યો, અને પોલીસ અને ગાર્ડ સાથે પણ દલીલ કરી.

બાદમાં, તે જ સાંજે, સિંહ ગેલેક્સી એપાર્ટમેન્ટમાં રહેતા અન્ય વ્યક્તિની કારમાં બિલ્ડિંગના પરિસરમાં પ્રવેશ્યો હોવાનું કહેવાય છે. પરંતુ તેના પ્રયાસો છતાં, તેને ફરી એકવાર પકડી લેવામાં આવ્યો, અને આ વખતે, તેને અતિક્રમણ કરવા બદલ બાંદ્રા પોલીસને સોંપવામાં આવ્યો.

સિંહે પોલીસને જણાવ્યું હતું કે તે ફક્ત એક જ વાર અભિનેતાને મળવા માંગતો હતો, પરંતુ સલમાનના નિવાસસ્થાને અધિકારીઓએ તેને મળવા દીધો નહીં. "પોલીસ મને મળવા દેતી ન હતી તેથી હું છુપાઈ જવાનો પ્રયાસ કરી રહ્યો હતો," તેણે કહ્યું. તેમની સામે હવે સત્તાવાર ફરિયાદ દાખલ કરવામાં આવી છે અને તપાસ ચાલી રહી છે.

## કોરોના પાછો આવ્યો છે ? શું આપણે ચિંતીત થવુ જોઈએ ?

નવી દિલ્હી,તા.૨૨

સિંગાપોર, હોંગકોંગ, ચીન અને કેટલાક દક્ષિણ - પૂર્વ એશિયન દેશોમાં ફરીથી કોવિડના કેસોમાં સામાન્ય વધારો નોંધાયો છે. ભારતનાં ભાગોમાં પણ કોરોનાના કેસો નોંધાયા છે. શા માટે આ વધારો થઈ રહ્યો છે ? આપણે ચિંતત થવું જોઈએ?, આપણે તેનાં માટે શું કરી શકીએ?

**કોવિડના કેસોમાં વધારો કેટલો મોટો છે ? :-**


તે નોંધપાત્ર છે, પરંતુ ૨૦૨૦-૨૧ દરમિયાન આપણે જે સ્તરો જોયા હતા તેના જેવું કંઈ નથી. આરોગ્ય અને પરિવાર કલ્યાણ મંત્રાલયના જણાવ્યા અનુસાર, ભારતમાં કોવિડના ૨૫૭ સક્રિય કેસ છે , મોટાભાગે કેરળ, તમિલનાડુ અને મહારાષ્ટ્રમાં છે. મંત્રાલયે આ મહિનામાં એક મૃત્યુ નોંધાવ્યું હતું. આ દરમિયાન, સિંગાપોરના આરોગ્ય મંત્રાલયે જણાવ્યું હતું કે મે મહિનાની શરૂઆતમાં કેસ વધીને ૧૪,૨૦૦ થઈ ગયા છે, જેમાં દરરોજ ૧૩૩ હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા છે. ચીનના સેન્ટર ફોર ડિસીઝ કંટ્રોલમાં પણ કેસોમાં વધારો નોંધાયો છે. સાપ્તાહિક ધોરણે એકત્રિત કરવામાં આવેલા તેના નમૂનાઓમાંથી, મે મહિનાની શરૂઆતમાં કોવિડ ધરાવતાં લોકોનો દર વધીને ૧૬.૨ ટકા થયો હતો જ્યારે હોસ્પિટલમાં દાખલ થયેલા લોકોનો દર વધીને ૬ ટકાથી વધુ થઈ ગયો હતો.

**આ વધારાનું કારણ શું છે? :-**

દેશોનાં વૈજ્ઞાનિકોએ જેએન.૧ વેરિઅન્ટ તરફ ધ્યાન દોર્યું છે, જે કોવિડનું એક સંસ્કરણ છે જે યુરોપમાંથી ઉદ્ભવ્યું હતું અને ફ્રાન્સ, યુકે અને બાદમાં ઉત્તર અમેરિકામાં ફેલાયું હતું, જે ૨૦૨૩ ના અંતમાં શરૂ થયું હતું. વર્લ્ડ હેલ્થ ઓર્ગેનાઇઝેશન (ડબ્લ્યુએચઓ) એ ડિસેમ્બર ૨૦૨૩ માં તેનો પ્રકાર જાહેર કર્યો હતો કારણ કે તે કોવિડના અગાઉના સંસ્કરણો કરતા વધુ ઝડપથી ફેલાયો હતો. સિંગાપોરના આરોગ્ય અધિકારીઓએ જણાવ્યું હતું કે એલએફ.૭ અને એનબી .૧.૮ સહિતના સ્ટ્રેઇન કેસોમાં વધારા માટે જવાબદાર છે. પરંતુ ડબ્લ્યુએચઓ (WHO) માં, આ હજી સુધી એવા પ્રકારો ન હતા કે જેના પર તે ૧૪ એપ્રિલ સુધી નજર રાખી રહ્યું હતું.

**તો પછી, ચિંતા કરવાનું કોઈ કારણ છે ? :-**

નિષ્ણાતો અને ડેટા કહે છે કે 'ના'



ભારતનો ૨૫૭ નો કેસો એ રોગચાળાની ટોચ પર આપણે જે જોયું તેનો એક અંશ છે. ૨૦૨૧ માં બીજી લહેર દરમિયાન, ભારતમાં એક દિવસમાં ૩૦૦,૦૦૦-૪૦૦,૦૦૦ કેસ નોંધાઈ રહ્યા હતા. આ ઉપરાંત, ડબ્લ્યુએચઓ કહે છે કે જે.એન. ફક્ત હળવા લક્ષણો પેદા કરે છે વૈશ્વિક સ્તરે હેલ્થકેર અધિકારીઓને કોઈ પુરાવા મળ્યાં નથી કે નવીનતમ વેરિઅન્ટ ગંભીર લક્ષણોનું કારણ બની શકે.

**તો પછી આ રસીનો વધારો શા માટે ? :-**

ઈન્ફ્લ્યુએન્ઝા અને સંબંધિત શ્વસન વાયરસ સામાન્ય રીતે શિયાળામાં ફેલાય છે, જે આરોગ્ય તંત્રને મોસમી વધારા માટે વાર્ષિક રસીકરણ શરૂ કરવાની મંજૂરી આપે છે. જો કે, આ સ્પાઇક બતાવે છે કે કોવિડ ઋતુઓમાં વધી શકે છે. એશિયામાં આ વર્ષનો વધારો ઉનાળાનાં મહિનાઓમાં થઈ રહ્યો છે, જ્યારે ગયા વર્ષે સ્પાઇક્સ ઉનાળાના અંતમાં - પાનખર અને શિયાળાના મહિનાઓમાં પણ જોવા મળ્યો હતો. ગયા જૂનમાં, યુ.એસ. સેન્ટર્સ ફોર ડિસીઝ કંટ્રોલે જણાવ્યું હતું કે કોવિડ વર્ષ દરમિયાન વધી શકે છે અને પ્રમાણમાં વધુ તીવ્ર સ્થાનિક ફાટી નીકળવાનું કારણ બની શકે છે.

**જાહેર આરોગ્ય માટે આનો શો અર્થ થાય ? :-**


ભારત, સિંગાપોર અને ચીનનાં નિષ્ણાતોએ લોકોને મૂળભૂત સાવચેતીઓનું પાલન કરવા જણાવ્યું છે, જેમાં માસ્ક પહેરવું, અથવા ખાંસી અથવા છીંક આવે ત્યારે તમારા નાક અને મોંઢાને ઢાંકવું વગેરેનો સમાવેશ થાય છે. તેઓએ લોકોને ઘરે રહેવા અને જો તેઓ અસ્વસ્થ હોય તો મુસાફરી કરવાનું ટાળવા અને વારંવાર હાથ ધોવા જણાવ્યું છે. જો કે, હજી સુધી, ભારત અને વિદેશમાં આરોગ્યસંભાળ અધિકારીઓએ માસ્ક અને સામાજિક અંતર જેવા કોઈ રોગચાળાના પ્રતિબંધોને સત્તાવાર રીતે લાદ્યા નથી.

### 'ફ્રી પેલેન્સ્ટાઈન'ના નારા લગાવતા એક વ્યક્તિએ આડેધડ ગોળીબાર કર્યોઃ ધરપકડ

# વોશિંગ્ટનમાં ઈઝરાયેલી દૂતાવાસના કર્મચારીઓ પર ગોળીબારઃ બેના મોત

**વ્હાઈટ હાઉસ તેમજ એફબીઆઈ સહિતની મહત્વની અમેરિકી ઈમારતો ધરાવતા વિસ્તારમાં જ ભારતીય સમય મુજબ વ્હેલી સવારે શુટઆઉટ**





વોશિંગ્ટન ડી.સી. તા.૨૨

અમેરિકાના સૌથી સુરક્ષિત ગણાતા વોશિંગ્ટન ડી.સી. કે જયાં વ્હાઈટ હાઉસ સહિતના અમેરિકી રાષ્ટ્રપતિ આવાસ અને કચેરીઓ આવેલી છે ત્યાં ગઈકાલે ઈઝરાયેલી દૂતાવાસના બે કર્મચારીઓની ગોળી મારીને હત્યા કરાતા જ સમગ્ર વોશિંગ્ટનમાં એલર્ટ જારી કરી દેવામાં આવ્યું છે. બુધવારે રાત્રે ૯.૦૫ મીનીટે એટલે કે ભારતીય સમય મુજબ આજે સવારે ૬.૩૫ મીનીટે યહુદી મ્યુઝીયમ પાસે આ શુટઆઉટ થયું હતું. ટાઈમ્સ ઓફ ઈઝરાયેલના રિપોર્ટ મુજબ 'ફ્રી પેલેન્સ્ટાઈન'ના નારા લગાવતો એક વ્યક્તિ ઈઝરાયેલી દૂતાવાસના આ બંનેની નજીક આવ્યો હતો અને તેને અત્યંત નજીકથી ગોળી મારી હતી. મૃતકમાં એક મહિલા અને પુરુષ સામેલ છે. બંનેની હાલમાં જ સગાઈ થઈ હતી. પોલીસના જણાવ્યા મુજબ આ હુમલો કરનાર એલીયાસ રોડ્રીગેઝ તરીકે ઓળખવામાં આવ્યો હતો. ૩૦ વર્ષનો આ વ્યક્તિ શિકાગોનો રહેવાસી છે અને તેને જ ફ્રી પેલેન્સ્ટાઈનના નારા લગાવ્યા હતા. આ હુમલાના ઈઝરાયેલમાં પણ ઘેરા પડઘા પડયા છે. વડાપ્રધાન બેન્ઝામીન નેતાન યાહુએ તેને ઈઝરાયેલ પરના ત્રાસવાદી હુમલા તરીકે ગણાવ્યો હતો અને દુનિયાભરમાં ઈઝરાયેલી દૂતાવાસને અને અન્ય ઈઝરાયેલી સંસ્થાનોને વધુ સુરક્ષા આપવા આદેશ આપ્યા હતા. આ ઘટનામાં ઈઝરાયેલી દૂતાવાસના બંને કર્મચારીઓ યહુદી લાઈબ્રેરીમાંથી બહાર આવી રહ્યા હતા. ભીડભાડવાળા વિસ્તારોમાં પણ આ ઘટના બની હતી. લગભગ ચાર લોકો એક સાથે હતા તેમાં થયેલા ગોળીબારમાં આ બંનેના મૃત્યુ થયા છે. આ વિસ્તારમાં જ એફબીઆઈની કચેરી આવેલી છે અને ભારે સુરક્ષા વચ્ચે પણ થયેલો હુમલો અમેરિકામાં પણ સુરક્ષા સામે પ્રશ્ન ઉઠાવી ગયો છે.

**હુમલાખોર ઝડપાઈ ગયોઃ ઈઝરાયેલી પરના હુમલાથી નેતાનયાહુ પણ સ્તબ્ધઃ દુનિયાભરમાં અમેરિકી દૂતાવાસોની સુરક્ષા વધી**

### વ્હાઈટ હાઉસ નજીક થયેલા હુમલાથી ટ્રમ્પ સ્તબ્ધ

વોશિંગ્ટન તા.૨૨

અમેરિકામાં વોશિંગ્ટન ડી.સી.માં જ ઈઝરાયેલી દૂતાવાસના કર્મચારીઓ પર થયેલા હુમલાને પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પે આકરા શબ્દોમાં વખોડી કાઢતા અમેરિકામાં ત્રાસવાદ માટે કોઈ સ્થાન નહી હોવાનું જણાવીને સુરક્ષા વધારવા આદેશ આપ્યો છે. વ્હાઈટ હાઉસથી થોડે જ અંતરે આ ઘટના બની હતી અને તેથી અમેરિકી સુરક્ષા એજન્સીઓ પણ આ પ્રકારના હુમલા થયા તેનાથી અનેક સલામતી સામે પ્રશ્ન ઉભા થયા છે.

## મુનીર જ ધાર્મિક કટ્ટરપંથી, તેની વિચારધારાનું પરિણામ પહેલગામ હુમલોઃ વિદેશમંત્રી

**સંયુક્ત રાષ્ટ્ર દ્વારા જાહેર આતંકી ઠેકાણાને જ નિશાન બનાવાયા હતાઃ એસ.જયશંકર**

નવી દિલ્હી તા.૨૨

ભારતના વિદેશ મંત્રી એસ.જયશંકરે પાકિસ્તાની સેનાના પ્રમુખ ફિલ્ડ માર્શલ અસીમ મુનીર પર નિશાન સાધી કહ્યું હતું કે અસીમ મુનીર ધાર્મિક કટ્ટરપંથી છે. પહેલગામ આતંકી હુમલો તેની જ કટ્ટરવાદી વિચારધારાનું પરિણામ છે. નેધરલેન્ડના એક સમાચાર પત્રની સાથે વાતચીતમાં તેમણે વધુમાં જણાવ્યું હતું કે પહેલગામમાં આતંકી હુમલો કાશ્મીરની અર્થવ્યવસ્થા પર કરવામાં આવ્યો હતો, કારણ કે



કાશ્મીરની અર્થવ્યવસ્થા પર્યટન પર આધારિત છે. આ હુમલાથી ધાર્મિક ભેદભાવ વધારવાની કોશિશ કરવામાં આવી હતી અને લોકોને ધર્મ પૂછીને મારવામાં આવ્યા હતા.

વિદેશમંત્રીએ એવો પણ ઘટસ્ફોટ કર્યો હતો કે ભારતે સંયુક્ત રાષ્ટ્ર દ્વારા જાહેર કરવામાં આવેલ આતંકી ઠેકાણાઓને જ નિશાન બનાવવામાં આવ્યા હતા. તેમણે યુદ્ધ વિરામમાં કોઈ ત્રીજા પક્ષની મધ્યસ્થતાનો પણ ઈન્કાર કર્યો હતો.

### છુટાછેડા લીધા હોય કે 'વિધવા' દરેક મહિલાઓએ ફરજિયાત કરવા ચોથ કરવું જ જોઈએ!!

**હરિયાણાના એક વ્યકતિએ સુપ્રિમ કોર્ટમાં જનહિતની અરજી કરીઃ કોર્ટે રૂા.એક હજારનો દંડ કરી અરજી ફગાવી દીધી !!**

સુપ્રીમ કોર્ટમાં એક અજીબોગરીબ યાચિકા દાખલ થઈ હતી, જેમાં ડિમાન્ડ કરવામાં આવી હતી કે દેશની તમામ મહિલાઓ માટે કરવા ચોથનું વ્રત કરવાનું અનિવાર્ય કરી દેવું જોઈએ. હરિયાણાના પંચકુલા શહેરમાં રહેતા નરેન્દ્રકુમાર મલ્હોત્રા નામના ભાઈનું આ કારનામું હતું. તેમનું કહેવું હતું કે માત્ર પરિણીત જ નહીં; વિધવા, ડિવોર્સી કે કોઈ પુરુષ સાથે રિલેશનશિપમાં પણ હોય તે દરેક મહિલાએ આ વ્રત કરવું



જોઈએ. એટલું જ નહીં, તેણે અરજીમાં લખેલું કે જે મહિલા વ્રત ન કરે તેને સજા કરવી જોઈએ. સ્વાભાવિક છે કે સુપ્રીમ કોર્ટે નરેન્દ્રકુમારની મનઘડંત અરજીને ફગાવી દીધી હતી. કોર્ટે કહ્યું હતું કે આવી અરજી દાખલ કરવા પાછળની મકસદ કંઈક જુદી છે. કોર્ટે આવી દિમાગ વિનાની વાતો રજૂ કરીને કોર્ટનો સમય બરબાદ કરવા બદલ અરજીકર્તાને ૧૦૦૦ રૂપિયાનો દંડ ફટકાર્યો હતો.

## એકપણ વિકેટ લીધા વિના ૨૦૦ રન ખર્ચ્યાઃ ફારૂકીનો ખરાબ રેકોર્ડ

મુંબઈઃ

અફઘાનિસ્તાનના ૨૪ વર્ષના ફાસ્ટ બોલર ફઝલહક ફારુકીને રાજસ્થાન રોયલ્સે બે કરોડ રૂપિયામાં ખરીદ્યો હતો, પણ વર્તમાન સીઝનમાં તેણે પાંચ મેચમાં એક પણ વિકેટ લીધા વગર ૨૦ ઓવરમાં ૨૧૦ રન આપ્યા છે. તે હવે એક T૨૦ ટુર્નામેન્ટમાં વિકેટ લીધા વગર ૨૦૦ પ્લસ રન આપનાર પહેલો બોલર બન્યો છે. એ પહેલાં કેરિબિયન પ્રીમિયર લીગ



૨૦૧૯માં વેસ્ટ ઇન્ડીઝના ફાસ્ટ બોલર જેરોમ ટેલરે એક પણ વિકેટ લીધા વગર સૌથી વધુ ૧૯૩ રન આપવાનો અનિચ્છનીય રેકોર્ડ બનાવ્યો હતો. ફઝલહક ફારુકીને ગઈકાલે રાજસ્થાનની આ સીઝનની અંતિમ મેચમાં પણ રમવાની તક મળી નહોતી. ૨૦૨૨ અને ૨૦૨૩માં સનરાઇઝર્સ હૈદરાબાદ માટે ૭ મેચમાં ૬ વિકેટ લેનાર ફારુકી પોતાની છેલ્લી ૧૦ IPL મેચમાં જીત અપાવી શક્યો નથી.

**પોઈન્ટ ટેબલ**

| ટીમ | મેચ | જીત | હાર | નો-રિઝલ્ટ | નેટ રન-રેટ | પોઇન્ટ |
|---|---|---|---|---|---|---|
| ગુજરાત | ૧૨ | ૯ | ૩ | ૦ | +૦.૭૯૫ | ૧૮ |
| બેન્ગલોર | ૧૨ | ૮ | ૩ | ૧ | +૦.૪૮૨ | ૧૭ |
| પંજાબ | ૧૨ | ૮ | ૩ | ૧ | +૦.૩૮૯ | ૧૭ |
| મુંબઈ | ૧૩ | ૮ | ૫ | ૦ | +૧.૨૯૨ | ૧૬ |
| દિલ્હી | ૧૩ | ૬ | ૬ | ૧ | -૦.૦૧૯ | ૧૩ |
| કલકત્તા | ૧૩ | ૫ | ૬ | ૨ | +૦.૧૯૩ | ૧૨ |
| લખનઉ | ૧૨ | ૫ | ૭ | ૦ | -૦.૫૦૬ | ૧૦ |
| હૈદરાબાદ | ૧૨ | ૪ | ૭ | ૧ | -૧.૦૦૫ | ૯ |
| રાજસ્થાન | ૧૪ | ૪ | ૧૦ | ૦ | -૦.૫૪૯ | ૮ |
| ચેન્નઈ | ૧૩ | ૩ | ૧૦ | ૦ | -૧.૦૩૦ | ૬ |

## રાજકોટમાં કથીત પત્રકાર આણી ટોળકીનો આતંક

# સ્કૂલ સંચાલકના અંગતપળોના વિડીયો વાયરલ કરી ૨૫ લાખની ખંડણી માંગી

### સોશ્યલ રિપોર્ટ નામેથી સોશ્યલ મિડીયામાં સમાચાર ચલાવતાં આશિષ ડાભીએ પોતાના સાગરીત મારફતે સ્કૂલની ચેમ્બરના સીસીટીવી ફૂટેજ ચોરી કારસ્તાન રચ્યું

### એક વિડીયો ઈન્સ્ટાગ્રામ પેજ પર મૂકી તેના સાગરીત અને મીડિયા કર્મી એજાજ અને ધર્મેશ મારફત ખંડણી માંગી, પૈસા નહીં આપે તો અન્ય વિડીયો વાયરલ કરવાની ધમકી આપી

### સ્કૂલ સંચાલક ક્રાઈમ બ્રાન્ચ પાસે પહોંચતા ન્યાય મળ્યો, ગુનો નોંધી મુખ્ય સૂત્રધાર આશીષ ડાભી સહિતના બે મીડિયા કર્મીની ધરપકડ, સીસીટીવી આપનાર આરોપીની શોધખોળ

રાજકોટ. તા.૨૨

રાજકોટમાં કથિત પત્રકારો પણ બિલાડીના ટોપની માફક ફાટી નીકળ્યા હોય તેવું સામે આવી રહ્યું છે. ત્યારે કથીત પત્રકાર આણી ટોળકીનો આતંક પણ વધવા લાગ્યો છે. તેના આતંકનો વધું એક બનાવ સામે આવ્યો છે, જેમાં રાજકોટની સ્કૂલ સંચાલકના અંગત પળોના વિડીયો વાયરલ કરી ૨૫ લાખની ખંડણી માંગતા ક્રાઈમ બ્રાન્ચમાં ગુનો નોંધાયો હતો અને પોલીસે મુખ્ય સૂત્રધાર આશીષ ડાભી સહિતના શખ્સોની ધરપકડ કરી હતી. જ્યારે સીસીટીવી આપનાર શખ્સની શોધખોળ આદરી છે.

બનાવ અંગે ગાંધીગ્રામમાં આવેલ ભારતી નગર શેરી નં.૨ માં રહેતાં યશપાલસિંહ સિંધુભા ચુડાસમા (ઉ.વ.૪૭) એ નોંધાવેલ ફરીયાદમાં આરોપી તરીકે આશિષ ડાભી, એજાજ, ધર્મેશ અને તેઓની શૈક્ષણિક સંસ્થામાં સીસીટીવી કેમેરા ફિટ કરનાર માણસનું નામ આપતાં ક્રાઈમ બ્રાન્ચ પોલીસ મથકે બીએનએસ કલમ ૩૦૮(૫), ૬૧(૨) સહિતની કલમ હેઠળ ગુનો નોંધી તપાસ આદરી હતી.



વધુમાં ફરીયાદીએ જણાવ્યું હતું કે, તેઓ શહેરના ગાંધીગ્રામ, લાખના બંગલા ચોક પાસે, નિધી સ્કુલ નામની શૈક્ષણીક સંસ્થા ચલાવે છે. સ્કુલમાં સી.સી.ટી.વી. કેમેરા લગાવેલ છે.

ગઈ તા. ૧૯ ના સાંજના ચારેક વાગ્યાની આસપાસ મો. નં. ૯૫૧૦૪૫૦૪૦૪ ઉપરથી એક વ્હોટ્સએપ મેસેજ આવેલ જે જોતા સૌશીયલ રીપોર્ટ સાંધ્ય દૈનીકનો એક ફોટો હતો, જેમાં રાજકોટની રામાપીર ચોકડી નજીક લાખના બંગલા પાસે આવેલ નામાંકીત સ્કુલનો બિભત્સ વિડીયો થયો વાયરક તેવું લખેલ ફોટો મોકલેલ હતો.

જેમાં તેઓની સ્કુલની ચેમ્બરનો ફોટો હતો, જેમાં તેઓ અને તેમની સ્ત્રી મિત્ર આલીંગન અવસ્થામાં હોય તેવું દેખાતું હતું. જેની નીચે વિદ્યાના મંદીરને કલંકીત કરતો નરાધમ કોણ ? તેવું લખેલ હતું.

ત્યારબાદ તરત જ બીજો મેસેજ આવેલ જે તરત જ ડીલીટ કરી દેવામાં આવેલ હતો, જેથી મેસેજમાં શું લખાણ લખેલ હશે તે વાંચી શકેલ નહીં, તેઓએ પોતાની રીતે તપાસ કરતા આ સોશીયલ રીપોર્ટ સાંધ્ય દૈનીક આશીષ ડાભી સંચાલીત છે, તેવું ધ્યાનમાં આવેલ, જેથી તેઓ ખુબ જ ડરી ગયેલ અને તેઓએ તેમના મિત્ર અનિરૂધ્ધભાઈ નકુમને ફોન કરી બદનામીથી બચાવવા કહેલ હતું.

ત્યારબાદ સોશીયલ રીપોર્ટ સાંધ્ય દૈનીકની ફેસબુક તથા ઈન્સ્ટાગ્રામની સાઈટ ઉપર આ ફોટો અપલોડ કરવામાં આવેલ હતો, બાદમાં અનિરૂધ્ધ નકુમએ બીજા દીવસે સવારે મળીને જણાવેલ કે, આશીષ ડાભી આવેલ હતો અને તેની પાસે આવા સાત વિડીયો છે, આ વિડીયો વાયરલ નહી કરવા પેટે તે રૂ.૨૫ લાખની માંગણી કરે છે. આ વિડીયો બીજા લોકો પાસે છે, જે લોકો સામે બેસવાની ના પાડે છે. તેમજ કહેલ કે, મારા થકી આ મેટર પતી જશે, તમે જો આ રકમ તેને નહી આપો તો આ વિડીયો વાયરલ થઈ જશે તેમ જણાવેલ હતું. જેથી તેઓ ખૂબ જ ગભરાય ગયેલ અને મનોમન આત્મહત્યા કરવાનું લાગી આવેલ હતું.

ત્યારબાદ ફરિયાદીને તેમના મિત્ર ધર્મેન્દ્રસિંહવાળાનો ફોન આવેલ કે, એજાજ તથા ધર્મેશ નામના વ્યક્તિઓએ પાસે તમારા વિડીયો હોવાની પોતાને વાત કરેલ છે. જેથી ફરીયાદીએ તેઓને આ વિડીયો વાળું પ્રકરણ પુરૂ કરાવવા કહેલ હતું. ત્યારબાદ તેઓ મિત્ર ધર્મેન્દ્રસિંહ વાળા સાથે ફોનથી સતત સંપર્કમાં હોય તેઅને તેઓએ કહેલ કે, એજાજ તથા ધર્મેશ બન્ને મારી સાથે સંપર્કમાં છે, તેઓ બન્ને પૈસાની માંગણી કરે છે. જો આપણે તેઓને પૈસા આપી દેશું તો તેઓ આ વિડીયો વાયરલ નહી કરે અને આ પ્રકરણ પતી જશે, તેમજ તે લોકોએ તેવું પણ કહેલ છે કે, જો આ બાબતે પોલીસ કે અન્ય કોઈને વાત કરશો તો તમારૂ જીવવું મુશ્કેલ બની જશે તેવી વાત કરેલ હતી. જેથી આ લોકો કાવતરું રચી બદનામીનો ડર બતાવી જે પેટે ખંડણીની રકમ પડાવવા માંગતા હોય તેવું લાગતું હતું.



તેઓની સ્કુલમાં જે તે વખતે સી.સી.ટી.વી. ફીટ કરનાર કંપનીનો માણસ જેની પાસે પાસવર્ડ હતા તે પાસવર્ડ તેઓની અજ્ઞાનતાના કારણે બદલાવેલ ન હતા, જેથી સીસીટીવી ફીટ કરનાર માણસએ સ્કુલની ચેમ્બરના સીસીટીવી વિડીયો મેળવી લઈ આરોપીઓ સાથે મળી બ્લેકમેઈલ કરી તેઓની પાસેથી મોટી રકમ પડાવવા અને તેઓની નીજી જીંદગીને લોકો સમક્ષ મુકી તેઓ અને તેમની શૈક્ષણીક સંસ્થાને બદનામ કરવા કાવતરું રચેલ છે.

બનાવ અંગે ફરીયાદ પરથી ક્રાઈમ બ્રાન્ચ પોલીસે ગુનો નોંધી પીઆઈ એમ.એલ.ડામોર અને ચીરાગ જાદવ અને ટીમે મુખ્ય સૂત્રધાર આશિષ ડાભી અને તેના સાગ્રિતોની મોડી રાતે જ ધરપકડ કરી હતી જ્યારે સીસીટીવી ફૂટેજ આપનાર શખ્સની ધરપકડ કરવા તજવીજ હાજરી છે.

### અનેક લોકો કથિત પત્રકારનો ભોગ બની રહ્યાં છે, બદનામીના ડરથી સામે નથી આવતાં અને ટોળકી 'તોડ' ને અંજામ આપે છે

શહેરમાં અનેક લોકો બની બેઠેલાં કથીત પત્રકારોનો ભોગ બની રહ્યાં છે અને લોકો બદનામીના ડરથી સામે નથી આવતાં અને ટોળકી 'તોડ' ને અંજામ આપે છે. જેમાં સમાચાર અને પત્રકારત્વ સાથે કોઈ લેવાં દેવાં નથી તેવા લોકો સોસીયલ મિડિયા મારફત કે બ્રેકિંગ પ્લેટ બનાવી લોકોને ગુમરાહ કરે છે. તેમજ લોકોના અંગત જીવન કે વ્યવસાયિક ધંધાને ટાર્ગેટ કરી તેના ફોટા-વિડીયો ઉતારી વાયરલ કરવાની ધમકી આપી રૂપીયા પડાવી લેવાની મોડસ ઓપરેન્ડી ધરાવે છે. જેમાં લોકોએ પણ ડર્યા વિના બેખૌફ પોલીસ સામે જવું જોઈએ અને ન્યાય મેળવવો જોઈએ.

### હજું પણ અનેકના તપેલા ચડશે, અનેક ટ્રેપ સામે આવશે ?

ગંભીર પ્રકારના ગુનામાં ક્રાઈમ બ્રાન્ચે જ ગુનો નોંધી તપાસ કરી રહી છે. ત્યારે આરોપીને ગણતરીની કલાકોમાં જ દબોચી લીધાં બાદ પોલીસ સૂત્રોએ જણાવ્યું હતું કે, હજું પણ ગુનામાં માસ્ટર માઇન્ડ કોઈ અલગ વ્યક્તિ હોય તેવું સામે આવી રહ્યું છે. તેમજ તપાસ દરમિયાન અગાઉ પણ આરોપીઓ દ્વારા કરાયેલ ટ્રેપ સામે આવી શકે તેવી શંકા દર્શાવાઇ રહી છે.

### મીડિયા સાથે જોડાયેલ અન્ય કર્મીઓ પણ તોડમાં લાભ ખાટવા ગયાં અને ફસાયા

સ્કૂલ સંચાલકના અંગત પળોના વિડીયો વાયરલ કરી ખંડણી માંગવાના ગુનામાં સ્કૂલ સંચાલક દ્વારા પ્રથમ સમાધાન માટે મીડિયેટર મારતફ એક મીડિયા હાઉસના કર્મીઓનો સંપર્ક કરવામાં આવ્યો, જે કર્મીઓની પણ લાળ ટપકી હતી અને પોતે પણ માલામાલ થઈ જશે તેવા ઈરાદાથી આ મામલામાં કૂદયા હતાં. જો કે, કોલ પર લાંબી વાત કરવામાં જ સમય પસાર કર્યો અને ફરીયાદી પોલીસ પાસે પહોંચી જતા સમગ્ર મામલો સામે આવ્યો હતો.

### આશીષ ડાભી દારૂના ગુનામાં પણ સંડોવાયેલ છે

ખંડણી માંગવાના ગુનામાં સંડોવાયેલ આશીષ ડાભી દારૂના ગુનામાં પણ પકડાઈ ચુકેલ હોવાનું સામે આવ્યુ છે જેમાં અગાઉ અમદાવાદના અસલાલી પોલીસે બુટલેગરને દારૂની ૧૨૦ બોટલ સાથે પકડાયો હતો. જેની તપાસમાં આશીષ ડાભીનું નામ ખુલ્યું હતું.જે ગુનામાં ફરાર હતો ત્યારે રાજકોટ ક્રાઈમ બ્રાંચની ટીમે જ તેને પકડી પાડયો હતો.

# તોડબાજ પત્રકારોએ 'પર્ટીકયુલર મિશન' નામ આપી ખંડણી માંગીઃ પોલીસને જાણ કરી તો જીવ ગુમાવશો ધમકી આપી

### ડીસીપી ક્રાઈમ ડો.પાર્થરાજસિંહ ગોહિલની રાહબરીમાં પોલીસે મોડી રાતે ઓપરેશન આદર્યુ, ટ્રેપ ગોઠવી આરોપીઓને ખંડણીના રૂપિયા લેવા બોલાવી દબોચી લીધા

રાજકોટ તા.૨૨

શહેરમાં તોડબાજ પત્રકારોનો પણ તોડ નથી તેમ અવારનવાર લોકોને હેરાન કરી તોડ કરતા કથીત પત્રકારો સામે આવી રહ્યા છે ત્યારે વધુ એક ટોળકીએ સ્કૂલ સંચાલકના અંગત પળોના ફોટા વિડિયો વાયરલ કરવાની ધમકી આપી ૨૫ લાખની ખંડણી માંગવાના ગુનામાં ક્રાઈમ બ્રાંચની ટીમે મહત્વની ભૂમિકા ભજવી હતી અને ફરીયાદી સાથે રાખી એક ટ્રેપ ગોઠવી આરોપીઓને દબોચી લીધા હતા.

જે મામલે ડીસીપી ક્રાઈમ ડો. પાર્થરાજસિંહ ગોહિલે જણાવ્યું હતું કે ગઈકાલે જ એક સ્કૂલ સંચાલક ક્રાઈમ બ્રાંચની ઓફિસે દોડી આવ્યા હતા. અને પોતાની સ્કૂલના સીસીટીવી હેક કરી અમૂક શખ્સોએ તેમના અંગત પળોના વિડિયો વાયરલ કરવાની ધમકી આપી ખંડણી માંગી હોવાની વાત કરતા ક્રાઈમ બ્રાંચની ટીમ હરકતમાં આવી હતી. અને તુરંત જ ફરીયાદીનું નિવેદન નોંધી તમામ વિગત મેળવી હતી.

જે બાદ ક્રાઈમ બ્રાંચની ટીમે ફરીયાદીને સાથે રાખી એક ટ્રેપ ગોઠવી હતી જેમાં ફરીયાદીએ મીડિયેટર ધર્મેશને રૂપિયા લેવા આવવાનું કહેતા પોલીસે ગોઠવેલ ટ્રેપના સ્થળ પર એજાજ અને ધર્મેશ પહોંચ્યા હતા અને ક્રાઈમ બ્રાંચના હાથે દબોચાયા હતા. બાદમાં તુરંત જ મુખ્ય સુત્રધાર આશીષ ડાભીને પણ પકડી લીધો હતો.

ઉપરાંત ડીસીપીએ જણાવ્યું હતું કે આરોપી આશીષ ડાભીએ અન્ય શખ્સો સાથે મળી ખંડણી લેવાના મામલે પર્ટીક્યુલર મીશન તેવું નામ આપી ઓપરેશન ચાલુ કર્યુ હતુ. પરંતુ ક્રાઈમ બ્રાંચના ઓપરેશનમાં આરોપીઓની જ સર્જરી થઈ ગઈ હતી.

# માહી ડેરીના વેટરનરી ડોકટર સંજય પટેલનું હાર્ટ એટેકથી મોત, રાત્રે સુતા બાદ સવારે ઉઠ્યા જ નહીં

### સંજયભાઈ રાજકોટના ન્યુ ૧૫૦ રિંગ રોડ પર આવેલ ધ ટેમ્પલ એપાર્ટમેન્ટમાં રહેતા, ત્યાં બેભાન થયા બાદ સિવિલ હોસ્પિટલમાં ખસેડતા મૃત જાહેર કરાયા હતા

રાજકોટ, તા.૨૨

પ્રખ્યાત માહી ડેરીના વેટરનરી ડોક્ટર સંજય પટેલનું હાર્ટ એટેકથી મોત થયું છે. તેઓ ગત રાત્રે સુતા બાદ સવારે ઉઠ્યા જ નહોતા. નીંદરમાં જ તેઓનું હૃદય ધબકારા ચુકી ગયું હતું. બનાવથી પરિવાર અને તેમના સ્નેહીજનોમાં શોક છવાયો છે.

આ અંગે મળતી વિગત મુજબ, સંજયભાઈ ભાણજીભાઈ પટેલ (ઉં. વ. ૬૨, રહે તો ટેમ્પલ અર્જુન પાર્ટી પ્લોટ ૧૫૦ ફૂટ રીંગ રોડ રાજકોટ સવારે છ વાગ્યે પોતાના ઘરે બેભાન થઈ જતા તેમને તત્કાલ હોસ્પિટલે ખસેડતા ડોક્ટરે જોઈ તપાસી મૃત જાહેર કર્યા હતા. આ અંગે મૃતકના પરિવારજનો અને સ્નેહીજનો તરફથી માહિતી મળી હતી કે, સંજયભાઈ અગાઉ માહી દૂધની ડેરીમાં વેટરનરી ડોક્ટર તરીકે સેવા આપતા હતા તેમને સંતાનમાં બે દીકરા છે. તેઓ ગઈકાલે પોતાના ઘરે રાત્રે સુઈ ગયા હતા બાદમાં સવારે તેમના ઘરના સભ્યોએ ઉઠાડતા તેઓ ન જાગતા હોસ્પિટલે ખસેડવામાં આવ્યા હતા. રાજકોટ તાલુકા પોલીસે મૃતદેહ પીએમમાં ખસેડવા તેજવીજ કરી હતી.



# મોડી રાત્રે માલિયાસણ પુલ પાસે રીક્ષા પલટી મારી જતા રંગીલાના કમલેશ વાઘેલાનું મોત

### કમલેશ ઈજાગ્રસ્ત થતા પ્રથમ સિવિલ બાદ દોશી હોસ્પિટલમાં ખસેડતા સારવારમાં મોત નીપજ્યું હતું

### મૃતક સીએનજી રીક્ષા ચલાવતો, ત્રણ સંતાનોએ પિતાની છત્રાછાયા ગુમાવતા પરિવારમાં ભારે કલ્પાંત

રાજકોટ, તા.૨૨

ગત મોડી રાત્રે માલિયાસણ પુલ પાસે રીક્ષા પલટી મારી જતા રંગીલા સોસાયટીના કમલેશ વાઘેલાનું મોત નીપજ્યું હતું. કમલેશ ઈજાગ્રસ્ત થતા પ્રથમ સિવિલ હોસ્પિટલ બાદ દોશી હોસ્પિટલમાં ખસેડતા સારવારમાં મોત નીપજ્યું હતું. મૃતક સીએનજી રીક્ષા ચલાવતો હતો. ત્રણ સંતાનોએ પિતાની છત્રાછાયા ગુમાવતા પરિવારમાં ભારે કલ્પાંત છવાયો છે.

આ અંગે મળતી વિગત અનુસાર, કમલેશ કેશુભાઈ વાઘેલા (ઉં.વ.૪૫) (રહે. રંગીલા સોસાયટી નવાગામ આણંદપર, રાજકોટ) ગઈકાલે મોડી રાત્રે ૩ વાગ્યે અમદાવાદ હાઈવે પર પોતાની સીએનજી રીક્ષા લઈને જઈ રહ્યો હતો, ત્યારે કોઈ કારણોસર સીએનજી રીક્ષા અચાનક જ રોડ ઉપર પલટી મારી ગઈ હતી. માલીયાસણ પુલ પાસે આ બનાવ બન્યો હતો. કોઈએ ૧૦૮ માં જાણ કરતા કમલેશને પહેલા રાજકોટ સિવિલ હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યો હતો. જ્યાંથી તેના સગા સંબંધીઓ આવી જતા તેને દોશી હોસ્પિટલમાં રિફર કર્યો હતો. જ્યાં સારવાર દરમિયાન કમલેશે દમ તોડી દીધો હતો. કમલેશ રીક્ષા ચલાવવી પોતાના પરિવારનું ગુજરાન ચલાવતો હતો. તેને સંતાનમાં એક દીકરી અને બે દીકરા છે. તે ત્રણ ભાઈ અને બે બહેનમાં નાનો હતો. ત્રણ સંતાનોએ પિતાની છત્ર છાયા ગુમાવતા પરિવારમાં શોક છવાયો છે.

# રૈયા રોડ પર ન્યુ અંબિકા પાર્કમાં ગળાફાંસો ખાઈ પ્રૌઢ દિલીપ ભગતનો આપઘાત

### એકલવાયા જીવનથી કંટાળી પગલું ભર્યું, ઘરમાંથી દુર્ગંધ આવતા બે દિવસ બાદ બનાવની જાણ થઈ

રાજકોટ, તા.૨૨

રૈયા રોડ પર ન્યુ અંબિકા પાર્કમાં ગળાફાંસો ખાઈ પ્રૌઢ દિલીપ ભગતએ આપઘાત કરી લીધો હતો. ઘરમાં એકલા રહેતા હોય, બનાવ વખતે કોઈને જાણ નહોતી થઈ, ઘરમાંથી દુર્ગંધ આવતા બે દિવસ બાદ બનાવની જાણ થઈ હતી. પોલીસે કોહવાયેલો મૃતદેહ પીએમ અર્થે ખસેડી વધુ તપાસ હાથ ધરી હતી.

બનાવો અંગે પોલીસ સૂત્રો તરફથી મળેલી વિગત મુજબ રહ્યા રોડ પર ન્યુ અંબિકા પાર્ક શેરી નંબર ૨ માં રહેતા દિલીપભાઈ ધનજીભાઈ ભગત ઉંમર વર્ષ ૫૦ એ પોતાના ઘરમાં ગળાફાંસો લગાવી આપઘાત કરી લીધો હતો. તેઓ ત્રણ ભાઈમાં હતા અને એકલવાયું જીવન જીવતા હતા. ગઈકાલે સાંજે સાત વાગ્યા આસપાસ પાડોશી એ પોલીસમાં જાણ કરી હતી કે દિલીપભાઈના ઘરમાંથી ખૂબ જ દુર્ગંધ આવે છે. જેથી યુનિવર્સિટી પોલીસના એએસઆઈ જીતુભાઈ બાળા તેમના સ્ટાફ સાથે દોડી ગયા હતા. પોલીસે તપાસ કરતા દિલીપભાઈ પોતાના ઘરમાં ગળાફાંસો ખાધેલી હાલતમાં મળી આવ્યા હતા. મૃતદેહ એકદમ કોહવાઈ ગયેલો હોવાથી બે દિવસ પહેલા તેમણે પગલું ભરી લીધું હોવાનું અનુમાન છે. તેમના ભાઈઓ બરોડા ખાતે રહેતા હોય પોલીસે તેઓને જાણ કરી હતી.

# વેલનાથપરામાં પોલીસ ઉપર હુમલો કરનાર આરોપીનો જામીન પર છુટકારો

રાજકોટ, તા. ૨૨

વેલનાથપરામાં પોલીસ ઉપર હુમલો થયાના બનાવમાં ૨૦૦ લોકોના ટોળાં સામે ગુનો દાખલ થયો હતો. જેમાં આરોપી રાહુલ સામદભાઈ ડાભીનો જામીન પર છુટકારો થયો છે.

ગત તા.૧૯/૦૫/૨૦૨૫ના રોજ બપોરના ૩.૩૦ કલાકે ગોંડલ હાઇવે રોડ પર વેલનાથ પરામાં ધાર્મિક વિધિના બહાને પશુ બલી આપેલ જેના ઉપર વિજ્ઞાન જાથા રાજકોટ સંસ્થા દ્વારા કાયદેસરની કાર્યવાહી કરેલ હોય તે બાબતે બીજો કોઈ અનિચ્છનીય બનાવ ન બને તે માટે પોલીસ બંદોબસ્ત રાખેલ હતો. ત્યારે અંદાજે ૧૫૦ થી ૨૦૦ લોકોના ટોળાં દ્વારા ધોકા તથા પથ્થર વડે હુમલો કરી પોલીસની કાયદેસરની કાર્યવાહીમાં અડચણ રૂપ થઈ ગેરકાયદેસર અવરોધ કરી ધોકા તથા પથ્થર વડે ઈજા કરી હતી. આજી ડેમ પોલીસ સ્ટેશનમાં ગુનો દાખલ થયો હતો. જેમાં આરોપીઓની અટક કરવામાં આવેલ અને ત્યારબાદ આરોપીને કોર્ટમાં રજુ કરવામાં આવેલ. આરોપી રાહુલના વકીલ દ્વારા લાંબાણપૂર્વકની દલીલ કરાઈ હતી. તેમજ હાઇકોર્ટ તેમજ સર્વોચ્ચ ન્યાયાલયના ચુકાદાઓ રજુ કરતા રાજકોટના ૬ એડિશનલ સિવિલ જજ અને જે.એમ.એફ.સી જજ દ્વારા આરોપીને જામીન ઉપર મુકત કરતો હુકમ ફરમાવેલ હતો. આ કેસમાં આરોપી રાહુલ ડાભી વતી યુવા એડવોકેટ કૈલાશ જે. જાની, નિશાંત એમ. જોષી, ગૌરાવ એમ. ચનીયારા તથા રાહુલ આર. પરમાર રોકાયેલા હતા.

# આમ આદમી પાર્ટીના કાર્યકર્તા તરીકે મહિલા સાથે સંપર્ક કરી વિધર્મી શખ્સે અનેક વખત દુષ્કર્મ આચર્યું

### જામનગરના ગુલાબનગરની મહિલાએ અક્રમ ખીરા વિરુદ્ધ સિટી એ ડિવિઝનમાં ફરિયાદ નોંધાવતા ખળભળાટ

### આપણે મહિલાઓની સમસ્યાને વાચા આપીશું તેમ કહી પાર્ટી પ્રચારમાં લઈ જતો, પછી હું તને અપનાવી લઈશ તેમ કહી અવાર નવાર શરીર સંબંધ બાંધ્યો

જામનગર તા.૨૨

જામનગરમાં ચોંકાવનારો કિસ્સો સામે આવ્યો છે. જેમાં એક વિધર્મી શખ્સે જામનગરના ગુલાબનગરમાં રહેતી પરણિત મહિલાને પોતાની જાળમાં ફસાવી હતી. આરોપીએ અનેક વખત દુષ્કર્મ પણ આચર્યું હતું, એટલું જ નહિ પીડિતાની ૭ વર્ષની બાળકી સાથે પણ શારીરિક અડપલાં કર્યાના ચોંકાવનારા આરોપ લાગી રહ્યા છે. સમગ્ર મામલે સિટી એ ડિવિઝન પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાઈ છે. જેને આધારે પોલીસે વધુ તપાસ હાથ ધરી છે.



ચકચારી પ્રકરણની વિગત એવી છે કે જામનગરમાં વર્ષ ૨૦૨૨ ની ધારાસભ્યની ચૂંટણી દરમ્યાન એક પરણિત મહિલા પોતાને જામનગરના આમ આદમી પાર્ટીના કાર્યકર ગણાવતા અક્રમ સલીમ ખીરાના સંપર્કમાં આવી હતી. તે વેળાએ આરોપીએ એવું કહ્યું હતું કે આપણે આમ આદમી પાર્ટીના પ્રચારમાં જવાનું છે અને જે મહિલાઓને આર્થિક સમસ્યા હોય તે મહિલાઓને સાથે લઈ લેજો. આ સમયથી બંને સંપર્કમાં આવ્યા બાદમાં આરોપી અક્રમે લગ્નની લાલચ આપી મહિલા સાથે પ્રેમ સબંધ બાંધ્યો હતો અને અનેક વખત દુષ્કર્મ આચર્યું હતું. શરૂઆતમાં અક્રમે એવુ જણાવ્યું હતું કે તેના લગ્ન થયાં નથી અને તેણીને અપનાવી લેશે. અંદાજે ત્રણ વર્ષ સુધી આરોપી અક્રમ પીડિત મહિલા સામે જબરજસ્તીથી સબંધ રાખ્યા હતા.

આરોપી અક્રમ અવાર નવાર તેના ઘરે જતો અને શરીર સબંધ બાંધતો હતો. એટલું જ નહિ મહિલાની ૭ વર્ષની દીકરી સાથે શારીરિક અડપલાં કર્યા હતા. વાત આટલાથી આટકતી ન હોય તેમ મહિલાને તેના પતિથી અલગ થઈ જવા કહી છુટાછેડા પણ લેવડાવી લીધા હતા. અક્રમ પીડિત મહિલાના ઘરમાં તાંત્રિક વિધિની વસ્તુઓ પણ મૂકી હતી. હાલ પોલીસે જામનગર સિટી એ ડિવિઝન પોલીસ મથકમાં સમગ્ર મામલે પીડિત મહિલાએ ફરિયાદ દાખલ કરાવતા પોલીસે પોક્સો, દુષ્કર્મની કલમ હેઠળ અક્રમ સામે ગુનો નોંધ્યો છે.

# અગાઉના ઝઘડાનો ખાર રાખી યુવાન પર પાંચેક શખ્સનો ધોકાથી હુમલો

### જે.કે. પાર્ક પાસેના મેદાન નજીક યુવાનને બોલાવી બેફામ મારમાર્યો, ગુનો નોંધાયો

રાજકોટ. તા.૨૨

જે.કે. પાર્ક પાસેના મેદાન નજીક અગાઉના ઝઘડાનો ખાર રાખી યુવાન પર પાંચેક શખ્સએ ધોકાથી હુમલો કરતાં યુની. પોલીસ મથકમાં ગુનો નોંધાયો હતો.

બનાવ અંગે રૈયા ગામમાં શેરી નં.૧ માં રહેતાં ફરીદભાઈ ઓસમાનભાઈ નોયડા (ઉ.વ.૪૨) એ નોંધાવેલ ફરીયાદમાં આરોપી તરીકે રીયાન, કામીલ તેમજ અજાણ્યાં ત્રણ શખ્સોના નામ આપી જણાવ્યું હતું કે, તેઓ ગુજરાત પસ્તી ભંડાર નામે દુકાન ચલાવે છે અને ત્યા ભંગારનુ લે વેચનુ કામ કરે છે. ગઈકાલે બપોરના સમયે તેઓનો નાણાવટી ચોક ધરમનગર મેઈન રોડ પર આવેલ ભંગારના ડેલા પર હતાં ત્યારે ભત્રીજા અમન નોયડાનો ફોન આવેલો કે, હુ અત્યારે જે.કે. પાર્ક રૈયાગામ પાછળ મેદાનમા છુ, અહી રીયાન તથા કામીલે ફોન કરીને મારે અગાઉ ઝઘડો થયેલો હોય, જે બાબતે સમાધાન કરવા માટે બોલાવેલો હતો અને ત્યા જતા રીયાન અને કામીલ મને માર મારેલો છે, હું ઘરે આવુ છું, તેવી વાત કરતા ફરીયાદી તેના ઘરે ગયેલો અને અમનને બનાવ બાબતે પુછતા જણાવેલ કે, મારે રીયાન તથા કામીલ સાથે અગાઉ ઝઘડો થયેલો હોય, જેનુ સમાધાન કરવા મેદાનમા બોલાવેલો હતો અને ત્યા હુ તથા મારા મીત્રો અરમાન અને રેહાન પહોંચતા બંને શખ્સોએ ગાળો આપી રીયાને તેની પાસે રહેલો ધોકાનો એક ઘા ઝીંકી દિધો હતો.

બાદમા ઢીકા પાટુનો માર મારવા લાગેલ હતાં. તેમને મિત્રો છોડાવવા વચ્ચે પડતા તેઓને પણ ઢીકા પાટુનો માર મારેલો હતો. થોડીવારમા પાછળથી બીજા અન્ય ત્રણેક માણસો આવી જતા તેઓ પણ મારી બોલાચાલી, ઝઘડો કરવા લાગેલા હતા અને તેમાથી એક શખ્સ પાસે તલવાર હતી અને બાદમા તેઓ રાડારાડી કરવા લાગતા આરોપી નાસી છૂટચા હતાં. તેમજ આરોપીઓએ કહેલ કે, જો આ ઝઘડાની વાત કોઈને કહીશ તો તને જાનથી મારી નાખીશું.

બનાવ અંગેની ફરીયાદ પરથી યુની. પોલીસે ગુનો નોંધી આરોપીને પકડવા તજવીજ આદરી હતી.

# હડકોના આશાપુરાનગરમાં સીડી પરથી પડી ગયેલા ઈલાબા જાડેજાનું સારવારમાં મોત

શહેરના કોઠારીયા રોડ પર હુડકો વિસ્તારમાં આવેલ આશાપુરાનગર શેરી નં.૩માં રહેતા ઈલાબા કૃષ્ણસિંહ જાડેજા (ઉ.વ.૪૫) ગત તા.૬/૫ના રોજ બપોરે ૨-૩૦ વાગ્યે પોતાના ઘરે હતા ત્યારે સીડી પરથી પડી ગયા હતા. તેમને સૌ પ્રથમ એઈમ્સ હોસ્પિટલ બાદ રાજકોટ સિવિલ હોસ્પિટલમાં ખસેડાયા હતા. રાત્રે લાંબી સારવાર બાદ ઈલાબાનું આજે બપોરે ૧૨-૧૫ વાગ્યે મૃત્યુ નિપજતા પરિવારમાં શોક છવાયો હતો. ભકિતનગર પોલીસે મૃતદેહ પીએમમા ખસેડવા તજવીજ કરી હતી.

### બે વર્ષથી ભાજપનું રાષ્ટ્રીય-ગુજરાત માળખુ ઈન્ચાર્જના ધોરણે ચાલે છે

# ભાજપ-કોંગ્રેસ સંગઠનઃ બેકસીટ ડ્રાઈવિંગ જ રીયલ કંટ્રોલ

### દેશના બે મોટા રાજકીય પક્ષોમાં આંતરિક લોકશાહી ફકત નામની જઃ પક્ષના સંગઠન પાસે બહું સતા જ નથી

રાજકોટ: ભારતીય જનતા પક્ષના ઈતિહાસમાં નવા રાષ્ટ્રીય પ્રમુખની પસંદગીમાં કદી નથી થયો તેમાં વિલંબ આ વર્ષની નવી પસંદગીમાં થઈ રહ્યો છે. કદાચ આ વર્ષની નહી પણ હાલના પ્રમુખ જે.પી.નડ્ડાનો કાર્યક્રમ જુલાઈ-૨૦૨૩માંજ પુરો થયો હતો તે જ રીતે ગુજરાત ભાજપના પ્રમુખ સી.આર.પાટીલને પણ જુલાઈ ૨૦૨૩ સુધી જ હોદ્દા પર રહેવાનુ હતુ અને અનેક રાજયોમાં આ સ્થિતિ હતી પણ લોકસભા ચૂંટણીને ધ્યાનમાં રાખી જે.પી.નડ્ડા સહિતના ભાજપના સભ્ય અને પ્રદેશ કક્ષામાં જયાં આવશ્યકતા હતી તે તમામ રાજયોમાં પ્રમુખનો કાર્યકાળ ૧ વર્ષ લંબાવાયો હતો અને જુલાઈ ૨૦૨૪થી નવી પસંદગી પ્રક્રિયા શરૂ થવાની હતી પણ હજું તેમાં ભાજપના ગુજરાતના સંગઠનમાં જીલ્લા મહાનુભાવોનું માળખું ફકત નવા પ્રમુખો ધરાવે છે અને રાજયકક્ષાએ તો પાટીલ સાથે રચવામાં આવેલુ માળખુ અસ્તિત્વમાં છે તો રાષ્ટ્રીય કક્ષાએ પણ જે.પી.નડ્ડાની ટીમ હાલ રાષ્ટ્રીય પ્રમુખ સાથે એકસટેન્શનથી કામ કરી રહી છે. જેમ એક બાદ એક વિરોધ થઈ રહ્યો છે. તેઓ ભાજપમાં ચર્ચા એ છે કે રાષ્ટ્રીય સ્વયંમ સેવક સંઘ હવે ભાજપનું સંગઠન પુર રીતે સંભાળવા માંગે છે. ફકત સંગઠન મહામંત્રી જ હોદ્દા પરથી સંઘ તેની

### કોંગ્રેસમાં દશકાઓથી ગાંધી-કુટુંબ જ સર્વસ્વઃ ખડગેને એક સેક્રેટરી નિમવાની પણ સતા નથીઃ નડ્ડા કમ સે કમ કંગનાના ટ્વિટ ડીલીટ કરાવી શકે છે

કામગીરી કરી શકશે નહી તેવી ચર્ચા છે. જો કે અનેક રાજયોમાં જે નવા મુખ્યમંત્રી આવ્યા છે. તેઓ હરિયાણા-મધ્યપ્રદેશ-ઉતરાખંડ વિ.માં સંઘની પસંદગી મહત્વની રહી છે તે પણ સૂચક છે.

હાલ તો ભાજપનુ માળખુ ઓટો પાઈલોટ જે વડાપ્રધાન શ્રી નરેન્દ્ર મોદી અને ગૃહમંત્રી શ્રી અમીત શાહે ચેટ કર્યુ છે તેના પર જ ચાલે છે. હવે જયારે પાક સાથેનો યુદ્ધનો તનાવ પણ ઓસરી જવા લાગ્યો છે તો ફરી પ્રશ્ન પૂછાઈ રહ્યો છે કે ભાજપના હવે નવા રાષ્ટ્રીય પ્રમુખ કોણ હશે!!! પણ ભાજપ નડ્ડાના એકસટેન્શન પર પણ ચાલે છે. અનેક ચુંટણીઓ લડાઈ છે. નડ્ડા હાલ બેવડી જવાબદારી બજાવી રહ્યા છે અને તેવું જ સી.આર.પાટીલ ગુજરાતમાં કરી રહ્યો છે.



તેથી નવા પ્રદેશ કે રાષ્ટ્રીય પ્રમુખ વિરોધથી આવે તો પણ કંઈ ફર્ક પડતો નથી.

અને દેશના બીજા નંબરના સૌથી મોટા રાજકીય પક્ષ જેને

### ભાજપ પ્રમુખ- કયારે! શા માટે અટકી પડયુ છે તે પ્રશ્નનો જવાબ ખુદ ભાજપ પાસે નથીઃ સંઘનું વલણ જવાબદાર હોવાની ચર્ચા

ગ્રાન્ડ-ઓલ્ડ પાર્ટ તરીકે પણ ઓળખાવી શકાય તે કોંગ્રેસના રાષ્ટ્રીય પ્રમુખ અને હવે ભાજપના રાષ્ટ્રીય પ્રમુખ બન્ને લગભગ એક સમાન કેટેગરીના બની ગયા છે. બન્ને રાષ્ટ્રીય પ્રમુખો ફકત એક હોદ્દા પર છે. રીમોટ કંટ્રોલથી સંચાલન બીજા કરે છે. ભાજપમાં નિર્ણય લેતી સર્વોચ્ચ બોડી ભાજપ પાર્લીયામેન્ટ્રી બોર્ડમાં બે શકિતશાળી નેતા વડાપ્રધાન શ્રી નરેન્દ્ર મોદી અને ગૃહમંત્રી શ્રી અમીત શાહે જ મોટાભાગના અને તમામ મહત્વના નિર્ણય લે છે. કોંગ્રેસમાં મલ્લીકાર્જુન ખડગે સિવાય ખરેખર કોઈ 'ડમી' બનવા તૈયાર ન હતા. અશોક ગેહલોટે પદ નકાર્યુ. શશી થરૂર એ ગાંધી કુટુંબને 'વફાદાર'માં પહેલાથી જ ગણાતા ન હતા પણ અહી પણ તમામ સતા ગાંધી કુટુંબ પાસે જ છે. કોંગ્રેસ પ્રમુખ પાસે એક સેક્રેટરી નિમવાની

### કોંગ્રેસમાં રાહુલે ચાલુ કરેલી પ્રક્રિયાઓમાં પણ અઠંગ ખેલાડીઓ જ મેદાન મારી જાય તેવી શકયતાઃ રીયલ સંગઠન થવા જ દેશે નહી

સતા નથી. પ્રદેશ પ્રમુખ પણ બદલી શકતા નથી.

પક્ષને નુકશાન કરતા નિવેદનો કરતા નેતાઓને 'ડારો' દેવાની સતા પણ ખડગેને નથી. ભાજપ પ્રમુખ જે.પી.નડ્ડા કમ સે કમ કંગના રનોતના ટવીટ તો ડિલીટ કરાવી શકે છે પણ બાકીની તમામ સતા બીજે કેન્દ્રીત થઈ છે. કોંગ્રેસ ફેમીલી પાર્ટી છે. ભાજપ પરિવારની પાર્ટી છે. આંતરિક લોકેશનની વાત ફકત કાગળ પર- ભાજપમાં પણ પ્રમુખ સહિતની નિયુક્તિ અંતે તો 'બિનહરીફ' એટલે કે ચોકકસ વર્તુળના નિર્ણય પર જ થાય છે.

કોંગ્રેસનું ઉતરપ્રદેશ સહિતના મહત્વના રાજયોમાં સંગઠન છે કે કેમ તે પ્રશ્ન છે. ખાસ કરીને રાહુલ ગાંધીએ હવે ગુજરાતથી જીલ્લા પ્રમુખોને પાવરફુલ બનાવવા ટિકીટ વહેચણીના નિર્ણયમાં પણ નિર્ણાયક બનાવવાની કવાયત શરૂ કરી છે પણ આ પક્ષના સૂત્રો કહે છે કે પક્ષ પર જેનો 'કબ્જો' છે તેમાં આ ફેરફાર સફળ થવા દેશે નહી. કોંગ્રેસને રીયલ સંગઠન મળશે કે કેમ તે પ્રશ્ન છે પણ રાહુલ કે ગાંધી કુટુંબ રાષ્ટ્રીય સ્તરે પણ પોતાના જ વફાદારોને આગળ કરે છે તે અનેક વખત જોવા મળ્યું છે.

### ત્રિરંગા યાત્રાનું પ્રદેશ મહામંત્રી પાસે રીપોર્ટીંગમાં શું કહેવાયું!

## રાજકોટ 'કમલમ'માં આક્રમક નેતાની બઘડાટી : ભાજપમાં ચર્ચા

### આખા બોલા સ્ટાઈલના અને દરેકની સામે તોપ તાકતા નેતાને વાંધો બીજો અને ગુસ્સો કયાંક કાઢયો

રાજકોટ: ગુજરાત ભાજપના સંગઠન નવરચનામાં હવે જીલ્લા-મહાનગરોના મહામંત્રી સહિતના માળખાની નવરચના માટે લીલીઝંડી અપાયાની ચર્ચા છે અને ખરેખર કયારે આ નિયુક્તિ થશે અને નવા પ્રદેશ પ્રમુખ માટે પણ કયારે નિર્ણય આવશે તેના પર નજર છે. ખુદ પ્રમુખ પણ હાલ જુના મહામંત્રીઓને સાથે રાખી ગાડુ ગબડાવી રહ્યા છે તે સમયે ભાજપ કાર્યાલયે હાલમાં બોલેલી એક શાબ્દીક 'બઘડાટી' જબરી ચર્ચા છે. સૂત્રોના જણાવ્યા મુજબ પક્ષના એક સીનીયર 'એસ' કેટેગરીમાં આવતા નેતા જે પક્ષમાં



આખા બોલા અને વર્તમાનથી લઈ પુર્વ પદાધિકારીઓ પર સતત ગુસ્સે રહે છે. તેઓએ કાર્યાલયમાં જબરો તમાશો કર્યો હતો અને તેમાં વર્તમાન પદાધિકારીને પણ હડફેટમાં લીધા પણ તેઓએ 'સિનિયોરિટી'ને માન આપીને કોઈ જવાબ આપવાની ચેષ્ટા કરી ન હતી તો બીજી તરફ એક પુર્વ નેતા તો તેમની સામે કોઈ બોલાય તેની રાહ જોઈ રહ્યા છે. આમ ભારેલા અગ્નિ જેવી સ્થિતિ છે. બીજી એક ચર્ચામાં હાલમાં જ પ્રદેશ સંગઠન મહામંત્રી રત્નાકર રાજકોટ આવ્યા તે સમયે તેમની સમક્ષ ત્રિરંગાયાત્રાનું રીપોર્ટીંગ થયું જેમાં અડધાથી વધુ કોર્પોરેટરોની ગેરહાજરીની ફરિયાદ થઈ હોવાની ચર્ચા છે અને જેમાં કેટલાક આવ્યા તેમાં ફોટોસેસન, સેલ્ફી લઈને ચાલ્યા ગયા હતા અને પ્રદેશ કક્ષાએ તેની નોંધ લેવાઈ છે.

## જન્માષ્ટમીનો લોકમેળો રેસકોર્સમાં જ યોજાશે : અટલ સરોવર પાસેની શકયતા નહીંવત

### ન્યુ રેસકોર્સ નજીકની જમીન ઉબડ-ખાબડ અને પોલાણવાળી હોય સમથળ કરવામાં ખાસ્સો સમય લાગી શકે તેમ હોય મેળાનું સ્થળાંતર અશકય : માર્ગ-મકાન વિભાગ દ્વારા સર્વે કામગીરી પૂર્ણ : ટુંક સમયમાં કલેકટરને રિપોર્ટ

રાજકોટ, તા. ૨૨

રાજકોટ કલેકટર તંત્ર અને લોકમેળા સમિતિ દ્વારા આયોજિત કરાતો જન્માષ્ટમીનો લોકમેળો ચાલુ વર્ષે શહેરના નવા રીંગ રોડ અટલ સરોવર પાસે યોજાવાની શકયતા હવે નહીંવત બની છે.

લોકમેળાનું સ્થળ બદલવા માટે નવા રીંગ રોડ પર અટલ સરોવર પાસેની જમીનનો સર્વે કરવા માટે કલેકટર તંત્ર દ્વારા માર્ગ-મકાન વિભાગને આદેશ અપાયો હતો. માર્ગ, મકાન વિભાગ દ્વારા આ અંગેનો સર્વે પૂર્ણ કરી દેવામાં આવેલ છે અને ટુંક સમયમાં આ અંગેનો રીપોર્ટ પણ કલેકટર પ્રભવ જોશીને



સુપ્રત કરી દેવામાં આવનાર હોવાનું જાણવા મળ્યું છે.

અહીં એ ઉલ્લેખનીય છે કે વર્ષોથી શહેરના રેસકોર્સ ગ્રાઉન્ડમાં આયોજિત કરાતો જન્માષ્ટમીનો લોકમેળો સૌરાષ્ટ્રની ભાતીગળ સંસ્કૃતિના દર્શન કરાવી રહ્યો છે. પ્રતિ વર્ષે લાખોની જનમેદની આ લોકમેળાને મહાલવાનો લાભ લે છે.

પરંતુ લોકમેળાનું સ્થળ નાનુ પડતું હોય લોકમેળાનું સ્થળ બદલવા માટે રાજકોટ કલેકટર કચેરી ખાતે જિલ્લા ફરીયાદ અને સંકલન સમિતિની બેઠકમાં ધારાસભ્ય દર્શિતાબેન શાહ દ્વારા માંગણી મુકાતા લોકમેળાનું સ્થળ બદલવા માટે ગંભીરતાપૂર્વક વિચારણા શરૂ કરવામાં આવી હતી.

આ બાબતે કલેકટર પ્રભવ જોશી દ્વારા લોકમેળા માટે નવા સ્થળની પસંદગી કરવા માટે અગાઉ સીટી પ્રાંત-૧ અધિકારીને પણ જવાબદારી સોંપી સર્વે કરાવવામાં આવેલ હતા. ત્યારબાદ ન્યુ રેસકોર્સમાં અટલ સરોવર પાસે આ લોકમેળો યોજવા માટે વિચારણા કરી આ અંગે માર્ગ-મકાન વિભાગનો સર્વે કામગીરી કરવા સુચના આપવામાં આવી હતી. દરમિયાન આ અંગે કલેકટર કચેરીના સુત્રોએ જણાવ્યું હતું કે માર્ગ-મકાન વિભાગ દ્વારા આ સર્વે કામગીરી પૂર્ણ કરી દેવામાં આવી હતી. ન્યુ રેસકોર્સ અટલ સરોવર પાસેની જમીન ઉબડ ખાબડવાળી અને પોલાણવાળી છે અને તેને સમતોલ કરવામાં જ ખાસ્સો સમય વ્યતિત થાય તેમ હોય, ચાલુ વર્ષે આ લોકમેળો હવે અટલ સરોવર પાસે યોજાઇ શકે તેમ નથી જેથી લોકમેળાનું સ્થળ ચાલુ વર્ષે બદલાવાની શકયતા નહીંવત છે. માર્ગ મકાન વિભાગ દ્વારા કરાયેલા સર્વેનો રીપોર્ટ બે-ત્રણ દિવસમાં જ કલેકટરને સુપ્રત કરવામાં આવનાર છે.

## શેરબજારમાં ૧૦૦૦ પોઈન્ટનો કડાકો

### મોટાભાગનાં શેરોમાં આક્રમક વેચવાલીઃ સેન્સેકસ ૮૧૦૦૦ ની નીચે

રાજકોટ તા.૨૨

શેરબજારનો ટ્રેન્ડ ફરી વખત અનિશ્ચિત બની ગયો હોય તેમ વારાફરતી જેતી મંદી થવા લાગી છે. ગઈકાલની તેજી બાદ આજે, ફરી કડાકો સર્જાયો હતો. સેન્સેકસ ૧૦૭૫ પોઈન્ટ તૂટયો હતો.

શેરબજારમાં આજે માનસ નબળુ થયુ હતું. નવા સારા કારણોની ગેરહાજરીમાં નવા નેગેટીવ પરિબળો ઉભા થતા ખચકાટ સર્જાયો હતો. ઈઝરાયેલ ઈરાન પર ત્રાટકવાની તૈયારીમાં હોવાના રીપોર્ટથી સાવચેતી ઉભી થઈ હતી. ભૌગોલીક ટેન્શન વકરવાની શંકા હતી. કોરોનાનાં કેસો પ્રસરવા લાગ્યાનું પણ ટેન્શન હતું. વરસાદ સાથે વાવાઝોડાની આગાહી પર પણ વોચ હતી જાણીતા શેરબ્રોકરોનાં કહેવા પ્રમાણે અનેક કોરચે ચિત્ર સ્પષ્ટ ન થાય ત્યાં સુધી અનિશ્ચિત માહોલ યથાવત રહી શકે છે. ભારત-અમેરીકા ટ્રેડ ડીલ પર પણ નજર રાખવામાં આવી રહી છે.

શેરબજારમાં આજે મોટાભાગના શેરો તૂટયા હતા. મીડકેપ શેરો પણ દબાણમા હતા. બીએસઈમાં ૪૦૪૨ માંથી ૧૩૯૮ મજબુત હતા. જયારે ૨૪૭૭ માં ઘટાડો હતો. ૨૦૧ માં તેજીની સર્કીટ અને ૨૦૪ માં ઉંધી સર્કીટ હતી. આઈસીઆઈસીઆઈ બેંક, ઈન્ફોસીસ, કોટક બેંક, લાર્સન, મહિન્દ્ર, મારૂતી, નેસલે, એનટીપીસી, પાવરગ્રીડ, રીલાયન્સ, સ્ટેટ બેંક, ટાટા મોટર્સ, ટીસીએસ ટાઈટન, અદાણી પોર્ટ, એકસીસ બેંક, બજાજ ફાઈનાન્સ, એચડીએફસી બેંક, ઓએનજીસી, હિન્દાલકો, ટ્રેન્ટ વગેરેમાં ગાબડા હતા.

મુંબઈ શેરબજારનો સેન્સીટીવ ઈન્ડેકસ ૧૦૬૩ પોઈન્ટ ગગડીને ૮૦૭૩૨ હતો તે ઉંચામાં ૯૧૦૨૩ તથા નીચામાં ૮૦૫૧૮ હતો નેશનલ સ્ટોક એકસચેંજનો નીફટી ૩૩૧ પોઈન્ટના ઘટાડાથી ૨૪૪૮૨ હતો તે ઉંચામાં ૨૪૭૩૭ તથા નીચામાં ૨૪૪૭૩ હતો. બીએસઈનું માર્કેટ કેપ ૪૩૬.૬૩ લાખ કરોડ હતું.

## અજમેર શરીફ દરગાહનાં ઓડિટ પર હાઈકોર્ટે વચગાળાનો સ્ટે મૂકયોઃ વધુ સુનાવણી ૨૮મી જુલાઈએ

નવીદિલ્હી,તા.૨૨

દિલ્હી હાઈકોર્ટે આગામી સુનાવણી સુધી અજમેર શરીફ દરગાહના CAG ઓડિટના આદેશ પર રોક લગાવી દીધી છે. CAG કાયદાની કલમ ૨૦ હેઠળ જરૂરી શરતો પૂર્ણ કરવામાં આવી નથી તેવી દરગાહની અરજી પર હાઈકોર્ટે સ્ટે મૂકવાનો આદેશ આપ્યો હતો.

દરગાહ સમિતિ દ્વારા એવી પણ દલીલ કરવામાં આવી હતી કે જ્યારે લઘુમતી બાબતોના મંત્રી દ્વારા ઓડિટ કરવા માટે પત્ર જારી કરવામાં આવ્યો હતો, ત્યારે CAG તેની સાથે સંમત થયા ન હતા. દિલ્હી હાઈકોર્ટ હવે આ કેસની સુનાવણી ૨૮ જુલાઈએ કરશે.

દિલ્હી હાઈકોર્ટના ન્યાયાધીશે દરગાહની દલીલ સ્વીકારી હતી કે CAG કાયદાની કલમ ૨૦ હેઠળની શરતો પૂરી થઈ નથી. આ કેસ અંજુમન મોઈનીયા ફખારિયા ચિશ્તિયા ખુદામ ખ્વાજા સાહેબ સૈયદજાદાગન દરગાહ શરીફ અજમેર દ્વારા દાખલ કરાયેલી ૨ અરજીઓના સંદર્ભમાં હતો.

પહેલી અરજીમાં લઘુમતી બાબતોના મંત્રાલય દ્વારા માર્ચ ૨૦૨૪માં જારી



કરાયેલા પત્રને પડકારવામાં આવ્યો હતો, જેમાં અંજુમન સૈયદઝાદાગન અને શેખઝાદાગન બંનેની આવક અને ખર્ચનું CAG સમક્ષ ઓડિટ કરવાનો પ્રસ્તાવ મૂકવામાં આવ્યો હતો.

બીજી અરજીમાં, CAG દ્વારા અરજદાર સંસ્થાના ખાતાઓની ઓડિટ પ્રક્રિયાને પડકારવામાં આવી હતી. એવાં કહેવામાં આવ્યું હતું કે CAG કાયદાની કલમ ૨૦(૧) હેઠળ રાષ્ટ્રપતિની સંમતિ જરૂરી નહોતી. લઘુમતી બાબતોના મંત્રાલયે પત્ર જારી કર્યો ત્યાં સુધી, CAG એ ઓડિટ માટે સંમતિ પણ આપી ન હતી. તેથી આ પ્રક્રિયા કાનૂની જોગવાઈઓનું ઉલ્લંઘન છે. આ ઉપરાંત, કોર્ટે CAG ના વકીલને બે પ્રશ્નો પૂછ્યા. પ્રથમ, શું માર્ચ ૨૦૨૪ માં પત્ર જારી કરતી વખતે, CAG એ અરજદાર સંસ્થાનું ઓડિટ કરવા માટે સંમતિ આપી હતી? બીજું, શું ૧૩ જાન્યુઆરીના રોજ નાણા મંત્રાલય દ્વારા કેગને મોકલવામાં આવેલા પત્રમાં ઓડિટના નિયમો અને શરતો પર સંમતિ સધાઈ હતી? વકીલે બંનેના જવાબ નકારાત્મકમાં આપ્યા. આવી સ્થિતિમાં, કોર્ટે ઓડિટ પર વચગાળાનો સ્ટે મૂક્યો હતો.--



### વાહ! ૮૩ વર્ષ પછી મળ્યો યાદોનો ખજાનો

નોર્થ કૈરોલિના ,તા.૨૨

અમેરિકાનાં નોર્થ કૈરોલિનાની એક મહિલાને કોફીની ચૂસકી લેતાં પોતાનાં જીવનની સૌથી સુંદર કહાની મળી. લોરી રીયુ નામની એક મહિલા સ્ટારબક્સ (રેસ્ટોરાં)ના પાર્કિંગ લોટમાંથી પસાર થઈ રહી હતી ત્યારે જમીન પર એક ચળકતી વસ્તુ દેખાઈ. જ્યારે તેમણે તે જોયું, ત્યારે તે ખૂબ જ સુંદર વીંટી હતી. આ વીંટી ૧૯૩૮ની છે, જે લગભગ ૮૩ વર્ષ જૂની છે. લોરીએ વિચાર્યું કે તે કોઈનાં પરિવારની સંપત્તિ છે. તેણે વીંટી રાખી અને અસલી માલિકને શોધવાનું નક્કી કર્યું. તેણે મેગ્નિફાઇંગ ગ્લાસમાંથી રિંગની માહિતી જોઇ અને ઇન્ટરનેટ પર સર્ચ કરવાનું શરૂ કર્યું. જાણવા મળ્યું છે કે, આ વીંટી વર્જિનિયા ટેકના ગ્રેજ્યુએટ વોલેસ ગાસર્ટની છે, જેનું ઘણા વર્ષો પહેલા નિધન થયું હતું. રસપ્રદ વાત એ છે કે, અખબારમાં ગાસર્ટના પુત્રનો એક જૂનો ફોટો મળી આવ્યો હતો, જેમાં તેણે એ જ વીંટી પહેરી હતી. ૨૦૨૪માં તેમનું નિધન પણ થયું હતું, પરંતુ તેમની પુત્રી લૌરા જીવિત હતી. જ્યારે મહિલાએ લૌરાને શોધી કાઢી અને વીંટી પાછી આપી ત્યારે લૌરાએ કહ્યું, ''એવું લાગ્યું કે મારા પિતા ફરીથી મારી પાસે આવ્યાં છે.'' આ રીતે દાદાની વીંટી હવે પૌત્રી પાસે છે.

## વરસાદની આગાહી વચ્ચે ગરમીનો પારો ફરી ઉંચકાયો

### વહેલી સવારથી ઉકળાટ-બફારા બાદ બપોરે આકરો તાપઃ પારો ૩૯ ડીગ્રીને પારઃ પવનની ગતિ મંદ પડી

રાજકોટ તા.૨૨

રાજકોટ સહિત સૌરાષ્ટ્રમાં ભારે વરસાદની આગાહી વચ્ચે હજુ ગરમી પ્રમાણ યથાવત રહ્યું છે. રાજકોટમાં આજે વહેલી સવારથી જ અસહ્ય બફારા સાથે ઉકળાટથી શહેરીજનો પરસેવે રેબઝેબ થયા હતા. બપોરે પારો ૩૯ ડીગ્રીને પાર જતા આકરો તાપ અનુભવાયો હતો.

રાજકોટ શહેરમાં આજે વહેલી સવારે ન્યુનતમ તાપમાન ૩૦,૬ ડિગ્રી સાથે હવામાં ભેજનુ પ્રમાણ ૭૭ ટકા નોંધાયુ હતું. વહેલી સવારથી જ ભેજના ટકામાં વધારા સાથે અસહ્ય બફારો અનુભવાયો હતો.

બપોરે મહતમ તાપમાન ૩૯.૨ ડીગ્રી સાથે હવામાં ભેજનું પ્રમાણ ૪૫ ટકા અને પવનની ગતિ સરેરાશ ૮ કી.મી. નોંધાઈ હતી. બપોરે આકરા તાપમાં રાજમાર્ગોમાં ટ્રાફીકમાં નોંધપાત્ર ઘટાડો નોંધાયો હતો. આકાશ તાપમાં લોકોએ કામ સિવાય બહાર જવાનુ ટાળ્યુ હતું. તાપથી બચવા લોકો મોટાભાગે છાંયડામાં ઉભા રહેવાનું પસંદ કર્યુ હતું. હવામાન વિભાગની આગાહી મુજબ રાજકોટ સહિત અનેક જિલ્લાઓમાં યેલો એલર્ટ સાથે ભારે વરસાદની સંભાવના છે. વરસાદની આગાહી વચ્ચે આજે વહેલી સવારથી સ્વચ્છ વાતાવરણમાં સૂર્યદેવ આકરા થયા હતા. સાંજ સુધીમાં ગરમીનો પારો ૪૦ ડિગ્રીને પાર જવાની સંભાવના છે.

## અમેરિકાએ વિશ્વની સૌથી શકિતશાળી પરમાણું મિસાઈલનું પરીક્ષણ કર્યુ

### મિસાઈલ મિનિટમેન-૩ મિનિટોમાં જ દુશ્મનોનો કરશે સફાયો

વોશિંગ્ટન(અમેરિકા) તા.૨૨

અમેરિકાએ ફરી એકવાર મિનિટમેન III મિસાઇલનું સફળ પરીક્ષણ કર્યુ છે. આ વખતે હાઇ ફિડેલિટી રી-એન્ટ્રી વ્હીકલથી સજ્જ સિંગલ માર્ક-૨૧ મિનિટમેન III ઇન્ટરકોન્ટિનેન્ટલ બેલિસ્ટિક મિસાઇલ લોન્ચ કરવામાં આવી છે. આ મિસાઇલનું પરીક્ષણ ગઈકાલે તા.૨૧ મેના રોજ કેલિફોર્નિયાના વેન્ડેનબર્ગ સ્પેસ ફોર્સ બેઝ પરથી કરવામાં આવ્યું હતું. કેલિફોર્નિયાના વેન્ડેનબર્ગ સ્પેસ ફોર્સ બેઝ પરથી જ્યારે આ મિસાઇલ લોન્ચ કરવામાં આવી ત્યારે તેને એકલા જ લોન્ચ કરવામાં આવ્યું હતું.

મિસાઇલે માર્શલ આઇલેન્ડ્સમાં ક્વાજાલીન એટોલ ખાતે યુએસ આર્મી સ્પેસ અને મિસાઇલ ડિફેન્સ કમાન્ડના રોનાલ્ડ રીગન બેલિસ્ટિક ડિફેન્સ ટેસ્ટ સાઇટ પર ૧૫,૦૦૦ માઇલ પ્રતિ કલાકથી વધુની ઝડપે લગભગ ૪,૨૦૦ માઇલનું અંતર કાપ્યું. મિનિટમેન-૩ મિસાઇલ ૨૪,૦૦૦ કિલોમીટર પ્રતિ કલાકની ઝડપે ઉડાન ભરવામાં સક્ષમ છે. એવું કહેવામાં આવી રહ્યું છે કે મિનિટમેન III એટલું શક્તિશાળી છે કે તેને કોઈપણ હવાઈ સંરક્ષણ પ્રણાલી દ્વારા રોકી શકાતું નથી. મિનિટમેન III ની શક્તિનો અંદાજ એ વાત પરથી લગાવી શકાય છે કે કોઈપણ હવાઈ સંરક્ષણ પ્રણાલીથી તેને રોકવું અત્યંત મુશ્કેલ હશે. મિનિટમેન III પરમાણુ-સક્ષમ મિસાઇલ સિંગલ માર્ક ૨૧ હાઇ-ફિડેલિટી રી-એન્ટ્રી વ્હીકલથી સજ્જ છે.

## જમ્મુ-કાશ્મીરનાં કિશ્તવાડમાં જૈશના વધુ બે આતંકી ઠારઃ જંગલમાં જવાનોનું ઓપરેશન

### અથડામણનાં કારણે વિસ્તારમાં તનાવ-લોકોમાં ભય

કિશ્તવાડ (જમ્મુ-કાશ્મીર) તા.૨૨

જમ્મુ-કાશ્મીરનાં કિશ્તવાડ જીલ્લામાં સુરક્ષા દળો અને આતંકવાદીઓ વચ્ચે અથડામણ થઈ હતી જેમાં જૈશના ૨ આતંકીઓ ઠાર થયા હતા. આતંકીઓ અને સુરક્ષા દળો વચ્ચેની અથડામણથી આ વિસ્તારમાં ભય છવાઈ ગયો હતો અને હેવી એલર્ટ જાહેર કરવામાં આવ્યું હતું. પોલીસે જણાવ્યું હતું કે આ અથડામણ ચરરુ વિસ્તારનાં સિંહપોરામાં થઈ હતી. આ અથડામણને લઈને વિસ્તારમાં તનાવ છે.



વધુમાં જાણવા મળતી વિગત મુજબ જમ્મુ-કાશ્મીરના કિશ્તવાડમાં સુરક્ષા દળો અને આતંકવાદીઓ વચ્ચે એન્કાઉન્ટર થયું છે. આ દરમિયાન ૨ આતંકવાદીઓ માર્યા ગયાના સમાચાર છે. મળતી માહિતી મુજબ કિશ્તવાડના ચતરુ વિસ્તારના સિંઘપોરામાં સુરક્ષા દળોએ ઘણા આતંકવાદીઓને ઘેરી લીધા હતા.સેના અને સુરક્ષા દળોનું સંયુક્ત ઓપરેશન હજુ પણ ચાલુ છે. સ્થળ પર ગોળીબાર પણ થયો હતો.

આ વિસ્તારને ઘેરી લેવામાં આવ્યો છે અને ખતરાને નિષ્ક્રિય કરવાના પ્રયાસો કરવામાં આવી રહ્યા છે. હાઈ એલર્ટ ઓપરેશનમાં આતંકવાદીઓનો સામનો કરવા માટે સેના દ્વારા ગોળીબાર કરવામાં આવ્યો હોવાના સમાચાર છે.

### પાકે. વધુ એક ભારતીય ડિપ્લોમેટને દેશ છોડવા જણાવ્યું




ઈસ્લામાબાદ: પહેલગામ હુમલા અને ઓપરેશન સિંદુરના પગલે ભારત પાક વચ્ચે ડિપ્લોમેટીક સંબંધોમાં આવેલા તનાવ વચ્ચે હવે પાકિસ્તાને ઈસ્લામાબાદ ખાતેના ભારતીય દૂતાવાસના એક કર્મચારીને પાક છોડવા જણાવ્યું છે. ગઈકાલે ભારતે જાસૂસીની શંકાથી પાક દૂતાવાસના એક કર્મચારીને અનિચ્છનીય વ્યક્તિ જાહેર કરીને ૨૪ કલાકમાં ભારત છોડવા જણાવ્યુ તેના જવાબમાં પાકે પણ આ પગલું સીધુ હોવાનું માનવામાં આવે છે.

### રાજકોટના બજાર ભાવ

| તેલ (૧૫ કિલો) | ભાવ |
|---|---|
| સીંગતેલ તેલ (નવા ડબ્બા) | ૨૩૫૦-૨૪૦૦ |
| સીંગતેલ (જૂના ડબ્બા) | ૨૨૦૦-૨૨૫૦ |
| કપાસીયા તેલ (નવા ડબ્બા) | ૨૧૭૫-૨૨૨૫ |
| કપાસીયા તેલ (જૂના ડબ્બા) | ૨૧૨૫-૨૧૭૫ |
| પામોલીયન તેલ | ૧૯૮૫-૧૯૯૦ |
| મસ્ટર્ડ તેલ | ૨૦૫૦-૨૦૭૦ |
| સનફ્લાવર તેલ | ૨૦૬૦-૨૦૯૦ |
| મકાઇ તેલ | ૧૯૭૦-૧૯૯૦ |
| વનસ્પતિ ઘી | ૨૨૧૦-૨૨૩૦ |
| કોપરેલ | ૩૯૫૦-૪૦૦૦ |
| દિવેલ | ૨૧૫૦-૨૧૭૦ |



**સોનુ-ચાંદી**

| સોનુ (૧૦ ગ્રામ) |
|---|
| ૯૯૧૦૦(+૩૦૦) |

| ચાંદી |
|---|
| ૧૦૧૩૦૦(+૧૦૦૦) |

# મારવાડી યુનિવર્સિટીએ આંતરરાષ્ટ્રીય ફોટો શૂટ સમારંભ દ્વારા વિવિધ દેશોના ગ્રેજ્યુએટ્સની સફળતા ઉજવી

## સંસ્થામાંથી આ વર્ષે ૩૬ દેશોના કુલ ૪૪૨ વિદ્યાર્થીઓ ગ્રેજ્યુએટ થયા







રાજકોટ, તા.૨૨

મારવાડી યુનિવર્સિટીએ આજ રોજ પોતાના વિવિધ રાષ્ટ્રોના આંતરરાષ્ટ્રીય વિદ્યાર્થીઓની સફળતા ઉજવવા માટે એક ઉજવણભર્યા આંતરરાષ્ટ્રીય ફોટો શૂટ સમારંભનું સફળ આયોજન કર્યું. સંસ્થામાંથી આ વર્ષે ૩૬ દેશોના કુલ ૪૪૨ વિદ્યાર્થીઓએ, જેમાંથી ૪ પીએચડી ડિગ્રીધારક હતા, સફળતાપૂર્વક ગ્રેજ્યુએટ થયા છે. આ તમામ વિદ્યાર્થીઓ માટે આ અવસરે તેમની શૈક્ષણિક યાત્રાનો મહત્વપૂર્ણ માઇલસ્ટોન નોંધાયો.

ગ્રેજ્યુએટ થનાર વર્ગ ૨૦૨૫ એક વૈશ્વિક સમુદાયની પ્રતિબિંબરૂપ હતો, જેમાં ૨૬ આફ્રિકન દેશો અને બાંગ્લાદેશ, ભૂટાન, ઇન્ડોનેશિયા, મ્યાનમાર, નેપાળ, સાઉદી અરેબિયા, શ્રીલંકા અને સિરિયા સહિતના અન્ય ૧૦ દેશોના વિદ્યાર્થીઓનો સમાવેશ થયો હતો. વિવિધ સંસ્કૃતિઓના આ બહુમુલ્ય સમાગમથી કેમ્પસનું વાતાવરણ વધુ જીવંત અને વૈશ્વિક બની ગયું હતું.

આ ફોટો શૂટ સમારંભ વિદ્યાર્થીઓની સિદ્ધિઓને ઉજવવાનું અને મારવાડી યુનિવર્સિટીમાં પ્રસરતી એકતા અને વૈવિધ્યની ભાવનાને ચિતારવાનું અનોખું આયોજન હતું. વિદ્યાર્થીઓ, ફેકલ્ટી અને સ્ટાફ સભ્યોએ સાથે મળી તેમના પરિશ્રમ, સમર્પણ અને શૈક્ષણિક યાત્રાની યાદગાર પળોને ઉજવી.

મારવાડી યુનિવર્સિટીને તેના આંતરરાષ્ટ્રીય વિદ્યાર્થી સમુદાય પર ગૌરવ છે, જેમણે માત્ર શૈક્ષણિક ક્ષેત્રે જ પણ સંસ્થાના સાંસ્કૃતિક જીવનમાં પણ મહત્વપૂર્ણ યોગદાન આપ્યું છે. ખાસ કરીને અમારા પીએચડી ડિગ્રી પ્રાપ્ત કરનારા વિદ્યાર્થીઓ માટે આ ક્ષણ અત્યંત સ્મરણશીલ રહી.

### રાજકોટ અને સૌરાષ્ટ્રનું ગૌરવ

# ૩૦ હજાર જેટલા સફળ ઓપરેશન કરવા બદલ પ્રોસ્ટોલોજીસ્ટ ડો. એમ.વી વેકરીયાનું કર્મવીર એવોર્ડથી સન્માન

## આયુષ એક્સ્પો ૨૦૨૪ મા શ્રેષ્ઠ ઉતમ સારવાર બદલ આરોગ્ય મંત્રી ઋષિકેશ પટેલના વરદહસ્તે ''આયુષ શિરોમણી એવોર્ડ'' એનાયત થયો હતો



રાજકોટ, તા.૨૨

તાજેતર રાજકોટ ખાતે યોજાયેલ કર્મવીર સન્માન સમારોહમાં ડો. વેકરીયાને 'કર્મવીર એવોર્ડથી સન્માનીત કરવામાં આવેલ આ આ કર્મવીર સન્માન સમારોહ રાજકોટ ખાતે વિરાણી હોલમાં - પીરામીડ પબ્લીકેશન દ્વારા આયોજન કરવામાં આવેલ આ પહેલા હાલમાં જ નાસીક ખાતે મહારાષ્ટ્ર સુપ્રસીધ્ધ - સુશ્રુત એનોરેકટલ હોસ્પિટલ અને રીસર્ચ સેન્ટરના એમ.ડી. ડો. જ્ઞાનેશ દ્વારા સૌરાષ્ટ્રમાં મળ માર્ગના જટીલ રોગો જેવા કે હરસ - ભગંદર - ફીશરના ૩૦ હજાર સફળ ઓપરેશન કરવા બદલ અને લાખો દર્દીઓને ઉતમ સફળ પરેજી અને દવા દ્વારા સારવાર આપવા બદલ સાલ ઓઢાડી સન્માનીત કરેલ. અને મેમોન્ટો આપી અભિવાદન કરેલ આ જ રીસર્ચ સેન્ટર દ્વારા ૨૦૧૨માં લાઇફ ટાઇમ એચીવમેન્ટ એવોર્ડ ડો. વેકરીયાને આપેલ.

ડો. વેકરીયાને ૨૦૧૩ માં રાજ આયુકોન ઇન્ટરનેશન કોન્ફરન્સ માં હેમુ ગઢવી હોલમાં કલેકટર ડો. રાજેન્દ્રકુમાર દ્વારા ડો. વેકરીયાને ધનવંતરી એવોર્ડ એનાયત કરેલ ત્યારપછી આપણા પૂર્વ શિક્ષણ મંત્રી ભુપેન્દ્રસિંહ ચુડાસમા અને શહેનાઝ પદમશ્રી ના વરદ હસ્તે સૌરાષ્ટ્ર રીજીયન માટે એમીનન્સ એવોર્ડ અર્પણ મેળવેલ ૨૦૧૯માં પણ ડો. વેકરીયાને માનવીય અભિગમ સાથે મળ માર્ગના જટીલ રોગોની ઉતમ સફળ સારવાર આપવા બદલ સૌરાષ્ટ્રના બેસ્ટ પ્રોસ્ટોલોજી'' નો એવોર્ડ મેળવેલ ગયા વર્ષે જ અમદાવાદ ખાતે આયુષ મંત્રાલય ભારત સરકાર અને NIMA નેશનલ ઇન્ટીગ્રેટેડ મેડીકલ એસોસીયેશન ગુજરાત) દ્વારા આયુષ એકસ્પો ૨૦૨૪ મા ગઈખઅ ગુજરાત દ્વારા શ્રેષ્ઠ ઉતમ સારવાર આપતા તબીબોનું એકસપર્ટ તબીબ કમીટી દ્વારા સીલેકશન કરવામાં આવેલ.

તેમાં મળ માર્ગની રોગોની ઉતમ સારવાર આપવા બદલ ૩૦ હજાર હરસ - ભગંદર - ફીશરના સફળ ઓપરેશન કરવા બદલ આરોગ્ય મંત્રી ઋષિકેશ પટેલના વરદ હસ્તે ડો. વેકરીયાને ''આયુષ શિરોમણી એવોર્ડ'' એનાયત થયેલ આ ઉપરાંત અક્ષર નિવાસી પ.પૂ. પ્રમુખ સ્વામીના હસ્તે સન્માન પત્ર મેળવેલ આ ઉપરાંત અનેક સંસ્થા એસોશીયેશન કલબ દ્વારા સન્માન અને શિલ્ડ મેળવેલ છે.

### ભારતીય સૈન્યની શૌર્યતાને વધાવવા

# આજે ઈમિટેશન જવેલરી અને સિલ્વર મેન્યુ.એસો.ના સંયુક્ત ઉપક્રમે ભવ્ય તિરંગા યાત્રા યોજાશે

## 'વંદે માતરમ' અને 'ભારત માતા કી જય' ના ગગનભેદી નારા સાથે શ્રી રામ ચોક, સંત કબીર રોડથી તિરંગા યાત્રાનું પ્રસ્થાન

### ઓપરેશન સિંદૂરને સન્માનિત કરવા તમામ વેપારીઓ અને કારીગરો બહોળી સંખ્યામાં જોડાઈ રાષ્ટ્રપ્રેમનો સંચાર કરશે

રાજકોટ, તા.૨૨

ઈમિટેશન જવેલેરી એસોસિએશન, રાજકોટના પ્રમુખ મનિષભાઈ વસોયા અને સિલ્વર મેન્યુફેક્ચર એસોસિએશન, રાજકોટના પ્રમુખ અનિલભાઈ તલાવીયાની યાદીમાં જણાવાયું છે કે, ઈમિટેશન જવેલેરી એસોસિએશન, રાજકોટ અને સિલ્વર મેન્યુકેક્ષાર એસોસિએશન, રાજકોટ દ્વારા તિરંગા યાત્રાક્ષી આયોજન કરવામાં આવ્યું છે. આ યાત્રા આજે તા.૨૨ ના સાંજે ૫:૩૦ કલાકે વિધાનસભા- ૬૮માં વોર્ડ નં.૬ માં શ્રી રામ ચોક, સંત કબીર રોડથી તિરંગા યાત્રાનો પ્રારંભ કરવામાં આવશે.

આ તકે ઈમિટેશન જવેલેરી એસોસિએશન, રાજકોટના પ્રમુખ મનિષભાઈ વસોયા અને સિલ્વર મેન્યુફેક્ચર એસોસિએશન, રાજકોટના પ્રમુખ અનિલભાઈ તલાવીયાએ જણાવેલ કે, ગત માસે જમ્મુ અને કાશ્મીરના પહેલગામમાં પ્રવાસીઓ પર થયેલો આતંકવાદી હુમલો આઘાતજનક અને પીડાદાયક હતો. આ એક ક્રૂર અને નિંદનીય કૃત્ય હતું, જેનો વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીના મકકમ નેતૃત્વમાં પાકિસ્તાનને ભારતીય સૈન્યના જાંબાઝ જવાનોએ 'ઓપરેશન સિંદૂર' થકી જડબાતોડ જવાબ આપ્યો છે અને લાખો નિદોર્ષોને પોતાનો ભોગ બનાવનારા આતંકીઓને વીણી વીણીને સાફ કર્યા છે.ત્યારે રાજકોટ વિધાનસભા-૬૮માં ઉપલા કાંઠે ઈમિટેશન જવેલેરી એસોસિએશન અને સિલ્વર મેન્યુફેક્ચર એસોસિએશનના સંયુક્ત ઉપક્રમે યોજાઈ રહેલ તિરંગા યાત્રામાં ભારતીય સેનાના અપ્રતિમ શોર્ય અને પરાક્રમના પ્રતીક ઓપરેશન સિંદૂરને સન્માનિત કરવા તમામ વેપારી મિત્રો અને કારીગરો બહોળી સંખ્યામાં જોડાઈ રાષ્ટ્રપ્રેમનો સંચાર કરશે અને 'વંદે માતરમ' અને 'ભારત માતા કી જય' ના ગગનભેદી નારા યાત્રાનું પ્રસ્થાન કરાશે.

આ તિરંગા યાત્રાને સફળ બનાવવા ઈમિટેશન જવેલેરી એસોસિએશનના મનિષભાઈ વસોયા (પ્રમુખ), મુકેશભાઈ ઘુઘાગરા (પરફેક્ટ), દિનેશભાઈ મઝલ (પુજા સેલ્સ), દેવરાજભાઈ ગઢીયા તેમજ સિલ્વર મેન્યુફેકચર એસોસિએશનના અનિલભાઈ તલાવીયા, શૈલેષભાઈ લુણાગરીયા, અલ્પેશભાઈ લુણાગરીયા, હરેશભાઈ ગઢીયા, વી.એમ. પટેલ, જે.બી. બુસા, રમેશભાઈ ડોબરીયા, મનોજભાઈ વેકરીયા (શીવ), સંજયભાઈ બાબર સહિતના આગેવાનો જહેમત ઉઠાવી રહ્યા છે.

# ડેલહાઉસી - હિમાલયમાં ભ્રમણ શિબિર યોજાશે

## વ્યસન મુકત હોય તેવા ૮ થી ૫૫ વર્ષના બાળકો, યુવકો - યુવતીઓ અને વડીલો અને ફેમીલી જોડાઇ શકશે

રાજકોટ, તા.૨૨

ડેલહાઉસી - હિમાલયની બરફાચ્છાદિત તા. ૨૭- મે ધવલ પહાડીઓ અને ખીણો વચ્ચે આગામી ૨ - જુન ની ઉનાળુ રજાઓ દરમ્યાન યંગ સ્ટુડન્ટ્સ સર્વિસ કલબ - ગુજરાત દ્વારા ભ્રમણ શિબિરનુ આયોજન થયેલ છે. જેમા વ્યસન મુકત હોય તેવા ૮ થી ૫૫ વર્ષના બાળકો, યુવકો - યુવતીઓ અને વડીલો અને ફેમીલી જોડાઇ શકે છે.

જે - તે શિક્ષણ સંસ્થા મંડળો ગૃપમા પણ જોડાઇ શકે છે. શિબિરમા સ્વ ખર્ચ જોડાવાનુ રહેશે. સફળતાપુર્વક શિબિર પુર્ણ કરનારને પ્રમાણપત્ર એનાયત કરાશે.આ શિબિર મા જોડાનાર મિત્રોને કોઇપણ માનવ સર્જિત કે કુદરતી આપત્તિ સામે પ્રચંડ તાકાત થી લડવાની તાલીમ આપવામા આવનાર છે.આથી રસ ધરાવતા મિત્રોએ વધુ વિગતો તથા અરજીફોર્મ માટે કલબના અરૂણ દવે નો આનંદ નગર, ખોડીયાર ચોક, નિલકંઠ સીનેમા પાસે રાજકોટ - ૨ ખાતે સાંજે ૬ થી ૧૦ દરમ્યાન સંપર્ક કરવો. મો. નં. ૯૮૨૫૩ ૭૧૬૫૫ પરથી પણ કેમ્પ અંગે વધુ વિગતો મેળવી શકાશે.

### ગારીયાધાર તાબાના પછેગામ ખાતે

# આજે પૂજ્ય શંકરગીરી બાપુની બીજી પુણ્યતિથિ નિમિત્તે ભવ્ય સંતવાણીનું આયોજન

રાજકોટ, તા.૨૨

ગારીયાધાર તાબાના પછેગામમાં સમર્થ સદગુરૂ પ.પૂજ્ય સંત શ્રી શંકરગીરી બાપુની બીજી પુણ્યતિથિ નિમિત્તે આજે રાત્રે ભવ્ય સંતવાણીનું પછેગામ ગારીયાધાર (જી. ભાવનગર) પ.પૂ. શંકરગીરી આશ્રમ પછેગામ ખાતે આયોજન કરવામાં આવ્યું છે. જેમાં સૌરાષ્ટ્રના બે ભજન ભારથી અલખનો આરાધ કરશે.

પૂજ્ય શંકરગીરી બાપુની બીજી પુણ્યતિથિ નિમિત્તે આયોજિત સંતવાણી કાર્યક્રમમાં ભજન સમ્રાટ હરસુખગીરી મહારાજ અને વિષ્ણુપ્રસાદ દવે સંતવાણીના સૂર લહેરાવશે. હાલ અશોક ઝાલા સહિતના આયોજકો દ્વારા તડામાર તૈયારી થઇ રહી છે. આ કાર્યક્રમમાં બહોળી સંખ્યામાં ભકતજનો ઉપસ્થિત રહેશે.

# ૮ જૂનએ તિબેટીયન ડોકટરનો નાડી પરિક્ષણ કેમ્પ

ભારત-તિબ્બત સંઘના તિબેટીયન નાડીવૈધના કેમ્પ ડાયરેક્ટર રાજેશભાઈ જે. ભાતેલીયાના સફળ નેતૃત્વમાં મેન ત્સે ખાંગ અમદાવાદના તિબેટીયન નાડીવૈધનો ૧૨ માં નિદાન કેમ્પનું આગમી તા.૮ જુનને રવિવારે સવારે ૯ થી ૧ અને બપોરના ૨ થી ૪ સુધી ભારત સેવક સમાજ, બાલભવન ગેઈટ નં.૫ ની બાજુમાં, શુલભ શૌચાલય સામે, નહેરૂ ઉધાન, રેસકોર્ષ રાજકોટ ખાતે જુના દર્દીઓ માટે રાખવામાં આવેલ છે.




# ફૂટબોલ એસો. આયોજીત સમર કેમ્પની પૂર્ણાહતી

## ૨૧ દિવસ સુધીના કેમ્પમાં ૭૮ ખેલાડીઓએ ભાગ લીધો

રાજકોટ તા.૨૨

ડિસ્ટ્રીકટ ફૂટબોલ એસોસીએશન, રાજકોટ અને રેલ્વે રાજકોટ દ્વારા આયોજિત ફૂટબોલ સમર કોચિંગ કેમ્પનો આજરોજ તા.૨૧/૫ના સમાપન સમારંભ રાખવામાં આવેલ. ૧/૫/૨૫થી ૨૧/૫ સુધી ૨૧ દિવસ સુધી ચાલેલ આ કેમ્પમાં ૭૮ ખેલાડીઓએ ભાગ લીધેલ. ફૂટબોલનું બેસિક જ્ઞાન તથા બાળકોને ફૂટબોલમાં આગળ કઈ રીતે વધવું તે વિષે કેમ્પમાં માહિતી આપવામાં આવેલ.

સમાપન સમારંભમાં રેલ્વેના સુધીરકુમાર દુબે, સીપીએમ, અતુલકુમાર એડીએમઈ, કે.કે. દવે એપીઓ, ડિસ્ટ્રીકટ ફૂટબોલ એસો.ના જે.પી. બારડ, ઓર્ગેનાઈસ સેક્રેટરી, બી.કે. જાડેજા, વીપી, રોહિત બુંદેલા સેક્રેટરી, એ.બી. બૌરાસી ટ્રેઝરર, સીનીયર સીટીઝન ક્રિકેટ એસો.ના પ્રેસીડેન્ટ ગંભીરસિંહ તથા સભ્યો વગેરે ઉપસ્થિત રહી ખેલાડીઓને સ્પોર્ટસ ટી શર્ટ અને પાર્ટિશીપેસન સર્ટિફિકેટ આપવામાં આવેલ.

કેમ્પને સફળ બનાવવામાં સેક્રેટરી રોહિત બુંદેલા, કોચ એ.બી. બૌરાસી, જીતેન્દ્ર આંબલીયા, જાહિદ માલિક તથા એચ.પી. સીંગ, રઘુભાઈ, યુસુફભાઈ બેલીમ, સંજય પંડયા, અજય આચાર્ય, કિર્તિ દવે, દિપક યશવંતે વગેરેએ જહેમત ઉઠાવી હતી.

# પેલેસ રોડ 'આશાપુરા મંદિરે' ઠંડાપીણાનું વિતરણ

રાજકોટ,તા.૨૨

રાજકોટમાં પેલેસ રોડ ખાતે આશાપુરા મંદિરે ઉનાળાની ગરમીની મૌસમમાં સરબત, કોલ્ડ્રીંકસ, છાસ, ઠંડા પાણીનું વિતરણ ૐ શ્રી આશાપુરા પ્રગતિ ચેરિટેબલ ટ્રસ્ટ દ્વારા દર મંગળવારે દર્શને આવતા માંઈ ભકતોને વિનામુલ્યે વિતરણ કરવામાં આવે છે.આ ભગીરથ કાર્યમા ટ્રસ્ટના પ્રમુખ ભીખારામ કાપડીરાજા, સુપ્રસિધ્ધ લોકમેળા ફેઈમ કલાકાર તુલસીદાસ ગોંડલીયા સેવા આપે છે.








### સૌરાષ્ટ્રના જાણીતા ઈએનટી સર્જન ડો.હિમાંશુ ઠક્કરની સિદ્ધિ

# દર્દીના નાકમાંથી ૧૦ સે.મી.મોટો મસો અને ફંગસનું દુરબીન વડે સફળ ઓપરેશન કરીને રેકોર્ડ બનાવ્યો

રાજકોટ,તા.૨૨

રાજકોટ ના રહેવાસી સંજયભાઈ સાકરિયા (ઉ.વ.૪૭) વર્ષ છેલ્લા બે મહિનાથી ડાબી બાજુ નાક બંધ રહેવું, શરદી, કફ, માથાનો દુ:ખાવો અને આંખમા દુખાવાની સમસ્યાથી પરેશાન હતા, તેમણે અત્રે રાજકોટ વિદ્યાનગર રોડ સ્થિત ડો.ઠક્કર હોસ્પિટલમાં ડો. હિમાંશુ ઠક્કરને બતાવતા અને સિટી સ્કેન અને દૂરબીન વડે તપાસ કરાવતા માલુમ પડ્યું કે દર્દીને ડાબી બાજુ નાકમાં ફંગસ, અને ખૂબ જ મોટો મસો હતો જે આંખ ની ખૂબજ નજીક પહોંચી ગયો હતો. ડો હિમાંશુ ઠક્કરે દૂરબીન વડે નાકના છિદ્રો માંથી આશરે ૧૦ સેન્ટિમીટર મોટો મસો કે જે નાક અને સાયનસમા થઈ છેક તાળવા સુધી પ્રસરી ગયો હતો તે કુનેહ પૂર્વક કાઢી આપ્યો અને ફંગસ પણ કાઢી આપી દર્દીને યાતના મુક્ત કર્યા હતા. આ કેસમાં ખાસ બાબત એ હતી કે દર્દીને ડાયાબિટીસ ની સમસ્યા પણ હતી જેથી જો સમય સર સારવાર કરવામા ના આવે તો આંખ અને મગજ ને પણ નુકશાન થઈ શકે. બે દાયકા થી પણ વધારે સમય થી રાજકોટ ખાતે ઈએન્ટી સર્જન તરીકે પ્રેક્ટિસ કરતા અને અનેક જટિલ ઓપરેશનો પાર પાડનાર ડો.હિમાંશુ ઠક્કરે ફરી એકવાર તેમની કુશળતા થી દર્દીનો જીવ બચાવ્યો હતો. તે બદલ દર્દીના પરિવાર જનોએ ડો.હિમાંશુ ઠક્કરનો હૃદય પૂર્વક આભાર માન્યો હતો. ડો. ઠક્કરના જણાવ્યા મુજબ આવા કિસ્સામાં સમયસૂચકતા ખુબજ જરૂરી છે અને સમયસર સારવાર થી ભવિષ્યમાં ઉદ્‌ભવતી વિકટ પરિસ્થિતિ અટકાવી શકાય છે. સરનામું- ડો ઠક્કર ઈ એન્ટી ડેન્ટલ. હોસ્પિટલ,૨૦૨ લાઈફ લાઇન બિલ્ડિંગ વિદ્યાનગર રોડ રાજકોટ. મો ૯૧૦૬૧૧૯૦૩૮.

# બી.પી. તથા ડાયાબીટીસની જેનેરીક દવાઓનું નિઃશુલ્ક વિતરણ

રાજકોટ,તા.૨૨

શ્રી સત્ય સાઈ સેવા સમિતી, રાજકોટ દ્વારા બી.પી. અને ડાયાબીટીસના દર્દીઓને એક મહિના ની જેનેરીક દવાઓનું નિ:શુલ્ક વિતરણ કરવામાં આવે છે. તારીખ: ૨૫/૦૫ રવિવારના સાંજે ૬ થી ૭ સુધી શ્રી સત્ય સાઈ હાર્ટ હોસ્પિટલ, કાલાવડ રોડ, રાજકોટ ના પ્રાર્થના ખંડ માં ભજનપુર્ણ થયે આ દવાઓ વિના મુલ્યે આપવામાં આવશે. દર્દીઓ હાલ જે દવાઓ લેતા હોય તેની વિગત, ડોકટરના પ્રીસ્ક્રીપ્શન સાથે રાખવા. જરૂર લાગશે તેને ડાયાબિટીસ, સુગર ટેસ્ટ, તથા બ્લડ પ્રેશર નિ:શુલ્ક માપી આપવામાં આવશે.

# વિદ્યાર્થીઓને શૈક્ષણિક કીટ વિતરણ કરાશે

ઝુપડપટ્ટીમાં રહેતા બાળપ્રભુજીને શિક્ષણ સાથે જ પ્રસાદ ભોજન કરાવતી સંસ્થા

માનવધર્મ સંસ્થા, રાજકોટ દ્વારા આ વર્ષે ૨૦૨૫માં રાજકોટ સરકારી શાળામાં ધોરણ ૧ થી ૮માં અભ્યાસ કરતાં (૧) ઝુપડપટ્ટીમાં રહેતા બાળપ્રભુજી (૨) અનાથ બાળપ્રભુજી (૩) પિતા વિનાના બાળપ્રભુજી (૪) દિવ્યાંગ બાળપ્રભુજી અર્થાત આવા વિદ્યાર્થીઓને સ્ટેશનરી કીટ આપવામાં આવશે.જૂન માસમાં આવા બાળપ્રભુજીને દફતર, નોટબુક અથવા ફુલસ્કેપ ચોપડા, પેન્સિલ અથવા બોલપેન, રબર સંચો, કંપાસ બોકસ, લંચ બોકસ, વોટર બેગ, પેડ, પૂઠા, સ્કૂલ શુઝ વિગેરે શૈક્ષણિક વસ્તુઓની કીટ આપવામાં આવશે.

# રેસકોર્સ યોગ સાધના કેન્દ્ર - સેન્ટરને આઠ વર્ષ પૂર્ણ થતા દેશભક્તિના ભાવ સાથે કરાઈ ગરિમાપૂર્ણ ઉજવણી

## દેશભક્તિના ગીત, સંગીત, નૃત્ય નાટીકા સાથે સૂર્ય નમસ્કાર અને વિવિધ યોગ અને યોગાસનો કાર્યક્રમમાં દર્શાવાયા

### કોર્પોરેશનના આ પટાંગણમાં યોગ અને પ્રાણાયામનો છેલ્લા આઠ વર્ષથી અભ્યાસ થાય છે તે ખરેખર આવકાર્યઃ રાજુ ધ્રુવ



રાજકોટ, તા.૨૨

શહેરના રેસકોર્સ ખાતે આવેલ મહાનગરપાલિકા ઇન્ડોર સ્ટેડિયમની બાજુમાં ચાલી રહેલ મહાપાલિકાના સહયોગ સાથે પતંજલિ યોગપીઠના માર્ગદર્શન સાથે સંચાલિત યોગ સેન્ટરને તાજેતરમાં આઠ વર્ષ યોગસાધના કરતા પૂર્ણ થયા અને નવમું વર્ષ શરૂ થતી વેળાએ દેશભક્તિના ભાવ સાથે ગરિમાપૂર્ણ સાંસ્કૃતિક પ્રાણાલિકા અને પરંપરા મુજબ ઉજવણી કરવામાં આવી હતી.

આ યોગ સેન્ટર છેલ્લા આઠ વર્ષથી મોનાબેન ઠક્કર તેમજ દિવ્યાબેન આચાર્ય દ્વારા નિ:સ્વાર્થ ભાવે નિ:શુલ્ક ચલાવવામાં આવી રહ્યું છે. આ યોગ સેન્ટરમાં આશરે ૧૭૫ થી જેટલા સભ્યો-સાધકો નિયમિત યોગ પ્રાણાયામનો અભ્યાસ યોગગુરૂ મોનાબેન તેમજ દિવ્યાબેનના માર્ગદર્શન હેઠળ કરી રહ્યા છે. જેમાં યુવાવર્ગથી લઇ વરિષ્ઠ નાગરિકો યોગનિષ્ઠ મૂલ્યો-સિદ્ધાંતો માંથી પ્રેરણા લઈ તંદુરસ્ત જીવન જીવવા માટે નિષ્ઠાપૂર્વક યોગસાધના કરી રહ્યા છે. તાજેતરમાં આ યોગ સેન્ટરે આઠ વર્ષ પૂર્ણ કરી નવમા વર્ષમાં મંગલ પ્રવેશ કરેલ છે. જેની ગરીમા પૂર્ણ ઉજવણી કરાઈ હતી. આ પ્રસંગે સૌરાષ્ટ્ર ભાજપના પ્રવક્તા રાજુભાઈ ધ્રુવ તેમજ પતંજલિ યોગપીઠના અગ્રણી નટુભાઈ ચૌહાણ વિશેષ ઉપસ્થિત રહ્યા હતા. આ તકે ઓપરેશન સિંદૂર હેઠળ વડાપ્રધાન નરેન્દ્રભાઇ મોદી અને ભારતીય સેનાને કાર્યક્રમ દ્વારા બિરદાવી અભિનંદન આપી આભાર માનવામાં આવ્યો હતો.

નવમાં વર્ષના મંગલ પ્રવેશ નિમિત્તે યોગ સેન્ટરના સભ્યો દ્વારા દેશભક્તિના ગીત, સંગીત, નૃત્ય નાટીકા સાથે સૂર્ય નમસ્કાર અને વિવિધ યોગ અને યોગાસનો દર્શાવવામાં આવ્યા હતા, યોગવિદ્યા ને સાંસ્કૃતિક પરંપરા સાથે પ્રસ્તુત કરવામાં આવી હતી. આ કાર્યક્રમમાં રાજુભાઈ ધ્રુવે શુભેચ્છા આપતા જણાવ્યું હતું કે, મ્યુનિસિપલ કોર્પોરેશનના આ પટાંગણમાં યોગ અને પ્રાણાયામનો છેલ્લા આઠ વર્ષથી અભ્યાસ થાય છે તે બાબત ખરેખર આવકારદાયક અને અભિનંદન ને પાત્ર છે અને તે માટે રાજકોટ મહાનગરપાલિકા ને અભિનંદન આપી આભાર માન્યો હતો.

### સાર્વજનિક ખરીદીને આકર્ષક બનાવવાનો સાર્થક પ્રયાસ

# વર્ષ ૨૦૨૪-૨૫ દરમિયાન GEM પોર્ટલ પર જાહેર ખરીદી વધીને રેકોર્ડ રૂા. ૫.૪૩ લાખ કરોડ થઈ

### GeM ચાલુ નાણાકીય વર્ષમાં તેના વાર્ષિક ટર્નઓવરને રૂા. ૭ લાખ કરોડ સુધી વધારવાનું લક્ષ્ય



રાજકોટ, તા.૨૨

કેન્દ્રીય વાણિજ્ય અને ઉદ્યોગ મંત્રી પીયૂષ ગોયલ જણાવે છે કે સરકારી ઈ-માર્કેટપ્લેસ (GeM) જાહેર ખરીદી માટે પારદર્શક, સમાવિષ્ટ અને કાર્યક્ષમ પ્લેટફોર્મ પૂરું પાડવા માટે એક અગ્રણી ઉકેલ તરીકે વિશ્વભરમાં ઝડપથી ઉભરી આવ્યું છે. આ પ્લેટફોર્મ ૧.૬ લાખથી વધુ સરકારી ખરીદદારોને ૨૩ લાખ વિક્રેતાઓ અને સેવા પ્રદાતાઓ સાથે જોડે છે અને પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીના 'વિકસિત ભારત ૨૦૪૭'ના વિઝનનું મુખ્ય વાહક બની ગયું છે.

પ્રધાનમંત્રી મોદી દ્વારા આ પરિવર્તનશીલ ડિજિટલ પહેલ શરૂ કરવામાં આવી ત્યારથી નવ વર્ષમાં, GeM એ ભ્રષ્ટાચારને દૂર કરીને અને સ્ટાર્ટઅપ્સ, MSMEs, મહિલાઓ અને નાના શહેરના વ્યવસાયોને વ્યવસાયની તકો પૂરી પાડીને સરકાર દ્વારા માલ અને સેવાઓ ખરીદવાની રીતમાં ક્રાંતિ લાવી છે.

શાનદાર પ્રગતિ - ૨૦૧૬માં સ્થાપના થઈ ત્યારથી, GeM પોર્ટલ પર ૧૩.૪ લાખ કરોડ રૂપિયાથી વધુના ઓર્ડરનું વ્યવહાર કરવામાં આવ્યું છે. વર્ષ ૨૦૨૪-૨૫ દરમિયાન આ પ્લેટફોર્મ પર જાહેર ખરીદી વધીને રેકોર્ડ રૂ. ૫.૪૩ લાખ કરોડ થશે. GeM ચાલુ નાણાકીય વર્ષમાં તેના વાર્ષિક ટર્નઓવરને રૂા. ૭ લાખ કરોડ સુધી વધારવાનું લક્ષ્ય રાખે છે.જાહેર ખરીદીના ક્ષેત્રમાં GeM નિ:શંકપણે એક અસાધારણ ટેક્નોલોજીકલ સફળતા તરીકે ઉભરી આવ્યું છે.

એપ્રિલ ૨૦૨૫ સુધીમાં ૩૦,૦૦૦ થી વધુ સ્ટાર્ટઅપ્સે GeM દ્વારા રૂા. ૩૮,૫૦૦ કરોડથી વધુનો વ્યવસાય પેદા કર્યો છે. વધુમાં ૧.૮૧ લાખ ઉદ્યોગ-ચકાસાયેલ મહિલા ઉદ્યોગસાહસિકોએ GeM પોર્ટલ પર લગભગ રૂા. ૫૦,૦૦૦ કરોડના ઓર્ડર મેળવ્યા છે.GeM પર ખરીદદારો સરેરાશ કિંમત પર લગભગ ૯.૭૫ ટકા બચાવે છે. આના પરિણામે કરદાતાઓના પૈસાનો ઉપયોગ કરીને કરવામાં આવેલી જાહેર ખરીદીમાં અંદાજે રૂા. ૧,૧૫,૦૦૦ કરોડની મોટી બચત થઈ છે.

# કારડીયા રાજપૂત સમાજના મંત્રી ગુલાબસિંહ સોલંકીનો જન્મદિવસ



કારડીયા રાજપુત સમાજ રજપૂતપરા રાજકોટના મંત્રી ગુલાબસિંહ સોલંકીનો આજે જન્મદિવસ છે. આ તકે પ્રમુખ અરૂણસિંહ સોલંકી સહિત ટ્રસ્ટી મંડળે તેમને શુભેચ્છા પાઠવી હતી.તેમજ સમાજના આગેવાનો તરફથી જન્મદિવસની શુભકામના પાઠવવામાં આવેલ છે.

ગુલાબસિંહ સોલંકી સમાજના મંત્રી તરીકે ૧૦ વર્ષથી અવિરત સેવા આપી રહેલ છે તેમનો મુદુલ સ્વભાવ તેમજ સમાજનું ખંતપૂર્વક કામ કરવાના લીધે સમાજના બહોળા પ્રમાણમાં મિત્ર સર્કલ દ્વારા સોશ્યલ મીડીયાથી મો.નં.૯૭૨૭૭ ૫૧૯૯૯ પર તેમના જન્મદિવસની શુભકામના મળેલ છે.

# રવિવારે નિઃશુલ્ક ફિઝીયોથેરપી, એક્યુપ્રેશર, રેકી કેમ્પ

રાજકોટ,તા.૨૨

આગામી તા.૨૫ ને રવિવારના રોજ મહારાષ્ટ્ર મંડળ, મોટી ટાંકી ચોક, યોગી ટાવર પહેલા માળે રાજકોટ ખાતે સવારે ૧૦ થી ૧૨:૩૦ દરમ્યાન નિ:શુલ્ક ફિઝીયોથેરપી, એક્યુપ્રેશર, રેકી કેમ્પ રાખેલ છે.

જેમાં ફિઝીયોથેરાપીસ્ટ ડો. ખ્યાતિ પી. સુર્વે, એક્યુપ્રેશર થેરાપીસ્ટ સંજય ગાંવન્ડે, રેકી, એક્યુપ્રેશર થેરાપીસ્ટ લક્ષ્મણભાઈ સોલંકી અને રેકી સારવાર માટે અનિલભાઈ પાટીલ સેવા આપશે.

# કાલે સૌરાષ્ટ્ર યુનિવર્સિટીમાં ૫૯મો સ્થાપના દિવસ ઉજવાશેઃપ્રથમ કુલગુરુ અને આદ્યસ્થાપક ડો. ડોલરરાય માંકડની પ્રતિમાને પુષ્પાંજલિ અર્પણ કરશે

## સૌરાષ્ટ્ર યુનિવર્સિટીમાં હાલ ફરજ બજાવતા અને ૨૫ વર્ષ પૂર્ણ કરેલ શૈક્ષણીક-બિનશૈક્ષણીક કર્મચારીઓનું સન્માન થશે



રાજકોટ, તા.૨૨

સૌરાષ્ટ્ર યુનિવર્સિટીના માનનીય કુલપતિ પ્રોફે. ઉત્પલભાઈ જોશી ૫૯ મા સ્થાપના દિવસની ઉજવણી સંદર્ભે એક નૂતન વિચાર મુર્તિમંત કર્યો અને યુનિવર્સિટીમાં હાલ ફરજ બજાવતા કાયમી શૈક્ષણીક-બિનશૈક્ષણીક કર્મચારીઓ કે જેને ૨૫ વર્ષ સેવાના પૂર્ણ થયા હોય તેઓની સેવાઓને બિરદાવવાનો પ્રકલ્પ શરુ કર્યો

સૌરાષ્ટ્ર યુનિવર્સિટીના ૫૯ મા સ્થાપના દિવસે કુલપતિ પ્રોફે. ઉત્પલભાઈ જોશી દ્વારા સવારે ૧૧:૩૦ કલાકે સરસ્વતી માતાનું પૂજન કરી પ્રથમ કુલગુરુ અને આદ્યસ્થાપક ડો. ડોલરરાય માંકડની પ્રતિમાને પુષ્પાંજલિ અર્પણ કરવામાં આવશે. સૌરાષ્ટ્ર યુનિવર્સિટીમાં હાલ ફરજ બજાવતા અને ૨૫ વર્ષ સેવાના પૂર્ણ થયા હોય તેવા કાયમી શૈક્ષણીક-બિનશૈક્ષણીક કર્મચારીઓનું પ્રશસ્તિ પત્ર અર્પણ કરી સન્માન કરવામાં આવશે.

કાર્યક્રમમાં રાજકોટના રામકૃષ્ણ આશ્રમના અધ્યક્ષ સ્વામી નિખિલેશ્વરાનંદની પ્રેરક ઉપસ્થિત રહેશે. સૌરાષ્ટ્ર યુનિવર્સિટીના વિકાસમાં પોતાનું યોગદાન આપનાર પૂર્વ કુલપતિ ઓ સર્વ પ્રોફે. કમલેશભાઈ જોષીપુરા તથા પ્રોફે. પ્રતાપસિંહ ચૌહાણ વિશેષ ઉપસ્થિત રહેશે.

આ કાર્યક્રમમાં સૌરાષ્ટ્ર યુનિવર્સિટીના બોર્ડ ઓફ મેનેજમેન્ટના સભ્યઓ, કુલસચિવ ડો. રમેશભાઈ પરમાર, પરીક્ષા નિયામક ડો. મનીષભાઈ શાહ, એકઝીકયુટીવ કાઉન્સીલના સભ્ય ઓ, વિવિધ વિદ્યાશાખાના ડીનઓ, ભવનોના અધ્યક્ષઓ, અધિકારીઓ તથા શૈક્ષણીક-બિનશૈક્ષણીક કર્મચારીઓ ઉપસ્થિત રહેશે.

# ડેપ્યુટી મેયર નરેન્દ્રસિંહ જાડેજા રવિવારે રકતદાનના સેવાકાર્ય થકી જન્મદિન ઉજવશે : સત્કાર્યોની પરંપરા આગળ ધપાવતો પરિવાર

## સમાજના દરેક વર્ગને મદદ માટે પરિવાર સક્રિય : રાજકીય ક્ષેત્રમાં પણ સેવાનો જ ઉદ્દેશ

રાજકોટ, તા.૨૨

મહાનગરપાલિકાના ડે.મેયર અને વોર્ડ નં.૩ના કોર્પોરેટર નરેન્દ્રસિંહ પૃથ્વીસિંહ જાડેજાનો તા.૨૫-૫-૨૦૨૫ રવિવારના રોજ જન્મ દિવસ છે તા.૨૫-૫-૧૯૮૩ના રોજ જન્મેલા નરેન્દ્રસિંહ જાડેજા પોતાની યશસ્વી સેવાકીય અને સફળ કારકિર્દીના ૪૨ વર્ષ પૂર્ણ કરી, ૪૩માં વર્ષમાં મંગલ પ્રવેશ કરશે. તેઓ પોતાના જન્મદિવસની ઉજવણી સાદગીથીવિવિધ સેવાકીય કાર્યો થકી કરશે.



નરેન્દ્રસિંહ જાડેજા શહેર ભાજપ સંગઠનમાં વર્ષોથી કાર્યરત છે.તેઓએ વર્ષ ૨૦૦૫ થી ૨૦૦૮ સુધી તાલુકા યુવા ભાજપ ઉપપ્રમુખ, ૨૦૦૫ થી ૨૦૧૦ સુધી તાલુકા પંચાયતમાં ઉપપ્રમુખ, ૨૦૧૨-૧૩મા રાજકોટ જીલ્લા ભાજપમાં કારોબારી સભ્ય, કોર્પો.ની ચુંટણી વર્ષ ૨૦૨૧માં વોર્ડ નં.૩ના કોર્પોરેટર તરીકે જંગી બહુમતીથી ચૂંટાઇ તા. ૧૨-૯-૨૩થી રાજકોટના ૩૪માં ડે. મેયર તરીકેની જવાબદારી સફળતાપૂર્વક સંભાળી રહ્યા છે.

તેઓ પોતાના જન્મદિવસ નિમિતે શ્રી એન.પી.જાડેજા ફેમિલી ફાઉન્ડેશન ટ્રસ્ટ દ્વારા માધાપર વિસ્તારમાં શ્રી ઇશ્વરીયા મહાદેવ મંદિરની બાજુમાં, માધાપર ખાતે રવિવારના રોજ સવારે ૭ થી સાંજે ૫ કલાક સુધી મહારકતદાન કેમ્પનું આયોજન કરી જન્મદિવસની ઉજવણી કરશે. તેમના પિતા પૃથ્વીસિંહ હેમતસિંહ જાડેજા માનવ સેવા પરમો ધર્મના સિધ્ધાંતને અનુસરી જાહેર સામાજિક સેવાકીય કાર્યો સાથે લાંબા સમયથી અતૂટ નાતો ધરાવી રહ્યા છે. જેનું પરિણામ એ રહ્યું કે, સેવા કાર્યોનું ફલક પણ અવિરત વિસ્તરતું રહ્યું. જેનો લાભ સમાજના તમામ જનસમૂદાયને મળતો રહ્યો છે. એ માટે એમ પણ કહી શકાય કે, પૃથ્વીસિંહ હેમતસિંહ જાડેજાએ સમાજ સેવા યજ્ઞની જ્યોત અવિરત પ્રજવલ્લિત રાખી છે. પૃથ્વીસિંહ જાડેજા હાલ ઇશ્વરીયા મહાદેવ મંદિરના ટ્રસ્ટમાં પ્રમુખ તરીકે જવાબદારી નિભાવી રહ્યા છે. ટ્રસ્ટ દ્વારા આશરે ૧૦ વર્ષથી ગૌશાળા ચલાવવામાં આવે છે અને જાડેજા પરિવારમાં સામાજિક સેવાનું એક વણલખ્યું અભિયાન વર્ષોથી પેઢી દર પેઢી ચલાવવામાં આવી રહ્યું છે. સમુહ લગ્ન, કરીયાવર, દિકરીઓના માવતરની જવાબદારી, કોરોના કાળમાં અનાજ કીટ વિતરણ, ઓકિસજનના બાટલા, વેન્ટીલેટર મશીન, અન્નક્ષેત્ર, ઘરે ઘરે અનાજ વિતરણ, ક્ષત્રિય સમાજની બોર્ડીંગ નિર્માણ સહિતનું યોગદાન, દર્દીઓ અને વિધવા બહેનોને સહાય, અભ્યાસમાં સહાય, સામાજીક સેવાઓ, સ્મશાન સંચાલનનું કાર્ય તેઓ કરે છે. ડે.મેયર દ્વારા પોતાના વોર્ડ વિસ્તારમાં તેમજ માધાપર, રેલનગર, પોપટપરા, સંતોષીનગર, જંકશન, પરસાણાનગર, હંસરાજનગર, બેડીનાકા તેમજ ઘંટેશ્વર વિસ્તાર સહિત અંદાજીત ૧૦૦ થી વધારે પ્રાચીન ગરબી મંડળની તમામ બાળાઓને લ્હાણી વિતરણ કરવામાં આવે છે અને લોકોના કામો માટે તત્પર રહે છે.

ટ્રસ્ટ દ્વારા યોજાનાર રકતદાન કેમ્પમાં આઠ બ્લડ બેન્ક, મેડીકલ ટીમ જોડાશે. ૩૦૦થી વધારે બેડની સુવિધા છે. એઇમ્સ અને ખાનગી હોસ્પિટલોની ઉપસ્થિતિમાં રકતદાન કરનારા લોકોનું સન્માન કરી ભેંટ અપાશે અને કેમ્પ સ્થળ પરજ ભોજન પ્રસાદની પણ વ્યવસ્થા રાખવામાં આવેલ છે. થેલેસીમીયા ગ્રસ્ત બાળકો માટે તેમજ જરૂરીયાતમંદ લોકોની મદદ અર્થે અપાશે તેમજ રકતદાન માટે આવનાર લોકો માટે કેમ્પના સ્થળે ખાસ વ્યવસ્થા કરવામાં આવી છે.આ રકતદાન કેમ્પમાં રકતદાન કરવા માગતાં હોય તે લોકો પોતાનું રજીસ્ટ્રેશન કરવા માટે https://blooddonation.hlgroups.in/reg/લિંક ઉપર કલીક કરી રજીસ્ટ્રેશન કરી તેમજ સ્થળ પર જ રજીસ્ટ્રેશન કરાવી રકતદાન કરી શકશે. જે આયોજનમાં જાડેજા પરિવારના રવિરાજસિંહ પૃથ્વીસિંહ જાડેજા અને ટ્રસ્ટ દ્વારા વ્યવસ્થાઓ કરાઇ છે. નરેન્દ્રસિંહ જાડેજાના જન્મદિવસ પર રાજકીય આગેવાનો, સામાજીક અગ્રણીઓ, કાર્યકર્તાઓ તેમજ જાહેરસેવકો તેમના મો.નં.૯૮૨૫૨ ૧૦૪૭૬ પર તેમને તા.૨૫ને રવિવારના રોજ જન્મદિવસ નિમિતે શુભેચ્છા પાઠવી શકશે.



# રાજકોટ મહાનગરપાલિકાના તમામ આંગણવાડી કેન્દ્રોમા બાલક પાલક સર્જન કાર્યક્રમની ઉજવણી

રાજકોટ મહાનગરપાલિકાના તમામ આંગણવાડી કેન્દ્રો ખાતે ICDS વિભાગ દ્વારા બાલક પાલક સર્જન કાર્યક્રમની ઉજવણી કરવામાં આવી હતી.આ ઉજવણી દરમ્યાન આંગણવાડીઓમાં થતી પૂર્વ પ્રાથમિક શિક્ષણ કાર્યની ૧૭ થીમ અંતર્ગત રંગપૂરણી, રેતીકામ, છાપકામ, ટપકાં જોડ, ચીટકકામ, માટીકામ, મણકા પરોવણી, ફિંગર પ્રિન્ટ, ચિત્ર દોરવું, બોટલમાં રેતી ભરવી, આકાર પૂર્ણ કરવા વગેરે જેવી વિવિધ પ્રવૃતિઓ વાલીઓ અને બાળકોએ સંયુક્ત રીતે આંગણવાડી કેન્દ્રો પર કરેલ. આંગણવાડી કેન્દ્રો પર આવતા ૩ થી ૬ વર્ષના બાળકોના જન્મદિવસની ઉજવણી અને ૬ માસ પૂર્ણ થતા બાળકને ઉપરી આહાર આપી અન્નપ્રાશન કરાવામાં આવેલ.

# સુરશ્રી કલ્ચરલ કલબ દ્વારા ફિલ્મી ગીતોના કાર્યક્રમ રાગ શ્રવણ - રોગ નિવારણ પાર્ટ - ૨નું ભવ્ય આયોજન

## વોઈસ ઓફ લતાજી જાનવી આડેસરા પોતાના મખમલી કંઠથી સુમધુર ગીતોની પ્રસ્તુતિ કરશે

રાજકોટ, તા.૨૨

સુરશ્રી લ્ચરલ કલબ અને જ્વેલદીપ ગ્રુપ દ્વારા તા. ૨૫ મે, ૨૦૨૫, રવિવારે સાંજે ૫ કલાકે સેવા ભારતી ભવન, અમુલ સર્કલ, ૮૦ ફૂટ રોડ,રાજકોટ ખાતે શાસ્ત્રીય રાગો પર આધારિત સુમધુર ફિલ્મી ગીતોના કાર્યક્રમ '' રાગ શ્રવણ - રોગ નિવારણ પાર્ટ - ૨ ''નું ભવ્ય આયોજન કરવામાં આવેલ છે. આ કાર્યક્રમમાં રાગનો પરિચય, રાગની બંદીશનું ગાન અને તે રાગના શ્રવણ થી ક્યા રોગ પર કાબુ મેળવી શકાય છે તેની ઉપયોગી માહિતી સંસ્થાના ફાઉન્ડર ચેરમેન, સંગીત ગુરુ કિરીટભાઈ રાજપરા આપશે અને તેમને તબલા સંગત સંસ્થાના સભ્ય હર્ષભાઈ લંગાળીયા આપશે.

આ સુરીલા કાર્યક્રમ માં સુરશ્રી પરિવાર, રાજકોટ ના કલા સાધક સભ્યો પિયુષભાઇ જોશી, ધરવ ઝીંઝુવાડિયા, ધરા ત્રિવેદી, હીનાબેન કોટડીયા, કૃપાબેન પુરોહિત, મયુરીબેન ભાલાળા, મુન્નાભાઈ ઠક્કર, સંજયભાઈ લોઢીયા, જીગ્નેશભાઈ રાજપરા, અરવિંદભાઈ પરમાર, વર્ષાબેન બાલચદાણી, ડો. ભાવેશભાઈ જોશી, આશિષભાઇ મહેતા, રોહિતભાઈ ઉપાધ્યાય, નિખંજભાઈ ઉપાધ્યાય, વિપુલભાઈ બલદેવ, દીપકભાઈ રાવલ, કમલ રાજપરા, નીતિનભાઈ પાઠક, નીરજભાઈ શુકલ, ધવલભાઈ થાનકી પોતાના સુરીલા કંઠે રાગો પર આધારિત યાદગાર ગીતોની પ્રસ્તુતિ કરશે.

વોઇસ ઓફ લતાજી જાનવી આડેસરા પોતાના મખમલી કંઠ થી સુમધુર ગીતોની પ્રસ્તુતિ કરશે.સમગ્ર કાર્યક્રમનુ સુચારુ સંચાલન ભાવનાબેન સોની કરશે અને સંયોજન કમલ રાજપરા કરશે.આ મનભાવન કાર્યક્રમ માં પૂ. ગો. ૧૦૮ શ્રી વ્રજેશકુમારજી મહારાજ અને અન્ય ગણમાન્ય મહાનુભાવોની પ્રેરક ઉપસ્થિતિ રહેશે.

# રાજકોટ નાગરિક બેંકની કાલબાદેવી અને જૂનાગઢ બ્રાંચના કૌભાંડકારો સામે પોલીસ ફરિયાદ દાખલ કરો

## બેંક દ્વારા શિક્ષાત્મક પગલા નહીં લેવાય તો સંસ્થાની નાણાકીય સધ્ધરતા લુપ્ત થશેઃ ડેલીગેટ પંકજ કોઠારી દિપક કારીયા સંહિત નાગરિક બેંક બચાવો સંઘની ચેતવણી

રાજકોટ,તા.૨૨

રાજકોટ નાગરિક બેંકની કાલબાદેવી અને જૂનાગઢ બ્રાંચના કૌભાડકારો સામે પોલીસ ફરિયાદ દાખલ કરવાની નાગરિક બેંક બચાવો સંઘના અગ્રણીઓ સર્વશ્રી ડેલીગેટ પંકજ કોઠારી, દિપક કારીયા, સહિતનાએ એક નિવેદનમાં જણાવ્યું છે કે માંગણી ઉઠાવી બેંક દ્વારા જો આ અંગે શિક્ષાત્મક પગલા લેવામાં નહી આવે તો બેંકની નાણાકીય સધ્ધરતા લુપ્ત થઈ જશે.તેઓએ માત્ર એક હજાર સભાસદોને નહીં પરંતુ બેંકના તમામ સાડા ત્રણ લાખ સભાસદોને દર વર્ષે ડીવીડન્ડ સ્વરૂપે અઢાર હજારથી માતબર રકમ ચુકવવા અને વધારાના શેર લેવા માટે સમાનતા કાયદા પ્રમાણે તમામને પૂરતી તક આપવા જણાવી ઉમેર્યું છે કે હાલમાં દરેક સભાસદ માત્ર રૂપિયા પચાસનો શેર ધરાવે છે અને તેને માત્ર વાર્ષિક નવ રૂપિયા ડિવિડન્ડ મળે છે. રાજકોટ નાગરિક બેન્ક સંઘ દ્વારા વધારાના શેર લેવા માટે જાહેરમાં રૂ. ૨૫૦૦/- ની મર્યાદા નક્કી કરી છે જેમને માત્ર રૂા. ૪૫૦/- નું ડિવિડન્ડ મળે છે પરંતુ આઘાત અને આશ્ચર્યની હકીકત એ છે કે બેન્કના સંચાલકો દ્વારા કેટલાક વર્ષોથી ડિરેક્ટરો, ડેલિગેટો, લોકલ કમિટ્ટીના સભ્યો તેમજ મળતીયાઓને રૂા. એક લાખથી રૂા. પાંચ લાખ સુધીના વ્યક્તિ દીઠ વધારાના શેર ગેરકાયદેસર રીતે ફાળવી દીધેલ છે. એટલુંજ નહીં તેમના કુટુંબી જનો અને સગા વહાલાઓને આ ગેરકાયદેસર લાભ અપાયેલ છે. નાગરિક બેન્ક દ્વારા દર વર્ષે દોઢસો કરોડ જેટલો નફો થાય છે અને તેમાંથી ૧૮% ડિવિડન્ડ છેલ્લા કેટલાક વર્ષોથી ચૂકવાય છે. ભારતીય બંધારણ અને સહકારી કાયદા પ્રમાણે સમાનતાના હક,સતા અને અધિકારના આરીતે લીરે-લીરા ખાનગી રાહે થાય છે.

નાગરિક બેન્ક બચાવો સંઘના અગ્રણીઓ સર્વ શ્રી ડેલિગેટ પંકજ કોઠારી, દિપક કારીયા, મનીષ રાવલ, ઉમેશ દફતરી, લક્ષ્મણ મકવાણા, વિશ્વેશ ધોળકિયા, ચંદુભા પરમાર, અશોક રાવલ, વિબોધ દોશી તેમજ ખેંગાર યોગીજીએ વધુમાં જણાવ્યું છે કે રિઝર્વ બેન્કની સૂચના પ્રમાણે કાલબાદેવી તેમજ જુનાગઢ બ્રાન્ચના બેન્કના અંદરના અને બહારના કૌભાંડકારો સામે ફોજદારી ફરિયાદો નોંધાવવી આવશ્યક છે. રિઝર્વ બેન્કે જાતે કાલબાદેવીના પચ્ચીસ જેટલા લોન ખાતાઓ અને જુનાગઢના ૩૫ જેટલા લોન ખાતાઓની સઘન ઊંડી તપાસ કરેલ છે. તેમાં થયેલા કૌભાંડો, ગેરરીતિઓ Modern operating વિગેરે બહાર આવતા ચોંકી ઊઠેલ. આથી રાજકોટ નાગરિક બેન્કને કાલબાદેવીના તેમજ જુનાગઢ બ્રાન્ચના તમામ લોન ખાતાઓનું ફરીથી સ્ટેચ્યૂટરી ઓડિટ કરાવીને હકીકત લક્ષી રિપોર્ટ રિઝર્વ બેન્કે માંગ્યો છે. નાગરિક બેન્ક દ્વારા કહીપણ છુપાવવામાં આવશે તો આકરા પગલાં લેવા અંગે ગંભીરતા પૂર્વક રિઝર્વ બેન્ક ઓફ ઈન્ડિયાએ લેખિત તેમજ મૌખિક રીતે હુકમો આપ્યા છે. બેન્ક બચાવો સંઘ પાસે આ અંગેની સંપૂર્ણ માહિતી છે. રાજકોટ નાગરિક બેન્ક સત્વરે તમામ પ્રકારના શિક્ષાત્મક પગલાં નહીં લે તો બેન્કની નાણાંકીય સધરતા લુપ્ત થઈ જશે.

# રાજકોટમાં રવિવારે લેવાનારી UPSCની પરીક્ષા માટે બે પ્રાંત અધિકારી અને એક ડે.ડી.ડી.ઓની નોડલ ઓફીસર તરીકે નિમણૂંક કરતા કલેકટર

## UPSCના પ્રતિનિધિ મિશ્રા ખાસ દિલ્હીથી આવી પહોંચી મોનીટરીંગ કરશેઃ ૧૨ કેન્દ્રો પરથી ૩૧૫૭ ઉમેદવારો આપશે પરીક્ષાઃ કલેકટર કચેરીના પુરવઠા વિભાગમાં કંન્ટ્રોલરૂમ ધમધમશેઃ કડક પ્રબંધો

રાજકોટ,તા.૨૨

રાજકોટ સહિત દેશભરના નિયત કરાયેલા સેન્ટરો પરથી આગામી તા.૨૫ને રવિવારે યુ.પી.એસ.સી.(યુનિયન પબ્લીક સર્વિસ કમિશન)ની પ્રિમીનરી પરીક્ષા લેવામાં આવનાર છે. અતિ મહત્વની આ પરિક્ષા રાજકોટ સેન્ટરમાં શાતીપૂર્ણ વાતાવરણમાં લેવાય તે માટેની તમામ તૈયારીઓને જિલ્લા કલેક્ટર પ્રભવ જોશીના માર્ગદર્શન હેઠળ આખરી ઓપ આપી દેવામાં આવેલ છે. રાજકોટમાં ૧૨ જેટલા કેન્દ્રો પરથી ૩૧૫૭ ઉમેદવારો આ પરીક્ષામાં બેસનાર છે આ પરીક્ષા માટે યુ.પી.એસ.સી.ના પ્રતિનિધિ પણ આગામી એક-બે દિવસમાં જ મિશ્રા રાજકોટ આવી પહોંચનાર છે. આ પરીક્ષામાં સવારના ૯.૩૦ થી ૧૧.૩૦



અને બપોરના ૨.૩૦ થી ૪.૩૦ કલાક દરમિયાન બે પેપર લેવામાં આવનાર છે.આ પરીક્ષા માટે કલેકટર કચેરીના પુરવઠા વિભાગમાં ખાસ કંન્ટ્રોલ રૂમ ધમધમતો કરવામાં આવનાર છે. કલેકટર પ્રભવ જોશી દ્વારા અતિ મહત્વની સિવીલ સર્વીસીઝ પરીક્ષા માટે પ્રાંત અધિકારી મહેક જૈન (આઈ.એ.એસ) અને વિમલ ચક્રવર્તી તેમજ ડે.ડી.ડી.ઓ ગલચરની નોડલ ઓફીસર તરીકે નિમણૂંક કરી દેવામાં આવી છે. આ પરીક્ષામાં ઉમેદવારોએ એડમીટકાર્ડ સાથે રાખવુ આવશ્યક છે તેમજ પરીક્ષાખંડમાં મોબાઈલ કેલક્યુલેટર સહિતની ઈલેક્ટ્રોનિકમ આઈટમ સાથે રાખવા પર પ્રતિબંધ ફરમાવી દેવામાં આવેલ છે. અહીં એ ઉલ્લેખનીય છે કે આ પરીક્ષાના પેપર અગાઉ રાજકોટ આવી પહોંચતા તેને કલેકટર કચેરીના સ્ટ્રોનરૂમમાં પોલીસ બંદોબસ્ત હેઠળ સીલ કરી દેવામાં આવેલ છે. આ કસોટી શાંતિપૂર્ણ રીતે લેવાય તે માટે કલેકટર તંત્ર દ્વારા કડક પ્રબંધો કરવામાં આવેલ છે.

# ઈંગ્લેન્ડ પ્રવાસ માટે અંડર-૧૯ ટીમ જાહેરઃઆયુષ કેપ્ટનઃ વૈભવ સૂર્યવંશી સામેલ

મુંબઈ,તા.૨૨

ઈંગ્લેન્ડ પ્રવાસ માટે ભારતની અંડર ૧૯ ટીમની જાહેરાત કરવામાં આવી છે. આ પ્રવાસમાં ભારતીય ટીમ ૨૪ જૂનથી ૨૩ જુલાઈ સુધી એક વોર્મ-અપ, પાંચ વનડે અને બે મલ્ટી-ડે મેચ રમશે. આ પ્રવાસ માટે ૧૭ વર્ષીય આયુષ મ્હાત્રેને ભારતીય ટીમની કમાન સોંપવામાં આવી છે. જ્યારે ૧૪ વર્ષના વૈભવ સૂર્યવંશીને પણ ટીમમાં સ્થાન મળ્યું છે. વૈભવ અને આયુષ બંનેએ IPLમાં ધૂમ મચાવી છે.

BCCI (ભારતીય ક્રિકેટ કંટ્રોલ બોર્ડ) ના સચિવ દેવજીત સૈકિયાએ જણાવ્યું હતું કે આ ટીમના ઉપ-કપ્તાન અભિજ્ઞાન કુંડુને બનાવવામાં આવ્યા છે, તે વિકેટકીપર પણ છે. હરવંશ સિંહ બીજા વિકેટકીપર તરીકે ટીમમાં રહેશે. આ ઉપરાંત બીસીસીઆઈ દ્વારા સ્ટેન્ડબાય ખેલાડીઓની યાદી પણ જાહેર કરવામાં આવી છે. જ્યાં અલંકૃત રાપોલને બીજા વિકેટકીપર તરીકે પસંદ કરવામાં આવ્યા છે.

ઈંગ્લેન્ડ પ્રવાસ માટે ભારતની અંડર ૧૯ ટીમઃ આયુષ મ્હાત્રે (કેપ્ટન), વૈભવ સૂર્યવંશી, વિહાન મલ્હોત્રા, મૌલ્યરાજ સિંહ ચાવડા, રાહુલ કુમાર, અભિજ્ઞાન કુંડુ, હરવંશ સિંઘ , આરએસ અમ્બ્રીસ, કનિષ્ક ચૌહાણ, ખિલાન પટેલ, હેનિલ પટેલ, યુધજીત ગુહા, પ્રણવ રાઘવેન્દ્ર, મોહમ્મદ ઈનાન, આદિત્ય રાણા, અનમોલજીત સિંહ સ્ટેન્ડબાય ખેલાડીઓઃ નમન પુષ્પક, ડી દિપેશ, વેદાંત ત્રિવેદી, વિકલ્પ તિવારી, અલંકૃત રાપોલ (વિકેટકીપર)



# વોર્ડ નં.૨ના અમરજીતનગરમાં સ્માર્ટ આંગણવાડીનું ઉદઘાટન

## સ્માર્ટ ટીવી, ફર્નિચર, રમકડાં, પોષણ વાટિકા, રસોડા સહિતની સુવિધા ઉભી કરતું તંત્ર

રાજકોટ, તા. ૨૨

મનપા દ્વારા સૌ પ્રથમ રોલેક્ષ રિંગ્સ લિમિટેડ કંપનીના સીએસઆર ફંડના સહયોગથી વોર્ડ નં.૨માં અમરજીત નગરમાં સ્માર્ટ આંગણવાડી કેન્દ્ર નં.૬૮ બનાવવામાં આવતા તેનું લોકાર્પણ આજે રોલેક્ષ રિંગ્સના એમ.ડી. મનેશભાઈ માદેકાના હસ્તે અને મેયર શ્રીમતી નયનાબેન પેઢડીયાના અધ્યક્ષસ્થાને કરાયું હતું.

વોર્ડ નં.૨માં અમરજીત નગરમાં અદ્યતન સુવિધાઓ સાથેની આંગણવાડી કેન્દ્રમાં ૭૩૫ ચોરસ ફૂટ બાંધકામમાં બાળકોને બેસવા માટેનો હોલ, રસોડું, સ્ટોર રૂમ, વોશિંગ એરીયા, શૌચાલય, ૪૮૦ ચોરસ ફૂટ કમ્પાઉન્ડ હોલની સુવિધા સાથે બાળકોને આકર્ષિત કરે તેવી ગાઈડલાઈન મુજબના ભિતચિત્રો, સ્માર્ટ ટીવી, ફર્નિચર,પંખા,લાઈટ, પીવાના પાણી માટે આરઓ સિસ્ટમ, રમકડાં અને પોષણ વાટિકા જેવી તમામ પાયાની સુવિધાઓ ઉપલબ્ધ કરાવેલ છે.

આ કાર્યક્રમમાં ભાજપ પ્રમુખ ડો.માધવભાઇ દવે, ધારાસભ્ય ડો.દર્શિતાબેન શાહ, ડે. મેયર નરેન્દ્રસિંહ જાડેજા, શાસકપક્ષ નેતા શ્રીમતી લીલુબેન જાદવ, દંડક મનીષભાઈ રાડિયા, શિશુ કલ્યાણ સમિતિના ચેરમેન દિલીપભાઈ લુણાગરીયા, વોર્ડ કોર્પોરેટર મીનાબા જાડેજા, કુલદીપસિંહ, ભાવેશભાઇ ટોયટા, ધૈર્યભાઇ પારેખ અને હર્ષવર્ધનભાઇ કોહર, અને ઘટક-૩ના બાળવિકાસ યોજના અધિકારી પૂજાબેન જોષી તથા આઈ.સી.ડી.એસ. વિભાગનો સ્ટાફ હાજર રહ્યા હતા. આ કાર્ય બદલ દિલીપભાઇ લુણાગરીયા દ્વારા કંપનીના એમ.ડી.નું સન્માન કરાયું હતું.

# ગુજરાતના ડાયરેક્ટર ઓફ પ્રોસીક્યુસન અંબાલાલ આર. પટેલએ લીધી ખોડલધામ મંદિરની મુલાકાત



નિવૃત્ત પ્રિન્સિપલ ડિસ્ટ્રિક્ટ એન્ડ સેશન્સ જજ અને હાલ ગુજરાતના ડાયરેક્ટર ઓફ પ્રોસીક્યુશન અંબાલાલ આર. પટેલ ૨૧ મેના રોજ પરિવાર સાથે રાજકોટ શહેરમાં આવેલા શ્રી ખોડલધામ ટ્રસ્ટ-કાગવડના મુખ્ય કાર્યાલય શ્રી સરદાર પટેલ ભવન અને કાગવડ સ્થિત શ્રી ખોડલધામ મંદિરની મુલાકાત લીધી હતી. આ તકે ટ્રસ્ટી ઓ અને શ્રી ખોડલધામ લીગલ સમિતિ દ્વારા તેઓનું ઉષ્માભર્યું સ્વાગત કરવામાં આવ્યું હતું. તેઓએ રાજકોટ સ્થિત મુખ્ય કાર્યાલયે થતી શૈક્ષણિક અને સમાજિક પ્રવૃત્તિઓ નિહાળી હતી અને સમાજહિતમાં થતી પ્રવૃત્તિઓને બિરદાવી હતી. ત્યારબાદ અંબાલાલ આર. પટેલએ કાગવડ ગામ પાસે આવેલા વિશ્વપ્રસિદ્ધ શ્રી ખોડલધામ મંદિરે મા ખોડલના દર્શન કરીને આશીર્વાદ લીધા હતા અને સમગ્ર મંદિર પરિસરની મુલાકાત કરી હતી.

# ૩૦મેએ નિઃશુલ્ક સુવર્ણપ્રાશન કેમ્પનું આયોજન

નેશનલ યુથ પ્રોજેક્ટના રાજેશ ભાતેલીયાના માર્ગદર્શન હેઠળ પુષ્ય નક્ષત્રના દિવસે સુવર્ણ પ્રાશન કેમ્પનું આયોજન દર પુષ્ય નક્ષત્રના દિવસ કરવામાં આવે છે. આ કેમ્પ આગામી તા.૩૦ મે ને શુક્રવારના રોજ સવારે ૧૧:૩૦ થી બપોરે ૧૨:૩૦ સુધી અને સાંજના ૬:૩૦ થી ૭:૩૦ વાગ્યા સુધી ડો.એલ.બી.રાવલને ત્યાં ૧૧૩-મારૂતિ નંદન, ગેલેકસી હોટલ સામે, જવાહર રોડ, પહેલા માળે રાજકોટ ખાતે આયોજન કરવામાં આવે છે. ડો.રાવલ વિનામુલ્યે એક માસથી દસ વર્ષ સુધીના બાળકને સુવર્ણપ્રાશનના ટીપા પીવડાવશે.





# ફાયર સેફટીના સાધનોનાં વેચાણમાં ગેરકાયદે આઈ.એસ.એ.આઈ.માર્કો મારવાનું ષડયંત્ર ઝડપાયું

## માનક બ્યુરોએ બે પેઢી ઉપર દરોડા પાડી સાધનો જપ્ત કર્યા

રાજકોટ,તા.૨૨

ભારતીય માનક બ્યુરો દ્વારા ગ્રાહકોના હિતના રક્ષણ માટે અનેક મહત્વપૂર્ણ કામગીરી કરવામાં આવી રહી છે. જે અન્વયે બી.આઈ.એસ રાજકોટ શાખાના અધિકારીઓ દ્વારા ગેરકાયદે માનક ચિહ્નનો ઉપયોગ કરીને અગ્નિશામક સાધનોનું વેચાણ કરતી એડવાન્સ માર્કેટીંગ અને શિવ ફાયર ઈન્જિનિયર્સ પેઢીને ત્યાં દરોડા પાડીને સાધનો જપ્ત કરવામાં આવ્યા હતા. બી.આઈ.એસ રાજકોટ શાખા તરફથી મળેલી માહિતી મુજબ, યોગી પાર્ક, જે.બી ગોડાઉન સામે માધાપર ખાતે આવેલી એડવાન્સ માર્કેટીંગ પેઢી અન્ય ઉત્પાદકોના લાયસન્સ નંબરનો દુરૂઉપયોગ કરીને ફાયર એક્સટિંગ્વિશર સિલિન્ડર, ફાયર હોઝ રીલ જેવા અગ્નિશામક સાધનોનું અને ઈન્ડસ્ટ્રીયલ એસ્ટેટ પરા પીપળીયા, જામનગર રોડ ઉપર આવેલી શિવ ફાયર ઈન્જિનિયર્સ પેઢી લેન્ડિંગ વાલ્વ, કપલિંગ, ડિલિવરી હોઝ, ફર્સ્ટ એઈડ હોઝ રીલ જેવા અગ્નિશામક સાધોનનું ગેરકાયદે વેચાણ કરી રહી હતી. બી.આઈ.એસ. એ અધિનિયમ ૨૦૧૬ની કલમ ૧૭ના ભંગ હેઠળ અને કલમ ૨૯ની દંડનીય ગુના હેઠળ બંને પેઢી વિરુધ્ધ જરૂરી કાર્યવાહી કરી હતી. એડવાન્સ માર્કેટીંગ પેઢીના અંદાજે ૨૦ ફાયર એક્સટિંગ્વિશર અને અંદાજે ૧૯ ફાયર હોઝ રીલ, જ્યારે શિવ ફાયર ઈન્જિનિયર્સ પેઢીના ૧૫ નંગ લેન્ડિંગ વાલ્વ, ૧૨ નંગ નોઝલ, ૧૦ નંગ કપલિંગ, ૧૦ નંગ ડિલિવરી હોઝ અને ૮ નંગ ફર્સ્ટ એઈડ હોઝ રીલ સહિતના સાધનો જપ્ત કર્યા હતા.

ઉલ્લેખનીય છે કે, નકલી ઉત્પાદકો ગ્રાહકોને ગેરમાર્ગે દોરવા માટે અવૈધ રીતે માનક ચિહ્નનો ઉપયોગ કરે છે. આવા નકલી ઉત્પાદનો ગ્રાહકોની સુરક્ષા અને જીવન બંને માટે જોખમકારક છે. ત્યારે જાગૃત નાગરીક તરીકે ઉત્પાદન ખરીદતી વખતે પાકું બીલ અવશ્ય લેવું જોઈએ અને ઉત્પાદકની પુષ્ટિ કરવી જોઈએ. તેમજ ગ્રાહકો BIS CARE App દ્વારા આઈ.એસ.એ.આઈ ચિહ્ન વાળા ઉત્પાદનોના લાઈસન્સ નંબરને ચકાસી શકે છે. ઉપરાંત કોઈપણ પ્રકારના દુરૂપયોગ અથવા છેતરપીંડી થતી હોય તો માહિતી તુરંત બી.આઈ.એસ.ને આપવી જોઈએ. જેથી ગ્રાહકોના હિતનું રક્ષણ કરી શકાય.

# રૈયા રોડ પર રહેતા ૪૦ વર્ષીય દેવીબેન સાદીયાનું બેભાન હાલતમાં મોત

રાજકોટ, તા.૨૨

શહેરના રૈયા રોડ પર બ્રહ્મ સમાજ ચોકમાં રહેતા દેવીબેન સુધીરભાઈ સાદીયા (ઉંમર વર્ષ ૪૦) આજે સવારે ૮:૩૦ વાગ્યે પોતાના ઘરે હતા ત્યારે કોઈ અચાનક બેભાન થઈ જતા તેમને તત્કાલ જ રાજકોટ સિવિલ હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતા. અહીં ઈમર્જન્સી વિભાગમાં ફરજ પર રહેલા ડોકટરે દેવીબેનને જોઈ તપાસી મૃત જાહેર કર્યા હતા. બનાવ અંગે ગાંધીગ્રામ પોલીસે જરૂરી કાગળ કાર્યવાહી કરી દેવીબેનના મૃતદેહને પીએમ અર્થે ખસેડ્યો હતો. આ તરફ મૃતકના પરિવારમાં ભારે શોક છવાયો છે.

# ઉપલેટાના કોલકી પાસેથી સરકારી ચોખા અને ચણાનો જથ્થો ભરેલું વાહન ઝડપાયુ

## રૂા. ૧૧.૧૦ લાખનો મુદ્દામાલ જપ્ત કરતા મામલતદાર : તપાસનો ધમધમાટ




ઉપલેટાના મામલતદાર એન.એચ.મહેતા કોલકી ગામ નજીક રોડ પરથી પસાર થઈ રહેલ શંકાસ્પદ છોટા હાથી પ્રકાર ના વાહન નંબર GJ 06 AV 3831 ને અટકાવી તપાસ કરતા ચોખાનો જથ્થો મળી આવેલ હતા જેના બીલ કે પાવતી ન હોય આ જથ્થો સરકારી જણાતા ૫૦ કિલોગ્રામ નો એક એવા ૨૧ કટા ચોખાના જેનું કુલ વજન ૧,૦૫૦ કિલો, ૩૫ કિલો નો એક એવા બે કટા જેનો અંદાજિત વજન ૭૦ કિલોગ્રામ આમ અંદાજિત કુલ ૧૧૨૦ કિલો ચોખા જેની બજાર કિંમત ૩૦૨૪૦ તથા આઈસીડીએસ યોજનાના ચણા ૧૨ પેકેટ કુલ અંદાજિત વજન ૧૨ કિલો જેની બજાર કિંમત ૮૪૦ રૂપિયા તથા વાહનની અંદાજિત કિંમત ૮૦,૦૦૦ મળી કુલ ૧૧૧૦૧૦/- નો મુદ્દા માલ જપ્ત કરેલ છે. (તસ્વીર / અહેવાલ : જગદીશ રાઠોડ - ઉપલેટા)

# ઉપલેટા, પડવલા, પાળ અને માખાવડમાં ચાલતા જુગારમાં દરોડાઃ ત્રણ મહિલા સહિત ૧૩ શખ્સો ઝબ્બે

## પાળ ગામે રાજકોટના ત્રણ શખ્સો જાહેરમાં પતા ટીંચતા હતાં, રૂરલ પોલીસની કાર્યવાહી, રૂા.૭૮ હજારની મતા જપ્ત

રાજકોટ. તા.૨૨

ઉપલેટા પડવલા પાળ અને માખાવડમાં ચાલતા જુગારધામમાં રૂરલ પોલીસે દરોડા પાડી પતા ટીંચતા ત્રણ મહિલા સહિત ૧૩ શખ્સોને પકડી પાડી રૂ.૭૮ હજારની મતા કબ્જે કરી હતી. જ્યારે પાળ ગામે રાજકોટના ત્રણ શખ્સો જાહેરમાં પતા ટીંચતા દબોચાયા હતાં.

દરોડાની વિગત મુજબ ઉપલેટા પોલીસ મથકના પીઆઈ બી.આર.પટેલની રાબરીમાં પેટ્રોલિંગમાં હતી ત્યારે ઉપલેટાના ભગવતી પરા ગાધાના પારા પાસે આવેલ મીરાબેન મનોજ સિહોરાના મકાનમાં ચાલતા જુગારમાં દરોડો પાડી પત્તા ટીચતી મીરાબેન મનોજ સિહોરા તેમજ સોનલબેન ધનજી કેડિયા (રહે.ઢાંકની ગારી, ગોકુળ બંગલો) અને આચલાબેન રમેશ ડઢાણીયા (રહે રઘુવીર બંગલા પાસે ઉપલેટા) ને પકડી પાડી રૂપિયા ૩૮,૦૦૦ ની રોકડ કબ્જે કરી કાયદેસરની કાર્યવાહી કરી હતી.

બીજા દરોડાની વિગત મુજબ ભાયાવદર પોલીસ મથકના પીઆઈ વી એમ ડોડીયા પેટ્રોલિંગમાં હતી ત્યારે સ્ટાફને મળે ચોક્કસ બાધવી ના આધારે પડવલા ગામમાં આવેલ ચક્કી વાળા ચોકમાં જાહેરમાં તીન પતિનો જુગાર રમતા પુંજા ઉર્ફે ભોપો દુદા કરોતરા, ઈકબાલ ઉંમર નોઈડા (રહે. બંને પડવલા, ઉપલેટા) મોસીન કમલ હલાણી (રહે. ઉમરકોટ, વેગડી, ધોરાજી અને હાબિદ કાળુ ખીરાણી (રહે જામરાવલ બારીયાધાર કલ્યાણપુર) ને પકડી પાડી રૂ.૧૪૨૬૦ ની રોકડ કબ્જે કરી હતી.

ત્રીજા રોડામાં લોધીકા પોલીસ મથકના પીઆઈ યુઆર ડામોર ટીમ સાથે પોલીસ મથક વિસ્તારમાં પેટ્રોલિંગમાં હતા ત્યારે સાથેના સ્ટાફને મળેલ ચોક્કસ બાકીના આધારે પાડગામે જશવંતપુર જવાના રસ્તે પાળ ગામના નવા બનતા પુલ સામે ઝૂંપડાની બાજુમાં જાહેરમાં જુગાર રમતા ગિરીશ વાલજી તંતી (રહે સોજીત્રા નગર રૈયા રોડ રાજકોટ), પ્રકાશ મનસુખ ગૌતમી (રહે. રાધે ક્રિષ્ના ડેરી પાછળ મવડી) અને મનીષ નટુ નિમાવત (રહે. રાજ રેસિડેન્સી, મવડી ચોકડી) ને પકડી પાડી રૂ.૧૦૫૦૦ ની મતા કબ્જે કરી હતી.

જ્યારે ચોથા દરોડામાં લોધિકા પોલીસે માખાવડ ગામે આંબેડકર નગરમાં ગણેશ પાન નામની દુકાન વાળી શેરીમાં જાહેરમાં પત્તા ટીંચતા નાનજી ભલ્લા સોમૈયા, જયેશ હીરા ચાંડપા અને સુરેશ જીવા લુણસિયા (રહે. તમામ માખાવડ, લોધિકા) ને પકડી પાડી રૂ.૧૫૫૦૦ ની મતા કબ્જે કરી હતી.

# દ્વારકાની ગોમતી નદીમાં ત્રણ યાત્રિકો ડૂબ્યાઃ બે લાપતા



## એક યુવાનને બચાવી લેવાયોઃ મનાઈ હોવા છતાં મામા-ભાણેજ સહિતના પ્રવાસી ન્હાવા પડ્યા

**જામ ખંભાળિયા, તા. ૨૨**

તા. ૧૫ મે થી દ્વારકાનો દરિયો તોફાની બનતા દરિયા અંદર માછીમારી કરવા જતા માછીમારોને દરિયા અંદર ન જવા આદેશ આપવામાં આવ્યો છે. આટલું જ નહીં, દરિયા કિનારાની આજુબાજુમાં લોકોને ન્હાવા પર પ્રતિબંધ લગાવવામાં આવ્યો છે.

દ્વારકાના દરિયા સાથે પવિત્ર ગોમતી નદી સંલગ્ન હોય, દ્વારકાની ગોમતીમાં પણ તેજ વહેણ થતું હોય છે. જેના કારણે વહીવટી તંત્ર દ્વારા યાત્રિકો, શ્રધ્ધાળુઓને ગોમતી નદીમાં ન્હાવા પર સખ્ત મનાઈ કરવામાં આવી છે. અહીં ન્હાવા પર પ્રતિબંધ અંગેના બોર્ડ પણ લગાવવામાં આવ્યા છે. તેમ છતાં પણ અમુક લોકો અને તેમાં પણ ખાસ કરીને બહારગામથી અહીં આવતા શ્રદ્ધાળુઓને તેજ વહેણનો ખ્યાલ ન હોય, તેવા લોકો ન્હાવા પડતા અનેક વખત ડૂબવાના બનાવો બનતા હોય છે. આવો જ એક બનાવ ગઈકાલે બનાવવા પામ્યો હતો.

પાટણ જિલ્લાના યાત્રિકો તાજેતરમાં પરિવાર સાથે ભગવાન દ્વારકાધીશના દર્શને આવ્યા હોય, ગઈકાલે બુધવારે બપોરે તેઓ ગોમતી નદીમાં ન્હાવા પડતા તે પૈકીના ત્રણ લોકો નદીના વહેણમાં તણાવવા લાગ્યા હતા. ત્રણ લોકો ડૂબવાના બનાવ બનતા ત્યાં ઉભેલા સ્થાનિક લોકો તેમને બચાવવા ગોમતી નદીમાં પડ્યા હતા. સ્થાનિક તરવૈયોની અથાગ મહેનતથી ત્રણ પૈકીના એક વ્યક્તિને બહાર કાઢવામાં તેમને સફળતા મળી હતી. જ્યારે અન્ય બે યુવાનો હાલ લાપતા થયા છે.

ડુબતા બચેલા યુવક હર્ષિલ પ્રકાશગીરી ગોસ્વામીને ૧૦૮ ની મદદથી દ્વારકા સરકારી હોસ્પિટલ સારવાર અર્થે ખસેડવામાં આવ્યો હતો. અન્ય બે વ્યક્તિઓ શૈલેષભાઈ ગોસ્વામી (ઉ.વ. ૨૭) અને ધ્રુમિલભાઈ ગોસ્વામી (ઉ.વ. ૧૬)ની ભાળ મેળવવા દ્વારકા સ્થાનિક તરવૈયાઓ, સ્કૂબા ડાઈવર્સ તેમજ નગરપાલિકાની ફાયરની ટીમ દ્વારા બન્ને યુવાનોની શોધખોળ કરવામાં આવી હતી. લાપતા બનેલા બે પરિવારજનો મામા-ભાણેજ થતા હોવાનું પણ જાણવા મળ્યું છે. આ બાબતે તેમના પરિવારજનોમાં ચિંતાની લાગણી પ્રસરી જવા પામી હતી.

# જામનગર પોલીસમાં ભ્રષ્ટાચાર ખુલીને બહાર આવ્યોઃ ૨ પોલીસ કર્મી લાંચ લેતા ઝડપાયા

## ખંભાળીયા ગેઈટ પોલીસ ચોકીમાં એ.એસ.આઇ. યુવરાજસિંહ ગોહિલ અને હેડ કોન્સ્ટેબલ પુષ્પરાજસિંહ જાડેજા લાંચ લેતા ઝડપાયાઃ ફરિયાદી વિરૂદ્ધ અરજીની તપાસમાં હેરાન ન કરવા, લોકઅપમા ન બેસાડવા માંગી હતી ૧૦,૦૦૦ની લાંચઃ અગાઉ ૨ હજાર લીધા બાદ બાકીના ૮ હજાર લેવા જતા થયો સમગ્ર ભાંડાફોડ



જામનગર તા.૨૨

જામનગર પોલીસ આલમમાં વ્યાપેલો ભ્રષ્ટાચાર વધુ એક વખત ખુલીને બહાર આવતા ખળભળાટ મચી ગયો છે. કાયદાના રક્ષક તરીકેની જવાબદારી જેમના માથે છે તેવા જામનગરના ખંભાળીયા ગેઈટ પોલીસ ચોકીના ૨ પોલીસ કર્મી લાંચ લેતા ઝડપાયા હતા. ફરિયાદી સામે થયેલ અરજીમાં તપાસમાં હેરાન ન કરવા, લોકઅપમા ન બેસાડવા સહિતની બાબતે વાતચીત થયા બાદ ૧૦ હજારમાં મામલો નક્કી થયો હતો. જે લાંચની ૮ હજારની બાકીની રકમ સ્વીકારવા જતા પોલીસ કર્મી પોલીસ ચોકીમાં જ ઝડપાઈ ગયા હતા. જેને લઇને પોલીસ બેડામાં ચકચાર મચી ગઇ છે.

વિગત અનુસાર જામનગરના ખંભાળીયા ગેઈટ પોલીસ ચોકીમાં એ.એસ.આઇ. યુવરાજસિંહ જગદીશસિંહ ગોહીલ અને હેડ કોન્સ્ટેબલ પુષ્પરાજસિંહ ગીરીરાજસિંહ જાડેજા લાંચ લેતા રંગે હાથ ઝડપાયા છે. ફરીયાદી વિરૂધ્ધ એક અરજી થઈ હતી જેની એ.એસ.આઇ. યુવરાજસિંહ જગદીશસિંહ ગોહીલ તપાસ કરી રહ્યા હતા અને હેડ કોન્સ્ટેબલ પુષ્પરાજસિંહ ગીરીરાજસિંહ જાડેજા તેની સાથે કામગીરી કરતા હતાં. આ દરમિયાન યુવરાજસિંહ જગદીશસિંહ ગોહીલ ફરીયાદીને કહ્યું કે આ કેસમાં હેરાન ન થવુ હોય અને લોકઅપમાં ન બેસવાને બદલે તાત્કાલીક મામલતદાર ક્ચેરીમાં રજુ કરી દેવાના અવેજ પેટે રૂ.૧૦,૦૦૦ થશે. જે વાત થયા બાદ રકમ પુષ્પરાજસિંહ ગીરીરાજસિંહ જાડેજાને આપી દેવા ચર્ચા થઈ હતી.

આ પ્રકરણમાં પુષ્પરાજસિંહ ગીરીરાજસિંહ જાડેજાએ ફરીયાદીને તા.૧૯/૦૫/૨૦૨૫ ના રોજ અટક કરી મામલતદાર ક્ચેરીમાં રજુ કરતા પહેલા ફરીયાદી પાસેથી રૂ.૧૦,૦૦૦ માંગ કરી હતી. જોકે ફરીયાદી પાસે જે તે વખતે રૂપિયા ન હોવાથી ખિસ્સામાં રહેલ રૂ.૨,૦૦૦ લઈ લીધા હતા અને બાકીના રૂ.૮,૦૦૦ ફોન કરીએ આપી જવાનું જણાવ્યુ હતું. બસ અહીંથી સમગ્ર ખેલ શરૂ થયો હતો.

આ મામલે ફરીયાદીની ફરીયાદ આધારે લાંચનું છટકુ ગોઠવવામાં આવ્યું હતું. દરમ્યાન આ કામના યુવરાજસિંહ જગદીશસિંહ ગોહીલએ લાંચની રકમ પુષ્પરાજસિંહ ને આપી દેવાનું કહેતા પુષ્પરાજસિંહ ફરીયાદી સમગ્ર વાતચીત કરી લાંચની ૮ હજારની રકમ સ્વીકારી હતી કે તરત જ એસીબીની ટીમ ત્રાટકી હતી.બન્ને પોલીસકર્મીઓ ખંભાળિયા ગેટ પોલીસ ચોકીની અંદરથી જ લાંચ લેતા ઝડપાયા છે. ACBએ ગોઠવેલી ટ્રેપમાં સફળતા મળતા બંને આરોપીઓને તાત્કાલિક ધરપકડ કરવામાં આવી છે. હાલ બંને પોલીસ કર્મચારીઓને ACB ક્ચેરી ખાતે લઈ જવામાં આવ્યા છે. તેમની સામે કાયદેસરની કાર્યવાહી શરૂ કરવામાં આવી છે. ઇ.ચા. મદદનીશ નિયામક કે.એચ.ગોહિલ સુપરવિઝન હેઠળ ફિલ્ડ પીઆઈ આર.એન.વિરાણીએ સફળ ટ્રેપ કરી હતી.

# રાજ્યમાં સિંહોની સંખ્યામાં વધારો ગૌરવરૂપઃ પરિમલ નથવાણી



(કુંજન રાડીયા)જામ ખંભાળિયા, તા.૨૨

આપણાં સૌ માટે ખૂબ જ ગર્વની વાત છે કે માત્ર ગુજરાતમાં જ જોવા મળતા એશિયાટીક સિંહોની સંખ્યામાં ઉત્તરોત્તર વૃધ્ધિ જોવા મળી રહી છે. તેમ રાજ્યસભાના સાંસદ પરિમલભાઈ નથવાણીએ જણાવ્યું છે.

ગુજરાત સરકાર દ્વારા કરવામાં આવેલી સત્તાવાર જાહેરાત અનુસાર તાજેતરમાં હાથ ધરવામાં આવેલી સિંહની વસતિ ગણતરીમાં સિંહોની સંખ્યા ૮૯૧ એ પહોંચી છે. પહેલાં સિંહ માત્ર સાસણ ગીર, જૂનાગઢ અને ધારીની આસપાસના વિસ્તારોમાં જોવા મળતા હતા. પરંતુ હવે તેમનો વિસ્તાર ખૂબ જ વધ્યો છે અને અમરેલી, જાફરાબાદ, દીવ અને પીપાવાવ પોર્ટ સુધી પહોંચ્યા છે. વધુમાં, પહેલાં માત્ર જંગલ વિસ્તારમાં વસવાટ કરતા સિંહ હવે દરીયાકિનારાના વિસ્તારોમાં પણ વસવાટ કરવા લાગ્યા છે.

ગુજરાતમાં સિંહની સંખ્યામાં થયેલા વધારા માટે વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીના નેતૃત્વ હેઠળ રાજ્ય સરકાર અને કેન્દ્ર સરકાર દ્વારા કરવામાં આવેલા સંવર્ધન પ્રયાસોની ખૂબ જ મોટી ભૂમિકા રહી છે. કેન્દ્ર સરકાર દ્વારા રજૂ કરવામાં આવેલા પ્રોજેક્ટ લાયન ડોક્યુમેન્ટ લાયન ૪૭: વિઝન ફોર અમૃતકાળમાં જુદા-જુદા ૨૧ લાયન કોરીડોરની ઓળખ કરીને સિંહોની વધતી જતી વસતિના વ્યવસ્થાપન અને તેની સુરક્ષા સહિતના મુદ્દાઓને કારણે ભવિષ્યમાં પણ ગુજરાતમાં સિંહોની વસતિ ખૂબ જ વધશે તેવી આશા છે. બરડાના જંગલોમાં સિંહોને વસાવીને તેમના માટે નવું ઘર ઊભું કરવાની સરકારની કામગીરી પણ પ્રશંસનીય છે. તેમ તેમણે વધુમાં જણાવ્યું છે.અત્રે ઉલ્લેખનીય છે કે પરિમલભાઈ નથવાણી ગીર અભયારણ્ય અને રાષ્ટ્રીય ઉદ્યાનની સલાહકાર સમિતિના સભ્ય છે. આ ઉપરાંત તેઓ પર્યાવરણ, વન અને જલવાયુ પરિવર્તન અંગેની સંસદીય સ્થાયી સમિતિના સભ્ય પણ છે.

# બાઈક અથડાવા જેવી બાબતે ધોકા તલવારથી માર માર્યાના ગુનામાં વિલાસ સોલંકી નિર્દોષ

રાજકોટ, તા.૨૨

શહેરમાં રહેતા ફરિયાદી અરબાઝ અલ્તાફભાઈ ડોડીયા તથા તેનો મિત્ર દિલાવર સલીમભાઈ મકરાણી પોતાનું એક્સેસ સ્કૂટર લઇને જતાં હતાં તે દરમિયાન આરોપીઓના બાઈક સાથે સામન્ય અથડાઈ જતા આરોપીઓએ ઉશ્કેરાઈ જઇ ભૂંડા બોલી ગાળો આપી તલવાર અને છરી વડે ફરિયાદીને માથામાં, સાથળના ભાગે ગંભીર પ્રકારની ઈજાઓ પહોંચાડેલ. તે ઉપરાંત આંખમા ધીકો મારી તેમજ જાનથી મારી નાખવાની ધમકી આપેલ. તેમજ સાથેના મિત્રને ઢીકા પાટુનો માર મારેલ હતો. આ અનુસંધાને થોરાળા પોલીસ સ્ટેશનમાં ગુનો દાખલ થયો હતો અને આરોપીઓને જેલ હવાલેઃ કરાયા હતા.

કોર્ટમાં ફરિયાદી પક્ષ દ્વારા વિવિધ દસ્તાવેજો રજુ કરવામાં આવેલ હતાં. જ્યારે આરોપીના વકીલ અજય તોલાણી દ્વારા ફરિયાદી પક્ષના તમામ સાહેદોની ઉંડાણપૂર્વક ઉલટતપાસ કરેલ અને ધારદાર દલીલો કરતા તેમજ તેની સાથે રજૂ રાખેલ વિવિધ ચુકાદાઓને ધ્યાને લેતા, અદાલતે આરોપી વિલાસ સોલંકીને નિર્દોષ છોડી મૂકવાનો હુકમ ફરમાવવામાં આવેલ હતો. આ કેસમાં આરોપી વતી લીગલ એઇડ ડિફેન્સ કાઉન્સિલના યુવા વકીલ અજય આર. તોલાણી રોકાયેલ હતા.



# રીબડાના અમિત ખુંટ આપઘાત પ્રકરણમાં ૨૦ દિવસમાં ફરાર આરોપી નહીં પકડાય તો પરિવાર આત્મવિલોપન કરશે

## મરનાર અમિતના કાકાની પ્રેસ કોન્ફરન્સમાં ચેતવણીઃ અનિરૂદ્ધસિંહ-રાજદિપસિંહને તત્કાલ ઝબ્બે કરવા માંગણીઃ કોન્ફરન્સમાં ૭૯ ગામોના સરપંચોની ઉપસ્થિતિ

(જીતેન્દ્ર આચાર્ય) ગોંડલ, તા. ૨૨

રીબડાનાં અમીત ખુંટ આપઘાત પ્રકરણ માં હજુ સુધી અનિરૂદ્ધસિંહ તથા રાજદિપસિંહ પોલીસ પક્કડથી દુર હોય રીબડા અમીત ખુંટ નાં નિવાસસ્થાને તાલુકાનાં સરપંચો તથા આગેવાનોની પ્રેસ કોન્ફોરન્સ માં વહેલી તકે ભાગતા ફરતા આરોપીઓ ની ધરપકડ કરવા સરકાર પાસે માંગ કરાઇ હતી.અમીત નાં કાકાએ પરીવાર દ્વારા આત્મવિલોપન ની ચીમકી ઉચ્ચારી હતી. પ્રેસ કોન્ફોરન્સમાં અમીત ખુંટનાં કાકા જેન્તીભાઈ ખુંટે કહ્યુકે અનિરૂદ્ધસિંહ પંહોચતી વ્યક્તિ છે.જે હજુ સુધી પકડાયો નથી.રીબડા અમન ચૈન અને શાંતિ ઝંખે છે. જો પંદર વીસ દિવસ માં અનિરૂદ્ધસિંહ તથા રાજદિપસિંહ નહી જડપાઇ તો અમારો પરિવાર આત્મવિલોપન કરશે.

તાલુકા પંચાયત નાં ઉપપ્રમુખ ચિરાગભાઈ ગોળએ કહ્યુ કે અમીત ખુંટ નાં પરીવાર પડખે આજે અઢારેય વર્ણ ઉભુ છે. આ પ્રેસ કોન્ફોરન્સ માટે તાલુકા પંચાયત તથા જીલ્લા પંચાયતનાં તમામ સદસ્યો ૭૯ ગામડાનાં સરપંચો અહી હાજર છે.આ અન્યાય ની સામે ન્યાયની લડત છે. અમીતે ન્યાય માટે જીવ ખોયો છે.સરકાર ગુનેગારોની સત્વરે ધરપકડ કરે તે જરુરીછે.

નવાગામ નાં સરપંચ રમેશભાઈ કાકડીયા એ આક્ષેપ કર્યો કે અનિરૂદ્ધસિંહ અને તેના મળતીયાઓ દ્વારા તેની ગેરકાયદેસર હોટેલ બાંધી તેમાં કલબો ચલાવે છે અને દેશી દારુનુ વેચાણ કરેછે.આ પેશકદમીને ત્વરિત હટાવવી જોઈએ.

કિશાન મોરચાનાં પ્રમુખ લાલભાઈ તળાવીયાએ કહ્યુકે આરોપીઓ હજુ સુધી પોલીસ પક્કડ ની બહાર છે.અમીતે ગત વિધાનસભાની ચુંટણી માં રીબડામાં ભાજપનો જંડો ઉપાડયો હતો.રીબડામાં ક્યારેય ભાજપ નું મતદાન થયુ ના હતુ.અમીતે ભાજપ તરફી મતદાન કરાવ્યુ હતુ.ત્યારથી અમીત ઉપર કાવાદાવા શરુ થયા હતા.તેનો કાંટો કાઢવા પ્રયત્નો કરાતા હતા.ત્યારે તેને ન્યાય મળવો જરૂરીછે.

માર્કેટ યાર્ડ વેપારી મંડળનાં પ્રમુખ યોગેશભાઈ ક્યાડાએ કહ્યુકે અમીતને ફસાવનાર હની ટ્રેપનાં માસ્ટર માઇન્ડ કોણ છે. એ ચિત્ર સ્પષ્ટ થઇ ચુક્યુ છે. જેથી સીટ ની રચના કરી તપાસ કરવા માંગ કરી હતી.તેમણે કહ્યુ કે આગામી સમયમાં તમામ સમાજ ને સાથે રાખી રણનીતી ઘડાશે.

ભરૂડીનાં ઇન્દ્રજિતસિહ જાડેજાએ જણાવ્યુ કે અનિરૂદ્ધસિંહ, રાજદીપસિંહ તથા રહીમ ને પકડવા ગૃહમંત્રી રાજ્ય પોલીસ વડા સુધી રજુઆતો કરાશે.આરોપીઓ ક્રીમીનલ લોકો છે. ત્યારે પોપટભાઇ સોરઠીયા મર્ડર કેસ માં જે રીતે અલગ અલગ સ્કોડ બનાવી તપાસ હાથ ધરાઇ હતી.તે રીતે પોલીસ ની સ્કોડ બનાવી તપાસ કરવા અને સુત્રધારોને જડપી લેવા તેમણે માંગ કરી હતી.તાલુકા પંચાયત સભ્ય હરિશ્ચંદ્રસિંહ ઝાલા,મોટા ઉમવાડા સરપંચ ભુપતભાઇ ડાભી,તાલુકા ભાજપ પ્રમુખ અશ્વિનભાઇ ઠુંમર સહીતે વહેલીતકે અનિરુદ્ધસિંહ સહિત નાં મુખ્ય સુત્રધારોને જડપી લેવા સરકાર માં માંગ કરાશે તેવુ જણાવ્યુ હતુ. પ્રેસ કોન્ફોરન્સમાં સામતભાઇ બાંભવા, દિપકભાઇ રૂપારેલીયા, કરણસિંહ જાડેજા, બેટાવડ સરપંચ હરુભા,ઘોઘાવદર સરપંચ હરેશભાઈ સાવલીયા સહિત સરપંચો હાજર રહ્યા હતા.


# સાંજ સમાચાર ટચુકડી જાહેર-ખબર

સાંજના ગુજરાતી અખબારોમાં સૌથી વધુ નકલોનો ફેલાવો ધરાવતું...

**સાંજ સમાચાર**

ટૂંકી જાહેરાત સાંજ સમાચારમાં ગુરૂવાર-શનિવારના અંકમાં પ્રસિધ્ધ

★ઓછામાં ઓછી ૪ લાઈન

★ફકત રોકડા રૂપિયાથી સ્વીકારાશે

★સવારના ૧૦ થી સાંજના ૮ સુધી

★અમારે દરેક ગામ/શહેર એજન્ટ અને ખબરપત્રી દ્વારા પણ આપી શકાશે.

- વ્યવસ્થાપક




**કામદાર પબ્લીસીટી**

કોઈપણ દૈનિક ન્યુઝ પેપરની નાની-મોટી કે ટચુકડી જાહેરાત આપવા સંપર્ક કરો

ચંદ્રકાન્તભાઈ કામદાર-૯૮૭૯૨ ૬૬૫૧૫

નિતેશ કામદાર-૯૮૯૮૯ ૭૨૮૩૮

પ્રમુખસ્વામી આર્કેડ, ૩જા માળે, માલવીયા ચોક, રાજકોટ

## વેચવાનું છે

**વેચવાનું છે**
૨ બીએચકે, ૧૩૪ વાર, નારણનગર-૩, ત્રિશુલ ચોક, ગોંડલ રોડ, રાજકોટ, રાધિકા જનરલ સ્ટોરની બાજુમાં, મનીષભાઈ ગઢવી, મો. ૯૯૭૭૮ ૮૪૪૧૧ (૮૩૧૨/૧)

**વેચવાનું છે**
૧ બીએચકે, ૬૮ વાર, રાંદલ વિદ્યાલય શેરી નં.૨, 'શ્રી ચામુંડા કૃપા' રાજકોટ. મનોજ ગઢવી, મો. ૯૫૫૮૧ ૪૪૩૨૫ (૮૩૧૨/૨)

## ભાડે આપવાનું છે

**દુકાન ભાડે/વેચવાની**
ગ્રાઉન્ડ+ફર્સ્ટ ફ્લોર શોરૂમ લાયક ૪૦૦ સ્કે.ફીટ જયુબેલી મેઈન રોડ પાસે, મો.૮૮૬૬૨ ૦૦૮૯૨ (૮૨૩૭)

**ગોડાઉન ભાડે દેવાનું છે**
દરેક ધંધાને અનુકુળ થ્રી ફેઈસ કનેકશન ૧૫૦ વાર, અટીકા પાસે, નારાયણનગર મેઈન રોડ ટચ, મો. ૯૮૨૪૮ ૭૪૬૩૯ (૮૨૨૨)

**દુકાન-ફ્લેટ ભાડે દેવાની**
મવડી વિશ્વેશ્વર મંદિર નજીક ફર્સ્ટ ફ્લોર રોડ સાઈડની ૧૨૦ ફુટની દુકાન, ઈન્દીરા સર્કલ ૧૫૦ ફુટનો મે. રોડ ૮×૧૮ની દરેક ધંધાને લાયક ગ્રા.ફ્લોરની દુકાન લક્ષ્મીવાડી હવેલી નજીક ૧લા માળે, ૨ બીએચકેનો ફ્લેટ ભાડેથી બ્રોકર : પ્રમોદભાઈ પંડયા મો. ૯૮૭૯૦ ૭૮૯૭૧ (૮૩૧૫)

## યાત્રા પ્રવાસ

**બાપા સીતારામ યાત્રા સંઘ**
ચાલો હાથલા (શનિ જયંતી) (૭ સ્થળ) શનીદેવનું જન્મ સ્થળ અમાસને મંગળવાર દિ.૧ ટી. ૭૦૧, તા. ૨૬/૫/૨૫ સોમવાર રાત્રે બપોરે એક ટાઈમ જમવાનું, મો. ૯૭૨૩૬ ૩૮૬૨૨, ૯૦૮૧૧ ૯૬૯૬૦ (૮૨૨૯)

**સદગુરૂ યાત્રા**
(૧) ગંગોત્રી, યમનોત્રી, બદ્રીનાથ, કેદારનાથ, હરિદ્વાર ઋષિકેશ (૨) મહારાષ્ટ્ર પાંચ જયોતિર્લિંગ સાથે શિરડી, ઓરંગાબાદં શની શીંગળાપુર (૩) હૈદરાબાદ, રામોજી ફિલ્મ સીટી, શ્રી શેલમ મલ્લીકાર્જુન, વેલુર, ગોલ્ડન ટેમ્પલ, તિરૂપતિ બાલાજી-ગુજરાતી ભોજન કપલ રૂમ-દાસભાઈ ૯૮૨૫૪ ૦૯૯૪૦/૮૧૫૫૮ ૮૧૨૮૮ (૮૨૮૬)

## ધંધાદારી

સાંઈરામ, પંદર વર્ષના અનુભવી પાસે IT Return & GST નું કામ કરાવો. ૯૩૭૬૬ ૪૨૩૬૦ (એસ/એસ)

**ઘરઘંટી, વોશીંગ મશીન, ફ્રીઝ**
કુલર ગીઝર, આરો, ઓવન, ગેસ ચુલો રીપેરીંગ, મો. ૯૭૨૩૧ ૨૫૯૬૪ (૮૨૨૮)

હોલસેલ ભાવે મળશે, ડ્રેસ મટીરીયલ, કુર્તી, કોટન, પ્રિન્ટેડ ડ્રેસ, કુર્તીપેર તથા વર્કમાં મળશે. દેવેન્દ્ર ડ્રેસીસ, વોરાવાડ, રાજકોટ. મો. ૯૮૨૪૪ ૮૦૬૬૪ (૮૩૦૯)

**સાંજ સમાચાર**
૧૨ અક્ષરની ૧ લાઈન
૧ લાઈનના માત્ર રૂા.૧૦
ટચૂકડી સ્વીકારવાનો સમય
૧૦ થી ૮- સોમથી શનિ

## જોઈએ છે

**જોઈએ છે**
કાયમી ધોરણે કામ કરી શકે તેવા માણસની જરૂર છે. ટાઈમ બપોરે ૨ થી રાત્રે ૨.૩૦ વાગ્યા સુધી, મળો : રામ ઔર શ્યામ ગોલાવાલા, મવડી મેઈન રોડ, ફાયર બ્રિગેડની બાજુમાં, મો. ૯૯૨૪૨ ૬૨૬૧૧(૮૩૧૬)

આપના ધંધાકીય વિકાસ માટે ટચુકડી જાહેરાત આપી આપના ધંધાનો વિકાસ

**ધ્રુવ એડસ**
હિરા કોમ્પ્લેક્ષ, બીજા માળે, ફુલછાબ ચોક પાસે, પટણી સોની બોર્ડીંગ સામે, રાજકોટ-૧.
M. 96247 10323

**વેંચવાનું છે**
ફ્લેટ વેંચવાનો છે
રેસકોર્ષ પ્રાઈમ લોકેશનમાં ૨ બીએચકે, ફર્નિચર સાથે, કિં. ૪૦,મો.૯૪૨૬૭૧૨૧૩૬

**જોઈએ છે**
ઘરબેઠા કોમ્પ્યુટર તથા એન્ડ્રોઈડ ફોનમાં વર્ક કરી ડેઈલી પેમેન્ટ ૯૭૨૩૯ ૯૫૮૯૬ (૮૨૫૦)

**જોઈએ છે**
સુતરકોન-દડાના કારીગર તથા પેકીંગ માટે લેડીઝ / જેન્ટસ અનુભવીને પ્રથમ પસંદગી, મો. ૯૪૨૬૯ ૧૬૧૫૪ (૮૩૧૧)

**ગુજરાત ફેવરીટ વન-વે ટેકસી રાજકોટથી**

| DESTINATION | SEDAN | SUV |
|---|---|---|
| RAJKOT TO HIRSAR AIRPORT | 1000 | 1500 |
| HIRSAR AIRPORT TO RAJKOT | 1000 | 1500 |
| RAJKOT TO AHMEDABAD | 2500 | 3500 |
| AHMEDABAD TO RAJKOT | 2500 | 3500 |
| RAJKOT TO VADODARA | 4000 | 5000 |
| RAJKOT TO SURAT | 6500 | 7500 |
| RAJKOT TO MUMBAI | 12000 | 15000 |
| RAJKOT TO MORBI | 1800 | 2500 |
| RAJKOT TO JUNAGADH | 2500 | 3500 |
| RAJKOT TO JAMNAGAR | 2000 | 2700 |

TEZZ — TEZZ CABS, TEZZ SHAKTI TRAVELS, TAXI ONE WAY CAB

રાજકોટથી કોઈપણ શહેર માટે વન-વે પીક અપ-ડ્રોપ માટે ટેક્સી સૌથી નીચા ભાવે

Mo. 9696 153 153

## જોઈએ છે

**જગ્યા જોઈએ છે**
જલારામ-૨માં ૧૦૦૦ વાર બ્રો.૯૯૧૩૭ ૪૬૬૬૫ (૮૩૧૯/૧)

**જગ્યા જોઈએ છે**
મોટા રોડ ઉપર ૬૦૦ વાર રાજકોટ સીટીમાં બ્રો.૯૯૧૩૭ ૪૬૬૬૫ (૮૩૧૯/૨)

**રાજકોટ સીટીમાં**
મકાન, પ્લોટ, ફ્લેટ, દુકાન વેચવા-લેવા ફોન કરો બ્રો.૯૯૧૩૭ ૪૬૬૬૫ (૮૩૧૯/૩)

# વડાપ્રધાનના હસ્તે ગુજરાતના ૧૮ સહિત ૧૦૩ અમૃત ભારત રેલ્વે સ્ટેશનોનું ઉદ્ઘાટન

## લીંબડી રેલ્વે સ્ટેશન વર્ચ્યુઅલી લોકાપર્ણ વખતે મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલની હાજરી

બિકાનેર, તા.૨૨

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી આજે રાજસ્થાનના બિકાનેરથી દેશમાં અમૃત ભારત સ્ટેશન યોજના હેઠળ બાંધવામાં આવેલા ૩ રાજ્યોમાં ૧૦૩ અમૃત ભારત રેલ્વે સ્ટેશનોનું ઉદઘાટન કર્યું. મુસાફરોને વધુ સારી સુવિધાઓ પૂરી પાડવાના ઉદ્દેશ્યથી આ સ્ટેશનોને ફરીથી ડિઝાઇન કરવામાં આવ્યા છે. અમૃત ભારત સ્ટેશન યોજના ભારતીય રેલ્વે માળખાગત સુવિધાઓ માટે એક નવા યુગની શરૂઆત છે. સરકારે કહ્યું કે આ યોજના દેશના રેલ્વે સ્ટેશનોને તબક્કાવાર રીતે સુધારવા માટે લાંબા ગાળાની યોજના છે. આ અંતર્ગત, દરેક સ્ટેશન માટે એક વિગતવાર યોજના બનાવવામાં આવી છે.

દેશના ૧૦૩ રેલવે સ્ટેશનના નવીનીકરણમાં ગુજરાતના ડાકોર, કરમસદ, સામખિયાળી, લીંબડી, મોરબી, જામજોધપુર, જામવંથલી, હાપા, સિહોર, પાલિતાણા, રાજુલા, મહુવા, ઓખા, મીઠાપુર, ઉત્તરણ, કોસંબા, ડેરોલ અને કનાલુસ રેલવે સ્ટેશનનો સમાવેશ થાય છે. રુપિયા ૧૬૦ કરોડથી વધુના ખર્ચે વિકસાવવામાં આવેલા આ સ્ટેશનો સૌંદર્ય શાસ્ત્ર, સુવિધા અને સંસ્કૃતિનું મિશ્રણ દર્શાવે છે. દરેક સ્ટેશન ગુજરાતની લોક કલા, પરંપરાઓ અને સાંસ્કૃતિક વારસાની ઝલક દર્શાવે છે.

દરેક રેલવે સ્ટેશન આધુનિક સુવિધાઓથી સજ્જ અપગ્રેડેડ સ્ટેશનોમાં ભવ્ય પ્રવેશદ્વાર, ઉચ્ચ-માસ્ટ લાઇટિંગ, આધુનિક વેઇટિંગ હોલ, ટિકિટ કાઉન્ટર, અપગ્રેડેડ શૌચાલય અને અપંગ વ્યક્તિઓ માટે સુલભ રેમ્પ છે. પ્લેટફોર્મ આશ્રયસ્થાનો, કોચ સૂચક પ્રણાલીઓ અને ડિજિટલ માહિતી પ્રદર્શનો પણ સ્થાપિત કરવામાં આવ્યા છે. બધી સુવિધાઓ સમાવિષ્ટ અને સુલભ હોય તે રીતે ડિઝાઇન કરવામાં આવી છે.

લીંબડીમાં મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ હાજર રહેશે લીંબડી રેલવે સ્ટેશન વર્ચુઅલી લોકાપર્ણ વખતે અહીં મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ હાજરી આપશે. આ રેલવે સ્ટેશનની વાત કરીએ તો અહીં પ્લેટફોર્મ નં.૧નું વિસ્તરણ કરીને અહીં ઊંચાઈમાં વધારો કરાયો છે. આ ઉપરાંત ટોઇલેટ બ્લોક્સની સ્થાપના, દિવ્યાંગ મુસાફરો માટે વિશેષ સુવિધાઓ, GRP ભવનનું નિર્માણ, સર્ક્યુલેટિંગ એરિયાનો સુધારો, સુવ્યવસ્થિત પાર્કિંગ ક્ષેત્રનો વિકાસ, પ્રવેશ અને નિકાસ દ્વારનો પુનર્વિકાસ, કોચ ગાઇડન્સ ડિસ્પ્લે બોર્ડ (CGDB)ની સ્થાપના, મુસાફરોમાટે જાહેરાત પ્રણાલીને મજબૂત બનાવવી, સ્ટેશનના રવેશનું સૌંદર્યીકરણ, રવેશ લાઇટિંગની વ્યવસ્થા અને સૂચનાત્મક સાઇનબોર્ડની સ્થાપના કરવામાં આવી છે.





### ફ્રી વાઈ-ફાઈ, ફૂડ કોર્ટ, રૂફ પ્લાઝા જેવી સુવિધાઓ

ડાકોરમાં ભક્ત બોડાણાની થીમ યાત્રાધામ ડાકોર રેલવે સ્ટેશનની વાત કરીએ તો અહીં દિવ્યાંગ મુસાફરો માટે ખાસ વાહન પાર્કિંગથી માંડી વિશેષ પ્રકારની સુવિધાઓ સાથે ધાત્રી મહિલા મુસાફરો માટે અલગ બેઠક રૂમ અને ઘોડિયાની વિશેષ પ્રકારની સુવિધાઓ ઉપલબ્ધ છે. આ ઉપરાંત શહેરની આધ્યાત્મિક ઓળખને પ્રતિબિંબિત કરવા માટે સ્ટેશન પરિસરમાં ભગવાન કૃષ્ણની પ્રતિમા અને ભીંતચિત્રો સુંદર રીતે સંકલિત કરવામાં આવ્યા છે.

કરમસદમાં માળખામાં ફરીથી ડિઝાઇન ભારતના લોખંડી પુરુષ સરદાર વલ્લભભાઈ પટેલના જન્મસ્થળ કરમસદ

### દરેક સ્ટેશને ગુજરાતની લોકકલા, પરંપરાઓ અને સાંસ્કૃતિક વારસાની ઝલક જોવા મળશે

રેલવે સ્ટેશનની વાત કરીએ તો અહીં બિલ્ડિંગને સમકાલીન અને સૌંદર્યલક્ષી રીતે આકર્ષક માળખામાં ફરીથી ડિઝાઇન કરવામાં આવી છે. પ્રવેશદ્વાર પર એક વારસાથી પ્રેરિત મંડપ મુસાફરો માટે છાંયડાવાળી અને સ્વાગત જગ્યા પ્રદાન કરે છે.

સ્ટેશનોની જરૂરિયાતોને આધારે, તેમને તબક્કાવાર તૈયાર કરવાનું કામ કરવામાં આવી રહ્યું છે. ઉદ્દેશ્ય સ્ટેશનોને શક્ય તેટલા સ્વચ્છ, વધુ આરામદાયક અને ઉપયોગમાં સરળ બનાવવાનો છે. આમાં સ્ટેશનોના પ્રવેશ અને બહાર નીકળવાના દરવાજા, વેઇટિંગ રૂમ, શૌચાલય, પ્લેટફોર્મ અને છતમાં સુધારો શામેલ છે. જરૂરિયાત મુજબ લિફ્ટ, એસ્કેલેટર અને મફત વાઇ-ફાઇ જેવી સુવિધાઓ હશે.

આ યોજના શહેરની બંને બાજુઓને સ્ટેશનો દ્વારા જોડવા અને સ્ટેશનોને બસ અને મેટ્રો જેવા અન્ય પરિવહન વિકલ્પો સાથે જોડવા પર ધ્યાન કેન્દ્રિત કરશે. તેને વિકલાંગ ફ્રેન્ડલી બનાવવા પર ધ્યાન આપવામાં આવ્યું છે.અમૃત ભારત રેલ્વે સ્ટેશનો પર 'વન સ્ટેશન વન પ્રોડક્ટ' હેઠળ સ્થાનિક ઉત્પાદનોનું વેચાણ કરવામાં આવશે. સમગ્ર દેશમાં રેલ્વે સ્ટેશનો પર ડિસ્પ્લે અને વેચાણ આઉટલેટ્સ બનાવીને ભારતના સ્વદેશી અને વિશિષ્ટ ઉત્પાદનો અને હસ્તકલાને પ્રોત્સાહન આપવાનો હેતુ છે.

નવનિર્મિત પ્લેટફોર્મ, સુંદર લેન્ડસ્કેપ, રૂફ પ્લાઝા, કિઓસ્ક, ફૂડ કોર્ટ, ચિલ્ડ્રન પ્લે એરિયા બનાવવાની કલ્પના કરવામાં આવી છે. જેમાં રસ્તા પહોળા કરવા અને સાઈનેજ લગાવવાનો સમાવેશ થાય છે.

અમદાવાદનું મોઢેરા સ્ટેશન સૂર્ય મંદિરથી પ્રેરિત બન્યું છે. દ્વારકા સ્ટેશનથી દ્વારકાધીશ મંદિર સુધી, ઓડિશામાં બાલેશ્વર સ્ટેશન ભગવાન જગન્નાથ મંદિરની પ્રેરણાથી બનાવવામાં આવી રહ્યું છે.

# અમેરિકામાં ચાલુ બસમાં ભારતીયે જ ભારતીયની ચાકૂ મારી હત્યા કરી

### હત્યા કરી ભાગી છુટેલા શખ્સને પોલીસે ઝડપી લીધો

ટેકસાસ (અમેરિકા) તા.૨૨

અમેરિકાના ટેક્સસ સ્ટેટના ઓસ્ટિનમાં એક ભયાનક ઘટનામાં ૩૦ વર્ષના ઈન્ડિયન આંત્રપ્રિન્યોર અક્ષય ગુપ્તાની એક બસમાં ક્રૂરતાથી હત્યા કરી દેવામાં આવી હતી. ઘટના મે ૧૪એ સાંજે બની હતી. અક્ષયની હત્યા કરનારો એક ઈન્ડિયન જ હતો. ચાલુ બસમાં બનેલી આ ઘટનાથી ભય ફેલાઈ ગયો હતો. જેથી જેવી બસ ઊભી રાખવામાં આવી કે તરત જ મુસાફરો તેમાંથી ઝડપથી બહાર આવી ગયા હતા અને તેમની સાથે હત્યારો પણ બસની બહાર નીકળી ગયો હતો અને ભાગી ગયો હતો. જોકે, બાદમાં પોલીસે તેને ઝડપી લીધો હતો.

અક્ષય ગુપ્તા એક સ્વાસ્થ્ય-ટેકનિકલ સ્ટાર્ટઅપના કો-ફાઉન્ડર હતા અને ઓસ્ટિનના સક્રિય આંત્રપ્રિન્યોર હતા. ઓસ્ટિન પોલીસ ડિપાર્ટમેન્ટના જણાવ્યા મુજબ, તેમના પર બસમાં ચાકૂથી હુમલો કરાયો હતો. પોલીસ જ્યારે ઘટના સ્થળે પહોંચી ત્યારે અક્ષય ગંભીર રીતે ઘાયલ હાલતમાં જોવા મળ્યા હતા. તેમને તાત્કાલીક પ્રાથમિક સારવાર આપવામાં આવી હતી અને તેનો જીવ બચાવવા પ્રયાસ કરાયો હતો, પરંતુ તેનું ઘટનાસ્થળે જ મોત થઈ ગયું હતું.

અક્ષયની હત્યા કરનારાનું નામ દીપક કંડેલ છે. ૩૧ વર્ષનો દીપક કંડેલ ભારતીય છે અને બેઘર છે. તપાસમાં સામે આવ્યું છે કે, દીપક બસમાં અક્ષયની પાસે બેઠો હતો અને કોઈ ઉશ્કેરણી વિના જ તેણે અક્ષયની ગરદન પર 'બુચર સ્ટાઈલ' ચાકૂથી હુમલો કરી દીધો હતો.

બસમાં લાગેલા સીસીટીવી ફુટેજમાં જોવા મળ્યું હતું કે, અક્ષયની બાજુમાં દીપક ચૂપચાપ બેઠો હતો અને પછી અચાનક તેણે ચાકૂ કાઢીને હુમલો કરી દીધો હતો.

### પ્રિ-મોન્સુન ગતિવિધી વ્હેલી શરૂ થઈ ગઈ

# કાલથી ત્રણ દિવસ ભારેથી અતિભારે વરસાદઃ અમરેલી-જુનાગઢ-ગીર સોમનાથમાં ઓરેન્જ એલર્ટ

### હવામાનની સિસ્ટમની અસરે ભારે પવન સાથે રાજયના અનેક ભાગોમાં હળવો-મધ્યમ વરસાદ થવાની આગાહી

અમદાવાદ તા.૨૨

અપર એર સાયકલોનીક સરકયુલેશન તથા સાયકલોનીક સિસ્ટમની અસર હેઠળ ગુજરાતના કેટલાંક ભાગોમાં ભારેથી અતિભારે વરસાદનું ઓરેન્જ એલર્ટ જારી કરવામાં આવ્યું છે. માછીમારોને પણ દરીયો ન ખેડવાની ચેતવણી આપવામાં આવી છે.

હવામાન વિભાગનાં વડા એ.કે.દાસે જણાવ્યું હતું કે ઉત્તર કર્ણાટક તથા ગોવાના કાંઠે પૂર્વ મધ્ય અરબી સમુદ્રમાં અપર એર સાયકલોનિક અરબી સમુદ્રમાં અપર એર સાયકલોનિક સરકયુલેશન સક્રિય છે. ઉપરાંત આજ ક્ષેત્રમાં લો-પ્રેસર બન્યુ છે મજબુત થવા સાથે ઉત્તર તરફની ગતિ છે.

હવામાનની આ સિસ્ટમને કારણે ગુજરાતમાં તા.૨૩ થી ૨૫ દરમ્યાન વિજળીનાં કડાકાભડાકા, ઝંઝાવાત સાથે વરસાદ થવાની સંભાવના છે. ૫૦ કીમી સુધીની ઝડપના પવન પણ ફુંકાઈ શકે છે.

હવામાન વિભાગ દ્વારા સૌરાષ્ટ્રમાં અમરેલી, જુનાગઢ તથા ગીર સોમનાથ તથા દક્ષિણ ગુજરાતના વલસાડ-નવસારીમાં ભારેથી અતિભારે વરસાદનુ ઓરેન્જ એલર્ટ આપવામાં આવ્યુ છે. રાજયના બાકીનાં ભાગોમાં હળવો-મધ્યમ વરસાદ થવાની શકયતા છે.

હવામાન વિભાગે દ.ગુજરાતનાં માછીમારોને દરીયો ન ખેડવા કહેવાયું છે.પ્રિ-મોન્સુન ગતિવિધીના ભાગરૂપે જ વરસાદ હોવા છતાં આ ગતિવિધી વહેલી શરૂ થયાનો નિર્દેશ કરાયો છે.

# દુબઈમાં પણ આવુ બને! બ્રોકરેજ કંપનીના રાતોરાત ઉઠમણાઃ ભારતીયોએ કરોડો રૂપિયા ગુમાવ્યા

દુબઈ, તા.૨૨

દુબઈ સ્થિત એક બ્રોકરેજ કંપની ગલ્ફ ફર્સ્ટ કમર્શિયલ બ્રોકર્સ રાતોરાત ગાયબ થઈ જતાં રોકાણકારોના લાખો રૂપિયા ડૂબી ગયા છે.

દુબઈના કમર્શિયલ ડિસ્ટ્રિક્ટ બિઝનેસ બેમાં કેપિટલ ગોલ્ડન ટાવરના સ્વીટ ૩૦૨ અને ૩૦૫માં આ કંપનીની ઑફિસ હતી જે થોડાં અઠવાડિયાં પહેલાં ધમધમતી હતી અને આજે એ નિર્જન છે. ગયા મહિના સુધી ગલ્ફ ફર્સ્ટમાં લગભગ ૪૦ કર્મચારીઓ કામ કરતા હતા. તેમનું કામ સંભવિત રોકાણકારોમાં ફોરેક્સ રોકાણોને પ્રોત્સાહન આપવાનું હતું. હવે ફોનલાઈન કપાઈ ગઈ છે.

કેપિટલ ગોલ્ડન ટાવરના એક સુરક્ષા ગાર્ડે કહ્યું હતું કે 'આ કંપનીના માણસોએ ચાવીઓ પાછી આપી હતી. તેઓ ઑફિસમાં આવ્યા હતા અને બધું સાફ કરીને ઉતાવળમાં ચાલ્યા ગયા હતા. હવે અમારી પાસે દરરોજ લોકો તેમના વિશે પૂછવા આવે છે.'

આ બ્રોકરેજ ફર્મમાં નાણાં ગુમાવનારા મોહમ્મદ અને ફયાઝ પોયલ કેરળના રહેવાસી છે. તેમણે ગલ્ફ ફર્સ્ટમાં ૭૫,૦૦૦ ડોલર (આશરે ૬૪ લાખ રૂપિયા)નું રોકાણ કર્યું હતું. મોહમ્મદ નામના અન્ય રોકાણકારે ૫૦,૦૦૦ ડોલર (આશરે ૪૩ લાખ રૂપિયા) ગુમાવ્યા હતા. ૨,૩૦,૦૦૦ ડોલર (આશરે ૧.૯૬ કરોડ રૂપિયા) ગુમાવનારી એક વ્યક્તિએ કહ્યું હતું 'રિલેશનશિપ મેનેજર અમારી સાથે અમારી કન્નડા ભાષામાં વાત કરતો હતો. આ કંપનીના પ્લેટફોર્મ પર શરૂઆતમાં અમને થોડો નફો થયો હતો અને અમે કેટલાક પૈસા ઉપાડી પણ લીધા હતા. જોકે આજે લાગે છે કે એ ફક્ત અમારો વિશ્વાસ જીતવા માટે હતું.'

ગલ્ફ ફર્સ્ટ કમર્શિયલ બ્રોકર્સ એના ગ્રાહકોને એક અનરેગ્યુલેટેડ ઑનલાઇન પ્લેટફોર્મ સિગ્મા-વન કેપિટલ દ્વારા રોકાણ કરવા માટે ભારપૂર્વક દબાણ કરતી હતી. તેઓ સુરક્ષિત વળતરની ખાતરી આપતા હતા. આના કારણે ઘણા લોકોએ પોતાની જીવનભરની બચત આ પ્લેટફોર્મ પર રોકી દીધી હતી.

દુબઈ પોલીસે ગલ્ફ ફર્સ્ટ કમર્શિયલ બ્રોકર્સ અને સિગ્મા-વન કેપિટલ સામે કેસ દાખલ કટ છે અને પુષ્ટિ કરી છે કે સિગ્મા-વન કેપિટ દુબઈ ફાઈનેન્શિયલ સર્વિસ ઑથોરિટી (DFS/અથવા સિક્યોરિટીઝ એન્ડ કોમોડિટીઝ ઑથોરિટી (SCA) પાસેથી લાઇસન્સ મેળવ્યા નથી.

# વિચારધારાના કારણે કોઈને જેલમાં ન નાખી શકાયઃ સુપ્રીમકોર્ટ

### સુપ્રીમકોર્ટે પીએફઆઈના પુર્વ મહાસચિવને જામીન આપ્યાઃ આ જ તો સમસ્યા છે કે ભવિષ્યનો અપરાધ રોકવા કોઈને જેલમાં નાખી દેવાઃ જજ



નવી દિલ્હી તા.૨૨

સુપ્રીમકોર્ટે બુધવારે પોપ્યુલર ફ્રન્ટ ઓફ ઈન્ડિયા (પીએફઆઈ)ના પુર્વ મહાસચીવ અબ્દુલ સતારને આરએસએસ કાર્યકર્તા શ્રીનિવાસનની હત્યા સાથે સંકળાયેલા કાવતરાના કેસમાં જામીન આપ્યા છે. આ હત્યા સપ્ટેમ્બર ૨૦૨૨માં કેરળ હાઈકોર્ટ દ્વારા જામીનના ઈન્કાર કરાતા સુપ્રીમમાં અરજી કરાઈ હતી. જસ્ટીસ એ.એસ.ઓકોએ કહ્યું હતું કે કોઈની વિચારધારાના કારણે તેને જેલમાં નાખી ન શકાય. આ એક ચલણ બની ગયું છે કે જે લોકોની એક ખાસ વિચારધારા હોય છે. તેમને જેલમાં નાંખી દેવામાં આવે છે. તપાસ એજન્સી એનઆઈએએ દલીલ કરી હતી કે જો કે અબ્દુલ સતારનું હત્યાની મુખ્ય એફઆઈઆરમાં નામ નથી, તેમ છતાં તેમણે પીએફઆઈના મહાસચીવ તરીકે કેડરની ભરતી અને હથિયાર તાલીમ આયોજીત કરવાની ભૂમિકા ભજવી છે. તેમની સામે ૭૧ જૂના કેસ બતાવવામાં આવ્યા.

જયારે, સતારના વકીલે દલીલ કરી કે આ બધા ૭૧ કેસ હડતાલ સાથે જોડાયેલી ઘટનાઓના છે. કેરળ હાઈકોર્ટે તેમને પીએફઆઈ મહાસચીવ હોવાના કારણે બધા કેસોમાં નામિત કરવાનો નિર્દેશ અપાયો હતો. સતાર આ બધા કેસોમાં પહેલા પણ જામીન મેળવી ચૂકયા છે. જસ્ટીસ ઓકાએ સવાલ કર્યો હતો કે શું તે બધા વિરોધ પ્રદર્શનના કેસ હતા? એનઆઈએએ એમ પણ કહ્યું કે સતાર 'ઈન્ડિયા ૨૦૪૭' નામના એજન્ડા સાથે જોડાયેલા છે અને આગળ અપરાધ ન કરે તેના માટે તેમને કસ્ટડીમાં રાખવા જરૂરી છે.

જસ્ટિસ ઓકોએ કહ્યું હતું કે આ જ સમસ્યા છે, આ વિચારમાં કે આપણે ભવિષ્યના અપરાધ રોકવા માટે કોઈને જેલમાં રાખશું, જયારે બેન્ચમાં હાજર જસ્ટીસ ભુઈયાએ કહ્યું હતું કે તો પછી કેસ ચલાવોને સજા આપો પણ કેસની પ્રક્રિયા જ સજા ન બને.

# પ્લેઓફમાંથી ફેંકાઈ જતા દિલ્હી કેપિટલ્સને લાગ્યું મોટું કલંક



### પ્રથમ ચાર મેચ જીતીને એક સિઝનમાં પ્લેઓફની દોડમાંથી બહાર થનારી પ્રથમ ટીમ બની

નવી દિલ્હી, તા.૨૨

IPL 2025 માં દિલ્હી કેપિટલ્સ ટીમની સફર પૂરી થઈ ગઈ છે. ૨૧ મેના રોજ રમાયેલી મેચમાં મુંબઈ ઈન્ડિયન્સ સામે તેઓ ૫૯ રને હારી ગયા હતા. આ મેચમાં હાર સાથે, દિલ્હીની ટીમને એક નહીં પરંતુ બે આંચકા લાગ્યા. દિલ્હીની ટીમ આ વખતે IPL પ્લેઓફમાં પહોંચી શકી નથી. આ સમયગાળા દરમિયાન, તેમના પર એવું કલંક લાગી ગયું જે આજ સુધી IPLના ઈતિહાસમાં કોઈ સાથે બન્યું નથી.

દિલ્હી કેપિટલ્સ ટુર્નામેન્ટમાં તેની પ્રથમ ચાર મેચ જીતીને એક સિઝનમાં પ્લેઓફની દોડમાંથી બહાર થનારી પ્રથમ ટીમ બની. હકીકતમાં, મુંબઈ ઈન્ડિયન્સએ દિલ્હી કેપિટલ્સને ૫૯ રનથી હરાવ્યું અને હાર્દિકની કેપ્ટનશીપ હેઠળ મુંબઈએ પ્લેઓફમાં પ્રવેશ મેળવ્યો. મુંબઈની ટીમ IPL૨૦૨૫ ના પ્લેઓફમાં પ્રવેશ કરનારી ચોથી ટીમ બની. તેમની પહેલા RCB, ગુજરાત અને પંજાબની ટીમો પ્લેઓફમાં જગ્યા બનાવી ચૂકી છે. વાનખેડે ખાતે રમાયેલી મેચમાં, સૂર્યકુમારની અડધી સદીની ઈનિંગ્સના આધારે ડીસીને ૧૮૧ રનનો લક્ષ્યાંક મળ્યો. મુંબઈએ ૨૦ ઓવરમાં ૫ વિકેટ ગુમાવીને ૧૮૦ રન બનાવ્યા. દિલ્હીના નિયમિત કેપ્ટન અક્ષર પટેલ બીમારીના કારણે આ મેચમાં રમી શક્યા ન હતા. ૧૮૧ રનના લક્ષ્યાંકનો પીછો કરતા દિલ્હીની ટીમે ૧૮.૨ ઓવરમાં ૧૨૧ રન બનાવી લીધા. સમીર રિઝવીએ ૩૯ રન બનાવ્યા જ્યારે વિપ્રાજ નિગમે ૨૦ રન બનાવ્યા.

### ઓપરેશન સિંદુરમાં ૩૦૦૦ અગ્નિવીર જવાનોએ પણ ભાગ લીધો હતો

# અગ્નિવીરોએ પ્રથમ યુદ્ધ લડયુંઃ મિસાઈલ-રડાર સહિતની સિસ્ટમનું સફળ સંચાલન


### ભારતીય સેનામાં બે વર્ષમાં ભરતી થયેલા તાલીમબદ્ધ અગ્નિવીરોએ સૈન્યના જવાનો સાથે ખભેખભા મિલાવ્યા



નવી દિલ્હી તા.૨૨

હાલમાં જ પાકિસ્તાન સામેના ઓપરેશન સિંદુરમાં ભારતીય દળોએ જે રીતે બહાદુરીપૂર્વક પાકિસ્તાનને બોધપાઠ આપ્યો તેમાં સૈન્યમાં ભરતી થયેલા ૩ હજારથી વધુ અગ્નિવીર જવાનો પણ આ પ્રકારના યુદ્ધમાં સામેલ થઈ ગયા હતા. આમ છેલ્લા બે વર્ષમાં ભરતી થયેલા અગ્નિવીરના જવાનોને તેમની પ્રથમ પરીક્ષા પાસ કરી લીધી છે. આ જવાનોએ તા.૭ થી ૧૦ દરમ્યાન ભારતના એરડિફેન્સ સીસ્ટમ સહિતની વ્યવસ્થાઓ સંભાળી હતી. યુદ્ધ સમયે તેની અલગ અલગ ફરજો અંગે તાલીમ લીધા બાદ તેમને કાશ્મીર સહિતની સરહદોએ તૈનાત કરવામાં આવ્યા છે. આ અગ્નિવીર જવાનો અંતરિક્ષ નામના ભારતમાં જ તૈયાર કરાયેલા એરડિફેન્સ સીસ્ટમનું ઓપરેટીંગ કર્યું હતું અને સફળતાપૂર્વક પાકિસ્તાનના ડ્રોનને તોડી પાડયા હતા. એટલું જ નહી તેઓએ રડાર યુનિટનું સંચાલન કર્યુ હતું. સૈન્યમાં અગ્નિપથ યોજના અંગે ચાર વર્ષ માટે સૈનિકોની ભરતી કરાઈ છે તેમાં ૨૫ ટકાને કાયમી રીતે જોબ અપાય છે. તેઓએ ભારતીય સૈન્યના જવાનો સાથે અનેક શસ્ત્રોનું સંચાલન કર્યુ હતું. જેમાં ખભા પરથી ફાયર કરી શકાય તેવી મિસાઈલ સીસ્ટમ ઉપરાંત મીડીયમ રેન્જના ભૂમિ પરથી હવામાં પ્રહાર કરતા મિસાઈલ અનેક રડારોનું પણ સંચાલન કર્યું હતું.

# ગ્રીસમાં ૬ ની તીવ્રતાનો ભૂકંપઃ સુનામીની ચેતવણી



એવોન્સ તા.૨૨

ગ્રીસના ક્રેટેના દરિયાકાંઠા પર ૬.૦ની તીવ્રતાનો ભૂકંપ સર્જાતા સુનામીની ચેતવણી આપવામાં આવી હતી અને એલર્ટ જારી કરવામાં આવ્યું હતું.

સિસ્મોપ્લોજી સેન્ટરનાં રિપોર્ટમાં ભૂકંપની તિવ્રતામાં અંતર હતું એક સેન્ટર દ્વારા ૬.૧ તથા અન્ય દ્વારા ૬.૩ ની તીવ્રતા દર્શાવવામાં આવી હતી. ૭૭ કીમીની ઉંડાઈએ ભૂકંપનું કેન્દ્ર બિન્દુ હતું. ગ્રીસમાં ગત સપ્તાહે પણ દક્ષિણ પૂર્વીય ક્ષેત્રમાં ૬.૧ ની તીવ્રતાનો ભૂકંપ અનુભવાયો હતો અને સુનામીની ચેતવણી આપવામાં આવી હતી. ભૂકંપની તીવ્રતા વધુ હોવાથી તૂર્કી, લેબેનોન, ઈજીપ્ત તથા ઈઝરાયેલમાં પણ ધ્રૂજારી હતી પ્રવાસીઓને દરીયા કિનારા પરથી દુર રહેવાની સુચના આપવામાં આવી હતી.

# સરહદી ક્ષેત્રોમાં નાના-શોર્ટ રેન્જ ડ્રોન મળી આવતા સુરક્ષા એજન્સી ચોંકી

### બિનલશ્કરી-સસ્તા ડ્રોનનો વિવિધ સરહદો પર શું ઉપયોગ થયો! કોણે કર્યા! તપાસની દોડધામ




નવી દિલ્હીઃ પાકિસ્તાન સામેના ઓપરેશન સિંદુરમાં સૈન્યના ડ્રોન એ મહત્વની ભૂમિકા ભજવી હતી પણ સરહદો શાંત થયા બાદ પણ પાક સાથેની સીમા પરથી શોર્ટ-રેન્જ નજીક આસપાસ ઉડી શકતા અને બિનલશ્કરી ઉપયોગમાં લેવા ડ્રોન અનેક સરહદી ક્ષેત્રમાં મળી આવતા હવે સુરક્ષા એજન્સીઓએ આ અંગે તપાસ હાથ ધરી છે. યુદ્ધના વાતાવરણ વચ્ચે સરહદી ક્ષેત્રમાં ડ્રોન ઉડાડવા પર પ્રતિબંધ હતો પણ તે વચ્ચે આ ટુંકા અંતર સુધી ઉડી શકતા અને કોઈ લશ્કરી નહી પણ ફોટોગ્રાફી કે વિડીયોગ્રાફી અથવા હળવી વહન કરી શકે તેવા આ ડ્રોન અનેક સરહદો પર મળ્યા છે. હવે સુરક્ષા એજન્સીઓ આ ડ્રોન જે સામાન્ય રીતે ઓનલાઈન- ઈ-કોમર્સ કંપનીઓ મારફત મેળવી શકાય છે. તે તરફ તપાસ કરી છે જેથી તેના સ્ત્રોત અંગે માહિતી મેળવી શકાશે અને કોણે શા હેતુથી સરહદી ક્ષેત્રમાં આ ડ્રોન મેળવ્યા હતા તે અંગે પણ માહિતી મેળવી શકાશે. આ ડ્રોન બહું ખર્ચાળ નથી અને તે મર્યાદીત અંતર અને સમય સુધી ઉડ્યનોની ક્ષમતા ધરાવે છે. ખાસ કરીને ખેતીમાં આ પ્રકારના ડ્રોનનો ઉપયોગ થાય છે. તેથી તે કૃષી હેતુના નથી અને તેથી આ ડ્રોન એ સરહદી ક્ષેત્રમાં મળવુ એ રહસ્ય બની ગયુ છે.

# ટ્રમ્પ તંત્રનો ૪૫૦૦ ગેરકાયદે વસાહતીઓ પર ૫૦ કરોડ ડોલરનો દંડ

વોશિંગ્ટન :

અમેરિકાના રાષ્ટ્રપ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પની ગેરકાયદે રહેતાં ઈમિગ્રન્ટ્સ વિરૂદ્ધની કવાયત દિવસેને દિવસે આકરૂ સ્વરૂપ ધારણ કરી રહી છે. ઈમિગ્રેશન ઓથોરિટીએ હાલ અમેરિકામાં વસતાં ૪૫૦૦ જેટલા ઈમિગ્રન્ટ્સને અંદાજે ૫૦ કરોડ ડોલરનો દંડ ફટકાર્યો છે. જેમાં અમુક ઈમિગ્રન્ટ્સને ૧૮ લાખ ડોલરનો ઊંચો દંડ કર્યો છે.





ટ્રમ્પ સરકારે આ દંડ ફટકારતી નોટિસ આપવા પાછળનું કારણ અમેરિકામાં ગેરકાયદે વસવાટ જણાવ્યું છે. યુએસ ઈમિગ્રેશન ઓથોરિટી દ્વારા પાઠવવામાં આવેલી નોટિસમાં જણાવાયું છે કે, દેશમાં ગેરકાયદે વસવાટ કરવા બદલ દંડ ફટકારવામાં આવ્યો છે. ટ્રમ્પ સરકાર દ્વારા તાજેતરમાં કરવામાં આવેલા ફેરફારો અનુસાર ડિપોર્ટેશનનો આદેશ હોવા છતાં અમેરિકામાં વસવાટ કરવા બદલ ગેરકાયદે ઈમિગ્રન્ટ્સને દંડ ફટકારવામાં આવ્યો છે.

ટ્રમ્પ એડમિનિસ્ટ્રેશનના એક અધિકારીએ જણાવ્યું હતું કે, ઈમિગ્રેશન ઓથોરિટી દ્વારા ગેરકાયદે વસવાટ કરતાં લોકોને દંડ ફટકારતી નોટિસ મોકલવામાં આવી છે. આ નોટિસનો જવાબ ૩૦ દિવસની અંદર આપવાનો રહેશે. જેમાં ડિપોર્ટેશનનો ઓર્ડરનો અમલ કરવાની પ્રતિજ્ઞા લેતું લેખિત નિવેદન રજૂ કરવાનું રહેશે. અમુક કિસ્સામાં દંડ ન લાગૂ કરવાના માન્ય કારણો પુરાવાઓ સાથે રજૂ કરવાના રહેશે.

ટ્રમ્પ સરકારે સેલ્ફ-ડિપોર્ટેશનને પ્રોત્સાહન આપવા બોર્ડર સ્ટ્રેટેજીના ભાગરૂપે દંડની જોગવાઈ ઘડી છે. જેમાં ગેરકાયદે વસતાં ઈમિગ્રન્ટસ પર ડિપોર્ટેશનના આદેશને અવગણના કરવા બદલ રોજના ૯૯૮ ડોલર લેખે દંડ ફટકારવામાં આવી રહ્યો છે. જેમાં પાંચ વર્ષનો એક સામટો ૧૮ લાખ ડોલરનો દંડ પણ લાગુ છે. વધુમાં દંડ ચૂકવવામાં નિષ્ફળ રહેનારાઓની પ્રોપર્ટી જપ્ત કરવાની પણ જોગવાઈ છે.



હવે દૂષિત પાણીનું શુદ્ધિકરણ શક્ય; ઉપયોગમાં પણ લઈ શકાશે

# મોલિક્યુ ટુ મિરેકલઃ આર્ચી વૈષ્ણવ વિશ્વ કક્ષાએ ચોથા ક્રમે વિજેતાઃ મરીન સેકટરમાં સૌ પ્રથમ વખત AIનો ઉપયોગ કર્યો

## ઓઝોન પ્યુરિફિકેશન આધારિત પ્રોજેકટને આંતરરાષ્ટ્રીય કક્ષાએ રજૂ કરી ચોથા ક્રમે વિજેતા બની ભારત દેશનું ગૌરવ વધાર્યું

રાજકોટ, તા.૨૨

કહેવાય છે કે, ટેલેન્ટની કોઈ ઉમર નથી હોતી. કોઈપણ વ્યક્તિમા છુપાયેલ ટેલેન્ટ સમય રહેતા બહાર આવે અને નામના મેળવે છે. આ વાક્યને રાજકોટ ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઇન્ડસ્ટ્રીના પ્રમુખ વી.પી. વૈષ્ણવની દોહીત્રી અને રાજકોટ એન્જીનીયરીંગ એસોસિએશનના ડિરેકટર સમીર વૈષ્ણવની ૧૧ વર્ષીય દીકરી આર્ચીએ સાર્થક કરી બતાવ્યું છે. મરીન સેકટરમાં સૌ પ્રથમ વખત AIનો ઉપયોગ કર્યો છે. આ ટેક્નિક-પ્રોજેકટને કતારની રાજધાની દોહામાં આયોજિત CODEAVOUR 6.0 આંતરરાષ્ટ્રીય રોબોટિક્સ સ્પર્ધામાં રજૂ કરી ભારતનું પ્રતિનિધિત્વ કર્યું છે. આ સ્પર્ધામાં ૨૪ દેશની ૧૨૫ ટીમે ભાગ લીધો હતો. જેમાં આ પ્રોજેકટ ૪ થા ક્રમે વિજેતા થતા આર્ચીએ ભારત દેશનું ગૌરવ વધાર્યું છે.

**૨૪ દેશની ૧૬૫ ટીમ વચ્ચે આર્ચી વૈષ્ણવએ મેદાન માર્યું અને ચોથો ક્રમ મેળવ્યો**

આ પ્રોજેકટ વિશે વધુ માહિતી આપતા આર્ચી વૈષ્ણવ જણાવે છે કે, આ પ્રોજેકટ બે કારણોસર પસંદ કરવામાં આવ્યો છે. પ્રથમ કારણ એ છે કે, આજે દરેક સેગમેન્ટમાં AIનો ઉપયોગ સામાન્ય બની ગયો છે. પરંતુ મારા ધ્યાનમાં મરીન સેક્ટરમાં હજુ AIનો ઉપયોગ થયો નહિ હોવાનું ધ્યાને આવ્યું હતું. જ્યારે બીજું કારણ એ છે સૌરાષ્ટ્ર સહિત વિશ્વભરમાં ગ્લોબલ વોર્મિંગની અસર જોવા મળે છે. જો ભવિષ્યનો વિચાર કરીએ તો એક તો પાણીનું સંરક્ષણ પણ કરી શકાય ને પ્રદૂષિત પાણીનો ઉપયોગ પણ કરી શકાય એ મુખ્ય હેતુ હતો.

આ પદ્ધતિ ઓઝોન પ્યુરિફિકેશન આધારિત છે. જેમાં રોબર્ટની મદદ લઈને પ્રદુષિત પાણી પણ ચોખ્ખુ બની શકે ને તેનો વપરાશ કરી શકાય. આ પ્રોજેકટની અમલવારી સૌરાષ્ટ્રની ધરતી પર કરવામાં આવે તો સોનામાં સુગંધ ભળે. જ્યારે ભારત દેશની વાત કરીએ તો કાશ્મીરથી લઈ કન્યા કુમારી સુધી આ પ્રોજેકટ ફાયદાકારક છે. આ પ્રોજેકટને સફળ બનાવવા શેક્ષણિક અભ્યાસ ક્રમ ચાલુ હતો તે દરમ્યાન ૩ કલાક અને જ્યારે વેકેશન પડ્યું ત્યારે રોજની ૮ કલાક CSSTEM LABમાં સમય ફાળવતી હતી.

દોહા ખાતે રજૂ કર્યા પહેલા રાષ્ટ્રીય કક્ષાએ જ્યારે આ પ્રોજેકટ રજૂ કર્યો ત્યારે તેને બીજો ક્રમ મળ્યો હતો. ત્યારબાદ આ પ્રોજેકટને આંતરરાષ્ટ્રીય કક્ષાએ રજૂ કરવાનો ચાન્સ મળ્યો ત્યારે બસ મનમાં એક જ નિર્ણય કર્યો હતો કે વૈશ્વિક કક્ષાએ ભારત દેશનું ગૌરવ વધારવું. જ્યારે મારો ચોથો ક્રમ જાહેર થયો અને વિદેશની ધરતી પર જ્યારે ભારત દેશનું નામ ગુંજી ઉઠ્યું ત્યારે દેશનું ગૌરવ વધાર્યું હોવાનો મનમાં ઉત્સાહ અને ઉમંગ હતો. અલગ અલગ દેશોના ૩૩ જ્યૂરી મેમ્બરની ટીમેં અલગ અલગ પેરામીટર ચકાસી ને આ પ્રોજેકટને પસંદ કર્યો હતો. આંતર રાષ્ટ્રીય કક્ષાએ આયોજિત સ્પર્ધામાં વિજેતા થવામાં મારું ડેડીકેશનને સૌ કોઈએ બિરદાવ્યું હતું. આ માટે CS STEM LABના મેડમ ઊર્મિલા રાણાવા અને સર પ્રીતેશ રાણાવાનું વિશેષ માર્ગદર્શન મળી રહ્યું છે. તેમજ મારા પરિવાર તરફથી ખૂબ જ પ્રોત્સાહન મળ્યું છે.





'સાંજ સમાચાર'ની મુલાકાતે આવેલ આર્ચી વૈષ્ણવ અને તેના પિતા સમીર વૈષ્ણવએ પ્રોજેક્ટ વિશે માહિતી આપી. (તસ્વીર : પંકજ સિધ્ધપુરા)

### ત્રણ વર્ષની મહેનતને મળી સફળતાઃ કતારની ધરતી પર ભારતનું નામ ગુંજયુ

છેલ્લા ત્રણ વર્ષ થી આર્ચી વૈષ્ણવ આ પ્રોજેક્ટ પર કામ કરી રહી છે. હાલ તે ધો. ૬ મા પ્રવેશ કરશે. તે અભ્યાસની સાથે રોબોટિક્સનું પણ જ્ઞાન મેળવે છે. સ્કૂલથી આવી રોબોટિક્સ શીખવાના કોચિંગમા તાલીમ મેળવે છે. ત્યારથી આર્ચી વૈષ્ણવને કઈક કરવાનો ઉત્સાહ જાગ્યો અને ત્રણ વર્ષમાં આ પ્રોજેક્ટ તૈયાર કર્યો. ગુજરાત લેવલે પ્રથમ ક્રમ મેળવ્યા બાદ નેશનલ લેવલે બીજો ક્રમ મેળવ્યો હતો અને ત્યારબાદ આર્ચી વૈષ્ણવએ કતારની ધરતી પર ભારતનું નામ રોશન કર્યું છે. ૨૪ દેશની ૧૬૫ ટીમે વચ્ચે મેદાન માર્યું અને ચોથો ક્રમ મેળવ્યો.





### ગુજરાત લેવલે પ્રથમ અને નેશનલ લેવલે બીજો ક્રમ હાંસલ કર્યા બાદ કતારની રાજધાની દોહામાં ચોથા ક્રમે વિજેતા બની

છેલ્લા ત્રણ વર્ષથી આર્ચી વૈષ્ણવ પ્રોજેક્ટ પર કામ કરી રહી છે. પહેલા તેને ગુજરાત લેવાની સ્પર્ધા મા ભાગ લીધો હતો. જેમાં તે પ્રથમ ક્રમે વિજેતા બની હતી ત્યાર બાદ નેશનલ લેવલે ભાગ લઈ બીજો ક્રમ હાંસલ કર્યો હતો. અને ત્યારબાદ કતારની રાજધાની દોહામાં આયોજિત CODEAVOUR 6.0 આંતરરાષ્ટ્રીય રોબોટિક્સ સ્પર્ધામાં રજૂ કરી ભારતનું પ્રતિનિધિત્વ કર્યું છે. આ સ્પર્ધામાં ૨૪ દેશોના ૧૨૫ ટીમે ભાગ લીધો હતો અને તેમાં તેણે ચોથો ક્રમ મેળવી ભારતનું ગૌરવ વધાર્યું હતું.

### હાઈડ્રોફોનિક્સ, ફેક્ટરી વોટર ફિલ્ટર, મરીન : ત્રણ પ્રકારમાં પ્રોજેક્ટનો ઉપયોગ

'સાંજ સમાચાર'ની મુલાકત આવેલ આર્ચી વૈષ્ણવએ જણાવ્યું કે તે ત્રણ પાર્ટસમાં આ પ્રોજેક્ટ તૈયાર કર્યો છે જેને ત્રણ જગ્યાએ ઉપયોગ કરી પાણીને શુદ્ધ કરી શકાય છે જેમાં પહેલા ખેતીના ઉપયોગ માટે હાઈડ્રોફોનિક્સ છે. જે માટી વગર છોડ ઉગાડી શકાય છે. પાણીમાં કરંટ પસાર કરી ઓઝોન છોડવામાં આવે છે. જેના કારણે પાણી શુદ્ધ થાય છે. ત્યાર બાદ ફેક્ટરી વોટર ફિલ્ટરમા ઓઝોનનો ઉપયોગ કરી પાણી શુદ્ધ કરી શકાય છે. ફેક્ટરીનું કેમિકલ યુક્ત પાણી જે નદી તળાવોમા છોડવામાં આવે છે તેને આ પધ્ધતિ શુદ્ધ કરે છે. અને છેલ્લે મરીન જેમાં અનેક જીવો વસે છે અને ગંદા અને અશુદ્ધ પાણીથી મોતને ભેટે છે તેઓ માટે આ પ્રોજેક્ટ ખાસ મહત્વનું છે જે દરિયાના પાણીને શુદ્ધ કરે છે. આ સિસ્ટમ બે રીતે કામ કરશે જેમકે સોલાર પાવર, વેવ એનર્જીની મદદ થી કામ કરશે જેથી વીજળીનો ખર્ચ બચાવી શકાય.

### ગુજરાતના મુખ્યમંત્રીથી લઈ કતારના એજ્યુકેશન મિનિસ્ટરએ પ્રોજેક્ટ વખાણ્યો

આર્ચી વૈષ્ણવ એ કતારની રાજધાની દોહામાં આયોજિત CODEAVOUR 6.0 આંતરરાષ્ટ્રીય રોબોટિક્સ સ્પર્ધામાં પોતાનો પ્રોજેક્ટ રજૂ કરી ૨૪ દેશોના ૧૨૫ ટીમે વચ્ચે મેદાન માર્યું છે. જે ગૌરવની બાબત છે. આ પહેલા તેને ગુજરાત લેવલની સ્પર્ધામાં ભાગ લીધો હતો. ત્યારે આર્ચી વૈષ્ણવની મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ સાથે મુલાકત થઈ હતી આ દરમિયાન તેણે મુખ્યમંત્રીને પ્રોજેક્ટ વિશે માહિતી આપી હતી. પ્રોજેક્ટની માહિતી મેળવી મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ પ્રભાવિત થયા હતા. આ ઉપરાંત કતારમા જ્યારે તેને આ પ્રોજેક્ટ રજૂ કર્યો ત્યારે કતારના એજ્યુકેશન મિનિસ્ટર દ્વારા પણ આ પ્રોજેક્ટને ખૂબ વખાણવામાં આવ્યો હતો.

આ સિવાય આ સ્પર્ધામાં CS STEAM LABના વરાન પરસાણા અને જહાન વિરડાએ કાર્બન કેપ્ચર યુનિટ વિષયક પ્રોજેક્ટ રજૂ કર્યો હતો. જેમાં વૈજ્ઞાનિક પદ્ધતિથી વાયુ મંડળમાં રહેલા કાર્બન કેવી રીતે અસરકારક રીતે કેપ્ચર કરી શકાય એ રજૂ કર્યો હતો. જેને APPRECIATION AWARD પ્રાપ્ત થયો છે. આમ રાજકોટના વિદ્યાર્થીઓએ આંતર રાષ્ટ્રીય કક્ષાએ ભારત દેશનું ગૌરવ વધાર્યું છે.

## કાન્સ ફિલ્મ ફેસ્ટિવલમાં ઐશ્વર્યાનું રૂપ ઐશ્વર્ય!



દક્ષિણી ફ્રાન્સના કાન્સમાં આયોજીત ૭૮ માં કાન્સ ફિલ્મ ફેસ્ટીવલમાં બુધવારે બોલિવુડ એક્ટ્રેસ ઐશ્વર્યારાય બચ્ચન સામેલ થઈ હતી. તસ્વીરમાં અભિવાદન ઝીલતી ઐશ્વર્યા નજરે પડે છે

## ગુજરાતના કડોદરા ગામે...... વિદ્યાર્થીઓ લાંબા વાળ સાથે આવતા બધાને ત્રણ ચાર ચોટલી કરી બાંધી દીધા



અમદાવાદ,તા.૨૨

સ્કૂલમાં સ્વચ્છ અને સુઘડ બનીને જવાનું શીખવવામાં આવતું હોવાથી રોજ બાળકોના નખ, વાળ, ડ્રેસને ઇસ્ત્રી થઈ છે કે નહીં એ બધું ચેક થતું હોય છે. આજની જનરેશનના છોકરાઓને લાંબા વાળ રાખવાનો શોખ હોવાથી ઘણી વાર ટીચર્સ કહેતા હોય છે કે કાલે જો વાળ કપાવીને નહીં આવે તો ચોટલી બાંધી દઈશ. જોકે આ વાત ગુજરાતમાં કડોદરા પાસે આવેલી સેન્ટ માર્કસ હાઈ સ્કૂલમાં હકીકત બની ગઈ. આ સ્કૂલમાં એક-બે નહીં, જેટલા પણ છોકરાઓ વાળ કપાવ્યા વિના આવ્યા હતા એ બધાને એકસાથે બેસાડીને જેટલા પણ લાંબા વાળ હતા એની ચોટલીઓ બાંધવામાં આવી હતી. કોઈકને બે તો કોઈકને ચાર-ચાર ચોટલીઓ બાંધી હતી. સોશ્યલ મીડિયા પ્લેટફૉર્મ 'એક્સ) પર એ ઘટનાનો વિડિયો વાઇરલ થયો છે. એમાં દેખાય છે કે કડોદરાની એક સ્કૂલના વિદ્યાર્થીઓ યુનિફૉર્મ પહેરીને લીલી શેતરંજી પર બેઠા છે અને તેમના માથે ચોટલીઓ બાંધેલી છે.

## બિકાનેરમાં હનુમાનજીને ઠંડક આપવા સહસ્ત્ર જલાભિષેક કરાયો





બિકાનેરમાં તીવ્ર ઉકળાટ વચ્ચે ભક્તો દ્વારા ભગવાન હનુમાનજીને ઠંડક પહોંચાડવા અનોખી ભક્તિભાવના દર્શાવવામાં આવી. અહીં પૂજારી અને ભક્તોએ ૧૦૦૮ કળશ શીતળ જળથી હનુમાનજીનો સહસ્ત્ર જલાભિષેક કર્યો હતો. ગરમીથી રક્ષણ આપવાના હેતુથી પંખા લગાવ્યા, સુતરાઉ વસ્ત્ર પહેરાવવામાં આવ્યા અને વિશેષ પૂજન કાર્યક્રમ યોજાયો, જે ભક્તિ અને પરંપરાની ભાવનાને ઉજાગર કરે છે.

## સ્કેન કરીને હાઉસ ટેક્સ, વોટર ટેક્સ અને સિવેજ ટેક્સ ભરી શકાશેઃકાનપુરમાં પાંચ લાખ ઘરોની બહાર QR કોડ લાગશે



કાનપુર, તા.૨૨

હવે ઘરે બેઠા સરળતાથી સ્કેન કરીને હાઉસ ટેક્સ, વોટર ટેક્સ અને સિવેજ ટેક્સ ભરવા માટે કાનપુર નગરપાલિકાએ સુવિધા શરૂ કરી છે. શહેરમાં લગભગ પાંચ લાખથી વધુ પરિવારોએ હવે ટેક્સ ભરવા માટે નગરપાલિકાની ઑફિસે ચક્કર નહીં કાપવા પડે અને લાઈનમાં પણ નહીં ઊભા રહેવું પડે. નગરપાલિકાએ દરેક ઘરની બહાર QR કોડ લગાવ્યો છે એ સ્કેન કરવાથી તમારા ઘરનું ટેક્સનું સ્ટેટસ શું છે એ ખબર પડી જશે. એટલું જ નહીં, એ કોડથી જ ટેક્સ ભરી પણ શકાશે. આવી સિસ્ટમ કાનપુરમાં પહેલી વાર શરૂ થવા જઈ રહી છે.

આ યોજના અંતર્ગત નગરપાલિકાએ એક પ્રાઈવેટ બેન્ક સાથે કોન્ટ્રેક્ટ કર્યો છે. કાનપુરના ૧૧૦ વોર્ડ્સમાં આ ચછ કોડની સિસ્ટમ લાગુ પડશે.

માત્ર ટેક્સ ભરવાની બાબતમાં જ નહીં, કચરો ઉઠાવવાની વ્યવસ્થામાં નગરપાલિકા ટ્રાન્સપરન્સી લાવવા પ્રયાસ કરી રહી છે. કચરો ઉપાડવાવાળી ગાડી પણ દરેક મહોલ્લામાંથી કચરો ઉપાડયા પછી એક QR કોડ સ્કેન કરીને કચરો ઉઠાવાયો છે એનું રિપોર્ટિંગ કરશે.

## 'ક્યોકિ...સાસ ભી કભી બહૂ થી'.... ૨૦ ભાગની મિની મૂવી સિરીઝમાં જિયો-હોટસ્ટાર પર પ્રસારિત થશે !!





મુંબઈ,તા.૨૨

બાલાજી ટેલિફિલ્મ્સ દ્વારા નિર્મિત શો 'ક્યોંકિ... સાસ ભી કભી બહુ થી' હવે મિની મૂવી સિરીઝના ફોર્મેટમાં ફરીથી ટીવીના પડદે જોવા મળશે. ભારતના સૌથી લોકપ્રિય ટીવી-શોમાં સામેલ 'ક્યોંકિ... સાસ ભી કભી બહુ થી' ૨૦ ભાગની મિની મૂતી સિરીઝના રૂપમાં જિયો હોટસ્ટાર પર પ્રસારિત થશે? ત્રણ કલાકની મિની ફિલ્મ દર શુક્રવારે જિયો હોટસ્ટાર પર રિલીઝ થશે. આ નવી શરૂઆત વિશે નિર્માતા એકતા કપૂરે પોતાનો ઉત્સાહ વ્યક્ત કરતાં કહ્યું કે 'જ્યારે અમે બે દાયકા પહેલાં આ શો બનાવ્યો હતો ત્યારે અમે નહોતું વિચાર્યું કે એ ભારતની ટેલિવિઝન વિરાસતનો આટલો મોટો હિસ્સો બની જશે. અમારો આ પ્રયાસ તુલસીની સફરને ફરીથી જીવવાનો અને ઊજવવાનો છે.'

## ધરતી પરનું સંકટઃ ગ્રીનલેન્ડ-એન્ટાર્કટિકાનો બરફ ઝડપથી ઓગળી રહ્યો છે !!

# બરફ પીગળવાને કારણે દરિયાકાંઠાના શહેરો ડૂબી શકે !



નવી દિલ્હી,તા.૨૨

ગ્રીનલેન્ડ અને એન્ટાર્કટિકામાં બરફની ચાદર એટલી ઝડપથી ઓગળી રહી છે કે હવે તેને રોકવી લગભગ અશક્ય બની રહી છે. એક નવા વૈશ્વિક અદયયનમાં ચેતવણી આપવામાં આવી છે કે આ પ્રક્રિયાથી દરિયાની સપાટીમાં કેટલાક ફૂટનો વધારો કરી શકે છે અને સેંકડો લાખો લોકોને દરિયાકાંઠાના વિસ્તારોમાંથી સીફ્ટ થવાની ફરજ પડી શકે છે. નેચર જર્નલમાં પ્રકાશિત થયેલા આ અભ્યાસમાં સેટેલાઇટ ડેટા, ક્લાઇમેટ મોડલ્સ, આઇસબર્ગમાંથી લેવામાં આવેલા કોર સેમ્પલ અને ઓકટોપસના ડીએનએનું પણ વિશ્લેષણ કરવામાં આવ્યું હતું.

**બરફમાં ૨૧૩ ફૂટ પાણી છુપાયેલું છે :-**

અભ્યાસ અનુસાર ગ્રીનલેન્ડ અને એન્ટાર્કટિકાના વિશાળ બરફમાં એટલું પાણી છે કે જો આ બધું પીગળી જાય તો દરિયાની સપાટી ૨૧૩ ફૂટ સુધી વધી શકે છે. જો કે આ એક બિહામણી વાત છે. અભ્યાસ અનુસાર, કેટલાક ફૂટનો દરિયાઇ વધારો ભવિષ્યમાં વધુ જોખમી વાસ્તવિકતા બની શકે છે કારણ કે ૧૯૯૦ ના દાયકાથી આ વિસ્તારોમાં બરફ ચાર ગણો ઝડપથી પીગળી રહ્યો છે. દર વર્ષે લગભગ ૩૭૦ અબજ ટન બરફ પીગળી રહ્યો છે.

**૧૯૯૦થી આ વિસ્તારમાં બરફ ચાર ગણો ઝડપથી પીગળી રહ્યો છે !!**

**ટિપિંગ પોઇન્ટ હવે નજીક છે :-**

પહેલાં એવું માનવામાં આવતું હતું કે ગ્રીનલેન્ડનો બરફ ૩ ડિગ્રી સેન્ટિગ્રેડ પર ઓગળવાનું શરૂ કરશે, પરંતુ હવે સંશોધન સૂચવે છે કે તે માત્ર ૧.૫ ડિગ્રી સેન્ટિગ્રેડથી શરૂ થઈ શકે છે, એટલે કે, જોખમ કેટલાક દાયકાઓ નહીં, પરંતુ થોડા વર્ષો દૂર છે. વલણો દર્શાવે છે તેમ, જો તાપમાન ૨૧૦૦ સુધીમાં ૨.૯ ડિગ્રી સેલ્સિયસ સુધી પહોંચી જાય તો દરિયાની સપાટીમાં પૂર જેવો વધારો થશે.

**દરિયાકાંઠાની વસ્તીને સૌથી વધુ જોખમ છે :-**

આજે, લગભગ ૨૩૦ મિલિયન લોકો એવા વિસ્તારોમાં રહે છે જે દરિયાની સપાટીથી ૧ મીટરથી પણ ઓછા અંતરે છે. સમુદ્રની સપાટીમાં એક નાનો વધારો પણ દરિયાકાંઠે પરિવર્તન લાવી શકે છે અને સેંકડો લાખો લોકોને પલાયનનું કારણ બની શકે છે. ૨૧૦૦ સુધીમાં દર વર્ષે દરિયાની સપાટીમાં ૦.૪ ઇંચનો વધારો થઇ શકે છે.

**હવે શું કરી શકાય ? :-**

વૈશ્વિક તાપમાનને ૧ ડિગ્રી સેન્ટીગ્રેડની નજીક રાખવું એ એકમાત્ર ઉપાય છે, જે ત્યારે જ શક્ય છે જ્યારે અશ્મિભૂત ઇંધણ (તેલ, કોલસો, ગેસ)નો ઉપયોગ તાત્કાલિક અને ઝડપથી ઘટે. પરંતુ હાલની નીતિઓ અને ઉર્જા વપરાશને જોતા વૈજ્ઞાનિકો આને અત્યંત મુશ્કેલ લક્ષ્ય માને છે.



## ટીમ ઈન્ડિયાના 'ગબ્બર'એ ૬૯ કરોડમાં એપાર્ટમેન્ટ ખરીદ્યું

મુંબઇ :

પૂર્વ ભારતીય ક્રિકેટર શિખર ધવને ગુરુગ્રામમાં ડીએલએફના સુપર લકઝરી હાઉસિંગ પ્રોજેક્ટમાં ૬૯ કરોડ રૂપિયાનો એપાર્ટમેન્ટ ખરીદ્યો છે.

એક અહેવાલ પ્રમાણે ગત વર્ષે ઓગસ્ટમાં DLFએ હરિયાણાના ગુરુગ્રામમાં DLF ફેઝ ૫માં ૧૭ એકરનો હાઉસિંગ પ્રોજેક્ટ 'ધ દહલિયાસ' શરૂ કર્યો હતો. જેમાં ૪૨૦ એપાર્ટમેન્ટ અને પેન્ટહાઉસ સામેલ છે. શિખર ધવનનો એપાર્ટમેન્ટ આનો જ હિસ્સો છે.

ધવને ગુરુગ્રામના ગોલ્ફ કોર્સ રોડ પર DLFના નવીનતમ સુપર-લકઝરી પ્રોજેક્ટ 'ધ ડાહલિયાસ'માં ૬,૦૪૦ ચોરસ ફૂટનો એપાર્ટમેન્ટ ખરીદ્યો છે.

ટીમ ઈન્ડિયાના ગબ્બરના આ એપાર્ટમેન્ટની કિંમત ૬૫.૬૧ કરોડ છે અને સ્ટેમ્પ ડ્યુટી ૩.૨૮ કરોડ છે. આમ કુલ કિંમત લગભગ ૬૯ કરોડ છે. 'ધ ડાહલિયા' ને ભારતનો સૌથી પ્રીમિયમ રેસિડેન્શિયલ પ્રોજેક્ટ કહેવામાં આવી રહ્યો છે. આ પ્રોજેક્ટ ગોલ્ફ કોર્સ રોડ, DLF ફેઝ-૫માં સ્થિત છે.

## ટેકનોલોજીનો ઉપયોગ કરવા માટે તમારે ટેક સાવી બનવું પડે તે જરૂરી છે. પરંતુ એઆઇ તમને એ તક જ નહીં આપે

# તમારા પર્સનલ ડિવાઇસ પણ તમારા જાસુસ



**આજકાલ દરેક ડિવાઇસ સાથે આર્ટીફિશ્યલ ઇન્ટેલિજન્સ એટલે કે એઆઇ એનેબલ હોવાનું જાહેરાત કરીને ગર્વ અનુભવાઇ છે પરંતુ આ એઆઇ એ દુનિયામાં ભવિષ્યની ટેકનોલોજી અને સાથોસાથ માર્કેટીંગનો પણ એક મોટો ડેટા સોર્સ બની ગયો છે તે ભાગ્યે જ આપણને ખ્યાલ આવે છે આપણા વેરેબલ ડિવાઇસ પણ ફાર્મા અને મેડીકલ કંપનીઓ માટે જબરો ડેટા પૂરો પાડે છે. તમારી દરેક વાતચીત માર્કેટીંગમાં ભવિષ્યની ડિમાન્ડની રૂપરેખા આપી દે છે**

**હાલમાં જ ગુગલે તેના જેમીની ૨.૫ મોડેલને લોન્ચ કર્યુ તેની સાથે ચૂપકીદીથી તમારા મોબાઇલના ગુગલ મેઇલ સહિતના એપમાં પણ આર્ટીફીશ્યલ ઇન્ટેલીજન્સ આવી ગયું છે અને તમારા મેઇલને વાંચી શકે છે જેમીની ૨.૫ સાથે હવે ડીપથીંક ટેકનોલોજીનો વિસ્તાર થયો છે આ ટેકનોલોજી એ તમારા જટીલ સવાલનો જવાબ આપે તો તમે ખુશ થાવ છો પણ તે તમારા માનસિક વાઇબ્રેશનને પણ ઝીલવા સક્ષમ છે અને તમારી જેમ જ વિચારે છે જે ભવિષ્યમાં તમે કોઇ નિર્ણય લેવામાં પણ દોરી શકે છે**

ઓપરેશન સિંદુર બાદ દેશમાં પાકિસ્તાની જાસુસીની ભારે ચર્ચા થઇ અને તેમાં ગ્લેમર સાથે બ્યુટી કેવી ટ્રાવેલ વિડીયો બ્લોગર જયોતિ મલહોત્રાએ યુ-ટયુબરની એક નવી દુનિયામાં આપણને ડોકુ કરવાની તક આપી છે અત્યાર સુધી સરકાર માટે પોલીટીકલ યુ-ટયુબર ચિંતાનું કારણ હતા અને હવે આ પ્રકારના ઇન્ફલુએન્સર તરીકે કામ કરતા અનેક પર પણ હવે નજર રખાઇ છે. પરંતુ જાસુસીની દુનિયા ફકત વ્યકિતઓ પુરતી મર્યાદિત નથી આજના ગેઝેટ એ સૌથી મોટા જાસુસ બની રહ્યા છે અને તેમાં આપણે પણ સામેલ છીએ કે આપણી જાસુસીએ દુનિયામાં નવી એક પ્રોયવસી સામે પ્રશ્ન ઉભા કરી દીધા છે. જો તમને એમ કહીએ તો વેરેબલ ડિવાઇઝ એટલે કે તમારી એપલ વોચથી લઇ તમારા ફીટનેશ ટ્રેકર્સ કે હવે તો એક નાનકડી વીટી જેવી રીંગ પણ આવી ગઇ છે જે તમારા માટે ભવિષ્યમાં મુશ્કેલી ઉભી કરી શકે છે. હાલમાં જ અયોધ્યામાં રામમંદિર પરીસરમાં એક વ્યકિતને ચશમા પહેરીને ફોટો લેતા ઝડપી પડાયો અને સુરક્ષાની દ્રષ્ટિએ સૌથી મોટો પ્રશ્ન હતો. આ સ્માર્ટ ગ્લાસીસનો એક પ્રયોગ હતો. ચશ્મા પર લાગેલી એક નાનકડી એલઇડી લાઇટ ભાગ્યે જ કોઇ ઝડપી પારખી શકે પરંતુ આ પ્રકારના વેરેબલ ડિવાઇઝનું બેકઅપમાં આર્ટીફીશ્યલ ઇન્ટેલીજન્સ હોય છે અને ફકત જાસુસી નહીં પરંતુ ભવિષ્યના અનેક ડેટા પણ તેમાંથી ઉપલબ્ધ થાય છે. સામાન્ય વ્યકિતને કદાચ એમ થતું હશે કે આપણા ડેટા મેળવીને કોઇ શું ફાવી જવાનું છે. પરંતુ એક વ્યકિતગત ડેટા પણ આર્ટીફીશ્યલ ઇન્ટેલીજન્સ માટે મોટો ખજાનો સાબીત થઇ શકે છે. ખાસ કરીને જાસુસી માટે આજે જેટલા સાધનો ઉપલબ્ધ છે તેને હવે એઆઇનું પીઠબળ મળી રહ્યું છે, આજે તમે ફોન પર ખુલીને વાત કરો તો પણ આર્ટીફીશ્યલ ઇન્ટેલીજન્સ માટે મહત્વપૂર્ણ પુરવાર સાબિત થઇ શકે છે. તમારા જ મોબાઇલથી માંડી દરેક ઇલેકટ્રોનિક ગેઝેટમાં એક ટચુકડો જાસુસ છુપાયેલો છે અને જો તમે ટેકનોલોજીનો સલામત ઉપયોગ કેમ કરવો તો તમે મલ્ટીનેશનલ કંપનીઓના મોટા ડેટા સોર્સ પણ બની શકો છો.

તમે સ્માર્ટ ફોન વાપરીને જે રીતે તે

**સ્પોટ-લાઈટ**
**કે.આર.**
krisht555@gmail.com

લોક હોય તો પણ તમને તમામ એપના નોટીફીકિશન ટ્રાફિકની માહિતી, ન્યુઝ અને તમારા પર્સનલ મેસેજનું બ્રીફીંગ સતત ચાલુ જ હોય છે અને તેને તમે એક સુવિધા ગણો છો અને તમારા કામકાજનો તરીકો પણ બદલી જાય છે. પરંતુ આ કામગીરી કરવાની સાથે આર્ટીફીશ્યલ ઇન્ટેલીજન્સ કે આજે દરેક મોબાઇલ કે ડીવાઇસના ઉત્પાદકો ગર્વથી એઆઇ એનેબલ એટલે કે લેટેસ્ટ આર્ટીફીશ્યલ ઇન્ટેલીજન્સથી સજજ ગણે છે અને હવે તો તમારા કામ માટે પાયલોટની જેમ તમને દોરે છે તે તમામની પાછળ એક જાસુસ પણ કામ કરતો હોય છે અને તે તમારા તમામ કમાન્ડ તમારી લેંગ્વેજ અને તમારા ટાસ્કથી પરિચીત હોય છે. એ બહુ સામાન્ય અનુભવ કરીએ છીએ કે મોબાઇલ માટે તમારી વાતચીત કે તમારૂ સર્ચ એ માર્કેટીંગ માટે એક મોટુ ટુલ બની ગયું છે પરંતુ તે ટેકનોલોજી જુની થઇ ગઇ છે દરેક ગેઝેટ તમારી દરેક વાત સાંભળે છે અને આ ગેઝેટની અંદર એક વોઇસ એકટીવ જાસુસ હોય છે જે તમારા દરેક શબ્દને પકડી લે છે અને તેને કયાં સોર્સ માટે ઉપયોગ કરવો તે પણ નિશ્ચિત હોય છે. તમને જયારે ઓકે ગુગલ કે એલેકસાને કમાન્ડ આપવાનું ગર્વ ભર્યુ લાગતુ હોય તો પણ તે કમાન્ડ તમને રીવર્સ થશે કે કેમ તે તમને ભાગ્યે જ ખ્યાલ હશે અને ડેટા સુરક્ષા માટે ભારતમાં હજુ સુધી કોઇ નકકર કાનુન નહીં હોવાથી તમામ કંપનીઓને તેની ચોરી કરવાનું અથવા તો તે મેળવી લેવાનું સરળ બની ગયું છે તમે કોઇ કયુ આર કોડથી પેમેન્ટ કરો કે મેળવો અથવા તો તમારા ડેબીટ, ક્રેડીટ કાર્ડથી ટ્રાન્ઝેકશન કરો તો પણ તેનો ડેટા અનેક મલ્ટીનેશનલ કંપનીઓના સ્ટોરેજમાં પહોંચી જાય છે.

પ્રશ્ન એ થાય છે કે સામાન્ય ડેટાનો કંપનીઓને શું ઉપયોગ પરંતુ તમારા ડેટા એ ભવિષ્યને એઆઇ ટેકનોલોજી માટે એક ટ્રેનિંગ પણ બની શકે છે. આ માટે યુઝર્સની ખાસિયતો તેનું શોપીંગ, તેના શોખ અને તેની નબળાઇઓ આ બધુય ડેટા ઉપરથી વિશેષણ થાય છે અને ભવિષ્યમાં તે તમામ ક્ષેત્રોમાં કામ કરતી કંપનીઓને એક મોડેલ તરીકે વેચવામાં આવે છે. તમારા વેરેબલ ડિવાઇસ કે મોબાઇલના ડેટા એ થર્ડ પાર્ટી ડેવલપર્સ માટે પણ મહત્વના બને છે. ભવિષ્યની ટેકનોલોજીમાં શું મહત્વનું છે તે આ ડેટા પરથી નિશ્ચિત થાય છે અને કોઇ વખત તમારી અંગત વાતો આ રીતે જ લીક થતી હોય છે.




**સામાન્ય વ્યકિતને પોતાના ડેટાથી શું મળી જવાનું છે તેવો પ્રશ્ન થાય છે પરંતુ કંપનીઓ આ એઆઇ મોડેલ મારફત મેળવેલા ડેટા એ ભવિષ્યમાં એઆઇ મોડેલને ટ્રેનિંગ માટે ઉપયોગ કરે છે તમારા ડેટા થર્ડ પાર્ટી એસેસથી ડેવલપર્સ નવું મોડેલ પણ વિકસાવી શકે છે અને તમારા ફોનથી અન્ય ડિવાઇસની વાતચીતોના આધારે ભવિષ્યની માર્કેટીંગ સ્ટેટેજીસ બને છે**

ગુગલ દર વર્ષે એઆઇ ઇવેન્ટમાં આ વખતે જેમીની ૨.૫ને રજુ કર્યુ છે અને અત્યાર સુધી તમે ચેટબોટ અને તેની સુધારેલી એડીશન એ આ પ્રકારના એઆઇ મોડેલની સાથે ફકત ટેકસ્ટ સાથે વાતચીત કરી શકતા હતા પરંતુ ગુગલનું જેમીની ૨.૫ એ ફોટો, વિડીયો અને ઓડીયા તેને ઇનપુટ આપો તો તેને પણ સમજી શકે છે. અને તમે તેનાથી સંબંધીત પ્રશ્ન પણ પૂછી શકો છો આ કામગીરીથી એક ડીપ થીંક ટેકનોલોજી આવી ગઇ છે. જે ગમે તેવા જટીલ પ્રશ્નનો ઉપયોગ કરવામાં પણ પ્રશ્નનો જવાબ આપવામાં પણ સક્ષમ છે આ ડીપથીંક ટેકનોલોજી ભવિષ્યમાં એઆઇની દુનિયા જ બદલી શકે છે. અત્યાર સુધી તમામ એઆઇ મોડેલ તેને ઇનપુટ મળતા જ જાણકારી પ્રોસેસ કરે છે. પરંતુ ડીપથીંક તેનાથી આગળ છે અને તે હવે વ્યકિતની માફક પણ વિચારવાની ક્ષમતા ધરાવવા લાગ્યો છે અને પુરા રક્ષણ સાથે જવાબ આપશે જેના કારણે તેનો જવાબ વધુ ક્ષતિક હશે તેવો ગુગલનો દાવો છે આ સાથે જો તમે તમારા જીમેઇલને ચેક કરતા હોય તો તેમાં તમારા એક ફેરફાર જોવા મળશે જીમેઇલની સાથે એઆઇ સર્વિસીસને જોડી દેવામાં આવ્યું છે. જે પર્સન્લાઇઝડ સ્માર્ટ રીપ્લાય ફીચર છે જે ટુલની મદદથી યુઝર્સ સ્પેશ્યલ કોન્ટેકસને ડ્રોફટ કરવામાં પણ મદદ કરશે. આમ ટેકનોલોજી વધુને વધુ રીતે તમારી આસપાસ એવી રીતે ગોઠવાઇ રહી છે જેથી તમે તેનો ઉપયોગ કરો તે પહેલા જ તે તમારો ઉપયોગ કરવાનો શરૂ કરી દે છે અને આથી જ ટેકનોલોજીનો ઉપયોગ કરવા માટે તમારે ટેક સાવી બનવું પડે તે જરૂરી છે. પરંતુ એઆઇ તમને એ તક જ નહીં આપે.

# કાલે મહેસાણાના ધરોઈ ડેમ ખાતે મુખ્યમંત્રીના હસ્તે દેશના સૌથી લાંબા તેમજ રાજયના પ્રથમ એડવેન્ચર ફેસ્ટનો પ્રારંભ



**AC ટેન્ટ સિટી જેવી કે દરબારી ટેન્ટ, પ્રીમિયમ ટેન્ટ, ડિલક્સ ટેન્ટ સહિતના કુલ ૨૧ ટેન્ટ અને અંદાજિત ૧૦૦થી વધુ બેડની AC ડોર્મિટરીની સુવિધા**

મહેસાણા, તા.૨૨

ગુજરાતના લોકો માટે વધુ એક એડવેન્ચર પાર્ક ખુલવા જઈ રહ્યું છે. જેનો પ્રારંભ મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલના હસ્તે તા. ૨૩ મેના રોજ થશે.મહેસાણાના ધરોઈ ડેમ ખાતે મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલના હસ્તે તા. ૨૩ મેના રોજ દેશના સૌથી લાંબા તેમજ રાજ્યના પ્રથમ એવા ધરોઈ એડવેન્ચર ફેસ્ટનું ઉદઘાટન કરાશે. 'એડવેન્ચર ફેસ્ટ'માં જમીન, પાણી અને આકાશમાં રોર્માંચક અનુભવો સાથેની ૧૦થી વધુ એક્ટિવિટીઝ સહિત સાંસ્કૃતિક કાર્યક્રમોનું આયોજન કરાયું છે. પ્રવાસીઓ માટે અતિઆધુનિક AC ટેન્ટ સિટી જેવી કે દરબારી ટેન્ટ, પ્રીમિયમ ટેન્ટ, ડિલક્સ ટેન્ટ સહિતના કુલ ૨૧ ટેન્ટ અને અંદાજિત ૧૦૦થી વધુ બેડની AC ડોર્મિટરીની સુવિધા ઉભી કરાઈ છે.

ગુજરાત પ્રવાસન વિભાગ અને એડવેન્ચર ટૂર ઓપરેટર્સ એસોસિએશન ઓફ ઇન્ડિયા-ATOAI દ્વારા ધરોઈ ખાતે સૌપ્રથમવાર આયોજિત આ 'એડવેન્ચર ફેસ્ટ'માં જમીન, પાણી અને આકાશમાં રોમાંચક અનુભવો સાથેની ૧૦થી વધુ એક્ટિવિટીઝ છે.જેમાં હવામા પેરામોટરિંગ તેમજ જમીન પર રોક કલાઈમિંગ અને બોલ્ડરિંગ, ટ્રેકિંગ અને હાઈકિંગ ટ્રેલ્સ, માઉન્ટેન બાઈકિંગ, સાઈકલિંગ, કેમ્પિન્ગ જેવી પ્રવૃત્તિઓ કરી શકાશે. આ ફેસ્ટમાં ધરોઈ આવતા પ્રવાસીઓને એક યાદગાર અનુભવ મળે તે માટે સ્ટાર ગેઝિંગ અને ખગોળશાસ્ત્ર શિબિર, નેચર વોક અને ફોટોગ્રાફી ટૂર ઉપરાંત મનોરંજન માટે દરરોજ સાંજે સાંસ્કૃતિક પ્રવૃત્તિઓનું પણ આયોજન કરવામાં આવ્યું છે.

# જુન-જુલાઈ ભારે? યુદ્ધ-કુદરતી આપતિની ભવિષ્યવાણીઃ જાપાનમાં સુનામી ત્રાટકશે?

**હાલમાં રાહુ અને મંગળની જે સ્થિતિ છે તેના કારણે ષડાષ્ટક યોગ બની રહ્યો છે, જેના કારણે દેશ-દુનિયા માટે ૧૫થી૧૭ દિવસ ભારે રહેશેઃ જયોતિષિઓઃ જાપાનની 'નવી બાબા વેંગા' તરીકે જાણીતી ભવિષ્યવેતા રિયો તાત્સુકીની ભવિષ્યવાણીથી ડરીને પ્રવાસીઓએ જાપાનના બુકીંગ રદ કરાવ્યા**

નવી દિલ્હી તા.૨૨

હજુ માંડ માંડ ભારત-પાકિસ્તાન વચ્ચે તણાવભરી સ્થિતિ હળવી થઈ છે ત્યાં ફરી યુદ્ધ, આંધી, વાવાઝોડાની આગાહી ભારતના જયોતિષીઓએ કરી છે, તો નવી બાબા વેંગા તરીકે જાણીતી થયેલી જાપાનની ભવિષ્યવેતા અને મંગા આર્ટિસ્ટ રિયો તાત્સુકીએ સુનામીની ભવિષ્યવાણી કરી છે, જેથી લોકો એટલા તો ભયમાં મુકાયા છે કે જાપાનના ટ્રાવેલ પ્લાન લોકો રદ કરવા લાગ્યા છે.



### જાપાનમાં સુનામી આવશે?ઃ

જાપાનની મંગા આર્ટિસ્ટ રિયો તાત્સુકી હાલ ચર્ચામાં છે. તે નવી બાબા વેંગા તરીકે ઓળખાય છે, કારણ કે તેની કેટલીક જૂની ભવિષ્યવાણી સાચી પડી છે. હવે તેણે જુલાઈ ૨૦૨૫ ને લઈને ભવિષ્યવાણી કરી લોકોને ડરાવી દીધા છે. જાપાન અને ફિલીપીન્સ વચ્ચે સમુદ્રની નીચે તિરાડ પડવાની તેણે આગાહી કરી છે, જેથી જાપાનમાં ૨૦૧૧માં આવેલા ખોફનાક સુનામી કરતા ત્રણ ગણી સુનામી આવી શકે છે, જેની અસર જાપાન, તાઈવાન, ઈન્ડોનેશિયા અને નોર્ધન મહિઆના આઈલેન્ડ સુધી થઈ શકે છે. તેની ભવિષ્યવાણીથી લોકોમાં ડર પેદા થયો છે અને જાપાનના પ્રવાસના બુકીંગમાં ૫૦ ટકા જેટલો ઘટાડો થયો છે. ઉલ્લેખનીય છે કે રિયોએ વર્ષ ૧૯૯૯માં 'ધી ફ્યુચર આઈ શો' (જે ભવિષ્ય મેં જોયું) લખ્યું હતું. તેમાં કેટલીક ભવિષ્યવાણી હતી. શરૂઆતમાં તેના પર ધ્યાન નહોતું અપાયુ બાદમાં તેની કેટલીક ભવિષ્યવાણી સાચી પડી હતી. જેમાં ૨૦૧૧માં આવેલા તોહકુ ભૂકંપ અને સુનામીનો સમાવેશ થાય છે. ૨૦૨૧માં તેના પુસ્તકની નવી એડિશનમાં રિયોએ જુલાઈ ૨૦૨૫માં મોટી તબાહીની ભવિષ્યવાણી કરી છે.

### ષડાષ્ટક યોગથી યુદ્ધ વાવાઝોડુ થઈ શકેઃ

ગ્રહ-તારાની ગણતરીના આધારે. હાલમાં રાહુ અને મંગળની જે સ્થિતિ છે એને કારણે ષડાષ્ટક યોગ બની રહ્યો છે, જેને કારણે આગામી ૧૫-૧૭ દિવસ દેશ દુનિયા માટે ભારે રહેશે. આવો જોઈએ શું છે આ ષડાષ્ટક યોગ અને એની શું અસર જોવા મળશે મુંબઈના એક જાણીતા જ્યોતિષાચાર્યના જણાવ્યા અનુસાર ૧૮મી મેના રાહુએ ગોચર કરીને કુંભ રાશિમાં ગોચર કર્યું હતું અને ત્રીજી એપ્રિલથી મંગળ કર્ક રાશિમાં બિરાજમાન છે, જેને કારણે રાહુ અને મંગળ વચ્ચે ષડાષ્ટક યોગ બની રહ્યો છે. આ ભયંકર યોગ બે ગ્રહોની વચ્ચે છઠ્ઠા કે આઠમા ભાવમાં હોવાથી બને છે અને હાલમાં રાહુ અને કેતુ વચ્ચે આ સ્થિતિ જોવા મળી રહી છે.


વાત કરીએ ક્યાં સુધી આ ષડાષ્ટક યોગની અસર જોવા મળશે તો સાતમી જૂન સુધી મંગળ કર્ક રાશિમાં બિરાજમાન રહેશે એટલે સાતમી જૂન સુધી આ યોગની અસર જોવા મળશે. જ્યોતિષશાસ્ત્રમાં આ યોગને ખૂબ જ વિનાશકારી, ભયંકર માનવામાં આવે છે અને ૧૨-૧૨ રાશિની સાથે સાથે દેશ-દુનિયા પર તેની અસર જોવા મળી શકે છે. સૂર્યમંડળમાં ગ્રહોની સ્થિતિની અસર દેશ-દુનિયાના રાજકારણ, શાંતિ વ્યવસ્થા અને કુદરતી આફતો પર પણ જોવા મળે છે. હાલમાં મંગળ અને કેતુને કારણે રચાઈ રહેલાં ષડાષ્ટક યોગને કારણે તોફાન, ભૂકંપ, આગ લાગવા જેવી કુદરતી ઘટનાઓ ઘટશે, જેને કારણે જાન-માલનું નુકસાન થશે. આ ઉપરાંત પહલગામ આંતકવાદી હુમલા બાદ ભારત-પાકિસ્તાન વચ્ચેનો તણાવ હાલ તો શાંત છે, પણ સાતમી જૂન પહેલાં ફરી વખત આ વિવાદ વકરે એવી પૂરેપૂરી શક્યતા છે.

ષડાષ્ટક યોગને કારણે સિંહ, ધન અને મીન રાશિના જાતકો પર જોવા મળી શકે છે. આ રાશિના જાતકોના જીવન પર આ યોગની અસર જોવા મળી શકે છે, તેથી આ રાશિના જાતકોએ વિશેષ સાવધ રહેવાની જરૂર છે.

## ગન કલ્ચર ધરાવતા અમેરિકામાં માણસની જિંદગીની કિંમત નથી

# અમેરિકામાં વધુ એક ગુજરાતીની લૂંટના ઈરાદે ગોળી મારી હત્યા

### યુવાને લુંટારા સામે કેશ ધરી દીધી, કોઇ પ્રતિકાર નહોતો કર્યો છતાં હત્યા કરાઇ



અમદાવાદ, તા. ૨૨

અમેરિકામાં વધુ એક ગુજરાતીની ગોળી મારીને હત્યા કરવામાં આવી છે, ટેનેસીના લિવિસબર્ગમાં મે ૨૦ના રોજ બનેલી આ ઘટનામાં મોતને ભેટેલા યુવકનું નામ પરેશ ઉર્ફે પ્રિન્સ પટેલ હતું જે કલોલ નજીકના ડીંગુચા ગામનો વતની હતો. માત્ર ૩૦ વર્ષની ઉંમરનો પરેશ ગેસ સ્ટેશનમાં જોબ કરતો હતો, જ્યાં રોબરી કરવા આવેલા એક વ્યક્તિએ પરેશ પર આડેધડ ફાયરિંગ કરતાં તે ત્યાં જ ઢળી પડ્યો હતો.

મૃતક પરેશ પટેલ પાંચ વર્ષની દીકરી અને પત્ની સાથે અમેરિકામાં રહેતો હતો, તેના આકસ્મિક મોતથી તેની ફેમિલીએ પોતાના એક માત્ર સહારાને ગુમાવ્યો છે. ટેનેસીની પોલીસે પ્રિન્સ પટેલની હત્યા કરવાના ગુનામાં એક શકમંદની ધરપકડ કરી છે, પ્રિન્સને શૂટ કરીને નાસી ગયેલા ડેવિડ હેમિલ્ટન નામના આ અશ્વેતને શોધવા માટે પોલીસે તાત્કાલિક દસ હજાર ડોલરના ઈનામની જાહેરાત કરાઈ હતી અને ગણતરીના કલાકોમાં જ તેને અરેસ્ટ કરવામાં સફળતા મળી હતી.

પ્રિન્સ પર અટેક કરાયો તે ઘટનાનો એક વિડીયો મનહર પટેલ નામના વ્યક્તિએ પોતાની ફેસબુક પ્રોફાઈલ પર શેર કર્યો છે, જેમાં જોઈ શકાય છે કે મે ૨૦ના રોજ રાતે ૧૧ વાગ્યે પ્રિન્સ કેશ રજિસ્ટર પર ડ્યૂટી કરી રહ્યો હતો ત્યારે સ્ટોરમાં આવેલા એક વ્યક્તિએ સિગરેટ જેવી કોઈ વસ્તુ માગી હતી અને પ્રિન્સ જેવો તેની સામે આવ્યો કે તે વખતે જ તેણે ગન કાઢીને પૈસાની ડિમાન્ડ કરી હતી.

સ્થિતિની ગંભીરતા જોતા પ્રિન્સ પહેલા તો બંને હાથ ઉપર કરીને ઉભો રહી ગયો હતો અને ત્યારબાદ તેણે કેશ રજિસ્ટર ખોલીને અમુક કેશ કાઢી લૂંટારાને આપી પણ હતી પરંતુ તે વખતે જ લૂંટારાએ અચાનક ફાયરિંગ શરૂ કરતાં પ્રિન્સ ડરી ગયો. આ દરમિયાન લૂંટારાએ સેકન્ડોમાં જ બે-ત્રણ ગોળી પ્રિન્સને મારતા તે ઘડીના છઠ્ઠા ભાગમાં જ ઢળી પડ્યો હતો. પ્રિન્સ સાથે જે કંઈ થયું તે દર્શાવે છે કે અમેરિકામાં માણસની જિંદગીની કિંમત કેટલી છે, ચાલુ વર્ષમાં અમુક ડોલર્સની રોબરીના પ્રયાસમાં કોઈની ગોળીથી મોતને ભેટેલો પ્રિન્સ ચોથો ગુજરાતી છે.



# કૈલાસ માનસરોવરની યાત્રા માટે ૭૫૦ યાત્રીઓની પસંદગી

### કોમ્પ્યુટર ડ્રોથી યાત્રીઓ પસંદ કરાયા

નવી દિલ્હી તા.૨૨

વિદેશ મંત્રાલયે કૈલાસ માન સરોવર યાત્રા માટે કોમ્પ્યુટર ડ્રોથી ૭૫૦ તીર્થયાત્રીઓની પસંદગી કરી છે. આ વખતે ૫૫૬૧ લોકોએ યાત્રા માટે ઓનલાઈન અરજી કરી હતી.

વિદેશ રાજયમંત્રી કીર્તિવર્ધન સિંહની હાજરીમાં વિદેશ મંત્રાલયે બુધવારે ડ્રો કર્યો હતો. કૈલાસ માનસરોવર યાત્રા માટે આ વખતે ઉતરાખંડના રસ્તેથી ૫૦-૫૦ યાત્રીઓનાં ૧૦ જુથ મોકલાશે.યાત્રા જુન-ઓગસ્ટ દરમ્યાન સંપન્ન થશે. મંત્રાલય દ્વારા તેના માટે તૈયારી કરવામાં આવી રહી છે.

મંત્રાલયે એક નિવેદનમાં કહ્યુ છે કે પસંદ કરાયેલા યાત્રીઓને એસએમએસ અને ઈ-મેલથી જાણકારી મોકલવામાં આવી રહી છે.

આ ઉપરાંત યાત્રી કૈલાસ માન સરોવર યાત્રાની વેબસાઈટ પર પણ જોઈ શકે છે.

# MI પ્લેઓફમાં પહોંચતા નીતા અંબાણીનું ખાસ સેલિબ્રેશનઃ છ આંગળીઓ બતાવી IPL ટાઇટલ જીતવાની બતાવી તૈયારી



મુંબઈ, તા.૨૨

મુંબઈ ઈન્ડિયન્સની માલિક નીતા અંબાણી બુધવારે, વાનખેડે સ્ટેડિયમ ખાતે દિલ્હી કેપિટલ્સ સામે ૫૯ રનથી શાનદાર વિજય મેળવીને IPL 2025 પ્લે-ઓફમાં પોતાનું સ્થાન સુરક્ષિત કર્યા પછી ખુશ દેખાઈ રહી હતી. ધીમી સપાટી પર આ જીતથી MI 16 પોઈન્ટ પર પહોંચી ગયું - જે નોકઆઉટમાં ચોથી અને અંતિમ ટીમ તરીકે તેમનું સ્થાન પાકું કરવા માટે પૂરતું હતું.

જ્યારે ટેલિવિઝન કેમેરા માલિકોના ડગઆઉટ તરફ ફર્યા, ત્યારે નીતા અંબાણી છ આંગળીઓ ઉંચી કરતી જોવા મળી, જે વિશ્વને સ્પષ્ટ સંદેશ હતો - મુંબઈની નજર છઠ્ઠા IPL ટાઇટલ પર છે. હાલમાં ચેન્નાઈ સુપર કિંગ્સ સાથે પાંચ-પાંચ ચેમ્પિયનશિપ સાથે બરાબરી પર છે, આ સિઝનમાં ટાઇટલ જીતી MI પોતાની છાપ છોડી દેશે. નીતા અંબાણીએ પુત્ર આકાશ અંબાણી સાથે ટીમ સાથે આ મહત્વપૂર્ણ જીતની ઉજવણી કરી હતી. સિઝનની છેલ્લી હોમ ગ્રાઉન્ડની મેચ પછી તે સ્ટેડિયમની આસપાસ વિજયી દોડ માટે ખેલાડીઓ સાથે જોડાઈ. રોહિત શર્માએ આ સન્માનની આગેવાની લીધી અને સ્ટેન્ડમાં સિગ્નેચર ટેનિસ બોલ ફટકારીને દર્શકોને ખુશ કર્યા.

ભારે વરસાદની આગાહી હોવા છતાં, સમગ્ર મેચ દરમિયાન હવામાન સારું રહ્યું. સદનસીબે, MI માટે, છેલ્લો બોલ નાખ્યા પછી જ વરસાદ શરૂ થયો, જેના કારણે ઉજવણી કોઈપણ પ્રકારના વિક્ષેપ વિના ચાલુ રહી. આ જીતથી MI માટે બીજો મોટો વળાંક આવ્યો. સિઝનની નિરાશાજનક શરૂઆત પછી - તેમની પ્રથમ પાંચ મેચમાંથી ચાર હાર્યા મેળવ્યા બાદ પાંચ વખતના ચેમ્પિયનોએ શાનદાર વાપસી કરી, તેમની આગામી આઠ મેચમાંથી સાત જીતીને પ્લે-ઓફમાં પ્રવેશ કર્યો.

### એફોર્ડેબલ હાઉસીંગનો મૃત્યુઘંટ વાગી રહ્યો છે

# ગુજરાતમાં હાઉસિંગ ધિરાણ વધ્યું: લોન લેનાર ઘટયા

**જમીન-બાંધકામની ઉંચી કિંમત; લકઝરી-સેમી લકઝરી હાઉસિંગના ટ્રેન્ડથી એક મોટા વર્ગ માટે ધિરાણ સાથે ઘરનું ઘર લેવુ પણ મુશ્કેલ: સસ્તા આવાસ હવે બનતા જ નથી**

**૨૦૨૪ના નાણાકીય વર્ષમાં ૫૩૫૯૦ કરોડનું હાઉસિંગ ધિરાણ ૬.૯૦ લાખ લોકોને મળ્યું: ૨૦૨૫ના નાણાકીય સર્વેમાં ૫૮૩૯૯ કરોડનું ધિરાણ ૪.૪૬ લાખ લોકોએ મેળવ્યું**

અમદાવાદ: ગુજરાત સહિત દેશમાં હવે એફોર્ડેબલ હાઉસીંગ એક સ્વપ્ન બની જવા લાગ્યુ છે તે રીતે આવાસની કિંમતો વધી રહી છે. એક વર્ગ માટે લકઝરી જ સૌથી મહત્વપૂર્ણ છે. તમારે માટે વધુ મોટા આવાસ તૈયાર થઈ રહ્યા છે તેના કારણે ગુજરાતમાં હાઉસીંગ ફાયનાન્સમાં લોન લેનારની સંખ્યામાં ૩૫% જેટલો ઘટાડો થયો છે પણ સરેરાશ લોનની રકમ વધી છે. ભારત જેવો દેશ જયાં જમીન ઓછી છે. વસ્તી ગીચ છે અને ઘરવિહોણા લોકોની સંખ્યા વિશાળ છે ત્યાં આ ટ્રેન્ડ અત્યંત ચિંતાજનક છે.

ગુજરાતમાં કુલ હાઉસીંગ ફાયનાન્સ વધ્યુ છે પણ તેમાં લોન લેનારાઓની સંખ્યા ઘટી છે. કારણ એ છે કે લાખો લોકો માટે ઘરનું ઘર એ તેની આર્થિક શક્તિ બહાર ચાલ્યુ ગયુ છે. ગુજરાતમાં ૨૦૨૫ના નાણાકીય વર્ષમાં કુલ હાઉસીંગ લોનનું પ્રમાણ ૮.૯% વધ્યુ છે અને રૂા.૫૮૩૯૯ કરોડ થયુ છે જે ૨૦૨૪ના નાણાકીય વર્ષમાં રૂા.૫૩૫૯૦ કરોડ હતું પણ હાઉસીંગ લોન લેનારની સંખ્યા ઘટી છે અને તે પણ ૩૫% જેટલી ઘટી છે. ૨૦૨૪ના નાણાકીય વર્ષમાં કુલ ૬.૯ લાખ લોકોએ હાઉસીંગ લોન મારફત ઘરનું ઘર ખરીદ્યુ હતું તે ૨૦૨૫ના નાણાકીય વર્ષમાં ઘટીને ૪.૪૬ લાખ થયા છે. સ્ટેટ લેવલ બેન્કર્સ કમીટીના રિપોર્ટમાં આ આંકડા અપાયા છે.

આ એક નવો ટ્રેન્ડ દર્શાવે છે. ઘરનું ઘર ઓછા લોકો લે છે અથવા તો તેઓની પહોચ બહાર બની ગયુ છે. તેઓની આવક અને રીપેમેન્ટ કેપેસીટી-



ઘરની કિંમત તમામનો તાળો મળતો નથી તેથી તેઓ પોતાનું આવાસ ખરીદી શકતા નથી પણ જેઓ હાઉસીંગ લોન લે છે તેઓને વધતી જતી આવાસ કિંમતના કારણે વધુ ઉંચી રકમની લોન-ધિરાણ મેળવવુ પડે છે.


વધુ ધિરાણ- વધુ મોટો ઈ-એમ આઈ આ તપાસમાં તેઓને ઘરનું ઘર લેવું પડે છે. આ એક અન્ય તર્ક છે કે હાઉસીંગ ડિમાન્ડ ઘટી રહી છે અને તે જે ઘટી છે તે એક મધ્યમ વર્ગ માટેની ઘટી છે. જે એફોર્ડેબલ હાઉસીંગ કેટેગરીમાં આવે છે. આમ એન્ટ્રી લેવલ હાઉસીંગમાં નવા પ્રોજેકટ ભાગ્યે જ આવે છે અને તેથી એ વર્ગને ભાડાના મકાનમાં કે જૂના આવાસમાં રહેવાની ફરજ પડી રહી છે.

રાજયના મોટા શહેરોમાં હવે લકઝરી હાઉસીંગનું પ્રમાણ વધી રહ્યું છે. જેમાં ખાસ કરીને એનઆરઆઈ અને અન્ય ઈન્વેસ્ટર્સનો રસ જોવા મળ્યાનો દાવો છે. આમ હાઉસીંગ સપ્લાય જળવાઈ હોય તો પણ તેને પોસાય તેવા વર્ગ માટે નથી.


કોવિડકાળ બાદ આવાસ માંગ વધી હતી પણ બાદમાં જમીન અને બાંધકામ બન્નેના ખર્ચમાં કોઈ હિસાબ વગરનો વધારો થયો છે પણ તેમાં અચાનક જ લકઝરી, સેમી લકઝરીનો નવો ટ્રેન્ડ આવ્યો છે. જેણે એફોર્ડેબલનો હાઉસીંગના મોટા શહેરોમાં તો મૃત્યુઘંટ વગાડી દીધો છે. તેમાં શેરબજારની કમાણી જે છેલ્લા ત્રણ વર્ષમાં થઈ તેનો પણ ફાળો છે તો ઈન્વેસ્ટર્સનો એક વર્ગ શેરબજાર તરફ વળ્યો તેથી તેનાથી હાઉસીંગ ક્ષેત્રમાં જે નવું રોકાણ ઘટયુ તેમાં એવાજ પ્રોજેકટ આવ્યા તે લકઝરી કે સેમી લકઝરી ટ્રેન્ડના છે.

# એરપોર્ટ રોડ, સોની બજાર, જંકશન પ્લોટમાં ગેરકાયદે બાંધકામ બદલ ત્રણ મિલ્કત સીલ

**લાંબા સમયથી નોટીસો સહિતની કાર્યવાહીના અંતે ટીપી શાખા દોડી : સેન્ટ્રલ ઝોનમાં કાર્યવાહી થઇ : ડઝનથી વધુ ચર્ચાસ્પદ બાંધકામોનું લીસ્ટ પણ તૈયાર હોવાની શકયતા**



એકજાન નગર



જંકશન પ્લોટ



સોની બજાર

રાજકોટ, તા. ૨૨

રાજકોટમાં ગેરકાયદે બાંધકામોને નોટીસ આપ્યા બાદ ડિમોલીશનની કામગીરી સ્થગિત જેવી છે. સરકારી પ્લોટ સિવાય લગભગ કયાંય ઓપરેશન કરાતા નથી અને ટીઆરપી ગેમઝોન અગ્નિકાંડ બાદ ટાઉન પ્લાનિંગ શાખા સુષુપ્ત જેવી હાલતમાં આવી ગઇ હોય, બેફામ બાંધકામો થઇ રહ્યાની ફરિયાદો વચ્ચે આજે સેન્ટ્રલ ઝોન ટીપી શાખાએ આવા ચર્ચાસ્પદ બાંધકામોને સીલ મારવાનું શરૂ કરતા ફફડાટ મચ્યો છે. સેન્ટ્રલ ઝોનના એરપોર્ટ રોડ અને સોની બજાર સહિતના વિસ્તારોમાં આ કાર્યવાહી કરવામાં આવી છે. સોની બજારમાં કોમર્શિયલ બાંધકામ થતું હતું.

આ અંગે ટાઉન પ્લાનિંગ

(અનુસંધાન છઠ્ઠા પાને)






# બોગસ દસ્તાવેજો બનાવી કરોડોની લોન મેળવવાના ગુનામાં સંડોવાયેલ રાજેશ ઠકકરની ધરપકડ

**છેલ્લા ૧૨ વર્ષથી આરોપી ફરાર હતો: પેરોલ ફર્લો સ્કવોડે વડોદરાથી દબોચી લીધો, માલવીયાનગર, ગાંધીગ્રામ અને એ ડીવીઝન પોલીસમાં આરોપી વિરૂધ્ધ ગુના નોંધાયા છે**

રાજકોટ તા.૨૨

બોગસ દસ્તાવેજો બનાવી બેંકોમાંથી કરોડોની લોન મેળવી ફરાર થઈ ગયેલા વડોદરાના રાજેશ ઉર્ફે રજનીસ નામના શખ્સની પેરોલ ફર્લો ટીમે પકડી પાડી કાયદેસરની કાર્યવાહી કરી હતી.

પ્રાપ્ત વિગત મુજબ વર્ષ ૨૦૧૨માં રૈયા ગામમાં આવેલ મણીનગર વિસ્તારમાં સર્વે નં.૧૮૦ના પ્લોટ નં.૨૭ના ખોટા દસ્તાવેજ બનાવી તેના પર બેંકમાંથી ૧૯.૮૯ લાખની લોન મેળવી છેતરપીંડી આચરી હતી તેમજ જામનગર રોડ પર આવેલ અમરનાથ પાર્કના પ્લોટના બોગસ દસ્તાવેજનો ખરા તરીકે ઉપયોગ કરી રૂા.૮.૮૮ લાખની લોન મેળવી લીધી હતી



તેમજ એ ડીવીઝન પોલીસ મથક વિસ્તારમાં આવેલ મિલ્કતના ખોટા દસ્તાવેજ બનાવી લક્ષ્મીવિલાસ બેંકમાંથી રૂા.૧.૧૧ કરોડની લોન મેળવી છેતરપીંડી આચરી હતી. જે મામલે શહેરના અલગ અલગ પોલીસ મથકના ગુના નોંધાયેલ હતા.

જે મામલે પેરોલ ફર્લો સ્કવોડના પીઆઈ ડી.એમ. જણકાત અને ટીમે તપાસ આદરી છેતરપીંડીના આ ગુનામાં છેલ્લા ૧૨ વર્ષથી ફરાર રાજેશ ઉર્ફે રજનીશ, કિશન ઉર્ફે કૃષ્ણકાંત ઠકકર (ઉ.૫૪) રહે. ગુણાતીત રેસીડિન્સી ગૌત્રી વડોદરાને વડોદરાથી દબોચી લીધો હતો. જયારે છેતરપીંડીના ગુનામાં તેની પત્ની સુધા હાલ ફરાર હોય તેની શોધખોળ આદરી છે.

# ચોમાસા પૂર્વે-૧લી જુનથી આજી-ન્યારીમાં નર્મદાનાં પાણી ઠલવાશે



રાજકોટ તા.૨૨

રાજય સરકારે પીવાના પાણીની સમસ્યા ઉભી ન થાય તે માટે નર્મદાના પાણી છોડવાનું જાહેર કર્યુ છે જે અંતર્ગત રાજકોટના જળાશયો આજી અને ન્યારીમાં ૧લી જુનથી નર્મદાના પાણી ઠલવાવાનું શરૂ કરવામાં આવશે. મ્યુનિસિપલ કોર્પોરેશનનાં શાસકોએ અગાઉ જ ચોમાસા પૂર્વેનાં અંતિમ દિવસોમાં પાણીની સમસ્યા ન થાય તે માટે નર્મદાના પાણી આપવાની માંગણી કરી હતી. તે અંતર્ગત સરકારે ૧લી જુનથી પાણી આપવાનું નકકી કર્યું છે.


સાંજના ગુજરાતી અખબારોમાં સૌથી વધુ નકલોનો ફેલાવો ધરાવતું...
**સાંજ સમાચાર**
ટૂંકી જાહેરાત સાંજ સમાચારમાં
ગુરૂવાર-શનિવારનાઅંકમાં પ્રસિધ્ધ
★ ઓછામાં ઓછી ૪ લાઈન
★ ફકત રોકડા રૂપિયાથી સ્વીકારાશે
★ સવારના ૧૦ થી સાંજના ૮ સુધી
★ અમારે દરેક ગામ/શહેર એજન્ટ અને ખબરપત્રી દ્વારા પણ આપી શકાશે.
- વ્યવસ્થાપક

**કાર રીમોટ**
ઓરીજનલ રીમોટ સેલ (પાવર)
ગેરેંટી સાથે બદલી આપવામાં આવશે.
**રાજુ ડીઝીટલ સ્ટુડીયો**
ભુતખાના ચોક, ઢેબર રોડ, ભારત પેટ્રોલ પંપની બાજુમાં, રાજકોટ. M.: 94297 85836

Auto E-INVOICE / E-WAY BILL
શ્રી C-POINT
એકાઉન્ટ, બીલીંગ તથા સ્ટોક માટેનો શ્રેષ્ઠ
સૌથી સરળ
કોમ્પ્યુટર પ્રોગ્રામ
FOR DEMO : C-POINT
9773428998, 0281-2464241

**યુ-ફ્રોમ ગાદલા**
**સોફા મટીરીયલ્સ**
વ્યાજબી ભાવે છુટક તથા જથ્થાબંધ મળશે
આપની ડીઝાઈન મુજબ સોફાસેટ બનાવી આપીશું
**લાલા ફોમ એજન્સી**
વ્રજ આર્કેડ, ૨-ભકિતનગર સ્ટેશન રોડ, બેંક ઓફ બરોડાની બાજુમાં, રાજકોટ.
સંપર્ક : 98253 60033, 98242 18687









## ગુજરાતના ૧૮ સ્ટેશનોનાં વડાપ્રધાનનાં હસ્તે વર્ચ્યુઅલ લોકોર્પણ અંતર્ગત

# મુખ્યમંત્રી ભુપેન્દ્ર પટેલની ઉપસ્થિતિમાં પુનઃવિકસિત લીંબડી રેલવે સ્ટેશનનું લોકાર્પણ

ગાંધીનગર,તા.૨૨

વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીના નેતૃત્વમાં રાષ્ટ્ર નિર્માણ અને તેમના વિઝનના સંકલ્પના પરિણામે દેશને અમૃત સ્ટેશન યોજનાની ભેટ મળી છે. આ યોજનામાં દેશના ૧૩૦૦ થી વધુ સ્ટેશનોનો કાયાકલ્પ કરીને તેનો પુનર્વિકાસ કરવામાં આવી રહ્યો છે. ગુજરાતના ૮૭ સ્ટેશનોનું પણ ૬૩૦૩ કરોડ રૂપિયાના ખર્ચે આધુનિકીકરણ થઈ રહ્યું છે.

વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીએ રૂા. ૧૬૪ કરોડના ખર્ચે ગુજરાતના પુનર્વિકસિત થઈ ગયેલા ૧૮ રેલવે સ્ટેશનના વર્ચ્યુઅલ લોકાર્પણ રાજસ્થાનના બિકાનેર ખાતે આયોજીત કાર્યક્રમમાં કર્યા હતા.

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ અમૃત સ્ટેશન યોજનામાં નવીનીકરણ થયેલા લીંબડી સ્ટેશનના લોકાર્પણ અવસરમાં પ્રત્યક્ષ ઉપસ્થિત રહ્યા હતા.

મુખ્યમંત્રીએ આ પ્રસંગે કહ્યું કે, વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીએ દેશનું સેવાદાયિત્વ સંભાળ્યું ત્યારથી સેનાથી લઈને સામાન્ય માનવીની સુવિધા, સજ્જતા અને સુખાકારી માટે ઈન્ફ્રાસ્ટ્રક્ચર અને આધુનિકીકરણને પ્રાથમિકતા આપી છે.

### વડાપ્રધાને સેનાથી લઈને સામાન્ય માનવીની સુવિધા અને સંજ્જતા માટે ઈન્ફ્રાસ્ટ્રક્ચર-આધુનિકીકરણને પ્રાથમિકતા આપી છેઃ મુખ્યમંત્રી ભુપેન્દ્રભાઈ પટેલ

રેલવેનો કાયાકલ્પ, સ્ટેશનોના આધુનિકીકરણ અને યાત્રી સુવિધાના નવતર આયામો આગવા વિઝન અને રાષ્ટ્રનિર્માણ માટેના સંકલ્પ સાથે વડાપ્રધાનએ શરૂ કર્યા છે.

મુખ્યમંત્રીએ સ્પષ્ટપણે જણાવ્યું કે, જો લોકોની સારી સેવા કરવાની ઈચ્છાશક્તિ અને વિકાસની રાજનીતિની પ્રતિબદ્ધતા હોય તો સુશાસન દ્વારા રેલવે સેવાઓમાં કેવા ક્રાંતિકારી પરિવર્તન લાવી શકાય તે વડાપ્રધાનએ દુનિયાને બતાવ્યું છે.

આ સંદર્ભમાં તેમણે ગુજરાતને રેલવે સેવાઓ અને ઈન્ફ્રાસ્ટ્રક્ચરની મળેલી ભેટની વિગતો આપતા કહ્યું કે, વડાપ્રધાનશ્રીના દિશા દર્શનમાં ૨૦૧૪ થી અત્યાર સુધીમાં રાજ્યમાં ૩૧૪૪ કિલોમીટર રેલવે લાઇનનું વિદ્યુતીકરણ થયું છે તે સાથે ગુજરાતમાં ૯૭ ટકા રેલવે રૂટ વિદ્યુતકૃત થઈ ગયા છે.

એટલું જ નહીં, ૨૦૨૫-૨૬માં રેલવે બજેટમાં ગુજરાત માટે ૧૭,૧૫૫ કરોડ રૂપિયા ફાળવાયા છે. તે અગાઉના ૨૦૦૯ થી ૨૦૧૪ સુધીના સમયમાં ફાળવાયેલા બજેટ કરતા સરેરાશ ૨૯ ગણા છે તેમ પણ મુખ્યમંત્રીશ્રીએ જણાવ્યું હતું.

ચંદુભાઈ શિહોરાએ પ્રાસંગિક ઉદબોધન રેલવેમાં પણ જુદી જુદી આધુનિક સુવિધાઓ અને નવીન ટેક્નોલોજી સાથેની ટ્રેનો વિકસાવવામાં આવી રહી છે. વંદે ભારત ટ્રેનો તેનું ઉત્તમ ઉદાહરણ છે.

લીંબડીના ધારાસભ્ય કિરીટસિંહ રાણાએ લીંબડી જેવા નાના તાલુકામાં પણ મોટા શહેર જેવી સુવિધાઓ આપવા બદલ ભારત સરકાર પ્રત્યે આભારની લાગણી વ્યક્ત કરી પ્રાસંગિક ઉદબોધન કર્યું હતું.

મુખ્યમંત્રીએ રેલવે સ્ટેશન ખાતે વિકસિત અત્યાધુનિક સુવિધાઓનું નિરીક્ષણ કરી સ્ટેશન અંગેની જાણકારી પણ મેળવી હતી.

આ લોકાર્પણ પ્રસંગે નાયબ મુખ્ય દંડક જગદીશભાઈ મકવાણા, ધારાસભ્ય સર્વે પી. કે. પરમાર, પ્રકાશભાઈ વરમોરા, અગ્રણી સર્વે હિતેન્દ્રસિંહ ચૌહાણ, દિલીપભાઈ પટેલ, શંકરભાઈ દલવાડી, બાબાભાઈ ભરવાડ સહિતના અગ્રણીઓ, પદાધિકારીઓ, જિલ્લા કલેક્ટર ડો. રાજેન્દ્ર પટેલ, જિલ્લા વિકાસ અધિકારી કે. એસ. યાજ્ઞિક, નાયબ પોલીસ મહાનિરીક્ષક ડો. ગિરીશ પંડ્યા, ડિવિઝનલ રેલવે મેનેજર રવિશકુમાર સહિતના વરિષ્ઠ અધિકારીઓ તેમજ મોટી સંખ્યામાં લોકો ઉપસ્થિત રહ્યા હતા.

# અમેરિકામાં ચાલુ બસમાં ભારતીયે જ ભારતીયની ચાકૂ મારી હત્યા કરી

## હત્યા કરી ભાગી છુટેલા શખ્સને પોલીસે ઝડપી લીધો

ટેકસાસ (અમેરિકા) તા.૨૨

અમેરિકાના ટેક્સસ સ્ટેટના ઓસ્ટિનમાં એક ભયાનક ઘટનામાં ૩૦ વર્ષના ઈન્ડિયન આંત્રપ્રિન્યોર અક્ષય ગુપ્તાની એક બસમાં ક્રૂરતાથી હત્યા કરી દેવામાં આવી હતી. ઘટના મે ૧૪એ સાંજે બની હતી. અક્ષયની હત્યા કરનારો એક ઈન્ડિયન જ હતો. ચાલુ બસમાં બનેલી આ ઘટનાથી ભય ફેલાઈ ગયો હતો. જેથી જેવી બસ ઊભી રાખવામાં આવી કે તરત જ મુસાફરો તેમાંથી ઝડપથી બહાર આવી ગયા હતા અને તેમની સાથે હત્યારો પણ બસની બહાર નીકળી ગયો હતો અને ભાગી ગયો હતો. જોકે, બાદમાં પોલીસે તેને ઝડપી લીધો હતો.

અક્ષય ગુપ્તા એક સ્વાસ્થ્ય-ટેકનિકલ સ્ટાર્ટઅપના કો-ફાઉન્ડર હતા અને ઓસ્ટિનના સક્રિય આંત્રપ્રિન્યોર હતા. ઓસ્ટિન પોલીસ ડિપાર્ટમેન્ટના જણાવ્યા મુજબ, તેમના પર બસમાં ચાકૂથી હુમલો કરાયો હતો. પોલીસ જ્યારે ઘટના સ્થળે પહોંચી ત્યારે અક્ષય ગંભીર રીતે ઘાયલ હાલતમાં જોવા મળ્યા હતા. તેમને તાત્કાલીક પ્રાથમિક સારવાર આપવામાં આવી હતી અને તેનો જીવ બચાવવા પ્રયાસ કરાયો હતો, પરંતુ તેનું ઘટનાસ્થળે જ મોત થઈ ગયું હતું.

અક્ષયની હત્યા કરનારાનું નામ દીપક કંડેલ છે. ૩૧ વર્ષનો દીપક કંડેલ ભારતીય છે અને બેઘર છે. તપાસમાં સામે આવ્યું છે કે, દીપક બસમાં અક્ષયની પાસે બેઠો હતો અને કોઈ ઉશ્કેરણી વિના જ તેણે અક્ષયની ગરદન પર 'બુચર સ્ટાઈલ' ચાકૂથી હુમલો કરી દીધો હતો.

બસમાં લાગેલા સીસીટીવી ફુટેજમાં જોવા મળ્યું હતું કે, અક્ષયની બાજુમાં દીપક ચૂપચાપ બેઠો હતો અને પછી અચાનક તેણે ચાકૂ કાઢીને હુમલો કરી દીધો હતો.

## પ્રિ-મોન્સુન ગતિવિધી વ્હેલી શરૂ થઈ ગઈ

# કાલથી ત્રણ દિવસ ભારેથી અતિભારે વરસાદઃ અમરેલી-જુનાગઢ-ગીર સોમનાથમાં ઓરેન્જ એલર્ટ

## હવામાનની સિસ્ટમની અસરે ભારે પવન સાથે રાજયના અનેક ભાગોમાં હળવો-મધ્યમ વરસાદ થવાની આગાહી

અમદાવાદ તા.૨૨

અપર એર સાયકલોનીક સરકયુલેશન તથા સાયકલોનીક સિસ્ટમની અસર હેઠળ ગુજરાતના કેટલાંક ભાગોમાં ભારેથી અતિભારે વરસાદનું ઓરેન્જ એલર્ટ જારી કરવામાં આવ્યું છે. માછીમારોને પણ દરીયો ન ખેડવાની ચેતવણી આપવામાં આવી છે.

હવામાન વિભાગનાં વડા એ.કે.દાસે જણાવ્યું હતું કે ઉત્તર કર્ણાટક તથા ગોવાના કંઠે પૂર્વ મધ્ય અરબી સમુદ્રમાં અપર એર સાયકલોનિક અરબી સમુદ્રમાં અપર એર સાયકલોનિક સરકયુલેશન સક્રિય છે. ઉપરાંત આજ ક્ષેત્રમાં લો-પ્રેસર બન્યુ છે મજબુત થવા સાથે ઉત્તર તરફની ગતિ છે.

હવામાનની આ સિસ્ટમને કારણે ગુજરાતમાં તા.૨૩ થી ૨૫ દરમ્યાન વિજળીનાં કડાકાભડાકા, ઝંઝાવાત સાથે વરસાદ થવાની સંભાવના છે. ૫૦ કીમી સુધીની ઝડપના પવન પણ ફુંકાઈ શકે છે.

હવામાન વિભાગ દ્વારા સૌરાષ્ટ્રમાં અમરેલી, જુનાગઢ તથા ગીર સોમનાથ તથા દક્ષિણ ગુજરાતના વલસાડ-નવસારીમાં ભારેથી અતિભારે વરસાદનુ ઓરેન્જ એલર્ટ આપવામાં આવ્યુ છે. રાજયના બાકીનાં ભાગોમાં હળવો-મધ્યમ વરસાદ થવાની શકયતા છે.

હવામાન વિભાગે દ.ગુજરાતનાં માછીમારોને દરીયો ન ખેડવા કહેવાયું છે. પ્રિ-મોન્સુન ગતિવિધીના ભાગરૂપે જ વરસાદ હોવા છતાં આ ગતિવિધી વહેલી શરૂ થયાનો નિર્દેશ કરાયો છે.

# વિચારધારાના કારણે કોઈને જેલમાં ન નાખી શકાયઃ સુપ્રીમકોર્ટ

## સુપ્રીમકોર્ટે પીએફઆઈના પુર્વ મહાસચિવને જામીન આપ્યાઃ આ જ તો સમસ્યા છે કે ભવિષ્યનો અપરાધ રોકવા કોઈને જેલમાં નાખી દેવાઃ જજ



નવી દિલ્હી તા.૨૨

સુપ્રીમકોર્ટે બુધવારે પોપ્યુલર ફ્રન્ટ ઓફ ઈન્ડિયા (પીએફઆઈ)ના પુર્વ મહાસચીવ અબ્દુલ સતારને આરએસએસ કાર્યકર્તા શ્રીનિવાસનની હત્યા સાથે સંકળાયેલા કાવતરાના કેસમાં જામીન આપ્યા છે. આ હત્યા સપ્ટેમ્બર ૨૦૨૨માં કેરળ હાઈકોર્ટ દ્વારા જામીનના ઈન્કાર કરાતા સુપ્રીમમાં અરજી કરાઈ હતી. જસ્ટીસ એ.એસ.ઓકોએ કહ્યું હતું કે કોઈની વિચારધારાના કારણે તેને જેલમાં નાખી ન શકાય. આ એક ચલણ બની ગયું છે કે જે લોકોની એક ખાસ વિચારધારા હોય છે. તેમને જેલમાં નાંખી દેવામાં આવે છે. તપાસ એજન્સી એનઆઈએએ દલીલ કરી હતી કે જો કે અબ્દુલ સતારનું હત્યાની મુખ્ય એફઆઈઆરમાં નામ નથી, તેમ છતાં તેમણે પીએફઆઈના મહાસચીવ તરીકે કેડરની ભરતી અને હથિયાર તાલીમ આયોજીત કરવાની ભૂમિકા ભજવી છે. તેમની સામે ૭૧ જૂના કેસ બતાવવામાં આવ્યા.

જયારે, સતારના વકીલે દલીલ કરી કે આ બધા ૭૧ કેસ હડતાલ સાથે જોડાયેલી ઘટનાઓના છે. કેરળ હાઈકોર્ટે તેમને પીએફઆઈ મહાસચીવ હોવાના કારણે બધા કેસોમાં નામિત કરવાનો નિર્દેશ અપાયો હતો. સતાર આ બધા કેસોમાં પહેલા પણ જામીન મેળવી ચૂકયા છે. જસ્ટીસ ઓકાએ સવાલ કર્યો હતો કે શું તે બધા વિરોધ પ્રદર્શનના કેસ હતા? એનઆઈએએ એમ પણ કહ્યું કે સતાર 'ઈન્ડિયા ૨૦૪૭' નામના એજન્ડા સાથે જોડાયેલા છે અને આગળ અપરાધ ન કરે તેના માટે તેમને કસ્ટડીમાં રાખવા જરૂરી છે.

જસ્ટિસ ઓકોએ કહ્યું હતું કે આ જ સમસ્યા છે, આ વિચારમાં કે આપણે ભવિષ્યના અપરાધ રોકવા માટે કોઈને જેલમાં રાખશું, જયારે બેન્ચમાં હાજર જસ્ટીસ ભુઈયાએ કહ્યું હતું કે તો પછી કેસ ચલાવોને સજા આપો પણ કેસની પ્રક્રિયા જ સજા ન બને.

# દુબઈમાં પણ આવુ બને! બ્રોકરેજ કંપનીના રાતોરાત ઉઠમણાઃ ભારતીયોએ કરોડો રૂપિયા ગુમાવ્યા

દુબઈ, તા.૨૨

દુબઈ સ્થિત એક બ્રોકરેજ કંપની ગલ્ફ ફર્સ્ટ કમર્શિયલ બ્રોકર્સ રાતોરાત ગાયબ થઈ જતાં રોકાણકારોના લાખો રૂપિયા ડૂબી ગયા છે.

દુબઈના કમર્શિયલ ડિસ્ટ્રિક્ટ બિઝનેસ બેમાં કેપિટલ ગોલ્ડન ટાવરના સ્વીટ ૩૦૨ અને ૩૦૫માં આ કંપનીની ઑફિસ હતી જે થોડાં અઠવાડિયાં પહેલાં ધમધમતી હતી અને આજે એ નિર્જન છે. ગયા મહિના સુધી ગલ્ફ ફર્સ્ટમાં લગભગ ૪૦ કર્મચારીઓ કામ કરતા હતા. તેમનું કામ સંભવિત રોકાણકારોમાં ફોરેક્સ રોકાણોને પ્રોત્સાહન આપવાનું હતું. હવે ફોનલાઈન કપાઈ ગઈ છે.

કેપિટલ ગોલ્ડન ટાવરના એક સુરક્ષા ગાર્ડે કહ્યું હતું કે 'આ કંપનીના માણસોએ ચાવીઓ પાછી આપી હતી. તેઓ ઑફિસમાં આવ્યા હતા અને બધું સાફ કરીને ઉતાવળમાં ચાલ્યા ગયા હતા. હવે અમારી પાસે દરરોજ લોકો તેમના વિશે પૂછવા આવે છે.'

આ બ્રોકરેજ ફર્મમાં નાણાં ગુમાવનારા મોહમ્મદ અને ફયાઝ પોયલ કેરળના રહેવાસી છે. તેમણે ગલ્ફ ફર્સ્ટમાં ૭૫,૦૦૦ ડોલર (આશરે ૬૪ લાખ રૂપિયા)નું રોકાણ કર્યું હતું. મોહમ્મદ નામના અન્ય રોકાણકારે ૫૦,૦૦૦ ડોલર (આશરે ૪૩ લાખ રૂપિયા) ગુમાવ્યા હતા. ૨,૩૦,૦૦૦ ડોલર (આશરે ૧.૯૬ કરોડ રૂપિયા) ગુમાવનારી એક વ્યક્તિએ કહ્યું હતું 'રિલેશનશિપ મેનેજર અમારી સાથે અમારી કન્નડા ભાષામાં વાત કરતો હતો. આ કંપનીના પ્લેટફોર્મ પર શરૂઆતમાં અમને થોડો નફો થયો હતો અને અમે કેટલાક પૈસા ઉપાડી પણ લીધા હતા. જોકે આજે લાગે છે કે એ ફક્ત અમારો વિશ્વાસ જીતવા માટે હતું.'

ગલ્ફ ફર્સ્ટ કમર્શિયલ બ્રોકર્સ એના ગ્રાહકોને એક અનરેગ્યુલેટેડ ઑનલાઇન પ્લેટફોર્મ સિગ્મા-વન કેપિટલ દ્વારા રોકાણ કરવા માટે ભારપૂર્વક દબાણ કરતી હતી. તેઓ સુરક્ષિત વળતરની ખાતરી આપતા હતા. આના કારણે ઘણા લોકોએ પોતાની જીવનભરની બચત આ પ્લેટફોર્મ પર રોકી દીધી હતી.

દુબઈ પોલીસે ગલ્ફ ફર્સ્ટ કમર્શિયલ બ્રોકર્સ અને સિગ્મા-વન કેપિટલ સામે કેસ દાખલ કટ છે અને પુષ્ટિ કરી છે કે સિગ્મા-વન કેપિટ દુબઈ ફાઈનેન્શિયલ સર્વિસ ઓથોરિટી (DFS/અથવા સિક્યોરિટીઝ એન્ડ કોમોડિટીઝ ઓથોરિટી (SCA) પાસેથી લાઇસન્સ મેળવ્યા નથી.

# પ્લેઓફમાંથી ફેંકાઈ જતા દિલ્હી કેપિટલ્સને લાગ્યું મોટું કલંક



## પ્રથમ ચાર મેચ જીતીને એક સિઝનમાં પ્લેઓફની દોડમાંથી બહાર થનારી પ્રથમ ટીમ બની

નવી દિલ્હી, તા.૨૨

IPL 2025 માં દિલ્હી કેપિટલ્સ ટીમની સફર પૂરી થઈ ગઈ છે. ૨૧ મેના રોજ રમાયેલી મેચમાં મુંબઈ ઈન્ડિયન્સ સામે તેઓ ૫૯ રને હારી ગયા હતા. આ મેચમાં હાર સાથે, દિલ્હીની ટીમને એક નહીં પરંતુ બે આંચકા લાગ્યા. દિલ્હીની ટીમ આ વખતે IPL પ્લેઓફમાં પહોંચી શકી નથી. આ સમયગાળા દરમિયાન, તેમના પર એવું કલંક લાગી ગયું જે આજ સુધી IPLના ઈતિહાસમાં કોઈ સાથે બન્યું નથી.

દિલ્હી કેપિટલ્સ ટુર્નામેન્ટમાં તેની પ્રથમ ચાર મેચ જીતીને એક સિઝનમાં પ્લેઓફની દોડમાંથી બહાર થનારી પ્રથમ ટીમ બની. હકીકતમાં, મુંબઈ ઈન્ડિયન્સએ દિલ્હી કેપિટલ્સને ૫૯ રનથી હરાવ્યું અને હાર્દિકની કેપ્ટનશીપ હેઠળ મુંબઈએ પ્લેઓફમાં પ્રવેશ મેળવ્યો. મુંબઈની ટીમ IPL૨૦૨૫ ના પ્લેઓફમાં પ્રવેશ કરનારી ચોથી ટીમ બની. તેમની પહેલા RCB, ગુજરાત અને પંજાબની ટીમો પ્લેઓફમાં જગ્યા બનાવી ચૂકી છે. વાનખેડે ખાતે રમાયેલી મેચમાં, સૂર્યકુમારની અડધી સદીની ઈનિંગ્સના આધારે ડીસીને ૧૮૧ રનનો લક્ષ્યાંક મળ્યો. મુંબઈએ ૨૦ ઓવરમાં ૫ વિકેટ ગુમાવીને ૧૮૦ રન બનાવ્યા. દિલ્હીના નિયમિત કેપ્ટન અક્ષર પટેલ બીમારીના કારણે આ મેચમાં રમી શક્યા ન હતા. ૧૮૧ રનના લક્ષ્યાંકનો પીછો કરતા દિલ્હીની ટીમે ૧૮.૨ ઓવરમાં ૧૨૧ રન બનાવી લીધા. સમીર રિઝવીએ ૩૯ રન બનાવ્યા જ્યારે વિપ્રાજ નિગમે ૨૦ રન બનાવ્યા.

## ઓપરેશન સિંદુરમાં ૩૦૦૦ અગ્નિવીર જવાનોએ પણ ભાગ લીધો હતો

# અગ્નિવીરોએ પ્રથમ યુદ્ધ લડયુંઃ મિસાઈલ-રડાર સહિતની સિસ્ટમનું સફળ સંચાલન


### ભારતીય સેનામાં બે વર્ષમાં ભરતી થયેલા તાલીમબદ્ધ અગ્નિવીરોએ સૈન્યના જવાનો સાથે ખભેખભા મિલાવ્યા



નવી દિલ્હી તા.૨૨

હાલમાં જ પાકિસ્તાન સામેના ઓપરેશન સિંદુરમાં ભારતીય દળોએ જે રીતે બહાદુરીપૂર્વક પાકિસ્તાનને બોધપાઠ આપ્યો તેમાં સૈન્યમાં ભરતી થયેલા ૩ હજારથી વધુ અગ્નિવીર જવાનો પણ આ પ્રકારના યુદ્ધમાં સામેલ થઈ ગયા હતા. આમ છેલ્લા બે વર્ષમાં ભરતી થયેલા અગ્નિવીરના જવાનોને તેમની પ્રથમ પરીક્ષા પાસ કરી લીધી છે. આ જવાનોએ તા.૭ થી ૧૦ દરમ્યાન ભારતના એરડિફેન્સ સીસ્ટમ સહિતની વ્યવસ્થાઓ સંભાળી હતી. યુદ્ધ સમયે તેની અલગ અલગ ફરજો અંગે તાલીમ લીધા બાદ તેમને કાશ્મીર સહિતની સરહદોએ તૈનાત કરવામાં આવ્યા છે. આ અગ્નિવીર જવાનો અંતરિક્ષ નામના ભારતમાં જ તૈયાર કરાયેલા એરડિફેન્સ સીસ્ટમનું ઓપરેટીંગ કર્યું હતું અને સફળતાપૂર્વક પાકિસ્તાનના ડ્રોનને તોડી પાડયા હતા. એટલું જ નહી તેઓએ રડાર યુનિટનું સંચાલન કર્યુ હતું. સૈન્યમાં અગ્નિપથ યોજના અંગે ચાર વર્ષ માટે સૈનિકોની ભરતી કરાઈ છે તેમાં ૨૫ ટકાને કાયમી રીતે જોબ અપાય છે. તેઓએ ભારતીય સૈન્યના જવાનો સાથે અનેક શસ્ત્રોનું સંચાલન કર્યુ હતું. જેમાં ખભા પરથી ફાયર કરી શકાય તેવી મિસાઈલ સીસ્ટમ ઉપરાંત મીડીયમ રેન્જના ભૂમિ પરથી હવામાં પ્રહાર કરતા મિસાઈલ અનેક રડારોનું પણ સંચાલન કર્યું હતું.

# ગ્રીસમાં ૬ ની તીવ્રતાનો ભૂકંપઃ સુનામીની ચેતવણી



એવોન્સ તા.૨૨

ગ્રીસના ક્રેટેના દરિયાકાંઠા પર ૬.૦ ની તીવ્રતાનો ભૂકંપ સર્જાતા સુનામીની ચેતવણી આપવામાં આવી હતી અને એલર્ટ જારી કરવામાં આવ્યું હતું. સિસ્મોપ્લોજી સેન્ટરનાં રિપોર્ટમાં ભૂકંપની તિવ્રતામાં અંતર હતું એક સેન્ટર દ્વારા ૬.૧ તથા અન્ય દ્વારા ૬.૩ ની તીવ્રતા દર્શાવવામાં આવી હતી. ૭૭ કીમીની ઉંડાઈએ ભૂકંપનું કેન્દ્ર બિન્દુ હતું. ગ્રીસમાં ગત સપ્તાહે પણ દક્ષિણ પૂર્વીય ક્ષેત્રમાં ૬.૧ ની તીવ્રતાનો ભૂકંપ અનુભવાયો હતો અને સુનામીની ચેતવણી આપવામાં આવી હતી. ભૂકંપની તીવ્રતા વધુ હોવાથી તૂર્કી, લેબેનોન, ઈજીપ્ત તથા ઈઝરાયેલમાં પણ ધ્રુજારી હતી પ્રવાસીઓને દરીયા કિનારા પરથી દુર રહેવાની સુચના આપવામાં આવી હતી.

# સરહદી ક્ષેત્રોમાં નાના-શોર્ટ રેન્જ ડ્રોન મળી આવતા સુરક્ષા એજન્સી ચોંકી

## બિનલશ્કરી-સસ્તા ડ્રોનનો વિવિધ સરહદો પર શું ઉપયોગ થયો! કોણે કર્યા! તપાસની દોડધામ




નવી દિલ્હીઃ પાકિસ્તાન સામેના ઓપરેશન સિંદુરમાં સૈન્યના ડ્રોન એ મહત્વની ભૂમિકા ભજવી હતી પણ સરહદો શાંત થયા બાદ પણ પાક સાથેની સીમા પરથી શોર્ટ-રેન્જ નજીક આસપાસ ઉડી શકતા અને બિનલશ્કરી ઉપયોગમાં લેવા ડ્રોન અનેક સરહદી ક્ષેત્રમાં મળી આવતા હવે સુરક્ષા એજન્સીઓએ આ અંગે તપાસ હાથ ધરી છે. યુદ્ધના વાતાવરણ વચ્ચે સરહદી ક્ષેત્રમાં ડ્રોન ઉડાડવા પર પ્રતિબંધ હતો પણ તે વચ્ચે આ ટુંકા અંતર સુધી ઉડી શકતા અને કોઈ લશ્કરી નહી પણ ફોટોગ્રાફી કે વિડીયોગ્રાફી અથવા હળવી વહન કરી શકે તેવા આ ડ્રોન અનેક સરહદો પર મળ્યા છે. હવે સુરક્ષા એજન્સીઓ આ ડ્રોન જે સામાન્ય રીતે ઓનલાઈન- ઈ-કોમર્સ કંપનીઓ મારફત મેળવી શકાય છે. તે તરફ તપાસ કરી છે જેથી તેના સ્ત્રોત અંગે માહિતી મેળવી શકાશે અને કોણે શા હેતુથી સરહદી ક્ષેત્રમાં આ ડ્રોન મેળવ્યા હતા તે અંગે પણ માહિતી મેળવી શકાશે. આ ડ્રોન બહું ખર્ચાળ નથી અને તે મર્યાદીત અંતર અને સમય સુધી ઉડ્ડયનોની ક્ષમતા ધરાવે છે. ખાસ કરીને ખેતીમાં આ પ્રકારના ડ્રોનનો ઉપયોગ થાય છે. તેથી તે કૃષી હેતુના નથી અને તેથી આ ડ્રોન એ સરહદી ક્ષેત્રમાં મળવુ એ રહસ્ય બની ગયુ છે.

# ટ્રમ્પ તંત્રનો ૪૫૦૦ ગેરકાયદે વસાહતીઓ પર ૫૦ કરોડ ડોલરનો દંડ

વોશિંગ્ટન :

અમેરિકાના રાષ્ટ્રપ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પની ગેરકાયદે રહેતાં ઈમિગ્રન્ટ્સ વિરૂદ્ધની કવાયત દિવસેને દિવસે આકરૂ સ્વરૂપ ધારણ કરી રહી છે. ઈમિગ્રેશન ઓથોરિટીએ હાલ અમેરિકામાં વસતાં ૪૫૦૦ જેટલા ઈમિગ્રન્ટ્સને અંદાજે ૫૦ કરોડ ડોલરનો દંડ ફટકાર્યો છે. જેમાં અમુક ઈમિગ્રન્ટ્સને ૧૮ લાખ ડોલરનો ઊંચો દંડ કર્યો છે.




ટ્રમ્પ સરકારે આ દંડ ફટકારતી નોટિસ આપવા પાછળનું કારણ અમેરિકામાં ગેરકાયદે વસવાટ જણાવ્યું છે. યુએસ ઈમિગ્રેશન ઓથોરિટી દ્વારા પાઠવવામાં આવેલી નોટિસમાં જણાવાયું છે કે, દેશમાં ગેરકાયદે વસવાટ કરવા બદલ દંડ ફટકારવામાં આવ્યો છે. ટ્રમ્પ સરકાર દ્વારા તાજેતરમાં કરવામાં આવેલા ફેરફારો અનુસાર ડિપોર્ટેશનનો આદેશ હોવા છતાં અમેરિકામાં વસવાટ કરવા બદલ ગેરકાયદે ઈમિગ્રન્ટ્સને દંડ ફટકારવામાં આવ્યો છે.

ટ્રમ્પ એડમિનિસ્ટ્રેશનના એક અધિકારીએ જણાવ્યું હતું કે, ઈમિગ્રેશન ઓથોરિટી દ્વારા ગેરકાયદે વસવાટ કરતાં લોકોને દંડ ફટકારતી નોટિસ મોકલવામાં આવી છે. આ નોટિસનો જવાબ ૩૦ દિવસની અંદર આપવાનો રહેશે. જેમાં ડિપોર્ટેશનનો ઓર્ડરનો અમલ કરવાની પ્રતિજ્ઞા લેતું લેખિત નિવેદન રજૂ કરવાનું રહેશે. અમુક કિસ્સામાં દંડ ન લાગૂ કરવાના માન્ય કારણો પુરાવાઓ સાથે રજૂ કરવાના રહેશે.

ટ્રમ્પ સરકારે સેલ્ફ-ડિપોર્ટેશનને પ્રોત્સાહન આપવા બોર્ડર સ્ટ્રેટેજીના ભાગરૂપે દંડની જોગવાઈ ઘડી છે. જેમાં ગેરકાયદે વસતાં ઈમિગ્રન્ટસ પર ડિપોર્ટેશનના આદેશને અવગણના કરવા બદલ રોજના ૯૯૮ ડોલર લેખે દંડ ફટકારવામાં આવી રહ્યો છે. જેમાં પાંચ વર્ષનો એક સામટો ૧૮ લાખ ડોલરનો દંડ પણ લાગુ છે. વધુમાં દંડ ચૂકવવામાં નિષ્ફળ રહેનારાઓની પ્રોપર્ટી જપ્ત કરવાની પણ જોગવાઈ છે.